# ॥श्रीगुणस्थानक्रमारोहः॥

॥ श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ॥

॥ तस्स भुवणेक्कगुरुणो णमो अनेगंतवायस्स ॥

॥ तपागच्छाचार्य-श्रीप्रेम-भुवनभानु-जयघोष-जितेन्द्र-गुणरत्न-रश्मिरत्नसूरिसद्गुरुभ्यो नमः ॥

॥ ऐँ नमः ॥

श्रीरत्नशेखरसूरिविरचितस्वोपज्ञवृत्तिसमेतः

'गुणतीर्थ' - आख्यसुरम्यगुर्जरविवेचनसमलङ्कृतः

# ॥ श्रीगुणस्थानक्रमारोहः ॥

પ્રવૃત્તિશુદ્ધિના સુંદર આલંબને...

પરિણતિશુદ્ધિના અગોચર ઉઘાડ દ્વારા...

પરમગતિ તરફ ભવ્ય પ્રસ્થાન...

★ પ્રેરક-માર્ગદર્શક ★

દીક્ષાદાનેશ્વરી પ.પૂ.આ.ભ.શ્રી વિ.ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.

પ.પૂ.આ.ભ.શ્રી વિ.રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા.

★ પ્રકાશક ★

જિનગુણ આરાધક ટ્રસ્ટ

# પરિચયપથપત્રિકા


| | | |
|---|---|---|
| કૃતિ | : | શ્રીગુણસ્થાનક્રમારોહ **ભાષા-શૈલી :** સંસ્કૃત-પદ્ય |
| રચયિતા | : | પ.પૂ.આ. શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મહારાજા **ગાથા પ્રમાણ :** ૧૩૬ |
| વિષય | : | ૧૪ ગુણઠાણાઓનું તલસ્પર્શી નિરૂપણ... |
| વૃત્તિ | : | સ્વોપજ્ઞ (અનેક અદ્ભુત રહસ્યોદ્ઘાટન તથા રોચકશૈલીમાં પદાર્થોનું સુંદર આલેખન) |
| ગુણતીર્થ | : | શ્લોકાર્થ-વિવેચનમય ખૂબ જ સુંદર ગુજરાતી વિવરણ |
| છાયાસન્મિત્ર | : | વૃત્તિગત પ્રાકૃતપાઠોની સંસ્કૃતછાયા... (સંસ્કૃતમાં રૂપાંતર...) |
| દિવ્યાશીર્વાદ | : | પ.પૂ. કર્મસાહિત્યનિષ્ણાત આ.ભ.શ્રી વિ. **પ્રેમસૂરીશ્વરજી** મહારાજા<br>પ.પૂ. ન્યાયવિશારદ આ.ભ.શ્રી વિ. **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા<br>પ.પૂ. મેવાડદેશોદ્ધારક આ.ભ.શ્રી વિ. **જિતેન્દ્રસૂરીશ્વરજી** મહારાજા |
| શુભાશીર્વાદ | : | સુવિશાલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી વિ. **જયઘોષસૂરીશ્વરજી** મહારાજા |
| પ્રેરક-માર્ગદર્શક | : | દીક્ષાદાનેશ્વરી પ.પૂ.આ.ભ.શ્રી વિ. **ગુણરત્નસૂરીશ્વરજી** મહારાજા<br>પ્રવચનપ્રભાવક પ.પૂ.આ.ભ.શ્રી વિ. **રશ્મિરત્નસૂરીશ્વરજી** મહારાજા |
| સંશોધક | : | શાસનપ્રભાવક પ.પૂ.આ.ભ.શ્રી વિ. **રત્નસુંદરસૂરીશ્વરજી** મ.ના શિષ્યપ્રવર વિદ્વદ્વરેણ્ય પ.પૂ.મુ.શ્રી **ભવ્યસુંદરવિજયજી** મ. સા. |
| સહાયક | : | વિદ્વદ્વર્ય પ.પૂ.મુ.શ્રી **સૌમ્યાંગરત્નવિજયજી** મ. સા. તથા પ.પૂ.મુ.શ્રી **તીર્થરત્નવિજયજી** મ. સા. |
| વિવેચક | : | મુનિશ્રી યશરત્નવિજયજી મ.સા. |
| પ્રકાશક | : | જિનગુણ આરાધક ટ્રસ્ટ |
| પ્રકાશનવર્ષ | : | વિ.સં. ૨૦૭૧, વીર સં. ૨૫૪૧, ઈ. સં. ૨૦૧૫ |
| આવૃત્તિ | : | પ્રથમ **મૂલ્ય :** ૩૫૦/- |
| પ્રિન્ટીંગ+ડિઝાઈનીંગ | : | નવરંગ પ્રિન્ટર્સ, અપૂર્વ શાહ, મો. ૯૪૨૮૫૦૦૪૦૧ - અમદાવાદ. |
| ટાઈપસેટિંગ | : | રાજેન્દ્ર જી. પટેલ, મો. ૯૮૨૪૮૯૫૦૩૪ - અમદાવાદ. |

# સાદર સમર્પણમ્

ગુણસ્થાનકોના અનુક્રમે
પરમગતિ તરફ પ્રસ્થાન કરનારા
પવિત્રતમ પરિણતિની પરાકાષ્ઠાએ પહોંચનારા
**સર્વે ક્ષપક મહાત્માઓને...**
જેમણે પોતાનું આંતર-સૌંદર્ય સર્વોચ્ચ સમૃદ્ધિથી તરબતર બનાવી દીધું છે...

ક્ષપક મહાત્મન્ !
આપની શુદ્ધિના શિખરને
અનંત અનંત વંદન...

# પ્રકાશકીયમ્

આંતરિક ગુણોનો વિકાસ એ સાધનાની સુંદર યાત્રા છે, એ તરફ દિગ્દર્શન કરાવતી આ અણમોલ કૃતિનું પ્રકાશન કરતાં રોમેરોમમાં આનંદની લાગણી સર્જી જાય છે.

ગુરુભગવંતની સત્પ્રેરણાથી અને મુનિશ્રીના સત્પ્રયત્નથી સંપાદન પામનારા આ ગ્રંથના પ્રિન્ટીંગ-ડીઝાઈનીંગનું કાર્ય અપૂર્વભાઈ શાહે અને કમ્પોઝીંગ-સેટીંગનું કાર્ય રાજેન્દ્રભાઈ પટેલે ખૂબ જ કુશલતાથી પાર પાડ્યું છે.

આ ગ્રંથના મનન-પરિશીલન દ્વારા સહુ ભવ્યાત્માઓ પોતાનું જીવન સુંદર બનાવવા પ્રયત્નશીલ બને એ જ અભ્યર્થના સાથે....

**જિનગુણ આરાધક ટ્રસ્ટના**
**ટ્રસ્ટીગણ**

**સૂચના :** આ ગ્રંથનું પ્રકાશન જ્ઞાનનિધિના સદ્વ્યયથી થયું હોવાથી ગૃહસ્થોએ તેની માલિકી કરવી નહીં. જ્ઞાનભંડાર તથા સાધુ-સાધ્વીજી ભગવંતોને ભેટ...

## પ્રાપ્તિસ્થાન


(૧) **શાહ બાબુલાલ સરેમલજી**
C/o. સિદ્ધાચલ, સેન્ટ એન્સ સ્કૂલ સામે,
હીરાજૈન સોસાયટી, સાબરમતી,
અમદાવાદ-૩૮૦૦૦૫.
(મો.) : ૯૪૨૬૫ ૮૫૯૦૪

(૨) **જિનગુણ આરાધક ટ્રસ્ટ**
C/o. સિન્થેટિક્સ, ૧/૫, રાજદા ચાલ,
અશોકનગર, જુના હનુમાન ક્રોસલેન,
બીજો માળ, રૂમ નં. ૧૧, મુંબઈ-૦૧
(મો.) : ૯૮૨૦૪ ૫૧૦૭૩,
૯૮૯૦૫ ૮૨૨૨૦

(૩) **હેમંતભાઈ આર. ગાંધી**
C/o. ૬૦૩, ૨૫-B, શિવકૃપા સોસા.,
ભિવંડી, જિ. ઠાણા-૪૨૧૩૦૨.
(મહારાષ્ટ્ર)
ફોન : (રહે.) ૦૨૫૨૨-૨૪૬૧૨૬

(૪) **ભંવરભાઈ ચુનીલાલજી**
C/o. ભૈરવ કોર્પોરેશન,
S-૫૫, વૈભવલક્ષ્મી કોમ્પ્લેક્ષ,
ઘીકાંટા રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧.
(મો.) : ૯૪૨૭૭ ૧૧૭૩૩

# આશીર્વચનમ્

પ્રગતિનું પરમ સાધન છે આંતર ગુણોનો વિકાસ....! આત્માના આંતરિક ગુણો ઉઘડતા જાય.... કર્મો ખપતા જાય. સિદ્ધિગતિ સમીપમાં આવીને જ રહે.

પર્વતના પગથિયા પર ચડનાર વ્યક્તિ શિખરે પહોંચી જાય છે, તેમ ગુણોના ક્રમિક સોપાન પર આરૂઢ થનાર વ્યક્તિ સિદ્ધિગતિના સર્વોચ્ચ સુખને સ્પર્શી જાય છે.

આત્માના ગુણસ્થાનકો પર થતાં ક્રમિક વિકાસને જ ભવ્ય રીતે રજુ કરતો આ 'ગુણસ્થાનક્રમારોહ' ગ્રંથ પ.પૂ.આ.શ્રી રત્નશેખરસૂરિ મ.સા.ની અદ્‌ભુત કૃતિ છે.

મુનિ યશરત્નવિજયજી મહારાજે આ ગ્રંથનું અનેક હસ્તપ્રતોના આધારે શુદ્ધીકરણ કરી અને તેના પર સરળ અને સુંદર ગુર્જર-અનુવાદનું સર્જન કરી અભ્યાસુવર્ગને સુગમતા કરી આપી છે. અધ્યેતાવર્ગ ગ્રંથનું મનન-પરિશીલન કરી તેમનો પુરુષાર્થ સફળ બનાવે.

મુનિશ્રીને પ્રેરણા છે કે આવાં અંતર્મુખ કાર્યોમાં પોતાનું જીવન લયલીન બનાવી આત્મશ્રેયને સાધે એ જ અંતરના આશીર્વાદ

**લિ.**

**આ.વિ. ગુણરત્નસૂરિ મ.સા.**

**આ.વિ. રશ્મિરત્નસૂરિ મ.સા.**

॥ जे अणन्नदंस्सी स्से अणन्नारामे ॥

# પ્રભુ ! તમારા પગલે પગલે

(પ્રસ્તાવના)

અરે છગન તું ? કેટલા વર્ષે મળ્યો ! કેમ છે તું ? શું કરે છે ?

નોકરી.

કઈ નોકરી ?

બહુ જબરદસ્ત નોકરી છે. આમ પગાર નાનો, પણ અધિકાર બહુ મોટો

એટલે ?

ગમે તેવા નાના માણસને ય એક મિનિટમાં ઉપર લાવી દઉં ને ગમે તેવા મોટા માણસને ય એક મિનિટમાં સાવ નીચે કરી દઉં.

શું વાત કરે છે ? એવી તે કઈ નોકરી છે ?

લિફ્ટમેન છું.

Yes, we will laugh.

કારણ કે આપણને ખબર છે, કે આવા ઉતાર-ચડાવનો કોઈ અર્થ નથી. કારણ કે આવા ઉતાર-ચડાવ તાત્ત્વિક નથી. એ નાનો માણસ પચ્ચીશમાં માળે પહોંચી જાય, તો પણ એ નાનો માણસ જ રહે છે, ને પેલો મોટો માણસ ગ્રાઉન્ડ ફ્લોરમાં આવી જાય તો ય એની બેન્ક બેલેન્સમાં કોઈ ફરક પડતો નથી.

Now open your mind.

આપણને છગન પર હસવું આવે છે, જ્ઞાનીઓને આપણા પર હસવું આવે છે. છગન એટલા માટે હાસ્યાસ્પદ છે, કે મકાન એ કોઈ ચડતી-પડતીનો ગ્રાફ નથી. **આપણે એટલા માટે હાસ્યાસ્પદ છીએ કે સંપત્તિ, સ્ત્રી, સત્તા, સંતતિ વગેરેમાંથી કંઈ પણ આપણા વિકાસ કે પતનનો ગ્રાફ નથી**❖... સમાધિતંત્ર કહે છે.

**देहेष्वात्मधिया जाताः पुत्रदारादिकल्पनाः ।**
**सम्पत्तिमात्मनस्ताभि-र्मन्यते हा हतं जगत् ॥**

---

❖ સંયમીની અપેક્ષાએ ભક્તવર્ગ માન-પાન, નામના વગેરે પણ આત્મિક વિકાસ કે પતનનો ગ્રાફ નથી.

શરીરને જ 'હું' સમજી લેવાથી પુત્ર-પત્ની વગેરેની કલ્પનાઓ ઉદ્ભવી છે. ગણિતના દાખલામાં એક ભૂલ કર્યા પછી ગમે તેટલી ઉથલ-પાથલ કરો તો ય અંતિમ ઉત્તર ભૂલભરેલો જ હોય છે. એવો ઘાટ અહીં ઘડાયો છે.

બિચારો આત્મા, જે પોતાના વિકાસનો પ્રતિપક્ષી છે, એને પોતાનો વિકાસ સમજી બેઠો છે. જે હકીકતમાં નુકશાન છે, એને કમાણી સમજી બેઠો છે. આ જ છે વિશ્વનો વિનાશ. જેને ત્રીજા વિશ્વયુદ્ધની પ્રતીક્ષા પણ નથી અને અપેક્ષા પણ નથી.

We need a graph. આપણો પોતાનો ગ્રાફ. જે આપણને આપણા વિકાસનું અને આપણા પતનનું ખરા અર્થમાં ભાન કરાવે. જે આપણને આપણું ખરું લક્ષ્ય બાંધી આપે. જે આપણને દુન્યવી ચડતી-પડતીથી તદ્દન અલિપ્ત કરી દે. જે આપણને આત્મિક ઉર્ધ્વારોહણની અવિરત પ્રેરણા આપતો રહે. આ છે એ ગ્રાફ – **ગુણસ્થાનક્રમારોહ.**

ચૌદ ગુણસ્થાનકોની આ યાત્રા છે. મોક્ષપ્રાસાદના આ ચૌદ સોપાનો છે. પરમાનંદનો આ વિકાસક્રમ છે. આત્માની ચડતી-પડતીનું આ એક માત્ર ચિત્ર છે. **આત્માર્થી જીવોએ આ ચિત્રને અંતરમાં સજ્જડ રીતે અંકિત કરી દેવા જેવું છે.** કર્મસ્તવ નામના દ્વિતીય કર્મગ્રંથમાં આત્માના આ વિકાસક્રમનું નિરૂપણ છે. પણ જે રીતે પ્રસ્તુત ગ્રંથમાં એક એક ગુણસ્થાનકનું સ્વરૂપ, લક્ષણ, કૃત્ય, ફળ, સ્થિતિ વગેરેનું યથાસંભવ વર્ણન છે, જે રીતે ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિની પ્રસ્તુતિ છે, જે રીતે આસન, ધ્યાન અને પ્રાણયામની સચોટ રૂપરેખા છે અને જે રીતે સમુદ્ઘાત, શૈલેષીકરણ અને સિદ્ધસ્વરૂપ સુધીની યાત્રાનું આલેખન છે, તેવું શોર્ટ અને સ્વીટ રીતે નિરૂપણ કરનાર કોઈ સ્વતંત્ર ગ્રંથ હોય, તો તે પ્રાયઃ આ એક જ ગ્રંથ છે. **સંસારી કે સંયમી પ્રત્યેક મોક્ષાર્થી માટે આ એક અત્યંત ઉપાદેય આલંબન છે.**

## ✯ ગ્રંથ અને ગ્રંથકારશ્રી ✯

હકીકતમાં કૃતિ એ જ કર્તાનો આત્મા હોય છે. **ગ્રંથ એ જ ગ્રંથકારશ્રીનું જીવનચિત્ર અને ચરિત્ર હોય છે.** ૧૩૬ સંસ્કૃત શ્લોકો દ્વારા નિબદ્ધ આ ગ્રંથમાં ગ્રંથકારશ્રીનો પ્રતિભા-ઉન્મેષ, ઔચિત્ય, સરળતા, બહુશ્રુતતા વગેરે ગુણો પગલે પગલે ઝળકી રહ્યા છે. પરમ પાવન આગમ શ્રી અનુયોગદ્વાર સૂત્ર કહે છે.

**कवि च एगाइ गाहाए**

કવિની પરખ તેમણે રચેલી માત્ર એક જ ગાથાથી થઈ જાય છે.

પ્રસ્તુતમાં આ સંદર્ભમાં પહેલો જ શ્લોક જોઈએ.

**गुणस्थानक्रमारोह - हतमोहं जिनेश्वरम् ।**
**नमस्कृत्य गुणस्थान - स्वरूपं किञ्चिदुच्यते ॥**

ગુણસ્થાનોના ક્રમમાં આરોહણ કરીને
મોહનો નાશ કરનાર જિનેશ્વરને નમસ્કાર કરીને
ગુણસ્થાનોનું કંઈક સ્વરૂપ કહેવાય છે.

અહીં

* **गुणस्थानक्रमारोह** - આ પદથી ગર્ભિત રીતે ગ્રંથનું નામ મુકી દીધું છે. ગ્રંથોના નામ બે રીતે પડતા હોય છે.

(૧) આદ્ય પદથી... જેમ કે લોગસ્સ સૂત્ર, વંદિત્તુ સૂત્ર વગેરે.

(૨) સ્વરૂપ / વિષયથી... જેમ કે નામસ્તવ સૂત્ર, શ્રાદ્ધપ્રતિક્રમણ સૂત્ર વગેરે.

અહીં ગ્રંથકારશ્રીએ કુશળતાપૂર્વક આ બંને રીતોનો એક સાથે ઉપયોગ કર્યો છે. ગ્રંથવિશ્વમાં આવું ઉદાહરણ મળવું દુર્લભ છે.

* **हतमोहम्** - આ પદ ગર્ભિત રીતે **પ્રયોજન અને ફળનો નિર્દેશ** કરી દે છે. ગ્રંથનો વિષય કેટલો મહત્ત્વનો છે, આત્માની કૃતકૃત્યતા કઈ રીતે આ ગ્રંથના પઠન-પાઠન અને પરિણતિ દ્વારા પ્રાપ્ત થઈ શકે, આ જીવનનો સાર શું છે, આ બધું જ ગ્રંથકારશ્રીએ આ એક જ પદથી જણાવી દીધું છે.

* **रोह-मोह** - આ લાટાનુપ્રાસનો પ્રયોગ છે, નિરાયાસ અને સહજ શબ્દાલંકારનું આ સુંદર ઉદાહરણ છે. જેમાં ગ્રંથકારશ્રીની **કવિત્વશક્તિનો પરિચય** સમાયેલો છે.

* **जिनेश्वरम्** - મોહઘાતનો આ પરિણામનિર્દેશ છે. આ પ્રયોજનનું પણ પ્રયોજન છે. આ ઈષ્ટદેવતાની સ્મૃતિ છે. આંતરશત્રુવિજયનો આ **ગર્ભિત ઉપદેશ** છે.

* **नमस्कृत्य** - આ ભાવ મંગળ છે. જિનેશ્વરના ગુણો પ્રત્યેની આ ઉપાદેયબુદ્ધિ છે. તે ગુણોને મેળવવા માટેનો આડકતરો મનોરથ છે. પદ્યબંધની દૃષ્ટિએ શ્લોકના પૂર્વાર્ધમાં નમસ્કરણીયનો ઉપન્યાસ કરીને + ઉત્તરાર્ધમાં **च्वि**-પ્રત્યયાંત પદ અને ઉત્તરક્રિયાને સમાવીને ગ્રંથકારશ્રીએ શ્લોકને **પ્રાસાદિક સ્વરૂપ** અર્પણ કર્યું છે. ક્રિયા ઉત્તરાર્ધમાં ગઈ હોવા છતાં શ્લોક **સહજ પ્રતીતિપ્રદ** બની શકે, તેનું આ એક અવ્વલ ઉદાહરણ છે.

* **गुणस्थानस्वरूपम्** - આ અભિધેયનિર્દેશ છે. જેમાં 'સ્વરૂપ' - પદથી ગ્રંથકારશ્રીએ ગ્રંથની **યથાર્થતા અને પ્રામાણિકતાનો નિર્દેશ** કરી આપેલ છે.

* **किञ्चित्** - આ પદ **પરમ નમ્રતાનું** સૂચક છે. **'કંઈક'** 'મારા જેવો નાનો માણસ વધુ તો શું કહેવાનો હતો, મારું જ્ઞાન અલ્પ, મારી ક્ષમતા પણ અલ્પ, ને એટલે જ મારું વક્તવ્ય પણ અલ્પ.' ગ્રંથકારશ્રી તો 'અલ્પ' કરતાં પણ નીચે ઊતર્યા

છે — કંઈક. ખરેખર અદ્ભુત **तृणादपि सुनीचेन भवितव्यम्** - ઘાસના તણખલા કરતાં ય નીચે - સાવ જ નીચે થઈને રહેવું - આવી લઘુતાનું ગ્રંથકારશ્રી સુંદર દૃષ્ટાંત છે. મારા જેવો અહંકારી આવું ન લખી શકે. હું તો '**स्पष्टमुच्यते**' આવી ગર્વોક્તિ જ લખી શકું.

* **उच्यते** - આ **કર્તૃત્વશૂન્ય ક્રિયા છે. 'કહેવાય છે'** 'હું'ના ભારની આમાં જરૂર જ નથી. અરે, આમાં 'હું'ની જગ્યા જ નથી. શત શત વંદન.

**कवि च एगाइ गाहाए** – માત્ર એક જ શ્લોકમાં જાણે સમસ્ત ગ્રંથકારશ્રી સમાઈ ગયા છે. એમનું નામ છે : **પ.પૂ.આ. શ્રી રત્નશેખરસૂરિજી.** તેમનો સંક્ષિપ્ત પરિચય આ મુજબ છે.

**જન્મ** - વિ.સં. ૧૩૭૨

**દીક્ષા** - વિ.સં. ૧૩૮૫

**ગુરુ** - પ.પૂ. આ. શ્રી હેમતિલકસૂરિજી...

જેઓ વિ.સં. ૧૩૭૧ મહા વદ ૭ના દિવસે સમરાશાહે કરાવેલ શત્રુંજયના ઉદ્ધારમાં હાજર હતાં. જેમણે વિ.સં. ૧૩૮૨માં ભાટી રાજા અને દુલચીરાયને જૈન બનાવ્યા હતા. પૂજ્યશ્રીએ ભુવનદીપક ગ્રંથની ટીકા રચી છે.

**દાદા ગુરુ** - પ.પૂ.આ. શ્રી વજ્રસેનસૂરિજી...

પ્રભુ વીરના ૪૬મા પટ્ટધર.

મહાવિદ્વાન અને અમોઘ ઉપદેશ લબ્ધિમાન.

સારંગરાજાએ વિ.સં. ૧૩૪૩માં તેમને **દેશનાજલધર** - એવું બિરૂદ આપ્યું. તેમના યોગના ચમત્કારોથી ખુશ થઈને અલ્લાઉદ્દીન ખીલજીએ સિહડ રાણા દ્વારા તેમને વિવિધ ફરમાનો★ આપ્યા હતાં. તેમણે વિ.સં. ૧૩૪૨માં લોઢા ગોત્રના એક હજાર ઘરને જૈન બનાવ્યા હતાં. વિ.સં. ૧૩૫૪માં તેમને આચાર્યપદ અપાયું. તેમણે લઘુ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર અને ગુરુગુણ ષટ્ત્રિંશિકા રચ્યા છે.

**વિદ્યાગુરુ** - પ.પૂ.આ. શ્રી જિનપ્રભસૂરિજી...

**બિરુદ** - મિથ્યાન્ધકાર નભોમણિ

**આચાર્યપદ** - વિ.સં. ૧૪૦૦ (બિલાડા ગામ)

**રચના** - સિરિવાલ કહા (વિ.સં.૧૪૨૮), સિદ્ધચક્રલેખનવિધિ, દિનશુદ્ધિદીપિકા, છન્દોરત્નાવલી, ષડ્દર્શનસમુચ્ચય, વીરંજય ક્ષેત્રસમાસ સ્વોપજ્ઞવૃત્તિ,

★ આ ફરમાનો અમારિપ્રવર્તન, તીર્થરક્ષા, ચૈત્યરક્ષા, સંઘરક્ષા આદિ સંબંધી હોય એવું સંભવે છે.

ગુરુગુણષટ્ત્રિંશિકા વૃત્તિ, સંબોધસિત્તરીવૃત્તિ, ગુણસ્થાનક્રમારોહ સ્વોપજ્ઞ વૃત્તિ (વિ.સં. ૧૪૪૭) વગેરે.

**પ્રભાવના** - એક હજાર ઘરોને જૈન બનાવ્યા. વિ.સં. ૧૪૦૭માં ફિરોજશાહ તઘલખને ઉપદેશ આપ્યો. બાદશાહે વિ.સં. ૧૪૧૪માં વિવિધ ફરમાનો* આપ્યા હતા.

**શિષ્યો** - પ.પૂ.આ. શ્રી હેમચન્દ્રસૂરિજી, પ.પૂ.પ. શ્રી સોમચન્દ્રગણિ વગેરે.

## ✯ ટીકા અને ટીકાકારશ્રી ✯

પ્રસ્તુત ગ્રંથની ટીકા સ્વોપજ્ઞ છે. **સ્વ**=ગ્રંથકારશ્રી સ્વયં **ઉપજ્ઞ**=રચિત ગ્રંથકારશ્રીએ પોતે જ પોતાના ગ્રંથની ટીકા લખી હોય, તેને સ્વોપજ્ઞ ટીકા કહેવાય છે. આવી ટીકા સ્પષ્ટપણે મૂળકારશ્રીના જ આશયને અનુસરે, તે સહજ છે.

ટીકાની શૈલી **હૃદયંગમ** છે. આવશ્યકતાનુસાર કોઈ શ્લોકની ટીકા વિસ્તૃતપણે અને કોઈ શ્લોકની ટીકા અતિ સંક્ષિપ્તપણે રચીને પૂજ્યશ્રીએ **आबोधं बोधनम्** - ના ઔચિત્યને સાકાર કરેલ છે. ટીકામાં ડગલે ને પગલે પીરસેલા **સાક્ષીવચનો બોધને દૃઢ બનાવે છે. ખાસ કરીને શ્લોક-૨૫ થી શ્લોક ૭૯ સુધી આ ટીકામાં ધ્યાન સંબંધી વિપુલ પ્રમાણમાં ઉપયોગી પદાર્થો છે.** ધ્યાનયોગના સાધકોએ આ અંશનું વિશેષથી પરિશીલન કરવા યોગ્ય છે. તેમાં પણ શ્લોક ૨૯ અને શ્લોક ૩૦ની ટીકા તો ધ્યાનમાર્ગમાં પ્રવેશ કરતાં પહેલા અવશ્ય જોવા જેવી છે. વર્તમાન સમયમાં ઉદ્ભવ પામેલી વિવિધ ધ્યાન પ્રક્રિયાઓથી આકર્ષિત થઈને ઘણા જીવો તત્ત્વમાર્ગથી ભ્રષ્ટ થઈ રહ્યા છે, ત્યારે જાણે આ જીવોને જ ઉદ્દેશીને કહેતા હોય, તેવી રીતે પરમ કરુણાથી પૂજ્યશ્રીએ ટીકામાં માર્મિક હિતશિક્ષા ફરમાવી છે. આ હિતશિક્ષાનો અંતિમ સાક્ષી શ્લોક તો હૃદયમાં કોતરી રાખવા જેવો છે.

**ये तु योगग्रहग्रस्ताः, सदाचारपराङ्मुखाः ।**
**एवं तेषां न योगोऽपि, न लोकोऽपि जडात्मनाम् ॥**

**યોગના કદાગ્રહથી જેઓ સમ્યક્ આચારોથી પરાઙ્મુખ થાય છે તેઓ તો યોગમાર્ગ અને લોકમાર્ગ એ બંનેથી ભ્રષ્ટ થઈ જાય છે. તેઓ ભલે પોતાને વધુ શાણા સમજે, હકીકતમાં તેઓ જડ છે.**

I request... **મોક્ષની પ્રાપ્તિ સર્વજ્ઞકથિત માર્ગથી જ થઈ શકે, આધુનિક સ્વમતિકલ્પિત માર્ગથી નહીં.** અને સર્વજ્ઞકથિત માર્ગને એના મૂળસ્વરૂપે સમજવો હોય, તો તેને આવા પૂર્વાચાર્યોના ગ્રંથોથી જ સમજી શકાશે. નકલી લગડીને અસલી સમજી લેવાથી સંપત્તિનું નુકશાન થાય છે. નકલી દૂધને અસલી સમજી લેવાથી સ્વાસ્થ્યનું નુકશાન થાય છે. નકલી માર્ગને અસલી સમજી લેવાથી આત્માનું નુકશાન થાય છે. પહેલા બે નુકશાનો ઓછાવત્તા સમયમાં ભરપાઈ થઈ શકે છે, ત્રીજું નુકશાન કદાચ ભવોના ભવો સુધી પણ ભરપાઈ થઈ શકતું નથી. **પૂવાચાર્યોની અણમોલ પ્રસાદી જેવા આવા ગ્રંથો આપણી પોતાની ભાષામાં**

**રૂપાંતર પામીને સુલભ બન્યા હોય. એ આપણા હોઠ સુધી આવેલી અમૃતની પ્યાલી છે. આ સ્થિતિમાં પણ આકર્ષક પેકિંગ જોઈને ઝેરની પાછળ લાલાયિત થવું એ એક પ્રકારની આત્મહત્યાથી વિશેષ બીજું કશું જ નથી. Pls. don't be self-enemy.**

## ✯ વિવેચન અને વિવેચનકારશ્રી ✯

મૂળ ગ્રંથથી સર્જન થયું. ટીકા ગ્રંથથી એનો શણગાર થયો અને વિવેચન ગ્રંથથી એનું સ્વાગત થયું છે. જ્ઞાનપિપાસુવિશ્વમાં સ્વાગત. વર્ષો સુધી પઠન-પાઠન વિના એમ ને એમ પડી રહેતા ગ્રંથો પણ અનુવાદ કે વિવેચન સાથે પ્રગટ થતાં જાણે કે પુનર્જીવન પામે છે અને અભ્યાસુઓમાં ધબકતા થઈ જાય છે, એ એક પ્રત્યક્ષસિદ્ધ વાસ્તવિકતા છે. We can say, **વિવેચન એ એક પ્રકારનો ઓક્સિજન છે. ગ્રંથનો આ એક ઉચ્ચ પ્રકારનો જીર્ણોદ્ધાર છે.** ગ્રંથો હોવા - એ શ્રુતવારસાનું જઘન્ય કક્ષાનું જતન છે. ગ્રંથોનું પઠન-પાઠન કરવું-કરાવવું અને કરવામાં સહાય કરવી એ શ્રુત-વારસાનું મધ્યમ કક્ષાનું જતન છે. ગ્રંથોને આચારમાં અને આત્મપરિણતિમાં જીવંત બનાવવા એ શ્રુતવારસાનું ઉત્કૃષ્ટ કક્ષાનું જતન છે. અલબત્ત, આના માટે પણ પ્રથમ બે તબક્કા જરૂરી છે જ.

પ્રસ્તુત ગ્રંથ પરનું સુંદર વિવેચન અત્યારે હસ્ત-લિખિતસ્વરૂપે મારી સમક્ષ છે, જે ફુલસાઈઝના ફુલસ્કેપોમાં નાના અક્ષરોમાં ૧૦૯ પાનામાં પ્રસરેલું છે. અનુવાદમાં માત્ર ભાષાંતર - ભાષા-રૂપાંતર કરવાનું હોય છે. જ્યારે વિવેચનમાં પદાર્થ ઉપરાંત વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદમ્પર્યાર્થનું પણ ઉદ્ઘાટન કરવાનું હોય છે. વિવેચનકારશ્રીએ આ જવાબદારીને ખૂબ સારી રીતે નિભાવી છે. Let's take one example - શ્લોક-૨૩નું એક પદ છે. **गुरौ सद्भक्तिम्** - ગુરુની સદ્ભક્તિ. વિવેચનકારશ્રી અહીં દિવ્ય પ્રકાશ પાથરે છે.

**"સદ્ગુરુ સેવા : ગુરુ ભગવંત પ્રત્યે જબરદસ્ત આસ્થા અને શ્રદ્ધા... એમની ગોચરી-પાણી વગેરેના માધ્યમે સુંદર ભક્તિ... આપણા અનુકૂળ વ્યવહારો દ્વારા એમને પ્રસન્નતાનું અર્પણ... તેઓશ્રી પાસે આત્મહિત મેળવવાનો તીવ્ર-તલસાટ.....તેઓશ્રી જે કહે તેને સાંભળવાની સ્વીકારવાની-સુધારવાની પવિત્રતમ પાત્રતા - આ બધું ગુરુ ભગવંતની યથાર્થ ભક્તિરૂપ છે."**

કેવું અદ્ભુત વિવેચન ! જાણે આચારાંગજીના શ્રી સુધર્માસ્વામીના શબ્દોનું અહીં શબ્દે શબ્દે પ્રતિબિંબ ઝળકી રહ્યું છે... **तद्दिट्ठी तम्मुत्ती तस्सन्नी तप्पुरक्कारे... મૌલિક ઉદ્ગારોમાં શાસ્ત્રોના સૂત્રો સમાયેલા હોવા, એ જ તો બહુશ્રુતનું લક્ષણ છે.** વિવેચનકારશ્રીના આ પાંચ જ વાક્યો પૂર્ણપણે આત્મસાત્ થઈ જાય, તો ય મોક્ષ આપણી હથેળીમાં આવી જાય. તો પછી સંપૂર્ણ વિવેચનની તો શું વાત કરવી ?

કઠિન પદાર્થોમાં વિશેષ સ્પષ્ટતા, સુહૃદ્ભાવ કે માતૃભાવની સ્મૃતિ કરાવે એવી નિરૂપણ શૈલી, ઠેર ઠેર ઉપયોગી ફુટનોટ્સ અને મુદ્દાસરનું લખાણ એ આ વિવેચનની આંખે ઉડીને

વળગે એવી વિશેષતાઓ છે. વિવેચનકારશ્રીએ કરેલ કર્મસાહિત્યના સૂક્ષ્મ અભ્યાસ, સંશોધન અને સંપાદનનો લાભ પણ આ વિવેચનને મળેલ છે.

હવે વિવેચનકારશ્રીની ક્ષમા માંગીને મારી અભીષ્ટ જવાબદારીનો લાભ ઉઠાવી લઉં. એમનું નામ છે : પ.પૂ. મુનિરાજશ્રી યશરત્નવિજયજી મ.સા. સ્યાદ્વાદભાષાથી માંડીને અનેકાન્તજયપતાકા સુધીના પરાકાષ્ઠાના ગ્રંથોના અનુવાદો, વિવેચનો, સંશોધનો તથા સંપાદનો તેમણે કરેલ છે. સંખ્યાબંધ સંયમી ભગવંતોને તેઓશ્રી અદ્ભુત કુશળતાથી અધ્યાપન કરાવી રહ્યા છે. ભણાવવું, પાઠ સાંભળવો, પરીક્ષાઓ લેવી, પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરું પાડવું... આ એમની સહજ શૈલી છે. It self supreme. I don't Say one man university. **આવા પૂજ્યોને યુનિવર્સિટી કહેવી, એ આવા પૂજ્યોનું અવમૂલ્યાંકન છે. દુનિયાની કોઈ યુનિવર્સિટીમાં એ ક્ષમતા નથી, કે એમની તોલે ઊભી રહી શકે.**

મુનિરાજશ્રીમાં માત્ર જ્ઞાન નથી, પણ જ્ઞાનની પરિણતિ પણ છે. માટે જ **મારા સહિત અનેકાનેક શ્રમણોના એ એક આદર્શ છે.** વર્ષોની અંતર્મુખ સાધના, સેવા, સમર્પણ, સંયમ, માર્ગાનુસારી ક્ષયોપશમ, ગુરુકૃપા વગેરે અનેક પરિબળોના પુષ્ટ પીઠબળથી આવું સર્જન સાકાર થતું હોય છે. છતાં આ સર્જનના મુખ્ય સ્તંભો ચાર છે.

(૧) **કર્મઠતા** - વર્ષોના વર્ષો સુધી અપ્રમત્તભાવે કરેલી જ્ઞાનસાધના.

(૨) **કરુણા** - બાળ જીવો પર ઉપકાર કરવાની નિઃસ્વાર્થ ભાવના.

(૩) **કર્તવ્યનિષ્ઠતા** - સર્જનનો સુચારુરૂપે પાર પાડવાનો સમ્યક્ પુરુષાર્થ.

(૪) **કૃતજ્ઞતા** - ઉપકારીઓ પ્રત્યેનો ઉછળતો બહુમાન ભાવ.

We Can See. આ વિવેચનનું નામ તેમણે **ગુણતીર્થ** રાખેલું છે. **'ગુણ'**માં તેમના દાદા ગુરુદેવશ્રીનું નામ સમાયેલું છે. અને **'તીર્થ'**માં તેમના પિતા મુનિરાજશ્રીનું નામ સમાયેલું છે. ગુરુકૃપા એ શું છે ? શિષ્યના હૃદયમાં રહેલો ગુરુબહુમાનભાવ એ જ ગુરુકૃપા છે. **જો બહુમાન ઊછળી રહ્યું છે, તો કૃપા અનરાધાર વરસી જ રહી છે.** ધન્ય મુનિ... ધન્ય કૃપા.

### ✯ હૈયાની વાત ✯

પૂર્વાચાર્યો આવા અદ્ભુત ગ્રંથોની પ્રસાદી આપી ગયા. આપણા પર પરમ કરુણા કરીને તેમણે આવા ગ્રંથોને ટીકાથી વિભૂષિત કરવાનો પ્રયાસ પણ કર્યો. વર્તમાનકાલીન આવા ભગવંતોએ અનલ્પ પરિશ્રમ કરીને સંશોધન-સંપાદન-સર્જન કર્યું. અને ભાષાકીય અંતરને શૂન્ય કરી દીધું. સુગમ અને રસાળ વિવેચનો દ્વારા તો શીરા જેવું જ નહીં, બલ્કે જ્યુસ જેવું કરીને પ્રેમથી આપણને ધરી દીધું. Ready to drink. શ્રીસંઘે તન-મન-ધનનો ભોગ આપીને પ્રકાશન અને વિતરણની વ્યવસ્થા કરી. આ સ્થિતિમાં પણ આપણે જો પ્રમાદમાં રહ્યા, **શાસ્ત્રાભ્યાસની આટઆટલી અનુકૂળતા હોવા છતાં જો આપણે શાસ્ત્રેતર વાંચન પર કળશ ઢોળ્યો, તો એ આ શાસ્ત્રોની અવગણના નહીં કહેવાય ?** પૂ. હરિભદ્રસૂરિ મહારાજા યાદ આવે.

**अवधीरितो हि समाचारो जन्मान्तरेऽपि दुर्लभस्स्यात् ।**

જે તારક યોગની અવગણના કરાશે, તે યોગ ભવાન્તરમાં પણ દુર્લભ થઈ જશે.

આ એ રસ્તો છે, જ્યાં ભવોભવ સુધી શાસ્ત્રો નહીં મળે. સમકિત નહીં મળે. અને ચારિત્ર તો સ્વપ્નનું પણ સ્વપ્ન થઈ જશે. **આવા શાસ્ત્રોના એકાદ વચનની તુલનામાં કોહિનૂર હીરો પણ ધૂળ સમાન છે.** શાસ્ત્રને જોતાની સાથે આંખો વિસ્ફારિત થઈ જાય, હૃદય પુલકિત થઈ જાય, વાણી ગદ્દ્ગદ્ બને અને મન એના અભ્યાસ માટે લાલાયિત થઈ જાય એ આપણું સહજ ઔચિત્ય પણ છે અને આપણા સાનુબંધ હિતનો માર્ગ પણ. આપણે સહુ આ પાવન પંથે પ્રસ્થાન કરીએ એવી ભાવના સહ વિરમું છું. પરમ તારક શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય, તો મિચ્છામિ દુક્કડમ્.

પ્રભુ ! તમારા
પગલે પગલે
પા પા પગલી ભરવી છે.

–પ્રિયમ્

## ❁ વિકાસપથપ્રસ્થાન : ગુણસ્થાનકમારોહ ❁

બગલો સુદીર્ઘ કાળ સુધી એક જ ધ્યેય પર એકાગ્રતા કેળવી શકે છે, તો શું એનામાં ધ્યાનનો વિકાસ કહી શકાય ? આખી રાત એક જ ડાળખી પર બેસી રહેનાર પક્ષીમાં સ્થિરાસનનો વિકાસ કહી શકાય ?

વાત આ છે - વિકાસ માટે માત્ર ગુણવત્તા જ પર્યાપ્ત નથી, પણ એ ગુણવત્તા કેળવવા પાછળનો આશય શું ? અને એ ગુણવત્તા કેળવ્યા પછીની ફળશ્રુતિ શું ? એ તરફ પણ આત્મપરિણતિ ઘડાવવી જરૂરી બની રહે છે.

અભવ્ય જીવ અનંતીવાર દ્રવ્યસંયમ લે, માખીની પાંખ પણ ન દુભાય તેવું ઉત્કૃષ્ટ ચારિત્ર પાળે... છતાં પણ એની એ સાધના 'વિકાસ' રૂપ એટલા માટે ન કહી શકાય, કારણ કે એ બધું કરવા પાછળ એની અભિરુચિ અને અભિષ્વંગ ગલત સ્થાને બંધાયેલ છે.

ગટરમાં નાંખેલું અત્તર પોતાની સુગંધ પ્રસરાવી શકે નહીં, તેમ હૃદયમાં તુચ્છતા અને ક્ષુદ્રતાના બહિષ્કાર વિના, બહારથી ગમે તેટલી ઊંચી કેળવાયેલી ગુણવત્તા પણ, પોતાની યથાર્થ ફળશ્રુતિને સમર્પિત કરવા અસમર્થ પુરવાર થાય છે.

માત્ર સાધનાને લક્ષ્ય ન બનાવતા, એ સાધના શેના માટે કરવાની છે ? એ પરિણામને પણ લક્ષ્ય બનાવવું જોઈએ... અને સાધનાને આત્મહિત માટે આવશ્યક કર્તવ્યરૂપ માની એમાં અપ્રમાદભાવ કેળવવો જોઈએ. આ રીતે કરવાથી જ વિજ્ઞાન અને વિરતિનો વિશુદ્ધ સ્પર્શ થઈ શકે.

આવો, વિકાસનો સુંદર માર્ગ સુપ્રત કરવા વિદ્વદ્વરેણ્ય પ.પૂ.આ. શ્રી રત્નશેખર-સૂરીશ્વરજી મહારાજા આપણી સમક્ષ 'ગુણસ્થાનક્રમારોહ' નામની અદ્ભુત કૃતિ લઈને પથદર્શક તરીકે ઉપસ્થિત થયા છે.. એમના પ્રત્યેક શબ્દોને જીવનસર્વસ્વ માની વધાવીએ. જીવન વિકસ્વર બની રહેશે.

આ ગ્રંથમાં આધ્યાત્મિક વિકાસરૂપ ૧૪ ગુણઠાણાઓનું એકદમ સુંદર અને સચોટ નિરૂપણ છે. સામાન્યતઃ ચૌદ ગુણઠાણાઓનું વર્ણન અનેકત્ર જોવા મળે છે. પણ પ્રસ્તુત ગ્રંથની વિશેષતા એ કે, તે તે ગુણઠાણે અવસ્થિત જીવના વ્યવહારો કેવા હોય ? એનું પણ ખૂબ જ સુંદર નિરૂપણ છે, તો બંધ-ઉદય-ઉદીરણા વગેરે દ્રવ્યાનુયોગના પદાર્થો પણ સારી રીતે આવરી લેવાયા છે.

પ્રમાણમાં નાની; છતાં અનેક પદાર્થોના રહસ્યોથી તરબતર બનેલી આ કૃતિ, જ્ઞાનવિકાસ અને ગુણવિકાસ માટે મહત્ત્વનું નિમિત્ત બની રહે છે. 'નાનો પણ રાઈનો દાણો' જેવી ઘટના અહીં સાકાર પામે છે.

અહીં જીવનઘડતર માટેના સુંદર ઉપાયો રજુ થયા છે. આચાર-વ્યવહાર વગેરે ક્ષેત્રે ખૂબ જ સુંદર દિગ્દર્શન છે, તો ધ્યાન વગેરે અધ્યાત્મક્ષેત્રે પણ પર્યાપ્ત માર્ગદર્શન છે... યુક્તિ-પ્રયુક્તિઓ દ્વારા વિષયોની સચોટ સાબિતી છે, તો ઉદાહરણો દ્વારા વિષયની સુંદર પ્રસ્તુતિ પણ અહીં છે... આગવી છણાવટ, રોચકશૈલીએ પદાર્થવર્ણન વગેરે રૂપ આ ગ્રંથની આગવી વિશેષતાઓ છે.

વધુ તો શું ? એકવાર આ ગ્રંથમાં પ્રવેશી જુઓ, અહોભાવસભર થઈ જવાય એ હદે સદ્જ્ઞાનનું સૌંદર્ય અને સદ્વિચારોનું સૌવિહિત્ય અહીં કેળવાયું છે.

આ ગ્રંથ વિશેની વિશેષ વિગતો પ્રસ્તાવનામાં ખૂબ જ સુંદર રીતે આલેખાઈ છે. એટલે હવે એ વિશેના વધુ વિસ્તારથી સર્યું.

પૂર્વમુદ્રિત આ ગ્રંથનું સૌ પ્રથમ તો ૪-૫ હસ્તપ્રતોના આધારે શુદ્ધીકરણ થયું... ત્યારબાદ આ ગ્રંથની વિવેચનધારામાં વહેવાનો અને એના અદ્ભુત પદાર્થોને માણવાનો સુંદર અવસર મને પ્રાપ્ત થયો.

મારા બંને ગુરુભગવંત, સહવર્તી તમામ મહાત્માઓ અને સંશોધકશ્રીની પરમકૃપાથી જ આ બધુ કાર્ય નિર્વિઘ્ન પાર પહોંચ્યું છે. એ તમામના અવિસ્મરણીય ઉપકારોનું સ્મરણ કરતા હું ધન્યતા અનુભવું છે.

આ સંપાદનકાર્યમાં શ્રીજિનશાસન આરાધના ટ્રસ્ટ, શ્રીમહાવીર જૈન આરાધનાકેન્દ્ર કોબા, શ્રીલાલભાઈ દલપતભાઈ વિદ્યામંદિર, શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર વગેરે સંસ્થાઓએ હસ્તપ્રત વગેરેની સામગ્રી પૂરી પાડવા દ્વારા સુંદર સહયોગ દાખવ્યો છે. એ તમામ સંસ્થાઓની શ્રુતભક્તિની અંતરથી અનુમોદના.

પ્રાન્તે,

આ સંપાદનકાર્યમાં, મારા અલ્પ ક્ષયોપશમાનુસારે જિનાજ્ઞાવિરુદ્ધ કોઈપણ ક્ષતિ રહી ગઈ હોય, તો તેનું હું અંતઃકરણપૂર્વક મિચ્છામિ દુક્કડમ્ માંગુ છું. વિદ્વાનો મને ક્ષતિનિર્દેશ કરે એ જ અભ્યર્થના સહ...

**પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-જિતેન્દ્ર-**
**ગુણરત્ન-રશ્મિરત્નસૂરિ શિષ્યાણુ**
મુનિ યશરત્ન વિ.
**પ્ર.અષા. સુ. ૯, વિ.સં. ૨૦૭૧**
**ગોદાવરી-અમદાવાદ.**

# કૃતજ્ઞતા-અભિવ્યક્તિ

❁ દીક્ષાદાનેશ્વરી, ત્રિશતાધિક શ્રમણ-શ્રમણીગુરુમૈયા, પ.પૂ.આ.ભ.શ્રી વિ. **ગુણરત્નસૂરીશ્વરજી** મહારાજા... જેમણે સુંદર માર્ગદર્શન... સંસારનિસ્તાર... વાચના-અર્પણ... પ્રાયશ્ચિત્તપ્રદાન... જીવનશુદ્ધિ... વગેરે બેજોડ ઉપકારોના માધ્યમે મારી પ્રવૃત્તિ-પરિણતિ નિર્મલ બનાવી... તેમના અનન્ય ઉપકારોને હું ક્યારેય ભૂલી શકું તેમ નથી.

❁ પ્રવચનપ્રભાવક, નિખાલસતાનીરધિ પ.પૂ.આ.ભ.શ્રી વિ. **રશ્મિરત્નસૂરીશ્વરજી** મહારાજા... જેમણે વિવેકપ્રદાન, વાત્સલ્યપ્રદાન, વિદ્યાપ્રદાનાદિના માધ્યમે મારા વિચાર-વ્યવહારને પવિત્રતાસભર બનાવ્યા છે... તેમના પવિત્ર ચરણે જીવન અર્પણ કરતા હું ધન્યતા અનુભવું છું...

❁ શાસનપ્રભાવક પ.પૂ.આ.ભ.શ્રી વિ. **રત્નસુંદરસૂરીશ્વરજી** મહારાજાના શિષ્ય, કુશાગ્રમનિષી પ.પૂ.મુ.શ્રી **ભવ્યસુંદરવિજયજી** મહારાજા... જેમણે ખૂબ જ ચીવટપૂર્વક પ્રસ્તુતગ્રંથનું સંપાદન સાંગોપાંગ તપાસી આપીને અનન્ય ઉપકાર કર્યો.

❁ કુશલપ્રવક્તા પ.પૂ.આ.ભ.શ્રી વિ. **કલ્યાણબોધિસૂરીશ્વરજી** મહારાજાના શિષ્ય વિદ્વદ્વરેણ્ય-બહુગુણસંપન્ન પ.પૂ.મુ.શ્રી જિનપ્રેમવિજયજી મહારાજા... જેમણે પ્રસ્તુતગ્રંથની અદ્ભુત પ્રસ્તાવના લખી આપીને સુંદર કૃપા વરસાવી.

❁ વિદ્યાગુરુ-વિદ્વદ્વર્ય પ.પૂ.મુ.શ્રી **સૌમ્યાંગરત્નવિજયજી** મહારાજા... જેમણે કેટલીક મહત્ત્વની પદાર્થશુદ્ધિ, પ્રૂફસંશોધન વગેરેમાં મને બેજોડ સહાય કરી છે તથા પ.પૂ.મુ.શ્રી **તીર્થરત્નવિજયજી** (પિતાજી) મ.સા.... જેમણે પ્રૂફસંશોધનાદિ અનેક કાર્યોમાં મને પુષ્કળ સહાય કરી છે...

❁ સહવર્તી તમામ **આત્મીયમુનિવરોના** બેજોડ સહાયકભાવને હું ભૂલી શકું તેમ નથી.

❁ વાત્સલ્યનિધિ પ.પૂ. પ્રવર્તિની સા.શ્રી **પુણ્યરેખાશ્રીજી** મ.સા.ના સુશિષ્યા પ.પૂ.સા.શ્રી **સૌમ્યરેખાશ્રીજીના** શિષ્યા પ.પૂ.સા.શ્રી **નિરુપમરેખાશ્રીજી** (માતા મ.સા.) અને પ.પૂ.સા.શ્રી **ધન્યરેખાશ્રીજી** (બેન મ.સા.) - આ બંને સાધ્વીભગવંતોની સતત વહેતી શુભકામનાઓનો હું આભારી છું.

આ તમામ ઉપકારીઓના ઉપકારને કૃતજ્ઞભાવે હું યાદ કરું છું અને હરહંમેશ તેઓશ્રીની પરમકૃપાનું ભાજન બનતો રહું એવા આશીર્વાદને ઝંખું છું...

**કૃપાકાંક્ષી**
મુનિ યશરત્નવિજય

## સંપાદનશૈલી

❀ સંપાદનમાં ગોઠવણનો ક્રમ આ પ્રમાણે છે : (૧) મૂળશ્લોક, (૨) સ્વોપજ્ઞવ્યાખ્યા, (૩) ગુજરાતી વિવેચન, (૪) છાયા, (૫) ફૂટનોટ...

❀ **ગુણતીર્થ** : ભવોદધિતારક પૂજ્ય ગુરુમહારાજ આ.ભ.શ્રીવિ. ગુણરત્નસૂરીશ્વરજી મહારાજા અને પ.પૂ. ઉપકારી શ્રી તીર્થરત્નવિજયજી (પિતાજી) મ.સા.ના ઉપકારની સ્મૃતિએ ગુજરાતી વિવેચનનું નામ 'ગુણતીર્થ' એવું રાખ્યું છે.

❀ આ ગ્રંથના શુદ્ધીકરણ માટે શ્રીમહાવીર જૈન જ્ઞાનમંદિર કોબા, શ્રીજિનશાસન આરાધના ટ્રસ્ટ, આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર વગેરે વિવિધ સંસ્થા તેમજ વ્યક્તિઓના સુંદર સહયોગે પ્રસ્તુત ગ્રંથની અનેક હસ્તપ્રતો પ્રાપ્ત થઈ છે.

❀ યથાક્ષયોપશમ અમે શુદ્ધ અને સરળ સંપાદન કરવાનો પ્રયાસ કર્યો છે. છતાં, અજ્ઞાનતાવશાત્ મારાથી કોઈપણ ભૂલ થઈ હોય, તેનું હું અંતઃકરણપૂર્વક મિચ્છામિ દુક્કડમ્ માંગું છું.

**★ સંપાદક ★**
મુ. યશરત્નવિ.

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ✤ વૃત્તિકારનું મંગલાચરણાદિ | ૨ |
| ✤ જિનેશ્વરોને પ્રણિપાત | ૨ |
| ✤ મોહ જાયે સવિ જાય | ૩ |
| ✤ ચૌદ ગુણસ્થાનકો | ૫ |
| **(૧) મિથ્યાત્વગુણસ્થાનક** | **૬** |
| ✤ (૧) વ્યક્તમિથ્યાત્વ | ૬ |
| ✤ (૨) અવ્યક્તમિથ્યાત્વ | ૧૧ |
| ✤ મિથ્યાત્વનો ગુણસ્થાનકવ્યવહાર | ૧૧ |
| ✤ મિથ્યાત્વથી અવિવેકદશા | ૧૩ |
| ✤ મિથ્યાત્વનો સ્થિતિકાળ | ૧૪ |
| ✤ મિથ્યાત્વગુણસ્થાનનો સ્થિતિકાળ | ૧૫ |
| **(૨) સાસ્વાદનગુણસ્થાન** | **૧૬** |
| ✤ મિથ્યાત્વગુણઠાણે બંધ-ઉદય-સત્તા | ૧૬ |
| ✤ ઉપશમસમ્યક્ત્વનું સ્વરૂપવર્ણન | ૧૭ |
| ✤ (૧) અંતરકરણ ઉપશમસમ્યક્ત્વ | ૧૭ |
| ✤ (૨) શ્રેણિગત ઉપશમસમ્યક્ત્વ | ૧૯ |
| ✤ સાસ્વાદનનું સ્વરૂપ | ૨૧ |
| ✤ સાસ્વાદન અંગે ગુણસ્થાનકવિષયક શંકાનું નિરાકરણ | ૨૩ |
| ✤ સાસ્વાદનગુણઠાણે બંધ-ઉદય-સત્તા | ૨૪ |
| **(૩) મિશ્રગુણસ્થાનક** | **૨૫** |
| ✤ મિશ્રપરિણામ અંગે ઉદાહરણ | ૨૬ |
| ✤ મિશ્રગુણસ્થાનની વિશેષતા | ૨૮ |
| ✤ મિશ્રગુણસ્થાનસ્થ જીવનું મરણ અને ગતિ | ૩૦ |
| ✤ મિશ્રગુણઠાણે બંધ-ઉદય-સત્તા | ૩૦ |
| **(૪) અવિરતસમ્યક્ત્વગુણસ્થાનક** | **૩૧** |
| ✤ સમ્યક્ત્વપ્રાપ્તિનું સ્વરૂપવર્ણન | ૩૨ |
| ✤ અવિરતસમ્યગ્દષ્ટિપણાંનું તાત્પર્ય | ૩૩ |
| ✤ ચતુર્થગુણસ્થાનકનો કાળ | ૩૪ |
| ✤ સમ્યગ્દષ્ટિની લાક્ષણિકમુદ્રા | ૩૫ |
| ✤ સમ્યગ્દષ્ટિવાળા જીવોની ગતિ | ૩૭ |
| ✤ સમ્યક્ત્વ પામવાની પ્રક્રિયા | ૩૭ |
| ✤ ત્રણ મુસાફરોનાં ઉદાહરણે ત્રણ કરણની યોજના | ૪૦ |
| ✤ કીડીઓનાં ઉદાહરણે ત્રણ કરણની યોજના | ૪૨ |
| ✤ ક્ષયોપશમસમ્યક્ત્વપ્રાપ્તિક્રમ | ૪૩ |
| ✤ ક્ષયોપશમસમ્યક્ત્વીની ગતિ | ૪૫ |
| ✤ ક્ષાયિકસમ્યક્ત્વી અંગે વિચારણા | ૪૬ |
| ✤ સમ્યગ્દષ્ટિનું જીવનકૃત્ય | ૪૭ |
| ✤ અવિરતગુણઠાણે બંધ-ઉદય-સત્તા | ૪૯ |
| **(૫) દેશવિરતિગુણસ્થાનક** | **૫૦** |
| ✤ ત્રિવિધ દેશવિરતિનું સ્વરૂપવર્ણન | ૫૧ |
| ✤ દેશવિરતગુણઠાણે ધ્યાનવિચાર | ૫૭ |
| ✤ દેશવિરતગુણઠાણે બંધ-ઉદય-સત્તા | ૬૧ |
| **(૬) પ્રમત્તસંયતગુણસ્થાનક** | **૬૨** |
| ✤ સાત ગુણઠાણાનો સમાન કાળ | ૬૨ |
| ✤ પ્રમત્તસંયતનું સ્વરૂપવર્ણન | ૬૨ |
| ✤ પ્રમત્તગુણઠાણે ધ્યાનવિચારણા | ૬૪ |
| ✤ છટ્ઠે ગુણઠાણે નિરાલંબનધ્યાનનો નિષેધ | ૬૭ |
| ✤ નિરાલંબનધ્યાનની અશક્યતાએ આવશ્યકક્રિયાનો ત્યાગ એ જિનવચનની અજ્ઞતા | ૬૮ |
| ✤ (૧) પૂર્વમહર્ષિઓનો અપૂર્વ ભાવેન્મેષ | ૭૧ |
| ✤ (૨) શ્રી સૂરપ્રભાચાર્યની સંવેદના | ૭૨ |
| ✤ (૩) પૂજ્ય હેમચન્દ્રસૂરિમહારાજાનો આંતરિક તલસાટ | ૭૩ |
| ✤ (૪) મહામંત્રી વસ્તુપાલની આંતર જ્યોત | ૭૪ |
| ✤ (૪) ભર્તૃહરિની ભવ્ય ભાવધારા | ૭૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ❖ નિરાલંબન ધ્યાનની દુષ્પ્રાપ્યતા | ૭૬ |
| ❖ પ્રમત્તસંયતે રહેલા શ્રમણોનું કર્તવ્ય | ૭૭ |
| ❖ પ્રમત્તસંયતગુણઠાણે બંધ-ઉદય-સત્તા | ૭૮ |
| **(૭) અપ્રમત્તસંયતગુણસ્થાનક** | **૭૯** |
| ❖ ધ્યાન સફરની પ્રારંભિક સાધના | ૮૧ |
| ❖ ત્રણ પ્રકારના સાધક યોગીઓ | ૮૪ |
| ❖ અપ્રમત્તગુણઠાણે ધ્યાનવિચારણા | ૮૫ |
| ❖ ધર્મધ્યાનના મૈત્ર્યાદિ ચાર પ્રકાર | ૮૬ |
| ❖ ધર્મધ્યાનના આજ્ઞાદિ ચાર પ્રકાર | ૮૮ |
| ❖ ધર્મધ્યાનના પિંડસ્થાદિ ચાર પ્રકાર | ૮૮ |
| ❖ અપ્રમત્તે ધર્મ-શુક્લધ્યાન | ૯૦ |
| ❖ સાહજિક શુદ્ધિનો સ્રોત | ૯૧ |
| ❖ અપ્રમત્તે પરમ શુદ્ધિનો સ્પર્શ | ૯૨ |
| ❖ અપ્રમત્તગુણઠાણે બંધ-ઉદય-સત્તા | ૯૪ |
| **(૮-૧૨) અપૂર્વકરણથી ક્ષીણમોહ ગુણસ્થાનક** | **૯૫** |
| ❖ ગુણસ્થાનકપંચકનો સામાન્ય નામાર્થ | ૯૫ |
| **ઉપશમશ્રેણિ** | **૯૮** |
| ❖ શ્રેણિદ્વયની શુભ શરૂઆત | ૯૮ |
| ❖ ઉપશમશ્રેણિ ચડવાની યોગ્યતા | ૯૯ |
| ❖ ઉપશમશ્રેણિ ચડેલાની ગતિ અને કરણી | ૯૯ |
| ❖ કયા સંઘયણવાળાને કયો દેવલોક ? એનું યંત્ર | ૧૦૧ |
| ❖ ઉપશમકજીવના કાર્યવ્યાપારો | ૧૦૪ |
| ❖ અપૂર્વકરણગુણઠાણે બંધ-ઉદય-સત્તા | ૧૦૫ |
| ❖ અનિવૃત્તિકરણગુણઠાણે બંધ-ઉદય-સત્તા | ૧૦૬ |
| ❖ સૂક્ષ્મસંપરાયગુણઠાણે બંધ-ઉદય-સત્તા | ૧૦૭ |
| ❖ ઉપશાંતમોહ ગુણઠાણે બંધ-ઉદય-સત્તા | ૧૦૭ |
| ❖ ઉપશાંતમોહ ગુણઠાણે સમ્યક્ત્વાદિ | ૧૦૭ |
| ❖ ઉપશાંતમોહથી જીવનું પતન | ૧૦૮ |
| ❖ ઉપશમક જીવોનો આરોહ-અવરોહ | ૧૧૦ |
| ❖ ચરમશરીરી ઉપશમકના પતન અંગે વિચારણા | ૧૧૧ |
| ❖ ઉપશમશ્રેણિ પામવાની સંખ્યા | ૧૧૨ |
| ❖ ઉપશમશ્રેણિની સ્થાપના | ૧૧૩ |
| **ક્ષપકશ્રેણિ** | **૧૧૫** |
| ❖ ક્ષપકશ્રેણિનું સ્વરૂપ | ૧૧૫ |
| ❖ અપૂર્વકરણ પૂર્વે કર્મક્ષયનું સ્વરૂપ | ૧૧૫ |
| ❖ અભ્યાસનું મહત્ત્વ | ૧૧૭ |
| ❖ ક્ષપકને શુક્લધ્યાનનો પ્રારંભ | ૧૧૯ |
| ❖ ધ્યાન કરનારની સ્વરૂપસ્થિતિ | ૧૧૯ |
| ❖ ચિત્તસ્થૈર્યના નિમિત્તરૂપ આસનસેવનનો ઉપદેશ | ૧૨૨ |
| ❖ પ્રાણાયામનું સ્વરૂપવર્ણન | ૧૨૬ |
| ❖ (૧) પૂરકપ્રાણાયામનું સ્વરૂપ | ૧૨૭ |
| ❖ (૨) રેચકપ્રાણાયામનું સ્વરૂપ | ૧૩૦ |
| ❖ (૩) કુંભકપ્રાણાયામનું સ્વરૂપ | ૧૩૧ |
| ❖ પવનવિજય દ્વારા મનોવિજયની સાધના | ૧૩૨ |
| ❖ આત્મશુદ્ધિ માટે ભાવધારાનું પ્રાધાન્ય | ૧૩૪ |
| ❖ પ્રથમ શુક્લધ્યાનનો નામોલ્લેખ | ૧૩૬ |
| ❖ (૧) વિતર્ક, (૨) વિચાર, અને (૩) પૃથક્ત્વનું સ્વરૂપ | ૧૩૭ |
| ❖ (૧) વિતર્કનું સ્વરૂપ | ૧૩૮ |
| ❖ (૨) વિચારનું સ્વરૂપ | ૧૩૯ |
| ❖ (૩) પૃથક્ત્વનું સ્વરૂપ | ૧૪૦ |
| ❖ પહેલા શુક્લધ્યાનથી શુદ્ધિનો પ્રકર્ષ | ૧૪૧ |
| ❖ અપૂર્વકરણગુણઠાણે બંધ-ઉદય-સત્તા | ૧૪૨ |
| ❖ નવમે ગુણઠાણે કર્મક્ષયનું નિરૂપણ | ૧૪૩ |
| ❖ અનિવૃત્તિકરણે બંધ-ઉદય-સત્તા | ૧૪૬ |
| ❖ ક્ષપકજીવને સૂક્ષ્મસંપરાયગુણસ્થાન | ૧૪૭ |
| ❖ સૂક્ષ્મસંપરાયે બંધ-ઉદય-સત્તા | ૧૪૭ |
| ❖ ક્ષપકશ્રેણિમાં ક્ષીણમોહ ગુણઠાણે પ્રયાણ | ૧૪૮ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ✤ ક્ષપકશ્રેણિમાં ક્ષય પામતી પ્રકૃતિઓનો ક્રમદર્શક કોઠો | ૧૪૯ |
| ✤ દ્વિતીય શુક્લધ્યાનનું આશ્રયણ | ૧૪૯ |
| ✤ બીજા શુક્લધ્યાનનો સવિશેષણ નામોલ્લેખ | ૧૫૧ |
| ✤ (૧) અપૃથક્ત્વનું વ્યક્ત સ્વરૂપ | ૧૫૨ |
| ✤ (૨) અવિચારનું સ્વરૂપ | ૧૫૨ |
| ✤ (૩) વિતર્કનું સ્વરૂપ | ૧૫૪ |
| ✤ દ્વિતીય શુક્લધ્યાન દ્વારા સમરસધારા | ૧૫૪ |
| ✤ ક્ષીણમોહના દ્વિચરમસમયે થનારી ઘટના | ૧૫૫ |
| ✤ ક્ષીણમોહના ચરમસમયે થનારી ઘટના | ૧૫૬ |
| ✤ ક્ષીણમોહે બંધ-ઉદય-સત્તા | ૧૫૭ |
| **(૧૩) સયોગીકેવળી ગુણસ્થાનક** | **૧૫૭** |
| ✤ પ્રકૃતિઓનો ક્રમિક ક્ષય : | ૧૫૮ |
| ✤ ૬૩ પ્રકૃતિઓનો ક્ષપણાદર્શક કોઠો | ૧૫૯ |
| ✤ સયોગીગુણઠાણે ભાવ-સમ્યક્ત્વ-ચારિત્રનું સ્વરૂપ | ૧૫૯ |
| ✤ કેવળજ્ઞાનનું અદ્‌ભુત સામર્થ્ય | ૧૬૧ |
| ✤ તીર્થંકર કેવળીનું વૈશિષ્ટ્ય | ૧૬૨ |
| ✤ પરમાત્માનો અજોડ વૈભવ | ૧૬૪ |
| ✤ જિનનામની વેદનપ્રક્રિયા | ૧૬૭ |
| ✤ તેરમે કેવલજ્ઞાનીઓનો સ્થિતિકાળ | ૧૬૮ |
| ✤ કેવળીસમુદ્‌ઘાતની કરણી | ૧૬૯ |
| ✤ કેવળીસમુદ્‌ઘાતનું સ્વરૂપ | ૧૭૦ |
| ✤ કેવળીસમુદ્‌ઘાતથી નિવૃત્તિ | ૧૭૪ |
| ✤ કેવળીસમુદ્‌ઘાતમાં યોગ અને અનાહારીપણું | ૧૭૫ |
| ✤ સમુદ્‌ઘાત કરનારા કેવળીઓ | ૧૭૭ |
| ✤ યોગનિરોધ તરફ પગલું | ૧૭૮ |
| ✤ સૂક્ષ્મક્રિયા-અનિવૃત્તિરૂપ ત્રીજું શુક્લધ્યાન | ૧૭૯ |
| ✤ યોગસ્થૈર્ય-પ્રક્રિયા | ૧૮૦ |
| ✤ શરીરસ્થૈર્ય એ જ કેવળીઓનું ધ્યાન | ૧૮૨ |
| ✤ યોગાતીત તરફ જિગમિષા | ૧૮૩ |
| ✤ સયોગીના ચરમ સમયનાં કર્તવ્યો | ૧૮૩ |
| **(૧૪) અયોગીગુણસ્થાન** | **૧૮૬** |
| ✤ સયોગીગુણઠાણે બંધ-ઉદય-સત્તા | ૧૮૬ |
| ✤ અયોગીગુણસ્થાનનો સ્થિતિકાળ | ૧૮૬ |
| ✤ ચૌદમે ચોથું શુક્લધ્યાન | ૧૮૭ |
| ✤ ચોથા શુક્લધ્યાનનું સ્વરૂપવર્ણન | ૧૮૮ |
| ✤ અયોગીપણા અંગે શિષ્યકૃત બે પ્રશ્ન | ૧૮૮ |
| ✤ બે પ્રશ્નોનું સમાધાન | ૧૮૯ |
| ✤ ધ્યાનની નિશ્ચય-વ્યવહારરૂપતા | ૧૯૧ |
| ✤ ચૌદમે ગુણઠાણે દ્વિચરમસમયનું કૃત્ય | ૧૯૩ |
| ✤ ૭૨ પ્રકૃતિઓનો નામોલ્લેખ | ૧૯૩ |
| ✤ ચરમસમયનું કૃત્ય + સનાતનપર્યાયની પ્રાપ્તિ | ૧૯૫ |
| ✤ અયોગીગુણઠાણે બંધ-ઉદય-સત્તા | ૧૯૬ |
| **મોક્ષ અવસ્થા** | **૧૯૭** |
| ✤ સિદ્ધાત્માનાં ઊર્ધ્વગમન અંગે કારણો | ૧૯૭ |
| ✤ ચાર કારણો અંગે ચાર ઉદાહરણો | ૧૯૮ |
| ✤ અન્યત્ર અગમનના તર્કો | ૨૦૧ |
| ✤ સિદ્ધોની સિદ્ધશિલા પર અવસ્થિતિ | ૨૦૨ |
| ✤ ૮ વિશેષણોથી સિદ્ધશિલાનું સ્વરૂપવર્ણન | ૨૦૩ |
| ✤ સિદ્ધાત્માની અવગાહનાનો આકાર | ૨૦૫ |
| ✤ સિદ્ધોની વિરાટ્ જ્ઞાનયાત્રા | ૨૦૬ |
| ✤ સિદ્ધાત્માનો ગુણવૈભવ | ૨૦૮ |
| ✤ સિદ્ધાત્માનું પરમસુખ | ૨૧૦ |
| ✤ સિદ્ધોને સારભૂત તત્ત્વોની સંપ્રાપ્તિ | ૨૧૧ |
| ✤ મોક્ષનું સ્વરૂપવૈશદ્ય | ૨૧૨ |
| ✤ પ્રાચીન શાસ્ત્રોમાંથી પ્રસ્તુત પ્રકરણનો સમુદ્ધાર | ૨૧૬ |

श्रीमद्रत्नशेखरसूरीश्वरविरचितस्वोपज्ञवृत्तियुतः
'गुणतीर्थ'-आख्यनवनिर्मितसुरम्यगुर्जरविवृत्तिसमलङ्कृतः

# ॥ श्रीगुणस्थानक्रमारोहः ॥

अर्हंपदं हृदि ध्यात्वा, गुणस्थानविचारिणाम् ।
अनुष्टुभामियं वृत्ति-र्लिख्यते ह्यवचूर्णिवत् ॥१॥

**तत्राऽऽदौ मङ्गलार्थमभीष्टदेवतानमस्कारस्य सम्बन्धाविर्भावकमाद्यपद्यमाह –**

**गुणस्थानक्रमारोह-हतमोहं जिनेश्वरम् ।**
**नमस्कृत्य गुणस्थान-स्वरूपं किञ्चिदुच्यते ॥१॥**

व्याख्या-**यत्र यत्र पूर्वाप्राप्तगुणविशेषाविर्भावो भवति तत्तद्गुणस्थानमित्युच्यते, तानि गुणस्थानानि, तेषां स्वरूपम्, किञ्चिद्=अल्पमात्रमुच्यत इति सम्बन्धः, किं कृत्वा ?**

---

**॥ श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ॥**
॥ तस्स भुवणेक्कगुरुणो नमो अनेगंतवायस्स ॥
**॥ तपागच्छाचार्य-श्रीप्रेम-भुवनभानु-जयघोष-जितेन्द्र-गुणरत्न-रश्मिरत्नसूरिसद्गुरुभ्यो नमः ॥**
॥ ऐँ नमः ॥

## ગુણતીર્થ

**વૃત્તિકારનું મંગલાચરણાદિ :**

'અર્હં' પદનું હૃદયમાં ધ્યાન કરીને, ૧૪ ગુણસ્થાનકનાં સ્વરૂપ વિશે અદ્ભુત વિચારને રજુ કરનારા જે આ 'ગુણસ્થાનકક્રમારોહ' ગ્રંથના અનુષ્ટુપ્છંદવાળા શ્લોકો છે, તેના પર અવચૂર્ણિ જેવી વૃત્તિ લખાય છે. (અર્થાત્ સંક્ષિપ્ત વૃત્તિ લખાય છે.)

તેમાં સૌ પ્રથમ મંગળ કરવા, ઇચ્છિત દેવતાને નમન કરવાના સંબંધને બતાવનારું પહેલું ગાથાસૂત્ર કહે છે –

***શ્લોકાર્થ* : ગુણસ્થાનકો પર ક્રમશઃ ચડીને જેમણે મોહનીયકર્મ હણી દીધું છે, તેવા જિનેશ્વર પરમાત્માને નમસ્કાર કરીને ૧૪ ગુણસ્થાનકોનું સ્વરૂપ કંઈક (=સંક્ષેપથી) કહેવાય છે. (૧)**

'नमस्कृत्य' **प्रणिपत्य** 'जिनेश्वरं' **श्रीसर्वज्ञम्, कथम्भूतम् ?** 'गुणस्थानक्रमारोहहतमोहं' **गुणस्थानानां क्रमो गुणस्थानक्रमः, गुणस्थानक्रमेणाऽऽरोहणं गुणस्थानक्रमारोहः, गुणस्थानक्रमारोहेण=क्षपकश्रेण्यारोहलक्षणेन हतो मोहो येन स तथा तं गुणस्थान-क्रमारोहहतमोहम्, क्षपकश्रेण्यारोहक्रमेणैव मोहो हन्यते, यदाह वाचकमुख्यः –**

"पूर्वं करोत्यनन्तानुबन्धिनाम्नां क्षयं कषायाणाम् ।
मिथ्यात्वमोहगहनं, क्षपयति सम्यक्त्वमिथ्यात्वम् ॥१॥

**ગુણતીર્થ**

**વિવેચન :**

**ગુણસ્થાનની વ્યાખ્યા –** પૂર્વે ન પામેલો એવો વિશેષગુણ જે જે અવસ્થામાં પ્રાપ્ત થાય છે, તે તે અવસ્થાને 'ગુણસ્થાન' એવું કહેવાય છે. આવાં ગુણસ્થાનો અનેક છે... તેઓનું સ્વરૂપ ગ્રંથકારશ્રી અહીં કંઈક અંશે=અલ્પમાત્રાએ કહે છે.

એ પહેલા વીતરાગ પરમાત્માને નમસ્કાર કરે છે –

## ❋ જિનેશ્વરોને પ્રણિપાત ❋

**गुणस्थानक्रमारोहहतमोहम् –** ગુણસ્થાનોનો અનુક્રમ તે 'ગુણસ્થાનક્રમ' કહેવાય છે. એ ગુણસ્થાનો પર ક્રમપૂર્વક ચડવું તેને 'ગુણસ્થાનક્રમારોહ' કહેવાય છે. આવા ગુણસ્થાનો પર ક્ષપકશ્રેણિના ક્રમે ચડવા દ્વારા જેમણે મોહનીયકર્મને પૂર્ણપણે હણી નાંખ્યું છે, તેવા...

**जिनेश्वरम् –** જિનેશ્વર પરમાત્માને=ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણે કાળમાં રહેનારી બધી વસ્તુઓને બધા જ પર્યાયોથી જાણનાર એવા સર્વજ્ઞભગવંતને...

**नमस्कृत्य –** નમસ્કાર કરીને=મનથી અહોભાવ દ્વારા, વચનથી અસાધારણ ગુણોની સ્તવના દ્વારા અને કાયાથી ઝૂકવા દ્વારા પ્રણિપાત કરીને... (ગુણસ્થાનોનું સ્વરૂપ કંઈક કહેવાય છે – એમ સંબંધ જોડવો.)

જીવ ક્ષપકશ્રેણિના માધ્યમે ગુણસ્થાનો પર ચડે, તો જ એના દ્વારા મોહનીય કર્મનો ઘાત શક્ય છે... બાકી એ સિવાય ઉપશમશ્રેણિ કે બીજી કોઈપણ પ્રક્રિયાઓ દ્વારા મોહનીય કર્મનું પૂર્ણપણે હનન શક્ય નથી. આ વિષયમાં (=ક્ષપકશ્રેણિ દ્વારા મોહહનન અંગે) વાચકમુખ્ય શ્રી ઉમાસ્વાતિમહારાજે **પ્રશમરતિપ્રકરણમાં** કહ્યું છે કે –

"જીવ પહેલા (૧) અનંતાનુબંધી નામના ચાર કષાયોનો ક્ષય કરે છે, ત્યારબાદ

सम्यक्त्वमोहनीयं, क्षपयत्यष्टावतः कषायांश्च ।
क्षपयति ततो नपुंसक-वेदं स्त्रीवेदमथ तस्मात् ॥२॥
हास्यादि ततः षट्कं, क्षपयति तस्माच्च पुरुषवेदमपि ।
संज्वलनानपि हत्वा, प्राप्नोत्यथ वीतरागत्वम् ॥३॥" [प्रशमरतिः २६०-२६२]

आह – **ननु हतमोहमित्यत्रोक्तम्, न ह्येकस्यैव मोहस्य घातेन जिनेश्वरत्वमुपपद्यते, किन्तु ज्ञानावरणदर्शनावरणान्तरायाणामपि घाते जिनेश्वरत्वं स्यात् तत्कथमिति,** अत्रोच्यते –

**अष्टस्वपि कर्मसु मोहस्यैव प्राधान्यम्, यतः –**

**गुणतीर्थ**

(२) ગહન એવાં મિથ્યાત્વમોહનીયને ખપાવે છે, ત્યારબાદ (૩) સમ્યક્ત્વમિથ્યાત્વરૂપ મિશ્રમોહનીયને ખપાવે છે. (૧)

ત્યારબાદ (૪) સમ્યક્ત્વમોહનીયને ખપાવે છે, પછી (૫) અપ્રત્યાખ્યાનાવરણચતુષ્ક અને પ્રત્યાખ્યાનાવરણચતુષ્ક એમ આઠ કષાયોને ખપાવે છે, ત્યારબાદ (૬) નપુંસકવેદને ખપાવે છે, અને ત્યારબાદ (૭) સ્ત્રીવેદને ખપાવે છે... (૨)

ત્યારબાદ (૮) હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા - એ હાસ્યષટ્કને ખપાવે છે, (૯) ત્યારબાદ પુરુષવેદને પણ ખપાવે છે, પછી (૧૦) સંજ્વલન ચાર કષાયોને પણ હણીને, એ જીવ વીતરાગપણું પામે છે.. (૩)" [પ્રશમરતિ-શ્લો. ૨૬૦, ૨૬૧, ૨૬૨]

### ❋ મોહ જાયે સવિ જાય ❋

**પ્રશ્ન :** પરમાત્માનાં વિશેષણ તરીકે 'હતમોહ=હણાયેલા મોહનીય કર્મવાળા' એવું જે વિશેષણ મૂળગાથામાં મૂકાયું છે, તે અંગે અમારો પ્રશ્ન છે કે - માત્ર એક મોહનીયકર્મનો ઘાત થાય એટલા માત્રથી જિનેશ્વરપણું શી રીતે આવે ? એના માટે તો ચારેય ઘાતીકર્મોનો ક્ષય અનિવાર્ય છે... એટલે માત્ર મોહનીયકર્મ નહીં, પણ એ સિવાયના (૧) જ્ઞાનાવરણ, (૨) દર્શનાવરણ, અને (૩) અંતરાય - એ ત્રણ ઘાતીકર્મોનો પણ ક્ષય થાય, તો જ જિનેશ્વરપણું સંગત થાય, અન્યથા નહીં. તો પછી ગાથામાં માત્ર મોહનીયના જ ક્ષયનો ઉલ્લેખ કેમ ?

**ઉત્તર :** આ વિશે કહેવાય છે – જ્ઞાનાવરણાદિ આઠેય કર્મોમાં 'મોહનીયકર્મ' એ જ પ્રધાન છે... એ જ આત્માના ગુણોને ઢાંકી દેવામાં મહત્ત્વનું પરિબળ ધરાવે છે, કારણ કે શાસ્ત્રમાં કહ્યું છે કે –

"[1]अक्खाण रसणी कम्माण मोहणी तह वयाण बंभवयं ।
गुत्तीण य मणगुत्ती, चउरो दुक्खेण जिप्पंति ॥१॥"

**मोहे हते शेषकर्माणि सुखहतान्येव, यदागमः –**

"[2]जह मत्थयसूईए, हयाए हम्मए तलो ।
तह कम्माणि हम्मंति, मोहणिज्जे खयं गए ॥१॥"

**ततो मोहघाते शेषघातिनां घातोऽवश्यंभाव्येवेति न दोषः ॥१॥**

**ગુણતીર્થ**

"(૧) પાંચ ઇન્દ્રિયોમાં રસનેન્દ્રિય, (૨) આઠ કર્મોમાં મોહનીય કર્મ, (૩) પાંચ મહાવ્રતોમાં બ્રહ્મચર્ય મહાવ્રત, અને (૪) ત્રણ ગુપ્તિઓમાં મનોગુપ્તિ – આ ચારે દુઃખેથી જીતી શકાય તેમ છે."

પ્રસ્તુતમાં વાત એટલી જ છે કે, મોહનીય કર્મને હણવું જ કઠિન છે. જો એ હણાઈ જાય, તો બાકીના કર્મો તો સુખેથી હણાયા જ સમજો... આગમ ગ્રંથમાં પણ જણાવ્યું છે કે –

"જેમ ❂મસ્તકસૂચિ હણાતાં, તાડવૃક્ષ હણાય છે જ... તેમ મોહનીય કર્મનો ક્ષય થતાં, બાકીના કર્મો પણ હણાય છે જ..."

એટલે મોહનીય કર્મનો ઘાત થયે બાકીના જ્ઞાનાવરણ-દર્શનાવરણ-અંતરાયરૂપ શેષ ઘાતીકર્મોનો ઘાત પણ અવશ્ય થવાનો જ... માટે 'હતમોહ' કહ્યું; એનાથી 'હતઘાતિચતુષ્ટય' એવો અર્થ સમાઈ જ જાય છે અને તેથી જિનેશ્વરપણું પણ સંગત થઈ જ જાય છે... એટલે હવે કોઈ દોષ ન રહે.

હવે ગ્રંથકારશ્રી ચાર શ્લોકો દ્વારા ચૌદ ગુણસ્થાનકોનો માત્ર નામોલ્લેખ કરવા જણાવે છે –

**छायासन्मित्रम्**

(1) अक्ष्णां रसना कर्मणां मोहनीयं तथा व्रतानां ब्रह्मव्रतम् ।
गुप्तीनां च मनोगुप्तिः, चत्वारि दुःखेन जीयन्ते ॥१॥

(2) यथा मस्तकसूच्यां हतायां हन्यते तालः ।
तथा कर्माणि हन्यन्ते, मोहनीये क्षयं गते ॥१॥

---

❂ 'મસ્તકસૂચિ' એટલે તાડવૃક્ષના એકદમ ઉપરના ટોચના ગર્ભભાગની સોય જેવા આકારે ઉગેલ સૂચિ; એ નાશ પામે તો આખું તાડવૃક્ષ અવશ્ય નાશ પામે.

**अथ चतुर्दशसङ्ख्यानां गुणस्थानकानां नामान्येव श्लोकचतुष्टयेनाऽऽह –**

**चतुर्दशगुणश्रेणि-स्थानकानि तदादिमम् ।**
**मिथ्यात्वाख्यं द्वितीयं तु, स्थानं सास्वादनाभिधम् ॥२॥**
**तृतीयं मिश्रकं तुर्यं, सम्यग्दर्शनमव्रतम् ।**
**श्राद्धत्वं पञ्चमं षष्ठं, प्रमत्तश्रमणाभिधम् ॥३॥**
**सप्तमं त्वप्रमत्तं चा-पूर्वात्करणमष्टमम् ।**
**नवमं चानिवृत्त्याख्यं, दशमं सूक्ष्मलोभकम् ॥४॥**
**एकादशं शान्तमोहं, द्वादशं क्षीणमोहकम् ।**
**त्रयोदश सयोग्याख्यमयोग्याख्यं चतुर्दशम् ॥५॥**

**॥ चतुर्भिः कुलकम् ॥**

व्याख्या–**इह हि भव्यजीवानां सिद्धिसौधाधिरोहणार्थं गुणश्रेणिरिव निःश्रेणिस्तस्यां च पदन्यासास्पदस्थानीयानि यानि गुणाद् गुणान्तरप्राप्तिरूपाणि स्थानानि=विश्रामधामानि चतुर्दशसङ्ख्यानि, तेषां नामानि यथा – प्रथमं मिथ्यात्वगुणस्थानकम् १, द्वितीयं सास्वादनगुणस्थानकम् २, तृतीयं मिश्रगुणस्थानकम् ३, चतुर्थमविरतसम्यग्दृष्टिगुण-**



## ※ ચૌદ ગુણસ્થાનકો ※

**શ્લોકાર્થ :** ગુણશ્રેણિનાં સ્થાનરૂપ ૧૪ ગુણસ્થાનો છે... તેમાં **(૧) પહેલું મિથ્યાત્વ નામનું, અને (૨) બીજું સાસ્વાદન નામનું સ્થાન છે.... (૩) ત્રીજું મિશ્ર, (૪) ચોથું સમ્યગ્દર્શન અવ્રત, (૫) પાંચમું શ્રાદ્ધપણું, અને (૬) છટ્ઠું પ્રમત્તશ્રમણ નામનું ગુણસ્થાનક છે... (૭) સાતમું અપ્રમત્ત, અને (૮) આઠમું અપૂર્વકરણ, (૯) નવમું અનિવૃત્તિ નામનું, અને (૧૦) દસમું સૂક્ષ્મલોભ નામનું ગુણસ્થાનક છે. (૧૧) અગ્યારમું ઉપશાંતમોહ, (૧૨) બારમું ક્ષીણમોહ, (૧૩) તેરમું સયોગીકેવળી નામનું, અને (૧૪) ચૌદમું અયોગીકેવળી નામનું ગુણસ્થાનક છે. (૨, ૩, ૪, ૫)**

**વિવેચન :** મહેલ પર ચડવા માટે જેમ નિસરણીમાં પગ મૂકવાના સ્થાનરૂપ પગથિયાં હોય છે. તેમ ભવ્યજીવોને સિદ્ધિ=મોક્ષરૂપી મહેલમાં ચડવા માટે, ગુણોની નિસરણીમાં એક ગુણથી બીજા ગુણની પ્રાપ્તિરૂપ જે વિશ્રામસ્થાનો (=ગુણનિસરણીનાં પગથિયાં) છે, તે બધાને 'ગુણસ્થાનક' કહેવાય છે.

स्थानकम् ४, पञ्चमं देशविरतिगुणस्थानकम् ५, षष्ठं प्रमत्तसंयतगुणस्थानकम् ६, सप्तममप्रमत्तसंयतगुणस्थानकम् ७, अष्टमम् अपूर्वकरणगुणस्थानकम् ८, नवमम् अनिवृत्तिगुणस्थानकम् ९, दशमं सूक्ष्मसम्परायगुणस्थानकम् १०, एकादशमुपाशान्तमोहगुणस्थानकम् ११, द्वादशं क्षीणमोहगुणस्थानकम् १२, त्रयोदशं सयोगिकेवलिगुणस्थानकम् १३, चतुर्दशमयोगिकेवलिगुणस्थानकम् १४ इति ॥२-३-४-५॥

**अथ प्रथमं व्यक्ताव्यक्तमिथ्यात्वस्वरूपमाह –**

**अदेवागुर्वधर्मेषु, या देवगुरुधर्मधीः ।**
**तन्मिथ्यात्वं भवेद्व्यक्त-मव्यक्तं मोहलक्षणम् ॥६॥**

व्याख्या-**या स्पष्टचैतन्यानां संज्ञिपञ्चेन्द्रियादिजीवानामदेवागुर्वधर्मेषु क्रमेण देव-**

**गुणतीर्थ**

એ ગુણસ્થાનો ચૌદ પ્રકારે છે, એમનાં નામો આ પ્રમાણે –

(૧) મિથ્યાત્વગુણસ્થાનક...
(૨) સાસ્વાદનગુણસ્થાનક...
(૩) મિશ્રગુણસ્થાનક...
(૪) અવિરતસમ્યગ્દષ્ટિગુણસ્થાનક..
(૫) દેશવિરતિગુણસ્થાનક...
(૬) પ્રમત્તસંયતગુણસ્થાનક...
(૭) અપ્રમત્તસંયતગુણસ્થાનક...
(૮) અપૂર્વકરણગુણસ્થાનક...
(૯) અનિવૃત્તિકરણગુણસ્થાનક...
(૧૦) સૂક્ષ્મસંપરાયગુણસ્થાનક...
(૧૧) ઉપશાંતમોહગુણસ્થાનક...
(૧૨) ક્ષીણમોહગુણસ્થાનક...
(૧૩) સયોગીકેવળીગુણસ્થાનક...
(૧૪) અયોગીકેવળીગુણસ્થાનક...

## (૧) મિથ્યાત્વગુણસ્થાનક

સૌ પ્રથમ મિથ્યાત્વ ગુણઠાણાનું સ્વરૂપ બતાવે છે. એ મિથ્યાત્વના બે પ્રકાર છે : (૧) વ્યક્તમિથ્યાત્વ, અને (૨) અવ્યક્તમિથ્યાત્વ... એ બેનું સ્વરૂપ આ પ્રમાણે છે –

**શ્લોકાર્થ : કુદેવ, કુગુરુ અને કુધર્મમાં (ક્રમશઃ) સુદેવ, સુગુરુ અને સુધર્મની જે બુદ્ધિ થવી; એ વ્યક્તમિથ્યાત્વ કહેવાય... અને મિથ્યાત્વમોહનીયરૂપ કર્મપ્રકૃતિ; એ અવ્યક્તમિથ્યાત્વ કહેવાય...(૬)**

**વિવેચન :**

### ❋ (૧) વ્યક્તમિથ્યાત્વ ❋

**સ્વરૂપ :** (ક) કુદેવમાં=અવીતરાગમાં સુદેવની બુદ્ધિ, (ખ) કુગુરુમાં સદ્ગુરુની

**गुरुधर्मबुद्धिः सम्पद्यते, तद्व्यक्तं मिथ्यात्वं भवति, उपलक्षणात् –**

"[3]जीवाइपयत्थेसुं, जिणोवइट्ठेसु जा असद्दहणा ।
सद्दहणावि अ मिच्छा, विवरीअपरूवणा जा य ॥१॥
[4]संसयकरणं जं चिअ, जो तेसु अणायरो पयत्थेसु ।
तं पञ्चविहं मिच्छं, तद्दिट्ठी मिच्छद्दिट्ठी अ ॥२॥"

**गुणतीर्थ**

બુદ્ધિ, (ગ) કુધર્મમાં સુધર્મની બુદ્ધિ - આને 'વ્યક્તમિથ્યાત્વ' કહેવાય છે... (અને આવી બુદ્ધિ દીર્ઘકાલિકી સંજ્ઞાવાળાને જ હોવાથી) આ મિથ્યાત્વ સ્પષ્ટ ચૈતન્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય વગેરે જીવોને જ હોય છે.

વૃત્તિકારશ્રી ઉપલક્ષણથી બીજા પણ મિથ્યાત્વના પ્રકારો ❂ બતાવે છે–

**મિથ્યાત્વના પાંચ પ્રકાર :**

**શ્લોકાર્થ :** પરમાત્માએ બતાવેલા જીવાદિ પદાર્થોમાં (૧) જે અશ્રદ્ધા, અને (૨) મિથ્યા એવી શ્રદ્ધા, અને (૩) જે વિપરીતપ્રરૂપણા... તથા જે (૪) સંશયકરણ, અને (૫) તે પદાર્થો વિશે જે અનાદર - એ પાંચ પ્રકારનું મિથ્યાત્વ છે... અને એનાથી જેની દૃષ્ટિ બંધાયેલી હોય એને મિથ્યાદૃષ્ટિ કહેવાય...

**વિસ્તાર :**

(૧) **અશ્રદ્ધા :** પરમાત્માએ બતાવેલા જીવાદિ પદાર્થોને હૃદયથી ન માનવા.

(૨) **મિથ્યાશ્રદ્ધા :** પરમાત્માએ ન બતાવેલા તત્ત્વો પર આસ્થા ધરાવવી.

(૩) **વિપરીતપ્રરૂપણા :** પરમાત્માએ બતાવેલા તત્ત્વોથી વિપરીત પદાર્થોની પ્રરૂપણા કરવી.

**छायासन्मित्रम्**

(3) जीवादिपदार्थेषु जिनोपदिष्टेषु या अश्रद्धा ।
श्रद्धाऽपि च मिथ्या, विपरीतप्ररूपणा या च ॥१॥

(4) संशयकरणं यदेव, यस्तेषु अनादरः पदार्थेषु ।
तत् पञ्चविधं मिथ्यात्वं, तद्दृष्टिर्मिथ्यादृष्टिश्च ॥२॥

---

❂ મિથ્યાત્વના જુદા જુદા પ્રકારો બતાવ્યા પછી, વૃત્તિકારશ્રી અવ્યક્તમિથ્યાત્વનું સ્વરૂપ છેલ્લે બતાવશે... અને હમણાં જે પ્રકારો બતાવશે એમાં કયું મિથ્યાત્વ વ્યક્ત અને કયું અવ્યક્ત ? એનો પણ વિવેક સાથે-સાથે આપશે; એ ધ્યાનમાં લેવું.

**एतत्पञ्चविधमपि मिथ्यात्वं व्यक्तमेव ।**

**अथवा –**

"आभिग्गहिअमणाभिग्गहियं तहाभिनिवेसिअं चेव । [5]
संसइअमणाभोगं, मिच्छत्तं पंचहा होइ ॥१॥"

**ગુણતીર્થ**

(૪) **સંશયકરણ :** પરમાત્માએ બતાવેલા તત્ત્વો પર સંશય ધરાવવો.

(૫) **અનાદર :** પરમાત્માએ બતાવેલા તત્ત્વો પર અનાદર હોવો.

આ પ્રમાણે પાંચ પ્રકારનું મિથ્યાત્વ છે... એનાથી જે વ્યક્તિની દૃષ્ટિ-માન્યતા-વિચાર વાસિત હોય, એને મિથ્યાદૃષ્ટિ કહેવાય છે. બતાવેલું આ પાંચે પ્રકારનું મિથ્યાત્વ 'વ્યક્તમિથ્યાત્વ' જ છે, અવ્યક્તમિથ્યાત્વ નહીં.

**અથવા બીજી રીતે મિથ્યાત્વના પાંચ પ્રકાર :**

**શ્લોકાર્થ :** (૧) આભિગ્રહિક, (૨) અનાભિગ્રહિક, તથા (૩) આભિનિવેશિક, અને (૪) સાંશયિક, તથા (૫) અનાભોગિક - આમ પાંચ પ્રકારનું મિથ્યાત્વ છે.

**વિસ્તાર :**

(૧) **આભિગ્રહિક : ❂'अनाकलिततत्त्वस्याप्रज्ञापनीयताप्रयोजकस्वस्वाभ्युपगतार्थश्रद्धानम् ।'** અર્થ : તત્ત્વોના અજાણ જીવની, પોતે-પોતે માનેલા પદાર્થોની એવી દૃઢ શ્રદ્ધા કે જે તે જીવને અપ્રજ્ઞાપનીય બનાવે... આશય એ કે, જે વ્યક્તિ યથાવસ્થિત તત્ત્વોને યથાર્થપણે જાણતો નથી અને પોતે જે તત્ત્વોને માનેલા છે, 'તે વાસ્તવમાં તેવા જ છે' એવી જેની દૃઢ માન્યતા છે... અને એટલે જ સાચા તત્ત્વોને ગમે એટલું સમજાવવા છતાં પણ, એ એને માને જ નહીં. પોતાની માન્યતા છોડે જ નહીં... તે વ્યક્તિની આ માન્યતાને 'આભિગ્રહિક' મિથ્યાત્વ કહેવાય.

(૨) **અનાભિગ્રહિક : 'स्वपराभ्युपगतार्थयोरविशेषेण श्रद्धानमनाभिग्रहिकम् ।'**

**छायासन्मित्रम्**

(5) आभिग्रहिकमनाभिग्रहिकं तथाऽऽभिनिवेशिकमेव ।
सांशयिकमनाभोगिकं मिथ्यात्वं पञ्चधा भवति ॥१॥

---

❂ ધર્મપરીક્ષા' નામના ગ્રંથમાં પૂ. મહોપાધ્યાયજી મહારાજે આ પાંચ મિથ્યાત્વની તાત્ત્વિક વ્યાખ્યા કરી છે, એનો જ અહીં ઉપન્યાસ કરીને વ્યાખ્યા કરાય છે.

**इत्यत्रापि यदेकमनाभोगिकमिथ्यात्वं तदव्यक्तम्, शेषमिथ्यात्वचतुष्टयं तु व्यक्तमेव । तथा –** "[6]दसविहे मिच्छत्ते पन्नत्ते, तं जहा – अधम्मे धम्मसन्ना, धम्मे अधम्मसन्ना, उम्मग्गे मग्गसन्ना, मग्गे उम्मग्गसन्ना, अजीवेसु जीवसन्ना, जीवेसु अजीवसन्ना, असाहुसु साहुसन्ना, साहुसु असाहुसन्ना, अमुत्तेसु मुत्तसन्ना, मुत्तेसु अमुत्तसन्ना" [स्थानाङ्ग-१०/७३४] **इत्येव-**

**ગુણતીર્થ**

અર્થ : પોતે અને બીજાએ માનેલા તત્ત્વોની સમાન રીતે શ્રદ્ધા કરવી... જેમકે - મુગ્ધજીવોને 'બધા જ ધર્મો સાચા છે' એવી બુદ્ધિ થવી; એ 'અનાભિગ્રહિક' મિથ્યાત્વ કહેવાય.

**(૩) આભિનિવેશિક : 'विदुषोऽपि स्वरसवाहिभगवत्प्रणीतशास्त्रबाधितार्थश्रद्धानमाभिनिवेशिकम् ।'** અર્થ : વિદ્વાનને પણ, પરમાત્માએ પ્રરૂપેલા શાસ્ત્રોથી જે પદાર્થોનો બાધ થતો હોય, એ પદાર્થોમાં પણ સ્વરસવાહી જે શ્રદ્ધા રહ્યા કરે; તેને 'આભિનિવેશિક' મિથ્યાત્વ કહેવાય... (સમ્યગ્વક્તા સમજાવવા પ્રયત્ન કરે, તો પણ વિતથ શ્રદ્ધા છુટે જ નહીં, એ હદે જે દૃઢ શ્રદ્ધા હોય, તેને 'સ્વરસવાહી શ્રદ્ધા' કહેવાય.)

**(૪) સાંશયિક : 'भगवद्वचनप्रामाण्यसंशयप्रयुक्तः शास्त्रार्थसंशयः सांशयिकम् ।'** અર્થ : 'ભગવાનનું વચન પ્રામાણિક હશે કે નહીં' એવા સંશયના કારણે શાસ્ત્રીય પદાર્થો અંગે જે સંશય રહ્યા કરે; તેને 'સાંશયિક' મિથ્યાત્વ કહેવાય.... જેમકે 'ભગવાનનું અમુક વચન પ્રામાણિક હશે કે નહીં ?' એવા બધા સંશયો સાંશયિક મિથ્યાત્વરૂપ સમજવા...

**(૫) અનાભોગિક : 'साक्षात् परम्परया च तत्त्वाऽप्रतिपत्तिरनाभोगम् ।'** અર્થ : સાક્ષાત્ કે પરંપરાએ તત્ત્વોની જાણકારી ન હોવી; એ 'અનાભોગ' મિથ્યાત્વ કહેવાય... આ મિથ્યાત્વ એકેન્દ્રિયજીવોને અને તત્ત્વ-અતત્ત્વના અધ્યવસાયશૂન્ય મુગ્ધલોકોને હોય છે.

આ પ્રમાણેનાં પાંચ પ્રકારનાં મિથ્યાત્વમાં પણ (૧) જે એક અનાભોગિક મિથ્યાત્વ છે, એ 'અવ્યક્તમિથ્યાત્વ' કહેવાય, અને (૨) એ સિવાયના બાકીના ચાર મિથ્યાત્વો 'વ્યક્તમિથ્યાત્વ' કહેવાય.

**મિથ્યાત્વના ૧૦ પ્રકાર :**

**સૂત્રાર્થ :** મિથ્યાત્વ ૧૦ પ્રકારનું બતાવેલું છે. તે આ પ્રમાણે –

(૧) અધર્મમાં ધર્મબુદ્ધિ... (૨) ધર્મમાં અધર્મબુદ્ધિ...

**छायासन्मित्रम्**

(6) दशविधं मिथ्यात्वं प्रज्ञप्तम्, तद्यथा – अधर्मे धर्मसंज्ञा १, धर्मे अधर्मसंज्ञा २, उन्मार्गे मार्गसंज्ञा ३ मार्गे उन्मार्गसंज्ञा ४, अजीवेषु जीवसंज्ञा ५, जीवेषु अजीवसंज्ञा ६, असाधुषु साधुसंज्ञा ७, साधुषु असाधुसंज्ञा ८, अमुक्तेषु मुक्तसंज्ञा ९, मुक्तेषु अमुक्तसंज्ञा ।

(૩) ઉન્માર્ગમાં માર્ગબુદ્ધિ... (૪) માર્ગમાં ઉન્માર્ગબુદ્ધિ...
(૫) અજીવમાં જીવબુદ્ધિ... (૬) જીવમાં અજીવબુદ્ધિ...
(૭) અસાધુમાં સાધુબુદ્ધિ... (૮) સાધુમાં અસાધુબુદ્ધિ...
(૯) અમુક્તમાં મુક્તબુદ્ધિ... (૧૦) મુક્તમાં અમુક્તબુદ્ધિ...

**વિશેષાર્થ :**

**(૧) અધર્મમાં ધર્મબુદ્ધિ :** સર્વજ્ઞ-વીતરાગ પુરુષનાં વચન સિવાયના અપૌરુષેય-ક્ષણિકવાદ વગેરે અધર્મોમાં જે ધર્મની બુદ્ધિ થવી તે...

**(૨) ધર્મમાં અધર્મબુદ્ધિ :** વીતરાગ પરમાત્માએ પ્રરૂપેલા કષ-છેદ-તાપની પરીક્ષાથી વિશુદ્ધ એવા સમ્યગ્ ધર્મમાં જે અધર્મની બુદ્ધિ થવી તે...

**(૩) ઉન્માર્ગમાં માર્ગબુદ્ધિ :** સંસારવર્ધક જે ઉન્માર્ગો છે, તે બધાને મોક્ષમાર્ગ તરીકે માનવા તે...

**(૪) માર્ગમાં ઉન્માર્ગબુદ્ધિ :** મોક્ષમાં લઈ જનાર જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ જે રત્નત્રયી માર્ગ છે, એમાં ઉન્માર્ગની બુદ્ધિ થવી તે...

**(૫) અજીવમાં જીવબુદ્ધિ :** આકાશ-પુદ્ગલ વગેરે પદાર્થો જડ છે, અચેતન છે. છતાં, આ આકાશાદિ સર્વ જગત્ આત્મારૂપ માનવું તે...

**(૬) જીવમાં અજીવબુદ્ધિ :** પૃથ્વી વગેરે જીવોને પણ અજીવ માનવા... દા.ત. ઉચ્છ્વાસ વગેરે જીવના ધર્મો પૃથ્વી વગેરેમાં ન દેખાતા હોવાથી એ બધાને અજીવ માનવા તે.

**(૭) અસાધુમાં સાધુબુદ્ધિ :** છ જીવનિકાયના વધમાં તત્પર, આધાકર્માદિ દોષિત ભોજન કરનારા અથવા અબ્રહ્મચારી એવા કુલિંગીઓમાં જે સાધુબુદ્ધિ થવી તે... દા.ત. 'આ સાધુઓ જો કે પુષ્કળ પાપ કરે છે. છતાં પણ બ્રહ્મમુદ્રાને ધારણ કરનાર હોવાથી આ બધા સાધુ જ છે...' ઇત્યાદિ વિકલ્પો કરવા તે...

**(૮) સાધુમાં અસાધુબુદ્ધિ :** સંયમગુણોથી સુશોભિત હોવા છતાં પણ 'આ સાધુ નથી' એવી બુદ્ધિ ધારી રાખવી... દા.ત. 'સ્નાનાદિ શૌચકર્મો ન કરતા હોવાથી આમને સાધુ ન મનાય.' એવા બધા વિકલ્પો કરવા.

**(૯) અમુક્તમાં મુક્તબુદ્ધિ :** કર્મસહિત અને લોકવ્યાપારમાં પ્રવર્તેલા સંસારી આત્માઓને પણ મુક્તાત્મા માનવા.. દા.ત. અણિમા વગેરે વિશિષ્ટ લબ્ધિઓ પામીને

**मादिकमपि यन्मिथ्यात्वं तद्व्यक्तमेव, अपरं तु यदनादिकालं यावन्मोहनीयप्रकृतिरूपं मिथ्यात्वं सद्दर्शनरूपात्मगुणाच्छादकं जीवेन सह सदाऽविनाभावि भवति, तदव्यक्तं मिथ्यात्वमिति ॥६॥**

**अथ मिथ्यात्वस्य गुणस्थानकत्वमाह –**

अनाद्यव्यक्तमिथ्यात्वं, जीवेऽस्त्येव सदा परम् ।
व्यक्तमिथ्यात्वधीप्राप्ति-र्गुणस्थानतयोच्यते ॥७॥

व्याख्या-**अनादि च तदव्यक्तं च अनाद्यव्यक्तम्, तच्च तन्मिथ्यात्वं च अनाद्यव्यक्तमिथ्यात्वं** 'जीवे' **प्राणिनि अव्यवहारराशिवर्तिनि** 'सदा' **सर्वदाऽप्यस्त्येव, परं व्यक्तमिथ्यात्वस्य=पूर्वोक्तस्वरूपस्य धीः=बुद्धिस्तत्प्राप्तिरेव गुणस्थानतयोच्यत इति ।**

**ગુણતીર્થ**

'હું મુક્ત થઈ ગયો.' એવો અહેસાસ અનુભવનારાઓની બુદ્ધિ...

**(૧૦) મુક્તમાં અમુક્તબુદ્ધિ :** સર્વકર્મવિમુક્ત, અનંતચતુષ્ટયસંપન્ન એવા મુક્ત આત્માઓને, કુતર્ક-કુવિકલ્પો દ્વારા 'મુક્ત નથી' એવું માનવું તે... [**સ્થાનાંગસૂત્ર ૧૦/૭૩૪**]

આ દશે પ્રકારનું જે મિથ્યાત્વ કહ્યું, એ બધું 'વ્યક્તમિથ્યાત્વ' રૂપ જ સમજવું... હવે અવ્યક્તમિથ્યાત્વનું સ્વરૂપ બતાવે છે –

## ❋ (૨) અવ્યક્તમિથ્યાત્વ ❋

**સ્વરૂપ :** અનાદિ કાળથી જીવની સાથે હંમેશા અવિનાભાવીરૂપે (=છુટા ન પડવારૂપે) જોડાયેલી એવી જે મોહનીયકર્મની પ્રકૃતિરૂપ મિથ્યાત્વમોહનીય નામની કર્મપ્રકૃતિ છે, એ 'અવ્યક્તમિથ્યાત્વ' કહેવાય... આ મિથ્યાત્વ, આત્માના સમ્યગ્દર્શનરૂપ ગુણને ઢાંકનારું છે.

આ પ્રમાણે મિથ્યાત્વનું સ્વરૂપ બતાવીને, મિથ્યાત્વનો ગુણઠાણા તરીકે વ્યવહાર શી રીતે થાય ? એ બતાવવા ગ્રંથકારશ્રી કહે છે –

## ❋ મિથ્યાત્વનો ગુણસ્થાનકવ્યવહાર ❋

**શ્લોકાર્થ : અનાદિકાળથી જોડાયેલું અવ્યક્તમિથ્યાત્વ તો હંમેશા જીવમાં રહેલું જ છે.** (માટે એને ગુણસ્થાનક તરીકે ન કહી શકાય) **પણ વ્યક્તમિથ્યાત્વની બુદ્ધિ પ્રાપ્ત થવી; એ જ ગુણસ્થાનકરૂપે કહેવાય...** (૭)

**વિવેચન :** અનાદિકાળથી આત્મા સાથે જોડાયેલું જે અવ્યક્તમિથ્યાત્વ છે, એ તો

आह – **ननु 'सव्वजिअट्ठाण मिच्छे'[7] इति मिथ्यादृष्टौ सर्वाण्यपि जीवस्थानानि लभ्यन्ते, तत्कथं व्यक्तमिथ्यात्वधीप्राप्तिरेव प्रथमगुणस्थानतामाप्नोति ? इति**, अत्रोच्यते –

गुणतीर्थ

અવ્યવહારરાશિમાં રહેનારા જીવોમાં હંમેશાં રહેલું જ છે.. (એટલે એ અનાદિ-અવ્યક્તમિથ્યાત્વનો ગુણસ્થાનરૂપે વ્યવહાર થઈ શકે નહીં.)

**તાત્પર્ય** એ કે, ન પામેલા ગુણવિશેષને પામવું એ 'ગુણસ્થાનક' તરીકે અભિપ્રેત છે. હવે જે અનાદિકાળથી અવ્યક્તમિથ્યાત્વી છે, એને કોઈ અપ્રાપ્ત ગુણવિશેષની પ્રાપ્તિ તો થઈ નથી, માટે જ એની એ અવસ્થાને ગુણસ્થાનક તરીકે વ્યવહાર ન કરી શકાય.

**પૂર્વપક્ષ :** 'મિથ્યાત્વગુણઠાણે સર્વ જીવસ્થાનકો હોય છે' એ શાસ્ત્રવચનથી તો મિથ્યાદષ્ટિ નામના પહેલા ગુણસ્થાનકે ચૌદે ચૌદ જીવસ્થાનકો હોય છે, એવું સ્પષ્ટ જણાય છે... (અને એટલે તો અવ્યક્તમિથ્યાત્વવાળા એકેન્દ્રિય-વિકલેન્દ્રિયો પણ મિથ્યાત્વગુણઠાણે હોવાના જ...) તો પછી તમે 'વ્યક્તમિથ્યાત્વબુદ્ધિની પ્રાપ્તિ' એને જ કેમ પહેલા ગુણસ્થાનક તરીકે કહો છો ? (તેમ કરવાથી તો અવ્યવહારરાશિના જીવોનો વ્યવચ્છેદ થઈ જાય છે...)

**ઉત્તરપક્ષ :** આ વિશે કહેવાય છે – 'સર્વ જીવો સર્વ ભાવો અનંતવાર પામ્યા છે' આ શાસ્ત્રવચન પણ, અવ્યવહારરાશિના જીવોએ તો નિગોદ સિવાય કોઈ સ્થાન પામ્યું ન હોવાથી ખોટું પડે; એ ખોટું ન પડે એટલે ત્યાં 'સર્વજીવોનો' અર્થ 'સર્વ વ્યવહારરાશિના જીવો' એમ જ કરવાનો છે... એ જ રીતે 'सव्वजिअट्ठाण मिच्छे' વાક્યમાં પણ 'સર્વજીવોનો' અર્થ 'સર્વ વ્યવહારરાશિના જીવો' એમ જ કરવાનો છે. અવ્યવહારરાશિના જીવોનો સમાવેશ તેમાં કરવાનો નથી. તેમને અનાદિ અવ્યક્ત-મિથ્યાત્વ જ હોવાથી, તેમનો સમાવેશ પહેલા ગુણઠાણે ન થાય તેમાં કોઈ દોષ નથી.

[**યોગદષ્ટિ સમુચ્ચયમાં** વળી આ રીતે જણાવ્યું છે કે, યોગની આઠ દૃષ્ટિઓમાંથી મિત્રા વગેરે નામની દૃષ્ટિઓ જેને પ્રગટ થઈ છે. તેવા જીવોમાં જ પારમાર્થિક ગુણઠાણાનો વ્યવહાર થાય, કારણ કે 'ગુણોનું સ્થાન=ગુણસ્થાન' એવી નિરુક્તિ પરમાર્થથી ત્યાં જ

छायासन्मित्रम्

(7) सर्वजीवस्थानानि मिथ्यात्वे ।

---

❂ અહીં ગુણઠાણા તરીકે નિષેધ અનાદિ-અવ્યક્તમિથ્યાત્વનો જ કર્યો છે, સર્વ અવ્યક્તમિથ્યાત્વનો નહીં... એટલે જ જે અવ્યક્તમિથ્યાત્વ આદિ છે, એનો પાછો ગુણસ્થાનક તરીકે વ્યવહાર થઈ જ શકે છે - એ વાત હમણાં જ આગળ અમે સાબિત કરીશું.

'सर्वे भावाः सर्वजीवैः प्राप्तपूर्वा अनन्तशः' **इति वचनात् ये प्राप्तव्यक्तमिथ्यात्वबुद्धयो जीवा व्यवहारराशिवर्त्तिनस्त एव प्रथमगुणस्थाने लभ्यन्ते, न त्वव्यवहारराशिवर्तिनः, तेषामव्यक्तमिथ्यात्वस्यैव सद्भावादित्यदोषः ॥७॥**

**अथ मिथ्यात्वदूषणमाह –**

**मद्यमोहाद्यथा जीवो, न जानाति हिताहितम् ।**
**धर्माधर्मौ न जानाति, तथा मिथ्यात्वमोहितः ॥८॥**

**ગુણતીર્થ**

ઘટે... એ સિવાયના મિથ્યાત્વી જીવોમાં ગુણનો ઉઘાડ ન થયો હોવાથી ત્યાં ગુણઠાણાનો વ્યવહાર ઔપચારિક થાય, પારમાર્થિક નહીં. જુઓ એ શાસ્ત્રનું વચન :

''प्रथमं यद् गुणस्थानं सामान्येनोपवर्णितम् ।
अस्यां तु तदवस्थायां मुख्यमन्वर्थयोगतः ॥'' [યો. સમુ. ૪૦]

પણ પ્રસ્તુત ગ્રંથ અને યોગદષ્ટિસમુચ્ચય - બંનેમાં ગુણઠાણાની વિવક્ષા-વ્યાખ્યા જુદી-જુદી હોવાથી, બંનેનું નિરૂપણ પોતપોતાની વિવક્ષા મુજબ યથાર્થ અને અવિરુદ્ધ છે. એટલે કોઈ અસમંજસતાનો પ્રશ્ન નથી.]

આ પ્રમાણે મિથ્યાત્વનું ગુણઠાણાપણું જણાવીને, હવે ગ્રંથકારશ્રી મિથ્યાત્વનું દૂષણ કહે છે –

## ❋ મિથ્યાત્વથી અવિવેકદશા ❋

**શ્લોકાર્થ : મદિરાના ઉન્માદથી જેમ જીવ હિત-અહિતને જાણતો નથી, તેમ મિથ્યાત્વથી મૂઢતા પામેલો જીવ ધર્મ અને અધર્મને જાણતો નથી...** (૮)

**વિવેચન :**

**દૃષ્ટાંત :** મદિરાનો ઉન્માદ ચડવાથી ચેતનાતંત્ર ખલાસ થઈ જાય છે... તેથી જેમ તેવા ઉન્માદગ્રસ્ત મનુષ્યાદિ પ્રાણીઓ 'આ કાર્ય મારા માટે હિતકારી છે કે અહિતકારી છે' એવું કંઈ જ જાણતા નથી.

**ઉપનય :** તેમ મિથ્યાત્વથી મોહિત થયેલા જીવો વિવેકદશાથી વિમુખ થઈને અજ્ઞાનાંધ બની જાય છે. તેથી જ તેઓ 'આ ધર્મ છે કે અધર્મ છે' એમ સમ્યગ્=યથાવસ્થિતપણે જાણી શકતા નથી.

એટલે જ કહ્યું છે કે –

व्याख्या-**यथा** 'जीवो' **मनुष्यादिकप्राणी** 'मद्यमोहाद्' **मदिरोन्मादात् हितं वाऽहितं वा किमपि न जानाति, नष्टचैतन्यात् तथा मिथ्यात्वमोहितो जीवो धर्माधर्मौ सम्यग् न जानाति, अज्ञानत्वात् । यदाह –**

"मिथ्यात्वेनालीढचित्ता नितान्तं, तत्त्वातत्त्वं जानते नैव जीवाः ।
किं जात्यन्धाः कुत्रचिद्वस्तुजाते, रम्यारम्यव्यक्तिमासादयेयुः ? ॥१॥" **इति ॥८॥**

**अथ मिथ्यात्वस्य स्थितिमाह –**

**अभव्याश्रितमिथ्यात्वे-ऽनाद्यनन्ता स्थितिर्भवेत् ।**
**सा भव्याश्रितमिथ्यात्वे-ऽनादिसान्ता पुनर्मता ॥९॥**

व्याख्या-**अभव्यजीवानाश्रित्य मिथ्यात्वे=सामान्येनाव्यक्तव्यक्तमिथ्यात्वविषये-ऽनाद्यनन्ता स्थितिर्भवति, तथा सैव स्थितिर्भव्यजीवान् पुनराश्रित्यानादिसान्ता पुनर्मता= सम्मता ।**

**ગુણતીર્થ**

"જે લોકોનું મન અત્યંત ગાઢ રીતે મિથ્યાત્વથી વ્યાપ્ત છે, તે જીવો તત્ત્વ-અતત્ત્વનો વિવેક કરી શકે જ નહીં... શું જન્માન્ધ વ્યક્તિઓ કોઈપણ પદાર્થ વિશે 'આ સારું... ને આ ખરાબ' એ રીતના વિવેકનો તાગ મેળવી શકે ?"

હવે મિથ્યાત્વ કેટલો કાળ રહી શકે ? એ બતાવવા મિથ્યાત્વની સ્થિતિ કહે છે –

## ❋ મિથ્યાત્વનો સ્થિતિકાળ ❋

**શ્લોકાર્થ : અભવ્ય જીવને આશ્રયીને મિથ્યાત્વની સ્થિતિ 'અનાદિઅનંત' હોય છે... અને ભવ્ય જીવને આશ્રયીને મિથ્યાત્વની સ્થિતિ 'અનાદિસાંત' મનાઈ છે.... (૯)**

**વિવેચન :** વ્યક્તમિથ્યાત્વ કે અવ્યક્તમિથ્યાત્વ એવા ભેદ-પ્રભેદને વિચાર્યા વિના માત્ર મિથ્યાત્વસામાન્યની સ્થિતિ વિચારીએ, તો એનો કાળ આ પ્રમાણે આવે –

(૧) અભવ્ય જીવને આશ્રયીને એ મિથ્યાત્વ 'અનાદિ-અનંત' કાળ સુધી રહે... (અનાદિકાળથી તો હતું જ... અને એ અભવ્ય કદી સમ્યક્ત્વાદિ ન પામવાનો હોવાથી એનું એ મિથ્યાત્વ અનંતકાળ સુધી રહેનારું છે...)

(૨) અને મિથ્યાત્વનો કાળ ભવ્ય જીવોને આશ્રયીને 'અનાદિ-સાંત' સમજવો.. (અનાદિકાળથી તો હતું જ, અને સમ્યક્ત્વ પામે ત્યારે એનું મિથ્યાત્વ જતું રહે છે, એટલે એનો અનાદિ-સાંત કાળ ઘટે...)

આ વિશે શાસ્ત્રોમાં જણાવ્યું છે કે –

यदाह –

"[8]मिच्छत्तमभव्वाणं तमणाइमणंतयं मुणेयव्वं ।
भव्वाणं तु अणाइसपज्जवसियं तु मिच्छत्तं ॥१॥"

**इयं च स्थितिः सामान्येन मिथ्यात्वमाश्रित्य दर्शिता, यदि पुनर्मिथ्यात्वगुणस्थानस्य स्थितिर्विचार्यते तदा अभव्यानाश्रित्य साद्यनन्ता भव्यानाश्रित्य सादिसान्तेति ।**

**तदा मिथ्यात्वगुणस्थानस्थो जीवो विंशत्युत्तरशतबन्धप्रायोग्यकर्मप्रकृतीनां मध्यात् तीर्थकृत्कर्माहारकद्वयाबन्धात्सप्तदशोत्तरशतबन्धकः, तथा द्वाविंशत्युत्तरशतोदयप्रायोग्य-कर्मप्रकृतीनां मध्यात् मिश्रसम्यक्त्वाहारकद्विकतीर्थकृत्कर्मेति पञ्चप्रकृतीनामनुदयात्-**

**ગુણતીર્થ**

"અભવ્ય જીવોને આશ્રયીને એ મિથ્યાત્વ અનાદિ-અનંત સમજવું... અને વળી ભવ્યજીવોને આશ્રયીને એ મિથ્યાત્વ અનાદિ-સાંત હોય છે."

### ❋ મિથ્યાત્વગુણસ્થાનનો સ્થિતિકાળ ❋

ઉપર સામાન્યથી મિથ્યાત્વને આશ્રયીને સ્થિતિકાળ બતાવ્યો હતો. પણ જો એ મિથ્યાત્વરૂપ ગુણસ્થાનને આશ્રયીને સ્થિતિકાળ વિચારાય, તો એનો કાળ આ રીતે આવે –

(૧) અભવ્ય જીવોને આશ્રયીને મિથ્યાત્વગુણસ્થાન 'સાદિ-અનંત' કાળ રહે... તે આ રીતે - પૂર્વે અનાદિકાળથી તો અવ્યક્તમિથ્યાત્વ હતું એટલે એને તો ગુણસ્થાનક તરીકે ન કહી શકાય. કારણ કે, વ્યક્તમિથ્યાત્વબુદ્ધિની પ્રાપ્તિ એ જ ગુણસ્થાનક તરીકે અભિપ્રેત છે. હવે એ જીવ જ્યારે સંજ્ઞીપંચેન્દ્રિય વગેરેમાં આવી વ્યક્તમિથ્યાત્વ પામે, ત્યારે એનામાં મિથ્યાત્વગુણસ્થાનની સાદિ=શરૂઆત થાય... અને એ કદી સમ્યક્ત્વ પામવાનો ન હોવાથી એનું એ મિથ્યાત્વગુણસ્થાન અનંતકાળ સુધી અકબંધ રહે.

(૨) ભવ્ય જીવોને આશ્રયીને મિથ્યાત્વગુણસ્થાનનો કાળ 'સાદિ-સાંત' છે... તે આ પ્રમાણે - અવ્યક્તમિથ્યાત્વ છોડી વ્યક્તમિથ્યાત્વ પામે ત્યારે સાદિ... અને સમ્યક્ત્વ પામે ત્યારે એ મિથ્યાત્વ જતું રહેવાથી સાંત...

હવે મિથ્યાત્વગુણઠાણે કેટલી કર્મપ્રકૃતિઓનો બંધ-ઉદય-સત્તા હોય, એ જણાવવા ગ્રંથકારશ્રી કહે છે–

**छायासन्मित्रम्**

(8) मिथ्यात्वमभव्यानां तदनाद्यनन्तं ज्ञातव्यम् ।
भव्यानां त्वनादिसपर्यवसितं मिथ्यात्वम् ॥१॥

सप्तदशोत्तरशतवेदयिता, अष्टचत्वारिंशदधिकशतसत्ताको भवति ॥९॥

॥ इति प्रथमं गुणस्थानम् ॥१॥

अथ द्वितीयसास्वादनगुणस्थानमूलकारणभूतौपशमिकसम्यक्त्वस्वरूपमाह –

अनादिकालसम्भूत-मिथ्याकर्मोपशान्तितः ।
स्यादौपशमिकं नाम, जीवे सम्यक्त्वमादितः ॥१०॥

गुणतीर्थ

### ※ મિથ્યાત્વગુણઠાણે બંધ-ઉદય-સત્તા ※

**બંધ :** કુલ ૧૨૦ પ્રકૃતિઓનો બંધ થાય છે, એટલે એ ૧૨૦ પ્રકૃતિઓ બંધપ્રાયોગ્ય કહેવાય...તેમાંથી મિથ્યાત્વ ગુણઠાણે રહેલો જીવ 'આહારકદ્વિક અને તીર્થંકર નામકર્મ' એ ત્રણ પ્રકૃતિ સિવાય બાકીની ૧૧૭ પ્રકૃતિઓનો બંધ કરે છે. (તીર્થંકરનામકર્મનો બંધ સમ્યક્ત્વહેતુક છે અને આહારકદ્વિકનો બંધ વિરતિહેતુક છે... હવે મિથ્યાત્વગુણઠાણે સમ્યક્ત્વ કે વિરતિ એકેય ન હોવાથી, ત્યાં આ ત્રણ પ્રકૃતિનો બંધ થઈ શકે નહીં...)

**ઉદય :** કુલ ૧૨૨ પ્રકૃતિઓ ઉદયપ્રાયોગ્ય છે, તેમાંથી (૧) મિશ્રમોહનીય, (૨) સમ્યક્ત્વમોહનીય, (૩-૪) આહારકદ્વિક, અને (૫) જિનનામ - આ પાંચ પ્રકૃતિઓ સિવાય શેષ ૧૧૭ પ્રકૃતિઓનો ઉદય મિથ્યાત્વગુણઠાણે હોય... (મિશ્રમોહનીયનો ત્રીજે ગુણઠાણે, સમ્યક્ત્વમોહનીયનો ચારથી સાત, આહારકદ્વિકનો છટ્ઠે-સાતમે અને જિનનામનો તેરમે-ચૌદમે ગુણઠાણે ઉદય હોવાથી, અહીં એનો ઉદય ન કહ્યો.)

**સત્તા :** કુલ ૧૪૮ પ્રકૃતિઓ સત્તાપ્રાયોગ્ય છે... એ તમામ પ્રકૃતિઓની સત્તા મિથ્યાત્વગુણઠાણે સંભવિત હોવાથી, અહીં ૧૪૮ પ્રકૃતિઓની સત્તા સમજવી.

| ગુણસ્થાનક | બંધ | ઉદય | સત્તા |
|---|---|---|---|
| મિથ્યાત્વ | ૧૧૭ | ૧૧૭ | ૧૪૮ |

આ પ્રમાણે પહેલા ગુણસ્થાનકનું સ્વરૂપવર્ણન પૂર્ણ થયું.

## (૨) સાસ્વાદનગુણસ્થાન

ઉપશમસમ્યક્ત્વથી પડનારો જીવ જ સાસ્વાદનગુણઠાણે આવે છે. એટલે 'ઉપશમસમ્યક્ત્વ' એ સાસ્વાદન ગુણઠાણાનું મૂળભૂત કારણ છે... માટે સાસ્વાદનનું સ્વરૂપ બતાવ્યા પહેલા, ઉપશમસમ્યક્ત્વનું સ્વરૂપ બતાવાય છે –

व्याख्या-'जीवे' **भव्यजीवविषये** 'अनादिकालसम्भूतमिथ्याकर्मोपशान्तितः' **अनादिकालोद्भवमिथ्यात्वकर्मोपशमाद्** 'आदितो' **ग्रन्थिभेदकरणकालादौपशमिकं नाम सम्यक्त्वं स्यादिति सामान्योऽर्थः । विशेषार्थस्त्वयम् – औपशमिकं सम्यक्त्वं द्विधा – एकमन्तरकरणौपशमिकम्, द्वितीयं स्वश्रेणिगतौपशमिकम् । तत्रापूर्वकरणेनैव कृतग्रन्थिभेदस्याकृत-**



## ❋ ઉપશમસમ્યક્ત્વનું સ્વરૂપવર્ણન ❋

**શ્લોકાર્થ : અનાદિકાળથી જોડાયેલું મિથ્યાત્વમોહનીય કર્મ ઉપશાંત થવાથી, ભવ્યજીવમાં આદિથી=ગ્રંથિભેદ થયા પછી સૌ પહેલા 'ઔપશમિક' નામનું સમ્યક્ત્વ પ્રગટ થાય છે. (૧૦)**

**વિવેચન :** વૃત્તિકારશ્રી પહેલા આ ગાથાનો સામાન્ય અર્થ બતાવશે, ત્યારબાદ વિશેષાર્થ બતાવશે.. બંને અર્થ આપણે ક્રમશઃ જોઈએ –

**સામાન્યાર્થ :** ભવ્ય જીવમાં, અનાદિકાળથી આત્મા પર સામ્રાજ્ય બનાવી બેઠેલા એવાં મિથ્યાત્વમોહનીય કર્મનો ઉપશમ થવાથી, શરૂઆતમાં=ગ્રંથિભેદ કર્યા પછી સૌ પ્રથમ, મિથ્યાત્વમોહનીયના ઉપશમથી જન્ય 'ઔપશમિક' નામનું સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

**વિશેષાર્થ :**

ઉપશમસમ્યક્ત્વ બે પ્રકારનું છે : (૧) અંતરકરણ-ઉપશમસમ્યક્ત્વ, અને (૨) ઉપશમશ્રેણિગત ઉપશમસમ્યક્ત્વ...

**પ્રશ્ન :** મિથ્યાત્વમોહનીયનું અંતરકરણ જેમ પ્રથમ-ઉપશમસમ્યક્ત્વ વખતે થાય છે, તેમ ઉપશમશ્રેણિમાં પણ થાય છે જ... તો પછી માત્ર પ્રથમ ઉપશમસમ્યક્ત્વને જ 'અંતરકરણ ઉપશમસમ્યક્ત્વ' કેમ કહ્યું ? શ્રેણિગત ઉપશમસમ્યક્ત્વને કેમ ન કહ્યું ?

**ઉત્તર :** તેમાં કારણ એ લાગે છે કે, (ક) પ્રથમ ઉપશમસમ્યક્ત્વમાં તો અંતર જ પ્રધાન છે, બીજું કશું નથી, અને (ખ) ઉપશમશ્રેણિ વખતે તો મિથ્યાત્વનું અંતર પહેલાં કરીને પછી જ શ્રેણિ ચડે છે, શ્રેણિમાં અંતર કરતો નથી. તેથી પ્રથમ ઉપશમસમ્યક્ત્વ વખતે જ 'અંતરકરણ-ઉપશમ' હોવાનું જણાવ્યું... અથવા તો આ બાબતમાં ગ્રંથકારશ્રીની વિવક્ષાવિશેષ જ હેતુરૂપ સમજવી.

હવે આ બંને ભેદોનું ક્રમશઃ સ્વરૂપ જોઈએ –

## ❋ (૧) અંતરકરણ ઉપશમસમ્યક્ત્વ ❋

**ટીકા-શબ્દાર્થ :** (૧) અપૂર્વકરણના માધ્યમે જ જેણે ગ્રંથિભેદ કરી દીધો છે,

**त्रिपुञ्जीकरणस्य=मिथ्यात्वकर्मपुद्गलराशेरेवाविहिताशुद्धार्द्धशुद्धशुद्धमिथ्यात्वमिश्र-सम्यक्त्वस्वरूपत्रिपुञ्जस्योदीर्णे मिथ्यात्वे क्षीणेऽनुदीर्णे चाप्राप्तस्य इति, अन्तरकरणा-**



(૨) જેણે ત્રણ પુંજ કર્યા નથી=મિથ્યાત્વના કર્મપુદ્ગલના જ મિથ્યાત્વમોહનીયરૂપ અશુદ્ધપુંજ, મિશ્રમોહનીયરૂપ અર્ધશુદ્ધપુંજ અને સમ્યક્ત્વમોહનીયરૂપ શુદ્ધપુંજ - એમ ત્રણ પુંજ જેણે કર્યા નથી, (૩) ઉદયમાં આવેલું મિથ્યાત્વ જેનું ક્ષય થઈ ગયું છે, (૪) ઉદયમાં ન આવેલું મિથ્યાત્વ જેને ઉદયપ્રાપ્ત નથી, (૫) અંતરકરણમાં પ્રવેશ કર્યા બાદ અંતર્મુહૂર્ત જેટલા કાળ સુધી જે મિથ્યાત્વને બિલકુલ ભોગવવાનો નથી.... એ વ્યક્તિ, 'અંતર-કરણોપશમ' નામનું પ્રથમ ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે... અને આ સમ્યક્ત્વ એક જ વાર પમાય છે.

**ભાવાર્થ :**

(૧) ત્રણ કરણમાંથી યથાપ્રવૃત્તકરણ કર્યા બાદ જીવ અપૂર્વકરણમાં પ્રવેશે છે અને ત્યાં અપૂર્વકરણના માધ્યમે જ રાગ-દ્વેષની તીવ્ર ગાંઠરૂપ ગ્રંથિનો ભેદ કરે છે... એનાથી હવે એના જીવનમાં રાગ-દ્વેષની તીવ્રતમ પરિણતિ ન જાગે.

(૨) ત્રણ પુંજ કરવાની પ્રક્રિયા તો ઉપશમસમ્યક્ત્વ પામ્યા પછી કરે છે, જ્યારે પ્રસ્તુતમાં તો ઉપશમસમ્યક્ત્વ કોણ પામે ? એની વિચારણા છે... એટલે આ જીવને ઉપશમસમ્યક્ત્વ પૂર્વે તો ત્રણ પુંજ નહીં જ હોવાના... માટે જ એને 'અકૃતત્રિપુંજ' કહેવાય... (આ જીવ પછી ઉપશમસમ્યક્ત્વ પામે અને ત્યારે ત્રણ પુંજ કરે...)

આ ત્રણ પુંજ બનાવવાની પ્રક્રિયા આ પ્રમાણે છે –

જીવ જ્યારે ઉપશમસમ્યક્ત્વ પામે ત્યારે વિશુદ્ધ અધ્યવસાયથી સત્તામાં રહેલા મિથ્યાત્વમોહનીયના પુદ્ગલોમાં ન્યૂનાધિક માત્રાએ રસનો ઘટાડો થાય છે... અને તેથી તે કર્મપુદ્ગલો ત્રણ વિભાગમાં વહેંચાઈ જાય છે. તેમાં...

(ક) જે પુદ્ગલોમાંથી રસ ઘટીને એક ઠાણીયો કે મંદ બે ઠાણીયો થઈ જાય, એ પુદ્ગલોના વિભાગને **શુદ્ધપુંજ** કહેવાય છે, એનું નામ **સમ્યક્ત્વમોહનીય** છે.

(ખ) જે પુદ્ગલોમાંથી રસ ઘટીને મધ્યમ બે ઠાણીયો થઈ જાય, એ પુદ્ગલોના વિભાગને **અર્ધશુદ્ધપુંજ** કહેવાય છે, એનું નામ **મિશ્રમોહનીય** છે.

(ગ) જે પુદ્ગલોમાં રસ તીવ્ર બે ઠાણીયો, ત્રણ ઠાણીયો કે ચાર ઠાણીયો હોય, એ પુદ્ગલોના વિભાગને **અશુદ્ધપુંજ** કહેવાય છે, એનું નામ **મિથ્યાત્વમોહનીય** છે.

न्तर्मुहूर्त्तकालं यावत् सर्वथा मिथ्यात्वावेदकस्य अन्तरकरणौपशमिकसम्यक्त्वमेकवारमेव भवति, तथोपशमश्रेणिप्रपन्नस्य मिथ्यात्वानन्तानुबन्धिनामुपशमे सति स्वश्रेणिगतोपशम-



(૩) ઉપશમ સમ્યક્ત્વ પામ્યા પહેલા, અનિવૃત્તિકરણ વગેરે અવસ્થામાં, પ્રથમ સ્થિતિમાં રહેનારા મિથ્યાત્વમોહનીયના કર્મો ઉદયમાં આવીને ક્ષય પામી ગયા છે.

(૪) અને ઉદયમાં ન આવેલા એવા સત્તાગત પુદ્ગલોને એ ભોગવતો નથી, અર્થાત્ બીજી સ્થિતિના મિથ્યાત્વમોહનીયના કર્મો એને ઉદયમાં નથી આવ્યા...

(૫) આ વ્યક્તિને અંતરની શરૂઆતથી લઈને અંતર્મુહૂર્ત જેટલા કાળ સુધી મિથ્યાત્વમોહનીયનો વિપાકોદય થતો નથી. (અંતર્મુહૂર્તપ્રમાણ જે સ્થિતિમાંથી મિથ્યાત્વ-મોહનીયના દલિકોનો અભાવ હોય, તે અંતર કહેવાય છે.)

આવો જીવ મિથ્યાત્વમોહનીયના ઉપશમથી જન્ય 'ઔપશમિકસમ્યક્ત્વ' પ્રાપ્ત કરે છે... જેમ સળગતો દાવાનળ ઘાસ વિનાની ઉખર ભૂમિમાં પ્રવેશતાંની સાથે જ ઓલવાઈ જાય છે, તેમ અનિવૃત્તિકરણ પૂર્ણ થયા પછી મિથ્યાત્વના દલિક વિનાની શુદ્ધભૂમિરૂપ ઉપશમાદ્ધામાં પ્રવેશતાંની સાથે જ મિથ્યાત્વના ઉદયરૂપ દાવાનળ ઓલવાઈ જવાથી ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

જ્યારે જીવ આ સમ્યક્ત્વ પામે, ત્યારે તેને જન્માંધ માણસને આંખો મળતાં જેટલો આનંદ થાય, તેના કરતાં પણ વધુ આનંદ થાય છે. અથવા ભયંકર દુઃસાધ્ય રોગથી પીડાતા રોગીને, એ રોગ દૂર થવાથી જેટલો આનંદ થાય, તેના કરતાં પણ અનેકગણો આનંદ થાય છે.

આ ઉપશમસમ્યક્ત્વ આખા ભવચક્રમાં જાતિથી માત્ર એક જ વાર પ્રાપ્ત થાય છે. હવે વૃત્તિકારશ્રી બીજું ઉપશમસમ્યક્ત્વ જણાવે છે –

## ❋ (૨) શ્રેણિગત ઉપશમસમ્યક્ત્વ ❋

જે જીવ ઉપશમશ્રેણિ ચડવાનો છે, તેને જ્યારે ❂મિથ્યાત્વમોહનીય અને અનંતાનુબંધી-ચતુષ્કનો ઉપશમ થાય, ત્યારે ઉપશમશ્રેણિવિષયક ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે...

❂ અહીં મિથ્યાત્વમોહનીય કહ્યું છે, ઉપલક્ષણથી સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયનો પણ ઉપશમ સમજી લેવાનો... કારણ કે ઉપશમશ્રેણિ ચડવા માટે એ બેનો ઉપશમ પણ અનિવાર્ય છે. અને મિથ્યાત્વના ઉપશમ સાથે તેઓનો ઉપશમ અવશ્ય થાય છે. વળી મૂળભૂત રીતે તો સમ્યક્ત્વ / મિશ્રમોહનીય પણ મિથ્યાત્વના જ શુદ્ધ કરેલા પુદ્ગલો છે. એટલે તેનો ઉપશમ કહેવાથી, તે બેનો ઉપશમ પણ જણાઈ જ જાય.

**सम्यक्त्वं भवति । तथा चोच्यते –**

"अकयतिपुंजो[9] ऊसर-ईलियदवदड्ढरुक्खनाएहिं ।
अन्तरकरणुवसमिओ, उवसमिओ वा ससेणिगओ ॥१॥"

**गुणतीर्थ**

આ શ્રેણિગત ઉપશમસમ્યક્ત્વ આખા ભવચક્રમાં વધુમાં વધુ ચાર વાર પમાય, કારણ કે ઉપશમશ્રેણિ વધુમાં વધુ ચાર જ વાર ચડી શકાય છે અને એ વખતે જ આ શ્રેણિગત ઉપશમસમ્યક્ત્વ પમાય છે...

આ વિષયમાં કહ્યું છે કે –

"જેણે ત્રણ પુંજ કર્યા નથી એવો જીવ, (૧) ઉખરભૂમિ, (૨) ઇલિકા, અને (૩) દાવાનળથી બળેલા વૃક્ષના ઉદાહરણથી અંતરકરણ-ઉપશમસમ્યક્ત્વ અથવા સ્વશ્રેણિગત ઉપશમસમ્યક્ત્વને પામે છે..."

**તાત્પર્ય :** આ જીવ ઉપશમસમ્યક્ત્વ પામવાનો છે, એટલે હમણાં તો હજી એ જીવને ત્રણ પુંજ થયા નથી. આવો જીવ ત્રણ ઉદાહરણથી ઉપશમસમ્યક્ત્વને પામે છે, એ ત્રણે ઉદાહરણો આ પ્રમાણે છે –

(૧) **ઉખરભૂમિ :** જેમ સળગતો દાવાનળ ઘાસ વિનાની ઉખરભૂમિમાં પ્રવેશતાં જ ઓલવાઈ જાય છે, તેમ મિથ્યાત્વના ઉદયરૂપ દાવાનળ પણ અંતરકરણરૂપ ઉખરભૂમિને પામીને ઓલવાઈ જવાથી, જીવ ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે.

(૨) **ઈલિકા :** અહીં ઇલિકાભ્રમરી ન્યાય સંભવિત હોઈ શકે. જેમ ભમરીના ગુંજનથી ઈલિકા ભમરી બને છે, તેમ શુદ્ધપરિણામથી મિથ્યાત્વ પણ સમ્યક્ત્વરૂપ બને છે.

(૩) **દવદગ્ધવૃક્ષ :** જેમ નવપલ્લવિત પણ વૃક્ષ દાવાનળથી સળગી ગયા પછી વૃક્ષ-શુષ્ક બને છે, ફળશૂન્ય બને છે... તેમ ત્રિકરણવિશુદ્ધિરૂપ દાવાનળથી, મિથ્યાત્વરૂપી વૃક્ષ સળગી જવાથી, એ મિથ્યાત્વવૃક્ષ ઉદયરૂપ ફળપ્રદાન માટે અસમર્થ થાય છે. ત્યારે જીવ ઉપશમસમ્યક્ત્વને પામે છે...

આ બંને પ્રકારનું ઉપશમસમ્યક્ત્વ (=અંતરકરણોપશમ કે ઉપશમશ્રેણિગત ઉપશમ-એ બંને) સાસ્વાદનને જન્મ આપવામાં મૂળભૂત કારણ છે... કારણ કે અનંતાનુબંધીના ઉદયથી ઉપશમસમ્યક્ત્વથી પડનારો જીવ જ સાસ્વાદન ગુણઠાણે આવે છે.

**छायासन्मित्रम्**

(9) अकृतत्रिपुञ्ज ऊषरेलिकादवदग्धवृक्षज्ञातैः ।
अन्तरकरणौपशमिक औपशमिको वा स्वश्रेणिगतः ॥१॥

**तदेतद् द्विभेदमप्यौपशमिकसम्यक्त्वं सास्वादनोत्पत्तिमूलकारणमिति ॥१०॥**

**अथ सास्वादनस्वरूपं पद्यद्वयेनाऽऽह –**

एकस्मिन्नुदिते मध्या-च्छान्तानन्तानुबन्धिनाम् ।
आद्यौपशमिकसम्यक्त्व-शैलमौलेः परिच्युतः ॥११॥
समयाद्यावलीषट्कं, यावन्मिथ्यात्वभूतलम् ।
नासादयति जीवोऽयं, तावत्सास्वादनो भवेत् ॥१२॥ युग्मम् ॥

व्याख्या-**औपशमिकसम्यक्त्ववानयं जीवः शान्तानन्तानुबन्धिनां मध्यादेकस्मिन्नपि=क्रोधादावुदीर्णे सति आद्यमौपशमिकसम्यक्त्वं शैलमौलिकल्पम्=गिरिशिखरतुल्यम्, ततः**

**गुणतीर्थ**

એટલે પહેલા બંને પ્રકારનું ઉપશમસમ્યક્ત્વ બતાવ્યું. હવે ગ્રંથકારશ્રી સાસ્વાદનનું સ્વરૂપ બતાવવા બે શ્લોકોથી કહે છે –

## ❋ સાસ્વાદનનું સ્વરૂપ ❋

**શ્લોકાર્થ : શાંત એવા અનંતાનુબંધીમાંથી ક્રોધાદિ કોઈ એક કષાયનો ઉદય થવાથી, પ્રથમ ઉપશમસમ્યક્ત્વરૂપી પર્વતના શિખરથી પડેલો એવો આ જીવ જ્યાં સુધી મિથ્યાત્વરૂપી ભૂમિતલને પામતો નથી, ત્યાં સુધી જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ૬ આવલિકા જેટલા કાળ દરમ્યાન એ સાસ્વાદનગુણઠાણાવાળો થાય છે. (૧૧-૧૨)**

**વિવેચન :** જીવ જ્યારે ઉપશમસમ્યક્ત્વ પામે ત્યારે એને અનંતાનુબંધી કષાયો શાંત હોય છે, અર્થાત્ તેઓનો વિપાક ઉદય હોતો નથી. (અહીં 'શાંત' એટલે ઉપશાંત એવો અર્થ નહીં કરવો. પણ 'વિપાક ઉદય ન હોવારૂપે શાંત' એવો અર્થ કરવો. અલબત્ત, ઉપશમશ્રેણિમાં અનંતાનુબંધીનો ઉપશમ (અથવા વિસંયોજના) હોય છે જ, પણ પ્રથમ ઉપશમસમ્યક્ત્વ વખતે એનો ક્ષયોપશમ હોય છે. એટલે ત્યારે ઉપશાંત તરીકેનો ઉલ્લેખ અસંગત ઠરે. એ વખતે પ્રદેશોદય હોય છે. એટલે જ ક્ષયોપશમ છે, ઉપશમ નથી.)

આવા જીવને શાંત એવા અનંતાનુબંધીમાંથી ક્રોધ-માન-માયા કે લોભમાંથી કોઈ એકાદ કષાયનો ઉદય થાય, ત્યારે એ જીવ ઉપશમસમ્યક્ત્વરૂપી પર્વતના શિખરથી ભ્રષ્ટ થાય છે...અને એ જીવ જ્યાં સુધી મિથ્યાત્વરૂપી ભૂમિતલને પામતો નથી, ત્યાં સુધી જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિકા જેટલા કાળ દરમ્યાન એ જીવ સાસ્વાદન-ગુણઠાણાવાળો થાય છે...

**परिच्युतो=भ्रष्टो** 'यावन्मिथ्यात्वभूतलं नासादयति' **मिथ्यात्वभूमिमण्डलं न प्राप्नोति तावत्समयादावलीषट्कान्तकाले सास्वादनगुणस्थानवर्त्ती भवति, यदाह –**

"[10]उवसमअद्धाइ ठिओ, मिच्छमपत्तो तमेव गन्तुमणो ।
सम्मं आसायन्तो, सासायणमो मुणेयव्वो ॥१॥"

गुणतीर्थ

**તાત્પર્ય :**

**સાસ્વાદન :** ઉપશમસમ્યક્ત્વીને ઉપશમસમ્યક્ત્વનો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ આવલિકા જેટલો કાળ બાકી હોય ત્યારે જો અનંતાનુબંધીકષાયનો ઉદય થઈ જાય, તો જેમ ખીર પીધેલા માણસને ખીરનું વમન થતી વખતે ખીરનો સહેજ સ્વાદ અનુભવાય છે, તેમ ઉપશમસમ્યક્ત્વીને ઉપશમસમ્યક્ત્વનું વમન થતી વખતે સમ્યક્ત્વના સહેજ સ્વાદને અનુભવવારૂપ સાસ્વાદનભાવની પ્રાપ્તિ થાય છે.

**સાસાદન :** સ+આય+સાદન=સાયસાદન. પણ 'પૃષોદરાદય:' સૂત્રથી વચ્ચેના યનો લોપ થવાથી 'સાસાદન' શબ્દ બને... અર્થ એ કે, અનંતાનુબંધીકષાયના ઉદયથી ઉપશમસમ્યક્ત્વના લાભનો નાશ થાય છે, ત્યારે એ જીવ સાસાદની કહેવાય છે.

આ વિષયમાં કહ્યું છે કે –

"ઉપશમસમ્યક્ત્વની ઉપશમાદ્ધામાં રહેલો જીવ, અલબત્ત મિથ્યાત્વને પામ્યો નથી, પણ જો એને અનંતાનુબંધીનો ઉદય થાય તો એ મિથ્યાત્વ તરફ ગમનાભિમુખ બને છે... અને તો એ વખતે સમ્યક્ત્વનો કંઈક આસ્વાદ કરતો કે એના લાભને નાશ કરતો જીવ સાસ્વાદન-સમ્યક્ત્વી સમજવો..."

**સાસ્વાદનપ્રાપ્તિ :** કોઈપણ જીવ આખા ભવચક્રમાં વધુમાં વધુ ચારવાર ઉપશમશ્રેણિ માંડી શકતો હોવાથી, ઉપશમશ્રેણિથી પડીને મિથ્યાત્વે જતાં વચ્ચે ચારવાર સાસ્વાદન-ગુણસ્થાનક પ્રાપ્ત થઈ શકે... અને ઉપશમસમ્યક્ત્વથી પડતાં એકવાર❂ સાસ્વાદન પ્રાપ્ત થઈ શકે. એટલે આખા ભવચક્રમાં વધુમાં વધુ પાંચવાર સાસ્વાદનગુણઠાણું પમાય.

छायासन्मित्रम्

(10) उपशमाद्धायां स्थितः मिथ्यात्वमप्राप्तः तदेव गन्तुमनाः ।
सम्यक्त्वमास्वादयन् सास्वादनो ज्ञातव्यः ॥१॥

❂ અલબત્ત, સાદિમિથ્યાદષ્ટિજીવ ૨૬ની સત્તાવાળો થઈ ગયા પછી ઉપશમસમ્યક્ત્વ ફરીવાર પામતો હોવાથી, ગ્રંથિભેદજન્ય ઉપશમસમ્યક્ત્વ અનેકવાર પણ પમાય. પણ તે જાતિથી એક જ સમજવું.

आह – **ननु व्यक्तमिथ्यात्वधीप्राप्तिरूपस्याद्यस्य मिश्रादीनां च गुणस्थानानामुत्तरोत्तरारोहणरूपाणां गुणस्थानत्वं युक्तम्, परं सम्यक्त्वात् प्रपातरूपस्य सास्वादनस्य गुणस्थानकत्वं कथमिति**, अत्रोच्यते – **मिथ्यात्वगुणस्थानमाश्रित्य सास्वादनस्याप्यूर्द्ध्वास्पदारोह एवास्ति यतो मिथ्यात्वगुणस्थानमभव्यानामपि भवति, सास्वादनं तु भव्यानामेव, भव्येष्वप्यपार्द्धपुद्गलपरावर्त्तावशेषसंसाराणामेव, यदाह –**

ગુણતીર્થ

## ❋ સાસ્વાદન અંગે ગુણસ્થાનકવિષયક શંકાનું નિરાકરણ ❋

**પૂર્વપક્ષ :** પહેલું ગુણઠાણું વ્યક્તમિથ્યાત્વબુદ્ધિની પ્રાપ્તિરૂપ છે... અને મિશ્રગુણસ્થાનકાદિ ત્રીજા વગેરે ગુણસ્થાનકો ઉત્તરોત્તર ચડાણરૂપ છે... (એટલે એ બધામાં કંઈક નવા-નવા ગુણો પ્રાપ્ત થાય છે, પ્રગતિ દેખાય છે...) તેથી એ બધાને ગુણઠાણારૂપે માનવા એ તો હજી યોગ્ય જણાય છે... પણ સાસ્વાદનગુણસ્થાનકમાં તો બિલકુલ જ ચડાણ-પ્રગતિ નથી, કારણ કે એ તો સમ્યક્ત્વથી પડનાર જીવને જ આવે છે... તો એવા પ્રપાતમાત્રરૂપ સાસ્વાદનને 'ગુણસ્થાનક' તરીકે શી રીતે મનાય ?

**ઉત્તરપક્ષ :** આ વિષયમાં કહેવાય છે – સાસ્વાદન નીચે પડતાં પમાય છે, એનો મતલબ એ નથી કે - એમાં કોઈ ગુણવત્તા જ નથી... એમાં પણ ગુણવત્તા છે જ... જુઓ; મિથ્યાત્વગુણસ્થાનની અપેક્ષાએ સાસ્વાદનભાવ પણ ઊંચા સ્થાને ચડવારૂપ જ છે, કારણ કે મિથ્યાત્વગુણસ્થાન તો અભવ્ય જીવોને પણ હોય છે, જ્યારે સાસ્વાદન ગુણસ્થાન તો ભવ્ય જીવોને જ હોવાનું... અને એ પણ બધા ભવ્યજીવોને નહીં, પણ જેમનો સંસાર માત્ર અર્ધપુદ્ગલપરાવર્ત જ અવશેષ છે, તેવા ભવ્યજીવોને જ આ સાસ્વાદનગુણઠાણું હોવાનું... (કારણ કે સાસ્વાદન તો સમ્યક્ત્વથી પડનાર જીવને જ હોવાનું... અને સમ્યક્ત્વ તો જેનો સંસાર અર્ધપુદ્ગલપરાવર્તથી વધુ નથી, તેવા ભવ્યજીવો જ પામી શકે...)

આ વિષયમાં કહ્યું છે કે –

"જેમને માત્ર અંતર્મુહૂર્ત જેટલા કાળ માટે પણ સમ્યક્ત્વનો સ્પર્શ થયો છે, તેમનો સંસાર માત્ર અર્ધપુદ્ગલપરાવર્ત જ અવશિષ્ટ છે..."

એટલે મિથ્યાત્વ કરતાં સાસ્વાદન તો ઘણું સારું છે અને તેથી એના કરતાં તો આ ઊંચા પગથિયારૂપ જ છે.. આમ મિથ્યાત્વ કરતાં કંઈક પ્રગતિરૂપ=આરોહરૂપ=ચડાણરૂપ હોવાથી, આ સાસ્વાદનને ગુણસ્થાનકરૂપે માનવામાં કોઈ દોષ નથી.

"[11]अंतोमुहुत्तमित्तंपि, फासियं हुज्ज जेहि सम्मत्तं ।
तेसिं अवड्ढपुग्गल-परिअट्टो चेव संसारो ॥१॥"

**इति सास्वादनस्यापि मिथ्यात्वगुणस्थानाऽऽरोहरूपं गुणस्थानत्वं भवतीत्यदोषः । तथा सास्वादनस्थो जीवो मिथ्यात्वनरकत्रिकैकेन्द्रियादिजातिचतुष्कस्थावरचतुष्कातप-हुण्डसेवार्त्तनपुंसकवेदरूपषोडशप्रकृतीनां बन्धव्यवच्छेदादेकोत्तरशतबन्धकः, तथा सूक्ष्मत्रिकातपमिथ्यात्वोदयव्यवच्छेदान्नरकानुपूर्व्यनुदयाच्चैकादशोत्तरशतवेदयिता, तथा तीर्थकृत्सत्तासम्भवात्सप्तचत्वारिंशदधिकशतसत्ताको भवति ॥१२॥**

**॥ इति द्वितीयं गुणस्थानकम् ॥२॥**

**ગુણતીર્થ**

હવે વૃત્તિકારશ્રી સાસ્વાદનગુણઠાણે કેટલી પ્રકૃતિઓનો બંધ-ઉદય-સત્તા હોય, એ બતાવવા કહે છે –

## ❋ સાસ્વાદનગુણઠાણે બંધ-ઉદય-સત્તા ❋

**બંધ :** સાસ્વાદન ગુણઠાણે રહેલો જીવ, મિથ્યાત્વગુણઠાણે બંધપ્રાયોગ્ય જે ૧૧૭ પ્રકૃતિઓ હતી, તેમાંથી (૧) મિથ્યાત્વમોહનીય, (૨-૪) નરકત્રિક=નરકગતિ, નરકાનુપૂર્વી, નરકાયુષ્ક, (૫-૮) જાતિચતુષ્ક=એકેન્દ્રિય-બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરિન્દ્રિયજાતિ, (૯-૧૨) સ્થાવરચતુષ્ક=સ્થાવર-સૂક્ષ્મ-અપર્યાપ્ત-સાધારણ, (૧૩) આતપનામકર્મ, (૧૪) હુંડક-સંસ્થાન, (૧૫) સેવાર્ત્તસંઘયણ, અને (૧૬) નપુંસકવેદ - આ ૧૬ પ્રકૃતિઓ સિવાય બાકીની **૧૦૧** પ્રકૃતિનો બંધ કરે છે. (આ ૧૬ પ્રકૃતિઓ મિથ્યાત્વહેતુક હોવાથી, સાસ્વાદને એનો બંધ ન થાય...)

**ઉદય :** મિથ્યાત્વે ઉદયપ્રાયોગ્ય જે ૧૧૭ પ્રકૃતિઓ હતી, તેમાંથી (૧-૩) સૂક્ષ્મત્રિક= સૂક્ષ્મ-અપર્યાપ્ત-સાધારણ, (૪) આતપનામકર્મ, અને (૫) મિથ્યાત્વ – આ પાંચ પ્રકૃતિનો ઉદયવિચ્છેદ થવાથી અને નરકાનુપૂર્વીનો અનુદય થવાથી, અવશેષ રહેલી **૧૧૧** પ્રકૃતિઓનો સાસ્વાદને ઉદય હોય છે... (ઉદયવિચ્છેદ-અનુદય વગેરેના કારણો કર્મસ્તવમાંથી જાણી લેવા... એમ બંધ-સત્તામાં પણ સમજવું. અહીં એના વિસ્તારથી સર્યું...)

**સત્તા :** જિનનામકર્મની સત્તાવાળો જીવ તથાસ્વભાવે બીજે-ત્રીજે ગુણઠાણે ન જાય,

**छायासन्मित्रम्**

(11) अन्तर्मुहूर्त्तमात्रमपि स्पृष्टं भवेद्यैः सम्यक्त्वम् ।
तेषामपार्धपुद्गलपरावर्त्त एव संसारः ॥१॥

अथ तृतीयं मिश्रगुणस्थानकमाह –

मिश्रकर्मोदयाज्जीवे, सम्यग्मिथ्यात्वमिश्रितः ।
यो भावोऽन्तर्मुहूर्त्तं स्यात्तन्मिश्रस्थानमुच्यते ॥१३॥

व्याख्या-**दर्शनमोहनीयप्रकृतिरूपमिश्रकर्मोदयात्** 'जीवे' **जीवविषये यः समकालं समरूपतया सम्यक्त्वे मिथ्यात्वे च मिलितो=मिश्रितो भावोऽन्तर्मुहूर्त्तं यावद्भवेत्, तन्मिश्रगुणस्थानमुच्यते, यस्तु सम्यक्त्वमिथ्यात्वयोरेकतरे भावे वर्त्तते, स मिश्रगुणस्थानस्थो न भवति, यतोऽत्र मिश्रत्वमुभयभावयोरेकत्वरूपं जात्यन्तरमेव ॥१३॥**

**ગુણતીર્થ**

એટલે અહીં જિનનામકર્મની સત્તા ન મળે. તેથી ૧૪૮માંથી જિનનામકર્મ સિવાય અવશિષ્ટ ૧૪૭ પ્રકૃતિઓની અહીં સત્તા હોય...

| ગુણસ્થાન | બંધ | ઉદય | સત્તા |
|---|---|---|---|
| સાસ્વાદન | ૧૦૧ | ૧૧૧ | ૧૪૭ |

આ પ્રમાણે બીજા ગુણસ્થાનકનું સ્વરૂપવર્ણન પૂર્ણ થયું.

## (3) મિશ્રગુણસ્થાનક

હવે ગ્રંથકારશ્રી ત્રીજા મિશ્રગુણસ્થાનકનું સ્વરૂપ બતાવે છે –

**શ્લોકાર્થ : મિશ્રમોહનીયકર્મના ઉદયથી જીવમાં સમ્યક્ત્વ અને મિથ્યાત્વથી મિશ્રિત એવો જે ભાવ અંતર્મુહૂર્તકાળ માટે પેદા થાય, તેને 'મિશ્રગુણસ્થાનક' કહેવાય છે. (૧૩)**

**વિવેચન :** દર્શનમોહનીયની અવાંતર પ્રકૃતિરૂપ મિશ્રમોહનીય છે... એ મિશ્ર-મોહનીયના ઉદયથી જીવમાં 'મિશ્રપરિણામ' પેદા થાય છે... 'મિશ્રપરિણામ' એટલે સમ્યક્ત્વ અને મિથ્યાત્વમાં સમાનરૂપે (=એક પણ બાજુ વધુ ઢળાવ ન હોવારૂપે) પરિણમેલો જે ભાવ જે અધ્યવસાય પેદા થાય, એ ભાવધારાને 'મિશ્રપરિણામ' કહેવાય... અને આને જ 'મિશ્રગુણસ્થાનક' કહેવાય છે... આ પરિણામ અંતર્મુહૂર્ત સુધી ટકે છે. માટે મિશ્રગુણસ્થાનકનો કાળ અંતર્મુહૂર્ત પ્રમાણ છે.

જે વ્યક્તિ માત્ર સમ્યક્ત્વપરિણામમાં કે માત્ર મિથ્યાત્વપરિણામમાં એમ બેમાંથી કોઈ એક જ પરિણામમાં રહેતો હોય, તે મિશ્રગુણસ્થાનકમાં રહેલો ન કહેવાય. કારણ કે અહીં મિશ્રપણું એટલે બે ભાવોનું એકીકરણ થઈને નવો ત્રીજો ભાવ ઉત્પન્ન થવારૂપ છે... (માત્ર સમ્યક્ત્વપરિણામમાં કે માત્ર મિથ્યાત્વપરિણામમાં આવો એકીકરણજન્ય જાત્યંતરરૂપ મિશ્રપરિણામ નથી...)

**अत्रोभयभावयोरेकत्वे जात्यन्तरसमुद्भूतिं सदृष्टान्तं श्लोकद्वयेनाऽऽह –**

जात्यन्तरसमुद्भूति-र्वडवाखरयोर्यथा ।
गुडदध्नोः समायोगे, रसभेदान्तरं यथा ॥१४॥
तथा धर्मद्वये श्रद्धा जायते समबुद्धितः ।
मिश्रोऽसौ भण्यते तस्माद् भावो जात्यन्तरात्मकः ॥१५॥

व्याख्या-'यथा' **येन प्रकारेण वडवाखरयोः समायोगे नाश्वो जायते, न रासभः, किन्तु वेसररूपा जात्यन्तरसमुद्भूतिर्भवति, तथा गुडदध्नोः समायोगे न गुडरसो व्यक्तो भवति, न च दधिरसः, किन्तु शिखरिणीरूपा रसभेदान्तरसमुद्भूतिर्भवति,** 'तथा' **तेन प्रकारेण यस्य धर्मद्वये=सर्वज्ञासर्वज्ञप्रणीते समबुद्धितया श्रद्धा जायते, स जात्यन्तर-भेदात्मकमिश्रगुणस्थानस्थो भवतीति, यदाह –**

**ગુણતીર્થ**

હવે બંને (=સમ્યક્ત્વ અને મિથ્યાત્વ) પરિણામ એકરૂપ થવાથી, અલગ જ જાતિરૂપ એક સ્વતંત્ર પરિણામ શી રીતે થાય ? એ વાતને ઉદાહરણ દ્વારા બે શ્લોકોના માધ્યમે કહે છે –

## ※ મિશ્રપરિણામ અંગે ઉદાહરણ ※

**શ્લોકાર્થ : જેમ ઘોડી અને ગધેડાના સંયોગથી એક નવી જાત પેદા થાય છે... તથા જેમ ગોળ અને દહીંના સંયોગથી અલગ જ રસ પેદા થાય... તેમ સર્વજ્ઞપ્રણીત અને અસર્વજ્ઞપ્રણીત બંને ધર્મ વિશે સમાન બુદ્ધિથી જે સમાન શ્રદ્ધા પેદા થાય, તેને એક અલગ જ જાતિરૂપ મિશ્રપરિણામ કહેવાય છે. (૧૪-૧૫)**

**વિવેચન :**

(૧) જેમ ઘોડી અને ગધેડાના સંયોગથી ઘોડો પણ ઉત્પન્ન નથી થતો અને ગધેડો પણ ઉત્પન્ન નથી થતો... પણ 'ખચ્ચર' રૂપ એક નવી જાતિ ઉત્પન્ન થાય છે...

(૨) જેમ ગોળ અને દહીંનો સંયોગ થવાથી, ગોળનો રસ પણ અભિવ્યક્ત ન થાય અને દહીંનો રસ પણ અભિવ્યક્ત ન થાય... પણ 'શ્રીખંડ' રૂપ અલગ જ રસ પેદા થાય...

તેમ સર્વજ્ઞપ્રણીત અને અસર્વજ્ઞપ્રણીત બંને ધર્મ વિશે સમાન બુદ્ધિ હોવાના કારણે જે વ્યક્તિને (બંને વિશે) સમાન શ્રદ્ધા થાય છે, તે જીવ (સમ્યક્ત્વ અને મિથ્યાત્વથી) અલગ જ જાતિરૂપ મિશ્રગુણઠાણે રહેલો કહેવાય છે... આ વિશે કહ્યું છે કે –

"[12]जह गुडदहीणि महियाणि, भावसहिआणि हुंति मीसाणि ।
भुंजंतस्स तहोभय, तद्दिट्ठी मीसदिट्ठी य ॥१॥" ॥१४-१५॥

**अथ मिश्रगुणस्थानस्थो जीवो यन्न करोति तदाह –**

**ગુણતીર્થ**

"જેમ ગોળ અને દહીં બંનેને ભેગું કરીને મથવામાં આવે, તો એ બંને પોતપોતાના ગુણધર્મો સાથે મિશ્ર બને છે અને પછી તેનું ભોજન કરનારને મિશ્ર એવો કોઈક નવીન જ રસ લાગે છે... તેથી એ જીવ તદુભયદૃષ્ટિવાળો કહેવાય. તેમ મિથ્યાત્વ અને સમ્યક્ત્વ બંને પરિણામ મિશ્રિત થતાં જીવ 'મિશ્રદૃષ્ટિ' કહેવાય..."

**વિશેષાર્થ :** જેમ ગોળ અને દહીંના મિશ્રણથી બનાવેલા શ્રીખંડને જમતા એકલી ખટાશ કે એકલી મીઠાશનો અનુભવ થતો નથી, પણ ખટ-મીઠા સ્વાદનો અનુભવ થાય છે... તેમ મિશ્રમોહનીયકર્મના ઉદય વખતે એકલા સમ્યક્ત્વની શુદ્ધિ કે એકલા મિથ્યાત્વની મલિનતાનો અનુભવ થતો નથી, પણ સમ્યક્ત્વની શુદ્ધિ અને મિથ્યાત્વની મલિનતાનો મિશ્રભાવે અનુભવ થાય છે, તેથી તેને મિશ્રદૃષ્ટિ કહેવાય છે.

આ જીવને નાલિકેરદ્વીપના મનુષ્યની જેમ જિનવચનો પર રાગ કે દ્વેષ હોતો નથી... કારણ કે જે જીવ મિથ્યાત્વગુણઠાણેથી મિશ્રગુણઠાણે આવે, તેણે મિથ્યાભાવનો ત્યાગ કરેલો હોવાથી, સર્વજ્ઞવચન પર અરૂચિ હતી તે દૂર થઈ ગઈ... અને સમ્યક્ત્વના અભાવે રૂચિ તો હતી જ નહીં... તથા જે જીવ સમ્યક્ત્વગુણઠાણેથી મિશ્રગુણઠાણે આવે, તે જીવ સમ્યક્ત્વ છોડીને આવતો હોવાથી, સર્વજ્ઞભગવંતના વચનો પર જે રૂચિ હતી તે દૂર થઈ ગઈ... અને મિથ્યાત્વના અભાવે અરૂચિ તો હતી જ નહીં... એટલે મિશ્રદૃષ્ટિને સર્વજ્ઞભગવંતના વચનો પર રાગ કે દ્વેષ હોતો નથી.

મિશ્રગુણઠાણાનો કાળ અંતર્મુહૂર્ત જેટલો છે... એટલે ત્યાં જીવ અંતર્મુહૂર્ત રહીને, પછી જો તે અશુદ્ધ અધ્યવસાય તરફ ઝૂકે તો મિથ્યાત્વગુણઠાણે આવે... અને વિશુદ્ધ અધ્યવસાય તરફ ઝૂકે તો અવિરતસમ્યક્ત્વગુણઠાણે આવે...

હવે મિશ્રગુણઠાણે રહેલો જીવ શું ન કરે ? એ ગ્રંથકારશ્રી બતાવે છે –

**छायासन्मित्रम्**

(12) यथा गुडदधिनी मथिते, भावसहिते भवतो मिश्रे ।
भुञ्जानस्य तथोभयं, तद्दृष्टिर्मिश्रदृष्टिश्च ॥१॥

आयुर्बध्नाति नो जीवो, मिश्रस्थो म्रियते न वा ।
सद्दृष्टिर्वा कुदृष्टिर्वा, भूत्वा मरणमश्नुते ॥१६॥

व्याख्या-**मिश्रस्थो जीवो नाऽऽयुर्बध्नाति=परभवयोग्यायुर्बन्धं न करोति, न च मिश्रस्थो जीवो म्रियते=न मरणमप्याप्नोति, किन्तु सद्दृष्टिर्भूत्वा=सम्यग्दृष्टिगुणस्थानमारुह्य म्रियते, 'वा' अथवा, कुदृष्टिर्भूत्वा=मिथ्यादृष्टिगुणस्थानमागत्य म्रियते, न तु मिश्रस्थ एव म्रियते, तथा मिश्रे इव क्षीणमोहे सयोगिनि च वर्त्तमानो जीवो न म्रियते, परेष्वेकादशसु मिथ्यात्वसास्वादनाविरतदेशविरतप्रमत्ताप्रमत्तापूर्वकरणानिवृत्तिकरणसूक्ष्मसम्परायोपशान्त-**

गुणतीर्थ

## ❋ મિશ્રગુણસ્થાનની વિશેષતા ❋

**શ્લોકાર્થ : મિશ્રગુણઠાણે રહેલો જીવ (૧) આયુષ્ય બાંધે નહીં, અને (૨) મરે પણ નહીં... એ જીવ સમ્યગ્દષ્ટિ કે મિથ્યાદષ્ટિ થઈને મરણ પામે... (૧૬)**

**વિવેચન :** મિશ્રગુણઠાણાની બે વિશેષતા : (૧) આ ગુણઠાણે રહેલો જીવ પરભવપ્રાયોગ્ય કોઈપણ આયુષ્ય બાંધે નહીં, અને (૨) આ ગુણઠાણે રહેલો જીવ મૃત્યુ પામે નહીં... તો પછી એ જીવનું મૃત્યુ શી રીતે થાય ? એ કહે છે –

તે જીવ એ ત્રીજા ગુણઠાણાથી સમ્યગ્દર્શનવાળાં ગુણઠાણે જાય અને ત્યાં સમ્યગ્દષ્ટિ બનીને મૃત્યુ પામે... અથવા તો એ ત્યાંથી પડીને મિથ્યાત્વે જાય અને ત્યાં મિથ્યાદષ્ટિ બનીને મૃત્યુ પામે... બાકી મિશ્રગુણઠાણે રહીને એ મૃત્યુ પામે નહીં.

હવે પ્રસંગોપાત્ બીજા કયા ગુણઠાણે રહેલો જીવ મૃત્યુ ન પામે ? એ વૃત્તિકારશ્રી બતાવે છે –

(૧) મિશ્રગુણઠાણે અને તેની જેમ (૨) ક્ષીણમોહ નામના બારમા ગુણઠાણે, અને (૩) સયોગીકેવળી નામના તેરમા ગુણઠાણે રહેલો જીવ મૃત્યુ ન પામે... આ ત્રણ ગુણઠાણા મરણ-અપ્રાયોગ્ય કહેવાય.

**મરણપ્રાયોગ્યગુણસ્થાનક :** ઉપરોક્ત ત્રણ સિવાય (૧) મિથ્યાત્વગુણસ્થાનક, (૨) સાસ્વાદનગુણસ્થાનક, (૩) અવિરતસમ્યક્ત્વગુણસ્થાનક, (૪) દેશવિરતગુણસ્થાનક, (૫) પ્રમત્તગુણસ્થાનક, (૬) અપ્રમત્તગુણસ્થાનક, (૭) અપૂર્વકરણગુણસ્થાનક, (૮) અનિવૃત્તિકરણગુણસ્થાનક, (૯) સૂક્ષ્મસંપરાયગુણસ્થાનક, (૧૦) ઉપશાંતમોહગુણસ્થાનક, અને (૧૧) અયોગીકેવળીગુણસ્થાનક - આ અગ્યાર ગુણઠાણે રહેલો જીવ મૃત્યુ પામી શકે છે.

**मोहायोगिकेवलिरूपेषु गुणस्थानकेषु वर्त्तमानो म्रियते, तथा तेष्वेकादशसु मरणगुणस्थानकेषु मिथ्यात्वसासादनाविरतसम्यग्दृष्टिलक्षणानि त्रीणि गुणस्थानकानि जीवेन सह परभवमप्यनुयान्ति, न चापराण्यष्टौ गुणस्थानानि, यदाह –**

"[13]मीसे खीणे सजोगे, न मरइ अवरेसु मरइगारससु ।
अविरयमिच्छदुगसम्मं, परभवमणुजंति नो अट्ठ ॥१॥" **॥१६॥**

**अथ बद्धायुषो मिश्रस्थस्य मृतिं गतिं चाऽऽह –**

**सम्यग्मिथ्यात्वयोर्मध्ये, ह्यायुर्येनार्जितं पुरा ।**
**म्रियते तेन भावेन, गतिं याति तदाश्रिताम् ॥१७॥**

**गुणतीर्थ**

વળી કયા ગુણઠાણાઓ મૃત્યુ પામીને પરભવમાં સાથે લઈ જવાય, એ વૃત્તિકારશ્રી બતાવે છે – (૧) મિથ્યાત્વ, (૨) સાસ્વાદન, અને (૩) અવિરતસમ્યગ્દષ્ટિ નામના ત્રણ ગુણઠાણા જીવની સાથે પરભવમાં પણ આવે છે... અને એ સિવાયના બાકીના આઠ ગુણઠાણા પરભવમાં સાથે આવતા નથી. (આમ મરણપ્રાયોગ્ય અગ્યાર ગુણઠાણામાંથી પણ ત્રણ જ ગુણઠાણા પરભવમાં લઈ જઈ શકાય છે, બાકીના ગુણઠાણા વિરતિપ્રાયોગ્ય છે... વિરતિ પરભવમાં ન લઈ જઈ શકાતી હોવાથી, વિરતિપ્રાયોગ્ય એ ગુણઠાણા પણ પરભવમાં ન લઈ જઈ શકાય...) અને અગ્યાર સિવાય બાકીના ત્રણ ગુણઠાણે તો મરણ જ ન થતું હોવાથી, એ તો પરભવમાં ન જ લઈ જઈ શકાય...

આ વિશે કહ્યું છે કે –

"(૧) મિશ્રગુણઠાણે, (૨) ક્ષીણમોહગુણઠાણે, અને (૩) સયોગીગુણઠાણે જીવ મરતો નથી અને એ સિવાયના બીજા અગ્યાર ગુણઠાણે જીવ મૃત્યુ પામે છે... (અને એ અગ્યારમાં પણ) અવિરતસમ્યક્ત્વ, મિથ્યાત્વ અને સાસ્વાદન – આ ત્રણ ગુણઠાણા પરભવમાં પણ આવે છે, બાકીના આઠ ગુણઠાણા પરભવમાં આવતા નથી."

હવે પૂર્વે જેણે પરભવપ્રાયોગ્ય આયુષ્ય બાંધી દીધું છે, એ જીવ મિશ્રગુણઠાણે રહ્યો હોય તો પછી તેનું મૃત્યુ કેવી રીતે થાય ? અને કઈ ગતિમાં એ જાય ? એ બતાવવા ગ્રંથકારશ્રી કહે છે –

**छायासन्मित्रम्**

(13) मिश्रे क्षीणे सयोगिनि, न म्रियते अपरेषु म्रियते एकादशसु ।
अविरतिमिथ्यात्वद्विकसम्यक्त्वं, परभवमनुयाति न अष्टौ ॥१॥

व्याख्या-'येन' **बद्धायुषा जीवेन मिश्रभावावस्थायाः** 'पुरा' **पूर्वं** 'येन' **सम्यक्त्व-मिथ्यात्वयोरेकतरेण भावेन कृत्वायुःकर्म बद्धम्, स जीवो मिश्रभावमनुभूयापि पुनस्तेनैव भावेन म्रियते, तदाश्रितां गतिं च** 'याति' **गच्छति । तथा मिश्रगुणस्थानस्थो जीव-स्तिर्यक्त्रिकस्त्यानर्द्धित्रिकदुर्भगदुःस्वरानादेयानन्तानुबन्धिमध्याकृतिमध्यसंहननचतुष्कनीचै-**



## ❋ મિશ્રગુણસ્થાનસ્થ જીવનું મરણ અને ગતિ ❋

**શ્લોકાર્થ : પહેલા જીવે સમ્યક્ત્વ અને મિથ્યાત્વ એ બે ભાવમાંથી જે ભાવે આયુષ્ય બાંધ્યું હોય, એ ભાવે એ મૃત્યુ પામે છે... અને એ ભાવને અનુસારે પરભવસંબંધી ગતિમાં જાય છે... (૧૭)**

**વિવેચન :** મિશ્રગુણઠાણું પામ્યા પહેલા એવા જીવે, સમ્યક્ત્વ અને મિથ્યાત્વ - એ બે ભાવમાંથી જે ભાવે આયુષ્યકર્મ બાંધ્યું હોય, એ જીવ મિશ્રપરિણામને અનુભવીને પણ ફરી એ જ ભાવે (=આયુષ્યબંધ વખતના સમ્યક્ત્વ કે મિથ્યાત્વભાવે જ) મૃત્યુ પામે... અને એ ભાવને અનુસારે જ પરભવસંબંધી સદ્ગતિ કે દુર્ગતિમાં એ જાય છે...

**સ્પષ્ટતા :**

અહીં આ જે નિયમ બતાવ્યો કે 'જે ભાવે આયુ બંધાયું એ ભાવે જ મૃત્યુ થાય...' એ નિયમ પ્રાયિક સમજવો... (બહુધા એવું જ બનતું હોવાથી, એ રીતનું નિરૂપણ કર્યું...) બાકી તો શ્રેણિકમહારાજા જેવા અપવાદો પણ જોવાય છે, તેમણે મિથ્યાત્વભાવે નરકાયુ બાંધ્યું હતું અને ક્ષાયિકસમ્યક્ત્વ હોવાથી સમ્યક્ત્વભાવે મૃત્યુ થયું... અલબત્ત, ક્ષાયિક સમકિતીને મિથ્યાત્વે જવું અસંભવિત હોવાથી આવું થયું. બાકી ક્ષાયિકસમ્યક્ત્વ ન હોત તો મિથ્યાત્વ ગયા જ હોત... પ્રસ્તુતમાં તો મિશ્રગુણઠાણે ક્ષાયિકભાવ નથી, એટલે તેણે તો મિથ્યાત્વે આયુ બાંધ્યું હોય તો મિથ્યાત્વે જઈને મરે અને સમ્યક્ત્વે આયુ બાંધ્યું હોય તો સમ્યક્ત્વે જઈને મરે એ નિયમ જ છે.

હવે મિશ્રગુણઠાણે કેટલી કર્મપ્રકૃતિઓનો બંધ-ઉદય-સત્તા હોય, એ બતાવવા વૃત્તિકારશ્રી કહે છે –

## ❋ મિશ્રગુણઠાણે બંધ-ઉદય-સત્તા ❋

**બંધ :** સાસ્વાદને બંધપ્રાયોગ્ય ૧૦૧ પ્રકૃતિમાંથી, (૧-૩) તિર્યંચત્રિક=તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, તિર્યંચાયુષ્ય, (૪-૬) થીણદ્ધિત્રિક=થીણદ્ધિ-પ્રચલાપ્રચલા-નિદ્રાનિદ્રા, (૭) દુર્ભગ, (૮) દુઃસ્વર, (૯) અનાદેય, (૧૦-૧૩) અનંતાનુબંધી ચાર કષાય, (૧૪-૧૭)

**गोत्रोद्योताप्रशस्तविहायोगतिस्त्रीवेदरूप( २५ )पञ्चविंशतिप्रकृतिबन्धव्यवच्छेदान्मनुष्यदेवायुषोरबन्धाच्च चतु:सप्ततेर्बन्धकः, तथाऽनन्तानुबन्धिस्थावरैकेन्द्रियविकलत्रिकोदयव्यवच्छेदाद्देवमनुष्यतिर्यगानुपूर्व्यनुदयाच्च मिश्रोदयाच्च शतस्य वेदयिता, सप्तचत्वारिंशदधिकशतसत्ताको भवति ॥१७॥**

**॥ इति तृतीयं गुणस्थानकम् ॥**

**अथ चतुर्थमविरतसम्यग्दृष्टिगुणस्थानकम्, तत्र प्रथमं सम्यक्त्वप्राप्तिस्वरूपमाह –**

**यथोक्तेषु च तत्त्वेषु, रुचिर्जीवस्य जायते ।**
**निसर्गादुपदेशाद्वा, सम्यक्त्वं हि तदुच्यते ॥१८॥**

**ગુણતીર્થ**

મધ્યમ ચાર સંસ્થાન, (૧૮-૨૧) મધ્યમ ચાર સંઘયણ, (૨૨) નીચગોત્ર, (૨૩) ઉદ્યોત, (૨૪) અપ્રશસ્તવિહાયોગતિ, અને (૨૫) સ્ત્રીવેદ - આ ૨૫ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થવાથી અને 'મનુષ્યાયુષ્ય-દેવાયુષ્ય' આ બે પ્રકૃતિઓનો અબંધ થવાથી, મિશ્રગુણઠાણે રહેલો જીવ ૭૪ પ્રકૃતિઓને બાંધે છે...

**ઉદય :** સાસ્વાદને ઉદયપ્રાયોગ્ય ૧૧૧ પ્રકૃતિમાંથી (૧-૪) અનંતાનુબંધીચતુષ્ક, (૫) સ્થાવર, (૬) એકેન્દ્રિય, અને (૭-૯) વિકલેન્દ્રિયત્રિક=બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરિન્દ્રિયજાતિ - આ નવ પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ થવાથી, અને (૧) દેવાનુપૂર્વી, (૨) મનુષ્યાનુપૂર્વી, અને (૩) તિર્યંચાનુપૂર્વી - આ ત્રણ આનુપૂર્વીનો અનુદય થવાથી ૯૯ પ્રકૃતિઓ થાય... અને અહીં પાછો મિશ્રમોહનીયનો ઉદય થતો હોવાથી, આ ગુણઠાણે રહેલા જીવને **૧૦૦** પ્રકૃતિઓનો ઉદય હોય છે...

**સત્તા :** મિશ્રગુણઠાણે રહેલા જીવને જિનનામ સિવાય **૧૪૭** પ્રકૃતિઓની સત્તા હોય.

| ગુણસ્થાન | બંધ | ઉદય | સત્તા |
|---|---|---|---|
| મિશ્ર | ૭૪ | ૧૦૦ | ૧૪૭ |

આ પ્રમાણે ત્રીજા ગુણસ્થાનકનું સ્વરૂપવર્ણન પૂર્ણ થયું.

## (૪) અવિરતસમ્યક્ત્વગુણસ્થાનક

હવે ચોથા 'અવિરતસમ્યગ્દષ્ટિ' નામના ગુણસ્થાનકનું વર્ણન કરાય છે. તેમાં સૌ પ્રથમ સમ્યક્ત્વ શી રીતે પમાય ? એનું સ્વરૂપ બતાવે છે –

व्याख्या-'जीवस्य' **भव्यस्य संज्ञिपञ्चेन्द्रियप्राणिनो** 'यथोक्तेषु' **यथावत्सर्ववित्प्रणीतेषु** 'तत्त्वेषु' **जीवादिपदार्थेषु** 'निसर्गात्' **पूर्वभवाभ्यासविशेषजनितात्यन्तनैर्मल्यगुणात्मकात्स्वभावात्** 'उपदेशाद्वा' **सद्गुरूपदिष्टशास्त्रश्रवणाद् वा या श्रद्धा=रूचिरूपा भावना** 'जायते' **समुत्पद्यते,** 'हि' **स्फुटं तत्सम्यक्त्वं सम्यक्श्रद्धानलक्षणमुच्यते, यदाह —**

"रुचिर्जिनोक्ततत्त्वेषु, सम्यक्श्रद्धानमुच्यते ।
जायते तन्निसर्गेण, गुरोरधिगमेन वा ॥१॥" **॥१८॥**

**अथाविरतसम्यग्दृष्टित्वं यथा स्यात् तत्तथाऽऽह —**

**ગુણતીર્થ**

## ❋ સમ્યક્ત્વપ્રાપ્તિનું સ્વરૂપવર્ણન ❋

**શ્લોકાર્થ : પરમાત્માએ બતાવેલા તત્ત્વો પર સ્વભાવિક રીતે કે ઉપદેશના માધ્યમે જીવને જે રુચિ પેદા થાય, તે 'સમ્યક્ત્વ' કહેવાય છે. (૧૮)**

**વિવેચન :** સંજ્ઞીપંચેન્દ્રિય ભવ્યજીવને, સર્વજ્ઞપરમાત્માએ યથાવસ્થિતરૂપે બતાવેલા જીવાદિ પદાર્થો પર જે રુચિરૂપ ભાવના, આસ્થા, શ્રદ્ધા પેદા થાય છે, તેને 'સમ્યક્ત્વ' કહેવાય છે. આ સમ્યક્ત્વ, 'પરમાત્માએ કહેલા વચનો પર સમ્યક્ શ્રદ્ધા કરવા' રૂપ છે... આ સમ્યક્ત્વની પ્રાપ્તિ બે રીતે થાય –

**(૧) નિસર્ગથી :** સંજ્ઞી પંચેન્દ્રિય ભવ્યજીવને પૂર્વભવના અભ્યાસવિશેષથી અત્યંત નિર્મળગુણરૂપ આત્મસ્વભાવ પ્રગટ થાય છે... અને એવા સુંદરસ્વભાવથી જ એ જીવને સર્વજ્ઞપ્રતિપાદિત પદાર્થો વિશે જે શ્રદ્ધા થાય, એ 'નિસર્ગસમ્યક્ત્વ' જાણવું.

**(૨) ઉપદેશથી :** સદ્‌ગુરુભગવંતે ઉપદેશેલા શાસ્ત્રોનાં શ્રવણથી સર્વજ્ઞપ્રતિપાદિત પદાર્થો વિશે જે આસ્થા ઊભી થાય, એ 'અધિગમસમ્યક્ત્વ' જાણવું.

આ વિષયમાં કહ્યું છે કે –

"પરમાત્માએ કહેલા પદાર્થો પર જે રુચિ પેદા થાય, એને 'સમ્યક્ શ્રદ્ધાન=સમ્યક્ત્વ' કહેવાય છે.. એ સમ્યક્ત્વ નિસર્ગથી=આત્મનૈર્મલ્યથી થાય અથવા સદ્‌ગુરુભગવંતના અધિગમથી=ઉપદેશથી થાય..."

આ રીતે સમ્યક્ત્વપ્રાપ્તિનું સ્વરૂપ બતાવીને, હવે 'અવિરતસમ્યગ્દષ્ટિપણું' શી રીતે થાય ? એ બતાવવા ગ્રંથકારશ્રી કહે છે –

द्वितीयानां कषायाणामुदयाद्व्रतवर्जितम् ।
सम्यक्त्वं केवलं यत्र, तच्चतुर्थं गुणास्पदम् ॥१९॥

व्याख्या–'द्वितीयानां कषायाणां' **अप्रत्याख्यानसंज्ञितानां क्रोधादीनामुदयाद्** 'व्रतवर्जितं' **विरतिरहितम्, अत एव** 'केवलं' **सम्यक्त्वमात्रं यत्र भवति,** 'तच्चतुर्थं गुणास्पदं' **अविरतसम्यग्दृष्टिनामकं गुणस्थानकं भवति । अयमर्थः – यथा कश्चित् पुरुषो न्यायोपपन्नधनभोगविलाससुखसौन्दर्यशालिकुलसमुत्पन्नोऽपि दुरन्तद्यूतादिव्यसनाचीर्णानेकान्यायोत्पादितापराधलब्धराजदण्डखण्डिताभिमानश्चण्डदण्डपाशिकैर्विडम्ब्यमानः स्वकं व्यसनजनितं कुत्सितं कर्म विरूपं जानन् स्वकुलसुखसौन्दर्यसम्पदमभिलषन्न-**

गुणतीर्थ

## ❋ અવિરતસમ્યગ્દષ્ટિપણાનું તાત્પર્ય ❋

**શ્લોકાર્થ : બીજા કષાયના ઉદયથી વ્રત વિનાનું જ્યાં માત્ર સમ્યક્ત્વનું જ અસ્તિત્વ છે, એ ચોથું ગુણસ્થાનક સમજવું. (૧૯)**

**વિવેચન :** બીજા કષાયરૂપ અપ્રત્યાખ્યાનીય એવા ક્રોધાદિનો ઉદય હોવાથી, વ્રતસ્વીકાર એને ન થઈ શકે... એટલે જ એનું જીવન વિરતિ વિનાનું કહેવાય... અને તેથી જ એને વિરતિ ન હોવાથી, એનામાં માત્ર સમ્યક્ત્વનું જ અસ્તિત્વ હોય છે. આવું વ્રતવિહોણું કેવળ સમ્યક્ત્વ જ્યાં હોય, એને 'અવિરતસમ્યગ્દષ્ટિ' નામનું ચોથું ગુણસ્થાનક કહેવાય.

આ અવિરતસમ્યગ્દષ્ટિપણું ઉદાહરણથી સમજાવે છે –

**ઉદાહરણ :** ન્યાયથી ઉપાર્જન કરેલું ધન, ભોગ, વિલાસ, સુખ, સૌંદર્ય વગેરે અનેક વિશેષતાઓથી સુશોભિત એવા કુલમાં ઉત્પન્ન થયેલા પણ કોઈક પુરુષે, દુષ્પરિણામવાળા એવા જુગાર વગેરે વ્યસનોથી અનેક અન્યાયો આચર્યા કે જેનાથી ઘણા અપરાધો સર્જાયા... એટલે રાજા તરફથી ઘોર દંડ પ્રાપ્ત થયો... એનું અભિમાન હવે તૂટી ગયું... પ્રચંડ દંડપાશિક=કોટવાલો પણ એની ભયંકર વિડંબના કરી રહ્યા છે. આ અવસરે એ પુરુષ 'પોતાનું વ્યસનથી સર્જાયેલું જુગુપ્સનીય કર્મ ખોટું છે' એમ જાણે પણ છે અને પોતાના કુળના સુખ-સૌંદર્ય-સંપત્તિની અભિલાષા પણ ધરાવે છે. પણ છતાં આરક્ષકોની વિડંબનાના કારણે (સુખ-સૌંદર્યની પ્રાપ્તિ તો દૂર રહી, પણ એ તો) શ્વાસ પણ લઈ શકતો નથી...

**ઉપનય :** તેમ અવિરતસમ્યગ્દષ્ટિ જીવ 'પોતાનું અવિરતપણું જુગુપ્સનીયકર્મરૂપ છે. એમ જાણે પણ છે... અને વિરતિના સુખ-સૌંદર્યની અભિલાષા પણ ધરાવે છે. પણ છતાં

**प्यारक्षकाणां सकाशादुच्छ्वसितुमपि न शक्नोति; तथाऽयं जीवोऽविरतत्वं कुत्सितकर्मकल्पं जानन् विरतिसुखसौन्दर्यमभिलषन्नपि आरक्षककल्पद्वितीयकषायाणां सकाशाद् व्रतोत्साहमपि कर्त्तुं न शक्नोति, अविरतसम्यग्दृष्टित्वमनुभवतीत्यर्थः ॥१९॥**

**अथ चतुर्थगुणस्थानकस्थितिमाह –**

उत्कृष्टाऽस्य त्रयस्त्रिंशत्सागरा साधिका स्थितिः ।
तदर्द्धपुद्गलावर्त्तभवैर्भव्यैरवाप्यते ॥२०॥

व्याख्या–'अस्य' **अविरतसम्यग्दृष्टिगुणस्थानकस्योत्कृष्टा स्थितिस्त्रयस्त्रिंशत्सागरोपमप्रमाणा सातिरेका भवति, सा च सर्वार्थसिद्ध्यादिविमानस्थितिरूपा मनुष्यायुरधिका ज्ञेया, तथैतत्सम्यक्त्वमर्द्धपुद्गलपरावर्त्तशेषभवैरेवावाप्यते, नान्यैरिति प्रतीतमेव ॥२०॥**

**ગુણતીર્થ**

આરક્ષકસમાન બીજા અપ્રત્યાખ્યાનીય કષાયના ઉદયથી એને એટલી વિડંબના પહોંચે છે કે એ વ્રત વિશેનો ઉત્સાહ પણ કરવા સમર્થ થતો નથી... એટલે એ જીવ વિરતિ સ્વીકારી ન શકવાથી અવિરતસમ્યગ્દષ્ટિપણું અનુભવે છે.

હવે ચોથા ગુણસ્થાનકનો કાળ કેટલો હોય ? એ બતાવે છે –

## ❋ ચતુર્થગુણસ્થાનકનો કાળ ❋

**શ્લોકાર્થ** : **આ ગુણસ્થાનકનો ઉત્કૃષ્ટકાળ સાધિક ૩૩ સાગરોપમપ્રમાણ છે. અને આ ગુણસ્થાનક, જેમનો સંસાર માત્ર અર્ધપુદ્ગલપરાવર્ત જ અવશેષ છે તેવા ભવ્યજીવો જ પામી શકે છે. (૨૦)**

**વિવેચન :**

**કાળવિચારણા :** અવિરતસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકનો ઉત્કૃષ્ટકાળ 'સાધિક ૩૩ સાગરોપમ' પ્રમાણ છે... (સમ્યક્ત્વ તો 'સાધિક ૬૬ સાગરોપમ' સુધી ટકે છે. એટલે અહીં જે સાધિક ૩૩ સાગરોપમપ્રમાણ કહ્યું, એ કાળ સમ્યક્ત્વનો નહીં; પણ અવિરત સમ્યક્ત્વગુણસ્થાનકનો સમજવો... વિરતિ પ્રાપ્ત થાય ત્યારે ચોથું ગુણસ્થાન બદલાઈ જાય. પણ છતાં સમ્યક્ત્વ તો અકબંધ ઊભું રહે છે. એટલે સમ્યક્ત્વનો કાળ અધિક હોઈ શકે છે. હવે અવિરત સમ્યક્ત્વગુણસ્થાનનો કાળ સાધિક ૩૩ સાગરોપમ કેવી રીતે ? એ જોઈએ.)

કોઈક જીવે મનુષ્યભવમાં ચારિત્ર પાળીને અનુત્તરવિમાનનું આયુષ્ય બાંધ્યું... હવે તે અવસાનમાં છઠ્ઠા-સાતમા ગુણઠાણે મૃત્યુ પામી અનુત્તરમાં જતાં ચોથું અવિરતસમ્યક્ત્વ

अथ सम्यग्दृष्टिलक्षणान्याह –

कृपाप्रशमसंवेगनिर्वेदास्तिक्यलक्षणाः ।
गुणा भवन्ति यच्चित्ते, स स्यात्सम्यक्त्वभूषितः ॥२१॥

व्याख्या-**दुःखितेषु जन्तुषु दुःखापहारचिन्ता** कृपा १, **कोपादिकारणेषूत्पन्नेषु तीव्रानुशयाभावः** प्रशमः २, **सिद्धिसौधाधिरोहसोपानसमानसम्यग्ज्ञानादिसाधनो-**



ગુણઠાણું પામે અને ત્યાં ૩૩ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળો મનુષ્ય થાય. અહીં પણ એનું સમ્યક્ત્વ અકબંધ છે... (આમ ૩૩ સાગરોપમ + મનુષ્યાયુષ્યનો સંભવિતકાળ) હવે એ જીવ જ્યારે (જઘન્યથી ૮ વર્ષે) ચારિત્ર લેશે ત્યારે એ ચોથા ગુણઠાણાથી ઉપર ઊઠીને છટ્ઠું-સાતમું ગુણઠાણું પ્રાપ્ત કરે... એટલે ત્યારે ચોથા ગુણસ્થાનનો કાળ પૂર્ણ થાય છે... આમ અવિરતસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનનો ઉત્કૃષ્ટકાળ સાધિક (=મનુષ્યભવાધિક) ૩૩ સાગરોપમ પ્રમાણ જાણવો.

**અધિકારી વિચારણા :** જે જીવોનો સંસાર માત્ર અર્ધપુદ્ગલપરાવર્ત જ અવશેષ છે, તે જીવો જ આ સમ્યક્ત્વ પામે છે, બીજા જીવો નહીં... એનું કારણ સ્પષ્ટ જ છે કે, એનાથી વધુ સંસારવાળા જીવોને ગ્રંથિભેદ જ થઈ શકતો નથી.

હવે એ સમ્યગ્દષ્ટિ જીવનાં લક્ષણો કેવા હોય ? એ ગ્રંથકારશ્રી બતાવે છે –

### ❋ સમ્યગ્દષ્ટિની લાક્ષણિકમુદ્રા ❋

**શ્લોકાર્થ : જેનાં ચિત્તમાં (૧) કૃપા, (૨) પ્રશમ, (૩) સંવેગ, (૪) નિર્વેદ, અને (૫) આસ્તિક્યરૂપ ગુણો હોય, તે જીવ સમ્યક્ત્વથી ભૂષિત થાય. (૨૧)**

**વિવેચન :** (૧) કૃપા, (૨) પ્રશમ, (૩) સંવેગ, (૪) નિર્વેદ, અને (૫) આસ્તિક્ય - આ પાંચ ગુણો જેના મનમાં ઉલ્લસિત રહે છે, તે ભવ્યજીવ સમ્યક્ત્વથી ભૂષિત બને છે... તે પાંચ ગુણોનું સ્વરૂપ આ પ્રમાણે છે –

**(૧) કૃપા :** 'दुःखितेषु जन्तुषु दुःखापहारचिन्ता कृपा ।' અર્થ : દુઃખી જીવોને દુઃખથી છોડાવવાની લાગણી ઉપજે એ કૃપા કહેવાય. જેમ કેન્સરથી પીડાતા દર્દીને જોઈને એ જીવ કેન્સરથી મુક્ત બને એવી ભાવના જાગે છે... તેમ કોઈપણ દુઃખ કે રાગ-દ્વેષ-મોહરૂપ ભાવરોગથી પીડાતા સંસારીને જોઈને, એ રોગથી એ દૂર થાય એવી લાગણી જે ઉપજે, એ કૃપાનું પરિણામ સમજવું.

**त्साहलक्षणो मोक्षाभिलाषः** संवेगः ३, **अत्यन्तकुत्सिततरसंसारचारकनिर्गमद्वारोपमपरमवैराग्यप्रवेशरूपो** निर्वेदः ४, **श्रीसर्वज्ञप्रणीतसमस्तभावानामस्तित्वनिश्चयचिन्तन**मास्तिक्यम्, ५, **तदेते कृपाप्रशमसंवेगनिर्वेदाऽऽस्तिक्यलक्षणा गुणा यस्य चित्ते भवन्ति, स भव्यजन्तुः सम्यक्त्वालङ्कृतो भवति ॥२१॥**

**अथ सम्यग्दृष्टिगुणस्थानवर्तिनां गतिमाह –**

**ગુણતીર્થ**

(૨) **પ્રશમ :** 'कोपादिकारणेषूत्पन्नेषु तीव्रानुशयाभावः प्रशमः ।' અર્થ : કોપ વગેરેનાં નિમિત્તો આવી પડે તો પણ તીવ્ર ક્રોધાદિની પરિણતિ ન જાગે, એ 'પ્રશમ' ગુણ કહેવાય. આ પ્રશમગુણવાળા જીવને (૧) અનુકૂળતામાં સરાગદશાની ઉત્કટતા ન આવે, અને (૨) પ્રતિકુળતામાં વ્યગ્રતાની ઉગ્રતા ન આવે... કારણ, પરિસ્થિતિ ગમે તેવી હોય પણ એનું મન પ્રશાંતવાહિતાના અસ્ખલિત પ્રવાહમાં વહેતું રહેતું હોય છે.

(૩) **સંવેગ :** 'सिद्धिसौधाधिरोहसोपानसमानसम्यग्ज्ञानादिसाधनोत्साहलक्षणो मोक्षाभिलाषः संवेगः ।' અર્થ : મોક્ષરૂપી મહેલમાં ચડવા માટે પગથિયાસમાન સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ મોક્ષસાધનોમાં ઉત્સાહ ધરાવવારૂપ જે મોક્ષનો તલસાટ છે, તે સંવેગ કહેવાય છે... અહીં વૃત્તિકારશ્રીએ મોક્ષાભિલાષાને 'મોક્ષના રત્નત્રયીરૂપ સાધનોમાં ઉત્સાહ' સ્વરૂપ બતાવીને એક અદ્ભુત પદાર્થ રજુ કર્યો છે કે - 'ઉપાયોના સેવનનો તલસાટ એ જ સાચી મોક્ષની અભિલાષા છે... બાકી જો ઉપાયોના સેવનમાં આદર ન હોય, ઉપેક્ષા હોય, તો એ મોક્ષાભિલાષા નામમાત્રરૂપ છે...'

(૪) **નિર્વેદ :** 'अत्यन्तकुत्सिततरसंसारचारकनिर्गमद्वारोपमपरमवैराग्यप्रवेशरूपो निर्वेदः ।' અર્થ : અત્યંત જુગુપ્સનીય એવા સંસારરૂપી કેદખાનામાંથી નીકળવા માટે દ્વારસમાન જે તીવ્રતમ વૈરાગ્ય; એમાં પ્રવેશ કરવારૂપ કે લયલીન થવારૂપ જે ગુણવત્તા, તે નિર્વેદ કહેવાય છે... આ ગુણવત્તાના કારણે એ જીવમાં, સંસારના કોઈપણ વિષયોમાં તીવ્ર લગાવ ન રહે. અને કોઈપણ કુત્સિત પ્રવૃત્તિઓમાં આગ્રહસભર ઝુકાવ ન રહે.

(૫) **આસ્તિક્ય :** 'श्रीसर्वज्ञप्रणीतसमस्तभावानामस्तित्वनिश्चयचिन्तनमास्तिक्यम् । અર્થ : સર્વજ્ઞ પરમાત્માએ જે બધા પદાર્થો બતાવ્યા છે, એ તમામ પદાર્થો 'પરમાત્માએ જેમ કહ્યું તેમ જ છે' એ રીતે નિશ્ચર્યપૂર્વક એમનું અસ્તિત્વ વિચારવું તેને 'આસ્તિક્ય' કહેવાય છે... આ ગુણવત્તાના કારણે જીવમાં પરમાત્માના વચનો પ્રત્યે અવિચલિત શ્રદ્ધા હોય છે.

આ પ્રમાણે સમ્યગ્દષ્ટિ જીવોની લાક્ષણિકતા બતાવીને, હવે સમ્યગ્દષ્ટિગુણઠાણે રહેલા જીવોની ગતિ શું થાય ? એ બતાવે છે –

क्षायोपशमिकी दृष्टिः, स्यान्नरामरसम्पदे ।
क्षायिकी तु भवे तत्र, त्रितुर्ये वा विमुक्तये ॥२२॥

व्याख्या-**अत्र जीवपरिणामविशेषरूपं करणमुच्यते, तत् त्रिधा – यथाप्रवृत्तिकरणम्, अपूर्वकरणम्, अनिवृत्तिकरणं चेति, तत्र गिरिसरिज्जलाभ्यालोड्यमानपाषाणवद् घोलनान्यायेन जीव आयुर्वर्जकर्माणि किञ्चिदूनैककोटाकोटिसागरस्थितिकानि कुर्वन् येनाध्यवसायविशेषेण ग्रन्थिदेशं यावदायाति तद्यथाप्रवृत्तिकरणमुच्यते १ । तथा येन**



## ❋ સમ્યગ્દષ્ટિવાળા જીવોની ગતિ ❋

**શ્લોકાર્થ :** **ક્ષાયોપશમિકદષ્ટિ એ જીવોને મનુષ્યગતિ અને દેવગતિરૂપી સંપત્તિ માટે થાય છે... અને ક્ષાયિકદષ્ટિ એ ત્રીજે કે ચોથે ભવે મોક્ષ આપવા માટે થાય છે. (૨૨)**

**વિવેચન :** અહીં વૃત્તિકારશ્રી ક્ષયોપશમસમ્યકત્વી અને ક્ષાયિકસમ્યક્ત્વીની ગતિ પાછળથી બતાવશે. એ પહેલા એ બંને સમ્યક્ત્વ શી રીતે પમાય ? એની આખી પ્રક્રિયા બતાવે છે. તે આપણે ધ્યાનપૂર્વક જોઈએ –

## ❋ સમ્યક્ત્વ પામવાની પ્રક્રિયા ❋

સૌ પ્રથમ જીવ ત્રણ કરણ કરે છે અને તેના માધ્યમે સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. 'કરણ' એટલે જીવનો પરિણામવિશેષ, આત્માનો એક પ્રકારનો અધ્યવસાય... આ કરણના ત્રણ પ્રકાર છે : (૧) યથાપ્રવૃત્તિકરણ, (૨) અપૂર્વકરણ, અને (૩) અનિવૃત્તિકરણ - આ ત્રણે પ્રકારોનું સ્વરૂપ ક્રમશઃ બતાવે છે –

**(૧) યથાપ્રવૃત્તિકરણ :** જે અધ્યવસાયવિશેષથી જીવ (૧) પર્વત અને નદીજળ દ્વારા અથડાતો પથ્થર જેમ સહજ જ ગોળ થઈ જાય છે, તેમ ઘોલનાન્યાયે આયુષ્ય સિવાયના સાત કર્મોની સ્થિતિ કંઈક ન્યૂન એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ કરે, અને (૨) છેક ગ્રંથિદેશે પહોંચી જાય, એ અધ્યવસાયવિશેષને યથાપ્રવૃત્તકરણ કહેવાય...

**તાત્પર્ય :** મંદમિથ્યાદષ્ટિ જીવોને 'નદીઘોળગોળપાષાણ' ન્યાયે; એટલે કે જેમ નદીના પ્રવાહમાં તણાઈ રહેલો પત્થર પોતાની મેળે જ લીસો બની જાય છે, તેમ સાહજિક રીતે જ જે અધ્યવસાયવિશેષથી આયુષ્ય સિવાયની સાતે કર્મોની દીર્ઘસ્થિતિસત્તા કપાઈને કંઈકન્યૂન એક કોડાકોડી=અંતઃકોડાકોડી સાગરોપમપ્રમાણ થઈ જાય, એવા ઉત્પન્ન થયેલા વિશુદ્ધ અધ્યવસાયને 'યથાપ્રવૃત્તિકરણ' કહેવાય.. જ્યારે આ યથાપ્રવૃત્તકરણ નામનો અધ્યવસાય પ્રાપ્ત થાય, ત્યારે જીવ 'ગ્રંથિદેશે=ગ્રંથિની પાસે' આવેલો કહેવાય.

**अप्राप्तपूर्वेण अध्यवसायविशेषेण तं ग्रन्थिं=घनरागद्वेषपरिणतिरूपं भेत्तुमारभते तद् अपूर्वकरणमुच्यते २ । येनाध्यवसायविशेषेणानिवर्त्तकेन ग्रन्थिभेदं कृत्वाऽतिपरमाह्लाद-जनकं सम्यक्त्वमाप्नोति तदनिवृत्तिकरणमिति ३ । यदाहुः श्रीजिनभद्रगणिक्षमाश्रमणाः –**

"[14]अंतिमकोडाकोडीए सव्वकम्माणमाउवज्जाणं ।
पलिआसंखिज्जइमे, भागे खीणे हवइ गंठी ॥१॥

**ગુણતીર્થ**

(૨) **અપૂર્વકરણ :** અપ્રાપ્તપૂર્વ એવા જે અધ્યવસાયવિશેષથી રાગ-દ્વેષની સઘન પરિણતિરૂપ ગ્રંથિને ભેદવાની શરૂઆત થાય, તેને 'અપૂર્વકરણ' કહેવાય... **આશય :** અનાદિકાળમાં પૂર્વે ક્યારેય ન આવેલા વિશુદ્ધ અધ્યવસાયને અપૂર્વકરણ કહેવાય છે, આ અપૂર્વકરણના માધ્યમે જીવ ગ્રંથિભેદ કરે છે. (અનાદિકાળથી જીવને વળગેલા રાગ-દ્વેષના ગાઢ પરિણામને 'ગ્રંથિ' કહેવાય છે. જ્યારે જીવ અપૂર્વકરણના માધ્યમે અનાદિકાલીન રાગ-દ્વેષના તીવ્રપરિણામરૂપ દુર્ભેદ્ય ગાંઠને તોડી નાંખે, ત્યારે 'ગ્રંથિભેદ' કર્યો કહેવાય...)

(૩) **અનિવૃત્તિકરણ :** ગ્રંથિભેદ કરીને નિવૃત્તિ વિનાના એવા જે અધ્યવસાયવિશેષથી જીવ અત્યંત પરમાહ્લાદને ઉત્પન્ન કરનાર એવું સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે, તે અધ્યવસાયને અનિવૃત્તિકરણ કહેવાય છે.

**સ્પષ્ટતા :** જીવ તીક્ષ્ણ કુહાડાની ધારસમાન અપૂર્વવીર્યોલ્લાસ વડે અનાદિકાલીન રાગ-દ્વેષના તીવ્રપરિણામરૂપ દુર્ભેદ્ય ગાંઠને તોડીને અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરે છે... આ કરણ નિવૃત્તિ વિનાનું છે. નિવૃત્તિ એટલે અટકવું. અનિવૃત્તિ=અટક્યાં વગર ... અર્થાત્ આ કરણને પામેલો જીવ અટક્યા વગર સમ્યક્ત્વ પામે છે. અથવા નિવૃત્તિ એટલે તરતમતા, અનિવૃત્તિ=તરતમતા ન હોવી... અર્થાત્ આ કરણમાં એક જ સમયે રહેલા સર્વજીવોના અધ્યવસાયમાં વિશુદ્ધિની તરતમતા હોતી નથી... એટલે આ કરણ નિવૃત્તિ વિનાનું 'અનિવર્તક' કહેવાય છે. આના આધારે જીવ અત્યંત આહ્લાદજનક એવાં સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે.

આ વિષયમાં (=ત્રણ કરણના સંદર્ભમાં) પૂજ્યપાદ શ્રી **જિનભદ્રગણિક્ષમાશ્રમણે** વિશેષાવશ્યકભાષ્ય નામના ગ્રંથમાં કહ્યું છે કે –

**ભાષ્ય :** अंतिमकोडाकोडीए, सव्वकम्माणमाउवज्जाणं ।
पलिआसंखिज्जइमे भागे खीणे हवइ गंठी ॥१॥

**छायासन्मित्रम्**

(14) अन्त्यकोटाकोट्याः सर्वकर्मणामायुर्वर्जानाम् ।
पल्यासङ्ख्याततमे भागे क्षीणे भवति ग्रन्थिः ॥१॥

15. गंठित्ति सुदुब्भेओ, कक्खडघणरूढगूढगंठिव्व ।
जीवस्स कम्मजणिओ, घणरागद्दोसपरिणामो ॥२॥

16. भिन्नंमि तम्मि लाभो, सम्मत्ताईण मुक्खहेऊणं ।
सो उ दुलंभो परिस्समचित्तविघायाइविग्घेहिं ॥३॥

ગુણતીર્થ

**અર્થ :** આયુષ્ય સિવાયના બાકીના સાત કર્મોની અંતિમ એક કોડાકોડીસાગરોપમ પ્રમાણ સ્થિતિમાંથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિનો જ્યારે ક્ષય થાય, ત્યારે જીવ ગ્રંથિદેશે=ગ્રંથિની નજદીક આવ્યો કહેવાય. [વિશેષા. ૧૧૯૪]

હવે 'ગ્રંથિ' એટલે શું ? તે કહે છે –

**ભાષ્ય :** गंठित्ति सुदुब्भेओ, कक्खडघणरूढगूढगंठिव्व ।
जीवस्स कम्मजणिओ, घणरागद्दोसपरिणामो ॥२॥

**અર્થ :** 'ગ્રંથિ' એટલે ❂કર્કશ, ઘન, રૂઢ અને ગૂઢ એવી વલ્કાદિની ગાંઠની જેમ અત્યંત દુઃખેથી ભેદી શકાય એવો જીવનો કર્મથી ઉત્પન્ન થયેલો ગાઢ રાગ-દ્વેષનો પરિણામ. (તાત્પર્ય - વાંસની ગાંઠરૂપ દ્રવ્યગ્રંથિ જેમ દુર્ભેદ છે, તેમ રાગ-દ્વેષના ઉદયરૂપ પરિણામ પણ દુર્ભેદ છે, માટે એને ભાવગ્રંથિ=ભાવગાંઠ કહેવાય છે.) [વિશેષા. ૧૧૯૫]

ગ્રંથિભેદ થવાથી શું લાભ થાય ? એ બતાવે છે –

**ભાષ્ય :** भिन्नम्मि तम्मि लाभो, सम्मत्ताईण मुक्खहेऊणं ।
सो उ दुलंभो परिस्समचित्तविघायाइविग्घेहिं ॥३॥

**અર્થ :** તે ગ્રંથિભેદ થતાં મોક્ષનાં કારણરૂપ સમ્યક્ત્વ વગેરેનો લાભ થાય છે. પણ એ ગ્રંથિભેદ પરિશ્રમ-મનોવિઘાત વગેરે વિઘ્નોના કારણે ખરેખર દુષ્કર છે. મહાઘોર

छायासन्मित्रम्

(15) ग्रन्थिरिति सुदुर्भेदः कर्कशघनरूढगूढग्रन्थिरिव ।
जीवस्य कर्मजनितो घनरागद्वेषपरिणामः ॥२॥

(16) भिन्ने तस्मिन् लाभः सम्यक्त्वादीनां मोक्षहेतूनाम् ।
स एव दुर्लभः परिश्रमचित्तविघातादिविघ्नैः ॥३॥

❂ (૧) 'કર્કશ' એટલે અત્યંત કઠોર, (૨) 'ઘન' એટલે અંદરના ભાગમાં બિલકુલ પોલાણ વિનાનું અત્યંત નિબિડ, (૩) 'રૂઢ' એટલે ભીનાશ વિનાની એકદમ સૂકાઈ ગયેલ, (૪) 'ગૂઢ' એટલે કોઈપણ રીતે ઉકેલી ન શકાય એવી ગૂંચવણભરી...

[17] जा गंठी ता पढमं, गंठिं समइच्छओ भवे बीअं ।
अनियट्टिकरणं पुण, संमत्तपुरक्खडे जीवे ॥४॥"

**अथवा पथिकत्रयदृष्टान्तेन करणत्रययोजना यथा –**

गुणतीर्थ

સંગ્રામમાં જીતવા નીકળેલા સુભટની જેમ, અનેક દુર્જય કર્મશત્રુના સમુદાયને જીતવામાં સખત પરિશ્રમ લાગે છે. જેમ વિદ્યા સાધનારને ભય વગેરેના કારણે અનેક મનોવિઘાતો સર્જાય છે, તેમ ગ્રંથિભેદ કરવા ઉલ્લસિત થયેલા જીવને અનેક માનસિક ક્ષોભો સર્જાય છે... એટલે જ આ ગ્રંથિભેદ દુષ્કર કહેવાય છે. [વિશેષા. ૧૧૯૬]

હવે ત્રણ કરણોમાં કયું કરણ કઈ અવસ્થામાં હોય ? એ જણાવે છે –

**ભાષ્ય :** जा गंठी ता पढमं, गंठिं समइच्छओ भवे बीअं ।
अनियट्टिकरणं पुण, सम्मत्तपुरक्खडे जीवे ॥४॥

**અર્થ :** (૧) **યથાપ્રવૃત્તકરણ :** અનાદિકાળથી આરંભીને ગ્રંથિદેશ સુધી પહેલું યથાપ્રવૃત્તકરણ હોય છે. (કારણ કે જીવને કર્મ ખપાવવાના નિમિત્તરૂપ અધ્યવસાય તો સર્વદા હોય છે જ અને એના માધ્યમે જીવ આઠેય કર્મોને સતત જ ખપાવતો રહે છે, એટલે આ યથાપ્રવૃત્તકરણ તો અનાદિકાળથી ગ્રંથિદેશ સુધી ચાલુ જ હોય છે. (૨) **અપૂર્વકરણ :** (પૂર્વના અધ્યવસાય કરતાં જ્યારે વિશુદ્ધતર અધ્યવસાય આવે, ત્યારે ગ્રંથિનો ભેદ થાય છે.) વિશુદ્ધ અધ્યવસાય દ્વારા જે જીવ ગ્રંથિનું ઉલ્લંઘન કરે, તે જીવને બીજું અપૂર્વકરણ હોય છે... (૩) **અનિવૃત્તિકરણ :** જે જીવ સમ્યક્ત્વાભિમુખ (=હમણાં જ થોડા સમયમાં સમ્યક્ત્વ પામવાનો) છે, એ જીવને ત્રીજું અનિવૃત્તિકરણ હોય છે. (આ જીવને વિશુદ્ધ અધ્યવસાયથી તરત જ સમ્યક્ત્વનો લાભ થવાનો છે. એટલે એને સમ્યક્ત્વાભિમુખ કહેવાય છે. [વિશેષા. ૧૨૦૩]

હવે ત્રણ મુસાફરોનાં ઉદાહરણથી ત્રણ કરણનું જોડાણ કરવા કહે છે –

## ✱ ત્રણ મુસાફરોનાં ઉદાહરણે ત્રણ કરણની યોજના ✱

**ઉદાહરણ :** જેમ કોઈ ત્રણ મનુષ્યો સ્વાભાવિક ગમન મુજબ અટવીમાં જતાં ઘણો લાંબો રસ્તો ચાલી ગયા... ત્યારે વેળાનો અતિક્રમ થવાથી (=ઘણું મોડું થઈ જવાથી)

छायासन्मित्रम्

(17) यावत् ग्रन्थिः तावत् प्रथमं, ग्रन्थिं समतिक्रामतो भवेद् द्वितीयम् ।
अनिवृत्तिकरणं पुनः पुरस्कृतसम्यक्त्वे जीवे ॥४॥

"[18]जह वा तिण्णि मणूसा, जंतडविपहं सहावगमणेणं ।
वेलाइक्कमभीआ, तुरंति पत्ता य दो चोरा ॥१॥
[19]दट्ठुं मग्गतडत्थे, तत्थेगो मग्गओ पडिनियत्तो ।
बीओ गहिओ तइओ, समइक्कंतो पुरं पत्तो ॥२॥
[20]अडवी भवो मणूसा, जीवा कम्मट्ठिई पहो दीहो ।
गंठी अ भयट्ठाणं, रागद्दोसा य दो चोरा ॥३॥
[21]भग्गो ठिइपरिवुड्ढी, गहिओ पुण गंठिओ गओ तइओ
सम्मत्तपुरं एवं, जोइज्जा तिन्नि करणाइं ॥४॥"

गुणतीर्थ

તેઓ ગભરાઈ ગયા... અને એટલે જ ઉતાવળે ચાલે છે. તેટલામાં તો કોઈક ભયસ્થાનમાં બે ચોરો આવી પડ્યા. તીક્ષ્ણ તલવાર લઈને ઊભા રહેલા એ બે ચોરોને જોઈને, (૧) ત્રણમાંનો એક મનુષ્ય તો ગભરાઈ જઈને માર્ગમાંથી પાછો ફરી ગયો, (૨) બીજા મનુષ્યને તે બે ચોરોએ પકડી પાડ્યો, અને (૩) ત્રીજો મનુષ્ય તો એ બે ચોરોનો તિરસ્કાર કરીને આગળ વધી ઇચ્છિત સ્થાનને પામી ગયો. [વિશેષા. ૧૨૧૧-૧૨૧૨]

**ઉપનય :** અહીં **'અટવી'** એટલે સંસાર... **'ત્રણ મુસાફર'** એટલે (૧) ગ્રંથિભેદ કર્યા વિના ગ્રંથિદેશથી પાછો ફરીને ફરીવાર દીર્ઘસ્થિતિ બાંધનાર જીવ, (૨) ગ્રંથિદેશમાં રહેલો જીવ, અને (૩) ગ્રંથિનો ભેદ કરીને સમ્યક્ત્વરૂપ ઇષ્ટફળને પામનારો જીવ... 'દીર્ઘપંથ' એટલે કર્મોની સુદીર્ઘસ્થિતિ... 'ભયસ્થાન' એટલે રાગ-દ્વેષના ઉદયરૂપ ગ્રંથિસ્થાન. 'બે ચોર' એટલે રાગ-દ્વેષ નામના બે કર્મશત્રુ... [વિશેષા. ૧૨૧૩]

**કરણત્રયયોજના :** (૧) જે ભાગી ગયો તેની સમાન ગ્રંથિભેદ કર્યા વિના ફરી

छायासन्मित्रम्

(18) यथा वा त्रयो मनुष्याः यान्तोऽटवीपन्थानं स्वभावगमनेन ।
वेलातिक्रमभीताः त्वरन्ते प्राप्तौ च द्वौ चौरौ ॥१॥

(19) दृष्ट्वा मार्गपार्श्वस्थौ तत्रैकः पृष्ठतः प्रतिनिवृत्तः ।
द्वितीयो गृहीतस्तृतीयः समतिक्रान्तः पुरं प्राप्तः ॥२॥

(20) अटवी भवो मनुष्या जीवाः कर्मस्थितिः पन्था दीर्घः ।
ग्रन्थिश्च भयस्थानं, रागद्वेषौ च द्वौ चौरौ ॥३॥

(21) भग्नः स्थितिपरिवृद्धिर्गृहीतः पुनर्ग्रन्थिको गतस्तृतीयः ।
सम्यक्त्वपुरं एवं योजयेत् त्रीणि करणानि ॥४॥

**अथवा पिपीलिकोपमानेन करणत्रययोजना –**

"[22]खिइसाभाविअगमणं, थाणूसरणं तओ समुप्पयणं ।
ठाणं थाणुसिरे वा, ओसरणं वा मुइंगाणं ॥१॥
[23]खिइगमणं पिव पढमं, थाणूसरणं व करणमप्पुव्वं ।
उप्पयणं पिव तत्तो, जीवाणं करणमनिअट्टी ॥२॥
[24]थाणूव्व गंठिदेसो, गंठियसत्तस्स तत्थवत्थाणं ।
ओयरणं पिव तत्तो, पुणोवि कम्मट्ठिइविवड्ढी ॥३॥" **इत्यादि,**

**ગુણતીર્થ**

અશુભપરિણામ પામી કર્મસ્થિતિને વધારનારો જીવ સમજવો, (૨) જે બે ચોરોથી પકડાઈ ગયો તેની સમાન પ્રબળ રાગ-દ્વેષના ઉદયવાળો ગ્રંથિદેશે રહેલો જીવ સમજવો, અને (૩) જે ચોરો દૂર કરીને ચાલ્યો ગયો તેની સમાન ગ્રંથિભેદ કરીને સમ્યક્ત્વરૂપ ઇષ્ટસ્થાને પામેલો જીવ સમજવો. આ રીતે ત્રણ કરણમાં પણ જોડાણ કરવું. તે આ રીતે – (૧) ત્રણ પુરુષનું સ્વાભાવિક ગમન કે જે જીવને ગ્રંથિદેશે પહોંચાડે, તે 'યથાપ્રવૃત્તકરણ' સમજવું, (૨) આત્માના વિશુદ્ધ અધ્યવસાયરૂપ શીઘ્રગમન દ્વારા રાગ-દ્વેષરૂપ ચોરોનું ઉલ્લંઘન કરી નાંખવું, તે 'અપૂર્વકરણ' સમજવું, અને (૩) સમ્યક્ત્વરૂપ ઇચ્છિત નગરે પહોંચાડનારો જે અધ્યવસાયવિશેષ તે 'અનિવૃત્તિકરણ' સમજવું. [વિશેષા. ૧૨૧૪]

હવે કીડીઓનાં ઉદાહરણથી ત્રણ કરણનું સ્વરૂપ સમજાવે છે –

## ❋ કીડીઓનાં ઉદાહરણે ત્રણ કરણની યોજના ❋

**ઉદાહરણ :** (૧) કેટલીક કીડીઓ જમીન પર સ્વાભાવિક રીતે આમતેમ ફરતી રહેતી હોય છે, (૨) કેટલીક કીડીઓ ઠૂંઠાના ઝાડની ટોચ પર ચડેલી હોય છે, (૩) કેટલીક કીડીઓ ઠૂંઠાની ટોચ ઉપર ચડીને પાંખ આવતાં ઊડી જનારી હોય છે, (૪) કેટલીક કીડીઓ

**छायासन्मित्रम्**

(22) क्षितिस्वाभाविकगमनं स्थाणूत्सरणं ततः समुत्पतनम् ।
स्थानं स्थाणुशिरसि वा, अपसरणं वा पिपीलिकानाम् ॥१॥

(23) क्षितिगमनवत् प्रथमं, स्थाणूत्सरणवत् करणमपूर्वम् ।
उत्पतनवत् ततः जीवानां करणमनिवृत्ति ॥२॥

(24) स्थाणुवत् ग्रन्थिदेशो, ग्रन्थिकसत्त्वस्य तत्रावस्थानम् ।
अवतरणमिव ततः पुनरपि कर्मस्थितिविवृद्धिः ॥३॥

**ततो जीवो यथाप्रवृत्तिकरणेन ग्रन्थिदेशं सम्प्राप्यापूर्वकरणेन ग्रन्थिभेदं विधाय कश्चिन्मिथ्यात्वपुद्गलराशिं विभज्य मिथ्यात्वमिश्रसम्यक्त्वरूपं पुञ्जत्रयं कुरुते, ततो-**

ગુણતીર્થ

ઠૂંઠાની ટોચના મૂળ આગળ જ ઊભી રહી જાય છે, અને (૫) કેટલીક કીડીઓ ઠૂંઠાની ટોચ ઉપર ન ચડતા ઉતરી જાય છે. પાછી વળી જાય છે. [વિશેષા. ૧૨૦૮]

**ઉપનય :** પાંચ પ્રકારની કીડીઓની જેમ ત્રણ કરણના સંબંધમાં પણ પાંચ પ્રકારના જીવો હોય છે. તે આ પ્રમાણે –

(૧) કીડીઓના સ્વાભાવિક ગમનની જેમ અનાદિકાળથી સ્વાભાવિક રીતે પ્રવર્તતું એવું આ 'યથાપ્રવૃત્તકરણ' સમજવું.

(૨) કીડીઓનું ટોચ પર ચડવા સમાન 'અપૂર્વકરણ' સમજવું...

(૩) કીડીઓનું ટોચ પરથી ઉડવા સમાન 'અનિવૃત્તિકરણ' સમજવું... કારણ કે અનિવૃત્તિકરણના બળે જીવ મિથ્યાત્વથી ઉડીને સમ્યગ્દષ્ટિગુણઠાણે આવે છે.

(૪) કેટલીક કીડીઓનું ઠૂંઠાની ટોચના મૂળ આગળ જ ઊભા રહેવાની જેમ, કેટલાક ગ્રંથિકસત્ત્વ (=ગ્રંથિભેદ ન કરેલ) જીવોનું સ્થાણુતુલ્ય ગ્રંથિદેશે જ અવસ્થાન હોય છે.

(૫) કેટલીક કીડીઓનું ઠૂંઠાની ટોચ પરથી ઊતરી જવાની જેમ, કેટલાક જીવો ગ્રંથિદેશથી પાછા ફરી જાય છે... અને ફરી કર્મસ્થિતિનો વધારો કરે છે. [વિશેષા. ૧૨૦૯-૧૨૧૦]

## ❋ ક્ષયોપશમસમ્યક્ત્વપ્રાપ્તિક્રમ ❋

સૌ પ્રથમ જીવ (૧) યથાપ્રવૃત્તકરણના માધ્યમે ગ્રંથિદેશને પામે, ત્યારબાદ (૨) અપૂર્વકરણના માધ્યમે રાગ-દ્વેષની તીવ્ર ગ્રંથિનો ભેદ કરે, અને (૩) એ અપૂર્વકરણના માધ્યમે જ મિથ્યાત્વમોહનીયના પુદ્ગલોને ત્રણ વિભાગે વિભાજિત કરીને એ પુદ્ગલોના મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીય એમ ત્રણ પુંજ બનાવે છે,©

© અલબત્ત, ત્રણ પુંજ બનાવવાની પ્રક્રિયા અનિવૃત્તિકરણના માધ્યમે થાય છે, એવો કાર્મગ્રંથિકમત છે. પણ અહીં સિદ્ધાંતમત મુજબ અપૂર્વકરણના માધ્યમે ત્રણ પુંજ હોવાનું જણાવ્યું છે - એમ સમજવું. તે સિદ્ધાંતમત આ પ્રમાણે છે –

"अपुव्वेण तिपुंजं मिच्छत्तं कुणइ कोद्दवोवमया ।
अनियट्टीकरणेण उ सो सम्मद्दंसणं लहइ ॥" [ વિશેષા. ૧૨૧૮]

આ રીતે આગળ પણ જ્યાં અપૂર્વકરણથી ત્રણ પુંજ હોવાનું જણાવ્યું હોય, ત્યાં બધે સિદ્ધાંતમત સમજવો.

**ऽनिवृत्तिकरणेन विशुद्ध्यमान उदीर्णे मिथ्यात्वे क्षीणेऽनुदीर्णे चोपशान्ते क्षायोपशमिकं सम्यक्त्वं प्राप्नोति । यदाह –**

"[25]पावंति खवेऊणं, कम्माइं अहापवत्तकरणेणं ।
उवलनाएण कहमवि, अभिन्नपुव्वं तओ गंठिं ॥१॥
[26]तं गिरिवरं व भित्तुं, अपुव्वकरणुग्गवज्जधाराए ।
अंतोमुहुत्तकालं, गंतुं अनियट्टिकरणंमि ॥२॥
[27]पइसमयं सुज्झंतो, खविउं कम्माइं तत्थ बहुयाइं ।
मिच्छत्तंमि उइन्ने, खीणे अणुअंमि उवसंते ॥३॥

**गुणतीर्थ**

ત્યારબાદ (૪) અનિવૃત્તિકરણ દ્વારા વિશુદ્ધિ પામનારો જીવ (ક્ષય=) ઉદયમાં આવેલા મિથ્યાત્વનો ક્ષય થતાં, અને (ઉપશમ=) ઉદયમાં ન આવેલ મિથ્યાત્વનો ઉપશમ થતાં 'ક્ષયોપશમસમ્યક્ત્વ' પ્રાપ્ત કરે છે. (ક્ષયોપશમ એટલે ઉદીર્ણ મિથ્યાત્વનો ક્ષય=રસક્ષય કરી અને સમ્યક્ત્વમોહનીયમાં ફેરવી એનો પ્રદેશોદયમાત્ર રાખવો તે.)

આ સંદર્ભમાં કહ્યું છે કે –

"પહાડ અને નદીના પાણીથી અથડાતા-ઘસડાતા પત્થરના ઉદાહરણ મુજબ યથાપ્રવૃત્તકરણથી કોઈપણ રીતે કર્મોને ખપાવીને, પૂર્વે નહીં ભેદાયેલી ગ્રંથિવાળો જીવ ગ્રંથિદેશને પ્રાપ્ત કરે છે, ત્યારબાદ...

અપૂર્વકરણરૂપ અત્યંત ઉગ્ર વજ્રની ધારથી, અંતર્મુહૂર્ત જેટલા કાળમાં જ પર્વતની જેમ તે ગ્રંથિને ભેદીને જીવ અનિવૃત્તિકરણમાં જાય છે, અને ત્યાં...

પ્રતિસમય વિશુદ્ધિ પામનારો જીવ ઘણા કર્મો ખપાવે છે અને પછી જ્યારે ઉદયમાં આવેલા મિથ્યાત્વનો ક્ષય થાય અને ઉદયમાં ન આવેલા મિથ્યાત્વનો ઉપશમ થાય ત્યારે...

**छायासन्मित्रम्**

(25) प्राप्नोति क्षपयित्वा कर्माणि यथाप्रवृत्तिकरणेन ।
उपलज्ञातेन कथमपि अभिन्नपूर्वस्ततो ग्रन्थिम् ॥१॥

(26) तं गिरिवरमिव भित्त्वा, अपूर्वकरणोग्रवज्रधारया ।
अन्तर्मुहूर्त्तकालं, गत्वाऽनिवृत्तिकरणे ॥२॥

(27) प्रतिसमयं शुध्यन् क्षपयित्वा कर्माणि तत्र बहुकानि ।
मिथ्यात्व उदीर्णे क्षीणेऽनुदीर्णे उपशान्ते ॥३॥

28 संसारगिम्हतविओ, तत्तो गोसीसचंदणरसुव्व ।
अइपरमनिव्वुइकरं, तस्संते लहइ सम्मत्तं ॥४॥"

**अन्यच्च –**

"29 अप्पुव्वकयतिपुंजो, मिच्छमुइण्णं खवित्तु अणुइन्नं ।
उवसामिय अनियट्टी-करणाउ परं खओवसमी ॥१॥"

**ततोऽसौ क्षायोपशमिकी दृष्टिः समुत्पन्ना सती जीवानां** 'नरामरसम्पदे' **देवमानवर्द्धये** 'स्याद्' **भवेत्, तथाऽपूर्वकरणेनैव कृतत्रिपुञ्जस्य जीवस्य चतुर्थगुणस्थानादारभ्य क्षपकत्वे प्रारब्धेऽनन्तानुबन्धिचतुष्कस्य मिथ्यात्वमिश्रसम्यक्त्वरूपपुञ्जत्रयस्य च क्षये क्षायिकं**

**ગુણતીર્થ**

અનિવૃત્તિકરણના અંતે (અર્થાત્ અનિવૃત્તિકરણ પત્યા બાદ) જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. જેમ ગ્રીષ્મના તાપથી તપ્ત જીવને ગોશીર્ષ ચંદનનું વિલેપન એકદમ આહ્લાદ કરનારું બને છે, તેમ સંસારના તાપથી તપ્ત જીવોને આ સમ્યક્ત્વ પણ અત્યંત આહ્લાદ ઉપજાવનારું બને છે."

**બીજે પણ કહ્યું છે કે –**

"અપૂર્વકરણના માધ્યમે કરાયેલા ત્રણ પુંજવાળો જીવ, ઉદયમાં આવેલા મિથ્યાત્વનો ક્ષય કરીને અને ઉદયમાં ન આવેલા મિથ્યાત્વનો ઉપશમ કરીને, અનિવૃત્તિકરણ કર્યા બાદ ક્ષયોપશમસમ્યક્ત્વવાળો થાય છે."

હવે ક્ષયોપશમસમ્યગ્દષ્ટિની કઈ ગતિ થાય ? એ બતાવે છે –

## ❋ ક્ષયોપશમસમ્યક્ત્વીની ગતિ ❋

જે જીવોને મિથ્યાત્વના ક્ષયોપશમજન્ય ક્ષાયોપશમિકી દષ્ટિ પ્રગટ થઈ છે, એ જીવોને એ દષ્ટિ, દેવભવ અને મનુષ્યભવ સંબંધી વિશિષ્ટ સંપત્તિઓને વધારવાનું પ્રબળ નિમિત્ત બની રહે છે. (અર્થાત્ એ જીવને માનવભવમાં પણ વિશિષ્ટ સમૃદ્ધિ સર્જાય અને પરલોકમાં પણ દેવગતિરૂપ સદ્ગતિ મળે... અથવા તો આ રીતે વિચારાય કે, ચારે ગતિના જીવોને

**छायासन्मित्रम्**

(28) संसारग्रीष्मतप्तस्ततो गोशीर्षचन्दनरसवत् ।
अतिपरमनिर्वृतिकरं, तस्यान्ते लभते सम्यक्त्वम् ॥४॥

(29) अपूर्वकृतत्रिपुञ्जो मिथ्यात्वमुदीर्णं क्षपयित्वा अनुदीर्णम् ।
उपशमय्य अनिवृत्तिकरणतः परं क्षयोपशमी ॥१॥

**सम्यक्त्वं भवति, ततोऽसौ क्षायिकी दृष्टिस्तु पुनरबद्धायुष्कस्य तत्रैव भवे 'मुक्तये' मोक्षाय स्यात्, बद्धायुष्कस्य तु जीवस्य तृतीये भवे असङ्ख्यातजीविनां प्रायोग्यबद्धायुष्कस्य चतुर्थे भवे मुक्तये स्यात् । तथा चाह –**

"मिच्छाइखए खइओ, सो सत्तगि खीणि ठाइ बद्धाऊ ।[30]
चउतिभवभाविमुक्खो, तब्भवसिद्धी अ इअरो अ ॥१॥" ॥२२॥

गुणतीर्थ

ક્ષયોપશમસમ્યક્ત્વ હોઈ શકે છે, એટલે ક્ષયોપશમસમ્યક્ત્વવાળા તિર્યંચ-મનુષ્યને પરભવમાં દેવસંબંધી સુખસમૃદ્ધિ મળે અને ક્ષયોપશમસમ્યક્ત્વવાળા દેવ-નારકોને પરભવમાં મનુષ્ય-સંબંધી સુખસમૃદ્ધિ મળે...)

## ❋ ક્ષાયિકસમ્યક્ત્વી અંગે વિચારણા ❋

**(૧) પ્રાપ્તિપ્રક્રિયા :** અપૂર્વકરણના માધ્યમે જેણે મિથ્યાત્વમોહનીયના ત્રણ પુંજ કર્યા છે તેવો જીવ ચોથા ગુણઠાણાથી લઈને મોહનીયકર્મને ખપાવવાની શરૂઆત કરે છે... તેમાં સૌ પ્રથમ અનંતાનુબંધી ચાર કષાય અને મિથ્યાત્વમોહનીય-મિશ્રમોહનીય-સમ્યક્ત્વમોહનીયરૂપ ત્રણ પુંજ; એમ કુલ દર્શનસપ્તકનો જ્યારે ક્ષય થાય છે, ત્યારે એ જીવ ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે.

**(૨) ગતિવિચારણા :** દર્શનસપ્તકના ક્ષયજન્ય ક્ષાયિકી દૃષ્ટિ અબદ્ધાયુષ્ક જીવને (તીર્થંકર નામકર્મ નિકાચિત ન કર્યું હોય તો) એ જ ભવમાં મોક્ષનું કારણ બને છે, અને બદ્ધાયુષ્ક જીવને ત્રીજા ભવે... અને અસંખ્યવર્ષના તિર્યંચ-મનુષ્યનું આયુષ્ય જેણે બાંધ્યું છે તેવા જીવોને ચોથા ભવે મોક્ષનું કારણ બને છે... આ વિષયમાં કહ્યું છે કે –

"મિથ્યાત્વમોહનીય વગેરે સાત પ્રકૃતિનો ક્ષય થતાં જીવ ક્ષાયિકસમ્યક્ત્વ પામે છે. તેમાં જે બદ્ધાયુષ્ક જીવ હોય, તે દર્શનસપ્તકનો ક્ષય થતાં સ્થિર રહે છે. (અર્થાત્ ક્ષપક-શ્રેણિ ચડતો નથી) તેવો પૂર્વબદ્ધાયુષ્ક જીવ ત્રીજે કે ચોથે ભવે મોક્ષે જનારો હોય છે. અને ઇતર=અબદ્ધાયુષ્ક જીવ 'તદ્ભવમોક્ષગામી' હોય છે✪..."

छायासन्मित्रम्

(30) मिथ्यात्वादौ क्षीणे क्षायिकः स सप्तके क्षीणे तिष्ठति बद्धायुष्कः ।
चतुस्त्रिभवभाविमोक्षस्तद्भवसिद्धिश्च इतरश्च ॥२॥

---

✪ **પંચસંગ્રહમાં** કહ્યું છે કે –

"तइय चउत्थे तंमि व भवंमि सिज्झंति दंसणे खीणे ।
जं देवनरयऽसंखाउचरमदेहेसु ते होंति ॥४७॥"

अथाविरतगुणस्थानवर्तिनो जीवस्य कृत्यमाह –

देवे गुरौ च सङ्घे च, सद्भक्तिं शासनोन्नतिम् ।
अव्रतोऽपि करोत्येव, स्थितस्तुर्ये गुणालये ॥२३॥

गुणतीर्थ

**આશય :** ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ તદ્ભવે અથવા ત્રીજા ભવે અથવા ચોથા ભવે મોક્ષ પામે છે, તેનાથી વધુ ભવ કરતો નથી... તેમાં (૧) પૂર્વે આયુષ્ય ન બાંધ્યું હોય તેવો ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ જો જિનનામ ન બાંધ્યું હોય, એ જિનનામને નિકાચિત ન કર્યું હોય, તો તરત ક્ષપકશ્રેણિ માંડી કેવળજ્ઞાન પામી અવશેષાયુ ભોગવી તે જ ભવે મોક્ષ પામે છે. આ અપેક્ષાએ એક જ ભવે મોક્ષ થાય.✪

(૨) એ જીવે ક્ષાયિકસમ્યક્ત્વ પામ્યા પહેલા જ જો દેવ કે નરકાયુષ્ય બાંધ્યું હોય, તો ત્યાંથી વૈમાનિક દેવમાં કે રત્નપ્રભા નારકીમાં જઈ ત્યાંથી મનુષ્યપણું પામી મોક્ષે જાય છે. આમ ત્રણ ભવ થાય.

(૩) જેણે મનુષ્ય કે તિર્યંચનું આયુષ્ય બાંધ્યું હોય, તે અસંખ્યવર્ષાયુષ્યવાળો મનુષ્ય-તિર્યંચ થઈ ત્યાંથી દેવ થઈ મનુષ્યપણું પામી મોક્ષે જાય છે.Δ આમ ચાર ભવ થાય

આમ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવને એક, ત્રણ કે ચાર ભવ થાય. પણ બે ભવ ન થાય... તેમજ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ ચારે ગતિમાં જાય... પરંતુ દેવલોકમાં વૈમાનિકમાં જાય. મનુષ્ય-તિર્યંચમાં અસંખ્યવર્ષના આયુષ્યવાળામાં અને ચરમભવે સંખ્યાતવર્ષના આયુષ્ય-વાળામાં અને નરકમાં રત્નપ્રભા નારકમાં (અર્થાત્ પહેલી નરકમાં અને મતાંતરે ત્રણ નરકમાં) જાય.

હવે અવિરતસમ્યગ્દષ્ટિ ગુણઠાણે રહેલા જીવનું કૃત્ય શું ? એ બતાવે છે –

## ❋ સમ્યગ્દષ્ટિનું જીવનકૃત્ય ❋

**શ્લોકાર્થ : ચોથે ગુણઠાણે રહેલો જીવ વ્રત વિનાનો હોવા છતાં પણ દેવ પ્રત્યે, ગુરુ પ્રત્યે, સંઘ પ્રત્યે શ્રેષ્ઠ ભક્તિને તેમજ શાસનની ઉન્નતિને કરે છે જ. (૨૩)**

---

✪ નવ્યશતકની ૯૯ ગાથાની દેવેન્દ્રસૂરિકૃત વૃત્તિમાં કહ્યું છે કે - ''यदि पुनरबद्धायुः क्षपकश्रेणिमारभते ततः सप्तके क्षीणे नियमादनुपरतपरिणाम एव चारित्रमोहनीयक्षपणाय यत्नमारभते ।'

Δ **પંચસંગ્રહ ઉપશમનાકરણની ૪૭મી ગાથાની મૂળટીકામાં** કહ્યું છે કે – ''तृतीये चतुर्थे वा तस्मिन् वा भवे सिद्ध्यन्ति, सप्तके क्षीणे जीवा इति गम्यते, यतो=यस्माद् बद्धायुष्का वैमानिकदेवेषु रत्नप्रभानारकेषु वा क्षपितसप्तका गच्छन्ति, ते तु तद्भवानुभवनात् तृतीये भवे सेत्स्यन्ति, असङ्ख्येयवर्षायुस्तिर्यग्मनुष्येषु ये बद्धायुष्काः सप्तकं क्षपयन्ति तेऽपि द्विभवानुभवनाच्चतुर्थभवे सेत्स्यन्ति, ये तु अबद्धायुष्काः सप्तकं क्षपयन्ति ते चरमदेहाः स्वस्मिन्नेव भवे सिद्ध्यन्तीति गाथार्थः ।''

व्याख्या-'तुर्ये' **चतुर्थे** 'गुणालये' **गुणस्थाने अविरतसम्यग्दृष्टिलक्षणे वर्त्तमानो जीवः** 'अव्रतो' **व्रतनियमरहितो** 'देवे' **देवविषये**, 'गुरौ' **गुरुविषये**, 'सङ्घे' **श्रीसङ्घविषये** 'सद्भक्तिं' **पूजाप्रणतिवात्सल्यादिरूपां करोति, तथा** 'शासनोन्नतिं' **शासनप्रभावनां करोत्येव, प्रभावकश्रावकत्वात् । यदाह –**

**ગુણતીર્થ**

**વિવેચન :** 'અવિરતસમ્યગ્દષ્ટિ' નામના ચોથા ગુણઠાણે રહેલો જીવ અવ્રતી હોય છે. અર્થાત્ અણુવ્રત વગેરે વ્રત-નિયમના પાલન વિનાનો હોય છે... તો પણ એ નીચે બતાવેલા ચાર જીવનકૃત્યોમાં તો અત્યંત આદરપૂર્વક પ્રયત્નશીલ હોય છે. તે ચાર કૃત્યો આ પ્રમાણે છે –

**(૧) દેવસમુપાસના :** વીતરાગ પરમાત્મા પ્રત્યે અતિશય અહોભાવ, એમની આદરપૂર્વક પૂજા-ભક્તિ, એમના અસાધારણ ગુણોની ભાવપૂર્વક સ્તવના, એમના વચનો પ્રત્યે અવિહડ રાગ, એમની આજ્ઞા અનુસારે જીવનશૈલી જીવવાનો ઉચ્ચપરિણામ - આ બધું પરમાત્માની સાચી ભક્તિસ્વરૂપ છે.

**(૨) સદ્ગુરુસેવા :** ગુરુભગવંત પ્રત્યે જબરદસ્ત આસ્થા અને શ્રદ્ધા... એમની ગોચરી-પાણી વગેરેના માધ્યમે સુંદર ભક્તિ... પોતાના અનુકૂળ વ્યવહારો દ્વારા એમને પ્રસન્નતાનું અર્પણ... તેઓશ્રી પાસે આત્મહિત મેળવવાનો તીવ્ર તલસાટ... તેઓશ્રી જે કહે તેને સાંભળવાની-સ્વીકારવાની-સુધારવાની પવિત્રતમ પાત્રતા - આ બધું ગુરુભગવંતની યથાર્થ ભક્તિરૂપ છે.

**(૩) સંઘભક્તિ :** સંઘની સાદર ભક્તિ... સંઘ પ્રત્યે ઝુકાવ... સંઘ પ્રત્યે અપ્રતીમ વાત્સલ્ય... સંઘના કોઈપણ વ્યક્તિની અવહેલના ન કરવાનો સંકલ્પ... દરેક પ્રવૃત્તિમાં સંઘને જ પ્રધાન બનાવવાની જીવનવૃત્તિ – આ બધું સંઘની અનન્ય ભક્તિરૂપ છે.

**(૪) શાસન ઉન્નતિ :** શાસનની અદ્ભુત પ્રભાવના... ઇતરોને પણ જૈનશાસન પ્રત્યે ઝુકાવ ઊભો થાય એવા વ્યવહારો કરવા... સાતે ક્ષેત્રોમાં તન-મન-ધનથી ભક્તિ કરવી... શાસન પ્રત્યે બેહદ રાગ કેળવવો... આ રીતે કરવા દ્વારા શાસનની ઉન્નતિ કરવી.

સમ્યગ્દષ્ટિ જીવ આ બધા કૃત્યોને આત્મસાત્ કરે છે જ... કારણ કે એ 'પ્રભાવકશ્રાવક' છે. (પ્રભાવકશ્રાવક આ બધાને જીવનકર્તવ્યરૂપ માનીને આદરપૂર્વક એનું પાલન કરે છે....) એટલે જ કહ્યું છે કે –

"જે વ્યક્તિ અવિરત હોવા છતાં પણ, હંમેશાં સંઘ પ્રત્યે ભક્તિ અને તીર્થની ઉન્નતિ કરે છે, તે ચોથા ગુણઠાણે રહેલો અવિરતસમ્યગ્દષ્ટિ જીવ પણ 'પ્રભાવક શ્રાવક' કહેવાય છે..."

"[31]जो अविरओऽवि संघे, भत्तिं तित्थुण्णइं सया कुणई ।
अविरयसम्मद्दिट्ठी, पभावगो सावगो सोवि ॥१॥"

**तथाऽविरतसम्यग्दृष्टिगुणस्थानस्थो जीवस्तीर्थकृदायुर्द्विकस्य बन्धात् सप्तसप्ततेर्बन्धकः, तथा मिश्रोदयव्यवच्छेदादानुपूर्वीचतुष्कसम्यक्त्वोदयाच्च चतुरुत्तरशतस्य**

गुणतीर्थ

હવે અવિરતસમ્યગ્દષ્ટિ ગુણઠાણે કેટલી કર્મપ્રકૃતિઓનો બંધ-ઉદય-સત્તા હોય, તે બતાવવા ગ્રંથકારશ્રી કહે છે –

## ❋ અવિરતગુણઠાણે બંધ-ઉદય-સત્તા ❋

**બંધ :** મિશ્રગુણઠાણે કહેલ બંધપ્રાયોગ્ય ૭૪ પ્રકૃતિમાં (૧) તીર્થંકરનામકર્મ, (૨) મનુષ્યાયુષ્ય, અને (૩) દેવાયુષ્ય - આ ત્રણ પ્રકૃતિનો બંધ ઉમેરવાથી, ચોથે અવિરત-સમ્યગ્દષ્ટિ ગુણઠાણે રહેલો જીવ **૭૭** પ્રકૃતિઓનો બંધ કરે છે.

**ઉદય :** મિશ્રગુણઠાણે કહેલ ઉદયપ્રાયોગ્ય ૧૦૦ પ્રકૃતિમાંથી મિશ્રમોહનીયનો અહીં ઉદયવિચ્છેદ થતાં ૯૯ પ્રકૃતિ... અને તેમાં (૧-૪) ચાર આનુપૂર્વી, અને (૫) સમ્યક્ત્વમોહનીય - આ પાંચ પ્રકૃતિઓનો ઉદય ઉમેરાતા કુલ **૧૦૪** પ્રકૃતિઓનો ઉદય આ ગુણઠાણે રહેલા જીવને હોય છે...

**સત્તા :** આ ગુણઠાણે ચરમશરીરી ક્ષાયિકસમ્યક્ત્વવાળા જીવને (૧-૭) દર્શનસપ્તક, અને (૮-૧૦) પોતાના ભોગવાતા મનુષ્યાયુષ્ય સિવાય બાકીનાં ત્રણ આયુષ્ય – આ ૧૦ પ્રકૃતિની સત્તા ન હોય, એટલે એ વિના બાકીની ૧૩૮ પ્રકૃતિઓની સત્તા હોય... આ ગુણઠાણાથી (૧) ઉપશમક, અને (૨) ક્ષપક – બે પ્રકારના જીવો હોય છે. (ઉપશમસમ્યક્ત્વ પામી ઉપશમશ્રેણિ માંડનારો જીવ 'ઉપશમક' કહેવાય, અને ક્ષાયિકસમ્યક્ત્વ પામી ક્ષપકશ્રેણિ ચડનારો જીવ 'ક્ષપક' કહેવાય...) તેમાં (૧) ઉપશમકને ચારથી અગ્યાર ગુણઠાણા સુધી - તમામ પ્રકૃતિની સત્તા સંભવિત હોવાથી★ - ૧૪૮ પ્રકૃતિની સત્તા હોય...

छायासन्मित्रम्

(31) योऽविरतोऽपि सङ्घे भक्तिं तीर्थोन्नतिं सदा करोति ।
अविरतिसम्यग्दृष्टिः प्रभावकः श्रावकः सोऽपि ॥१॥

★ અલબત્ત, ઉપશમશ્રેણિ આદિવાળા ઉપશમકને નરક-તિર્યંચાયુષ્યની સત્તા ન હોય, પણ એ જીવો ઉપશમ અવસ્થાથી પતન પામીને એ આયુષ્ય બાંધી તો શકે છે જ... એટલે તેઓમાં યોગ્યતા તો પડેલી જ છે... અને માટે જ સંભવસત્તાને લઈને તે બે આયુષ્યની સત્તા બતાવી હોય તેવું લાગે છે.

**वेदयिता, तथा अष्टत्रिंशदधिकशतसत्ताको भवति, उपशमकस्तु चतुर्थादेकादशान्तं सर्वत्राष्टाचत्वारिंशदधिकशतसत्ताको लभ्यते, क्षपकस्य तु सत्ता प्रतिगुणस्थानं दर्शयिष्यते ॥२३॥**

**॥ इत्यविरतसम्यग्दृष्टिगुणस्थानं चतुर्थम् ॥**

**अथ पञ्चमगुणस्थानस्वरूपमाह –**

प्रत्याख्यानोदयाद्देशविरतिर्यत्र जायते ।

तच्छ्राद्धत्वं हि देशोनपूर्वकोटिगुरुस्थिति ॥२४॥

व्याख्या-**जीवस्य सम्यक्त्वावबोधजनितवैराग्योपचयात्सर्वविरतिवाञ्छां कुर्वतोऽपि सर्वविरतिघातकप्रत्याख्यानावरणाख्यकषायाणामुदयात्सर्वविरतिप्रतिपत्तिशक्तिर्न**

**ગુણતીર્થ**

અને (૨) ક્ષપકને કેટલી સત્તા હોય ? તેનું નિરૂપણ અમે તે તે ગુણઠાણે જ કરીશું... (ક્ષપકની સત્તાનું વર્ણન ૪૮મી ગાથાથી કરશે...)

| ગુણસ્થાન | બંધ | ઉદય | સત્તા |
|---|---|---|---|
| અવિરતસમ્યક્ત્વ | ૭૭ | ૧૦૪ | ૧૪૮ |

આ પ્રમાણે ચોથા ગુણસ્થાનકનું સ્વરૂપવર્ણન પૂર્ણ થયું.

## (૫) દેશવિરતિગુણસ્થાનક

હવે ગ્રંથકારશ્રી પાંચમા ગુણઠાણાનું સ્વરૂપ બતાવે છે –

**શ્લોકાર્થ : પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયથી (પૂર્ણપણે નહીં; કિંતુ) દેશથી= આંશિકરૂપે જ્યાં વિરતિ ઉત્પન્ન થાય, તે (પાંચમા દેશવિરતિગુણઠાણારૂપ) શ્રાવકપણું કહેવાય. અને એ શ્રાવકપણું (ઉત્કૃષ્ટથી) દેશોન પૂર્વક્રોડવર્ષ જેટલી દીર્ઘકાળસ્થિતિવાળું છે. (૨૪)**

**વિવેચન :** કોઈક જીવને સમ્યગ્દર્શન અને વિવેકજ્ઞાનના બળે પ્રબળ વૈરાગ્ય ઉત્પન્ન થયો છે, એનાથી એ જીવ સર્વસાવદ્યયોગોનાં વિરમણરૂપ સર્વવિરતિને સ્વીકારવા માટે તીવ્ર ઝંખના કરી રહ્યો છે, છતાં પણ સર્વવિરતિના ઘાતક (=સર્વવિરતિ સ્વીકારવા ન દેનાર) 'પ્રત્યાખ્યાનાવરણ' નામના ત્રીજા ક્રોધાદિરૂપ કષાયોથી, એ જીવને સર્વવિરતિ સ્વીકારી લેવાનું સામર્થ્ય ઉત્પન્ન થતું નથી.

આ રીતે ભલે એ જીવ સર્વવિરતિ ન સ્વીકારી શકે, પણ દેશવિરતિ (=આંશિકરૂપે પાપવ્યાપારોથી વિરમણરૂપ દેશવિરતિ) તો એ પામી જ શકે છે... હવે આ દેશવિરતિ

**समुत्पद्यते, किन्तु जघन्यमध्यमोत्कृष्टरूपा देशविरतिरेव जायते । तत्र** जघन्या **विरतिराकुट्टि-स्थूलहिंसादित्यागान्मद्यमांसादिपरिहारात्परमेष्ठिनमस्कृतिस्मृतिनियममात्रधारणात्, यदाह —**

"[32]आउट्टिथूलहिंसाइमज्जमंसाइचायओ ।
जहन्नो सावओ होइ, जो नमुक्कारधारओ ॥१॥"

**तथा** मध्यमा **विरतिरक्षुद्रादिभिर्न्यायसंपन्नविभव इत्यादिभिर्वा धर्मयोग्यतागुणै-**

**ગુણતીર્થ**

ત્રણ સ્વરૂપે છે. તે આ પ્રમાણે - (૧) જઘન્યદેશવિરતિ, (૨) મધ્યમદેશવિરતિ, અને (૩) ઉત્કૃષ્ટદેશવિરતિ... આ ત્રણેનું સ્વરૂપ વૃત્તિકારશ્રી ક્રમશઃ બતાવે છે —

## ❋ ત્રિવિધ દેશવિરતિનું સ્વરૂપવર્ણન ❋

**(૧) જઘન્યદેશવિરતિ :**

(ક) આકુટ્ટિથી=જાણી જોઈને કરાતી સ્થૂલહિંસા આદિનો ત્યાગ કરવો... પ્રમાદના કારણે જીવોનો નાશ કરવો એ હિંસા છે... હિંસાના સ્થૂલ અને સૂક્ષ્મ એમ બે પ્રકાર છે. પૃથ્વીકાયાદિ પ્રાણીઓનો નાશ કરવો એ સૂક્ષ્મહિંસા છે અને બેઇંદ્રિયાદિ ત્રસ જીવોનો નાશ કરવો એ સ્થૂલહિંસા છે. અહીં આદિશબ્દથી સ્થૂલમૃષાવાદ, સ્થૂલ અદત્તાદાન, સ્થૂલમૈથુન અને સ્થૂલપરિગ્રહ એ બધું પણ સમજવું.

(ખ) દારૂ, માંસ વગેરે જે આરંભ-સમારંભ-ઉન્માદજનક પદાર્થો છે, તે બધાનો ત્યાગ કરવો.

(ગ) અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુભગવંત — આ પાંચ પરમેષ્ઠિઓને નમસ્કાર કરવો, એમનું સ્મરણ કરવું - એટલો (=નમસ્કારાદિનો) માત્ર નિયમ લેવો...

આ ત્રણે પ્રકારના સમુદાયથી જીવ જઘન્ય દેશવિરતિ પામે છે. આ અંગે સિદ્ધાંતમાં પણ કહ્યું છે કે —

"જે જીવ આકુટ્ટિથી (=જાણી જોઈને) સ્થૂલહિંસા વગેરેના અને મદ્ય-માંસ વગેરેના ત્યાગપૂર્વક પંચપરમેષ્ઠિના નમસ્કારને ધારણ કરનારો હોય, તે જીવ 'જઘન્યશ્રાવક' બને છે."

**(૨) મધ્યમદેશવિરતિ :** (ક) અક્ષુદ્ર વગેરે ૨૧ ગુણોથી યુક્ત, અથવા (ખ)

**छायासन्मित्रम्**

**(32)** आकुट्टीस्थूलहिंसादिमद्यमांसादित्यागात् ।
जघन्यः श्रावको भवति, यो नमस्कारधारकः ॥१॥

राकीर्णस्य गृहस्थोचितषट्कर्मनिरतस्य द्वादशव्रतपालकस्य सदाचारस्य भवति, यदाह –

"[33]धम्मजुग्गगुणाइण्णो, छक्कम्मो बारसव्वओ ।
गिहत्थो य सयायारो, सावओ होइ मज्झिमो ॥१॥"

गुणतीर्थ

ન્યાયસંપન્ન વૈભવ વગેરે ધર્મની યોગ્યતા પ્રાપ્ત કરાવનાર માર્ગાનુસારીપણાંના ૩૫ ગુણોથી યુક્ત, (ग) ગૃહસ્થપણાંને ઉચિત દેવપૂજા વગેરે ૬ કર્તવ્યોને પાલન કરવામાં તત્પર, (घ) બાર વ્રતોને પાલન કરવામાં ઉદ્યમશીલ, અને (ङ) સદાચારસંપન્ન - આવા શ્રાવકને મધ્યમ દેશવિરતિ હોય છે.

અહીં જે ષટ્કર્મ અને બાર વ્રત કહ્યા એ હમણાં આગળ જ આપણે ૨૫મી ગાથાની વૃત્તિમાં જોઈશું... અને અક્ષુદ્રતાદિ ૨૧ ગુણો તેમજ ન્યાયસંપન્ન વૈભવાદિ ૩૫ ગુણો હમણાં આપણે સંક્ષેપમાં જોઈ લઈએ –

**અક્ષુદ્રતાદિ ૨૧ ગુણો :** (સંબોધસિત્તરી અનુસારે)

(૧) अक्खुद्दो - કોઈનો દ્રોહ વગેરે ન કરવાના સ્વભાવવાળો.. તુચ્છ મન વિનાનો...

(૨) रूववं - સુંદર રૂપવાળો.

(૩) पगइसोमो - સ્વભાવે એકદમ સૌમ્યપ્રકૃતિવાળો.

(૪) लोगप्पिओ - લોકપ્રિય, બધા લોકોને ગમી જનારો.

(૫) अकूरो - પ્રવૃત્તિ કે પરિણતિમાં ક્રૂરતા વિનાનો...

(૬) भीरू - પાપથી ભય પામનારો.

(૭) असढो - અશઠ=શઠતારહિત, લુચ્ચાઈ વિનાનો.

(૮) सुदक्खिन्नो - અત્યંત દાક્ષિણ્યગુણવાળો.

(૯) लज्जालुओ - એકદમ લજ્જાળુ.

(૧૦) दयालु - દયાસંપન્ન.

(૧૧) मज्झत्थो सोमदिट्ठी - મધ્યસ્થ હોવા સાથે સૌમ્યદષ્ટિવાળો.

(૧૨) गुणरागी - ગુણો તરફ અનુરાગ ધરાવનારો.

छायासन्मित्रम्

(33) धर्मयोग्यगुणाकीर्णः षट्कर्मा द्वादशव्रतः ।
गृहस्थश्च सदाचारः श्रावको भवति मध्यमः ॥१॥

(१३) सक्कहजुत्तो - સારી વાતો જ કરનારો.

(૧૪) सुपक्खजुत्तो - સારા પક્ષ=પરિવારવાળો.

(૧૫) सुदीहदंसी - સુદીર્ઘદષ્ટિ=અત્યંત દીર્ઘદષ્ટિએ વિચાર કરનારો.

(૧૬) विसेसन्नू - વિશેષજ્ઞ=દ્રવ્યાદિના વિશેષને જાણનારો.

(૧૭) वुड्ढाणुगो - વૃદ્ધજનોને અનુસરનારો...

(૧૮) विणीओ - વિનયસંપન્ન...

(૧૯) कयन्नुओ - કૃતજ્ઞ=બીજાએ કરેલા ઉપકારને જાણનારો.

(૨૦) परजणस्स हिअकारी - બીજા માણસોનું હિત કરનારો.

(૨૧) लद्धलक्खो - લબ્ધલક્ષ્ય=કોઈપણ વસ્તુના લક્ષ્યને-રહસ્યને સમજી જનારો.

**માર્ગાનુસારીપણાંના ૩૫ ગુણો :** (ધર્મબિંદુ અનુસારે)

(૧) कुलक्रमागतमनिन्द्यं विभवाद्यपेक्षया न्यायतोऽनुष्ठानम् । અર્થ : કુલપરંપરાથી આવેલ, અનિંદનીય, પોતાની પાસે રહેલ મૂડી વગેરેના પ્રમાણે આચરણ કરાતું એવું ન્યાયપૂર્વકનું ધનપ્રાપ્તિ માટેનું અનુષ્ઠાન કરવું.

(૨) समानकुलशीलादिभिरगोत्रजैर्वैवाह्यम्, अन्यत्र बहुविरुद्धेभ्यः । અર્થ : જે કુલ અને શીલ આદિથી સમાન હોય, અને ભિન્નગોત્રવાળા હોય, તેવાઓની સાથે વિવાહનો સંબંધ કરવો... બહુ વિરોધવાળા લોકોની સાથે વિવાહનો સંબંધ ન કરવો.

(૩) दृष्टादृष्टबाधाभीतता - પ્રત્યક્ષ જોવાયેલા અને અનુમાનાદિથી જણાયેલા ઉપદ્રવોનો ભય રાખવો... (ઉપદ્રવોનો ભય હોય તો ઉપદ્રવના કારણરૂપ અન્યાય-જુગાર વગેરેથી દૂર રહી શકાય. જુગાર વગેરે પ્રત્યક્ષ જોવાયેલા ઉપદ્રવવાળા છે અને મદ્યમાંસાદિ અનુમાનાદિથી જણાયેલા ઉપદ્રવવાળા છે.)

(૪) शिष्टचरितप्रशंसनम् - સદાચારી અને જ્ઞાનવૃદ્ધ એવા શિષ્ટ પુરુષોના આચારની પ્રશંસા કરવી...

(૫) अरिषड्वर्गत्यागेनाविरुद्धार्थप्रतिपत्त्या इन्द्रियजयः । અર્થ : કામ, ક્રોધ, લોભ, માન, મદ અને હર્ષ - આ છ આંતર શત્રુઓના ત્યાગ દ્વારા, અવિરુદ્ધ અર્થના સ્વીકાર દ્વારા (=ગૃહસ્થાવસ્થાને ઉચિત ધર્મ અને અર્થ પુરુષાર્થને બાધ ન આવે એ રીતે ઇન્દ્રિયોના વિષયનો સ્વીકાર કરવા દ્વારા) ઇન્દ્રિયજય=આસક્તિત્યાગના માધ્યમે ઇન્દ્રિયના વિકારનો નિરોધ કરવો.

(૬) उपप्लुतस्थानत्यागः - દુષ્કાળ, મારિ, લોકવિરોધ વગેરે ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરવો, તેવા સ્થાનમાં ન રહેવું.

(૭) स्वयोग्यस्याऽऽश्रयणम् - પોતાનું સુવ્યવસ્થિતરૂપે રક્ષણ કરી શકે તેવા સ્વયોગ્ય પુરુષનો આશરો લેવો. તેમને આત્મસમર્પણ કરવું.

(૮) प्रधानसाधुपरिग्रहः - પ્રધાન (=દાક્ષિણ્યતાદિગુણસભર) અને શ્રેષ્ઠ (=સદાચારના આગ્રહવાળા) એવા પુરુષોનો સ્વીકાર કરવો, એમને પોતાના પરિવાર તરીકે રાખવા.

(૯) स्थाने गृहकरणम् - ગુપ્તસ્થાન વગેરે અસ્થાનોથી વર્જિત ઉચિત સ્થાને ઘર બનાવવું.

(૧૦) विभवाद्यनुरूपो वेषो विरुद्धत्यागेन । અર્થ : વૈભવ, વય, અવસ્થા વગેરેના અનુસારે વેષ પહેરવો... અને કામ-વિકારાદિ ઉત્પાદક વિરુદ્ધ વેષનો ત્યાગ કરવો...

(૧૧) आयोचितो व्ययः - આવક મુજબ પોષ્યપોષણ, સ્વભોગ, દેવપૂજન વગેરેમાં ધનનો ત્યાગ કરવો.

(૧૨) प्रसिद्धदेशाचारपालनम् - શિષ્ટ પુરુષોને સંમત હોઈ દેશમાં રૂઢ=પ્રસિદ્ધ બનેલા ભોજન-વસ્ત્રાદિના વ્યવહારરૂપ આચારોનું પાલન કરવું.

(૧૩) गर्हितेषु गाढमप्रवृत्तिः - નિંદનીય કાર્યોમાં બિલકુલ પ્રવૃત્તિ ન કરવી.

(૧૪) सर्वेष्ववर्णवादत्यागो विशेषतो राजादिषु । અર્થ : બધાની નિંદાનો ત્યાગ કરવો... અને રાજા વગેરેની નિંદાનો વિશેષથી ત્યાગ કરવો.

(૧૫) असदाचारैरसंसर्गः - દુરાચારી લોકોની સાથે સંબંધ ન રાખવો

(૧૬) संसर्गः सदाचारैः - સદાચારી લોકોની સાથે સંબંધ રાખવો.

(૧૭) अनुद्वेजनीया प्रवृत्तिः - કોઈને પણ ઉદ્વેગનું કારણ ન બને તેવી પ્રવૃત્તિ કરવી.

(૧૮) भर्तव्यभरणम् - પોષણ કરવા યોગ્ય એવા માતા-પિતા, આશ્રિત સ્વજન, નોકર વગેરેનું પોષણ કરવું.

(૧૯) गर्ह्ये ज्ञान-स्वगौरवरक्षे - પોષ્ય વર્ગમાંથી અનાચારાદિના કારણે કોઈ નિંદનીય બને, તો પહેલા (એણે ગુનો કર્યો છે કે નહીં ? ઇત્યાદિરૂપ) જ્ઞાન મેળવી લેવું... અને પછી સ્વથી=પોતાથી, એ ગુનેગારના ગૌરવ=સત્કારની રક્ષા=નિવારણ કરવું... અર્થાત્ પોતાના નિમિત્તે ગુનેગારનો સત્કાર થાય તેવી કોઈપણ પ્રવૃત્તિ ન કરવી, નહીં તો તેની અનુમોદનાનો દોષ લાગે.

(૨૦) देवा-ऽतिथि-दीनप्रतिपत्तिः - દેવ, અતિથિ અને દીનની સેવા કરવી.

(૨૧) सात्म्यतः कालभोजनम् - સુખ ઉપજાવે તેવા આહારાદિનું યોગ્યકાળે ભોજન કરવું...

(૨૨) लौल्यत्यागः - લોલુપતા છોડી દેવી...

(૨૩) अजीर्णे अभोजनम् - અજીર્ણમાં ભોજન ન કરવું.

(૨૪) अदेशकालचर्यापरिहारः - દેશવિરુદ્ધ અને કાળવિરુદ્ધ આચરણનો ત્યાગ કરવો.

(૨૫) यथोचितं लोकयात्रा - યથોચિત (=જે વ્યક્તિને જે લોકયાત્રા ઉચિત હોય તેણે તેટલી) લોકયાત્રા=લોકોના ચિત્તને અનુસરવારૂપ વ્યવહાર કરવો.... અન્યથા લોકો એના ઉપર દુષ્ટ મનવાળા થાય છે.

(૨૬) अतिसङ्गवर्जनम् - બધાની જ સાથે અતિ પરિચયનો ત્યાગ કરવો. (કારણ કે અતિ પરિચયથી ગુણવાન્ પ્રત્યે પણ અનાદર થાય.)

(૨૭) वृत्तस्थज्ञानवृद्धसेवा - અસદાચારથી નિવૃત્ત અને સદાચારસંપન્ન એવા જ્ઞાનવૃદ્ધોની સેવા કરવી...

(૨૮) परस्परानुपघातेनान्योन्यानुबद्धत्रिवर्गप्रतिपत्तिः । અર્થ : પરસ્પર સંબદ્ધ એવા ત્રિવર્ગનું (=ધર્મ - અર્થ અને કામ પુરુષાર્થનું) એકબીજાને બાધા ન આવે તે રીતે સેવન કરવું...

(૨૯) बलाबलापेक्षणम् - કોઈપણ કાર્યમાં પ્રવૃત્તિ કરતા પહેલા પોતાના બળની (=આત્મસામર્થ્યની) અને અબળની વિચારણા કરવી જોઈએ.

(૩૦) अनुबन्धे प्रयत्नः - ધર્મ-અર્થાદિની ઉત્તરોત્તર વૃદ્ધિમાં અતિશય પ્રયત્ન કરવો જોઈએ.

(૩૧) कालोचितापेक्षा - જે કાળે જે વસ્તુ છોડવી કે સ્વીકારવી ઉચિત હોય, તેનો તે મુજબ છોડવા-લેવાનો વ્યવહાર કરવો.

(૩૨) प्रत्यहं धर्मश्रवणम् - દરરોજ ધર્મશ્રવણ કરવું.

(૩૩) सर्वत्रानभिनिवेशः - કોઈપણ કાર્યમાં અભિનિવેશ ન રાખવો, આગ્રહ છોડી દેવો.

(૩૪) गुणपक्षपातिता - દાક્ષિણ્ય વગેરે ગુણોમાં પક્ષપાત કેળવવો. પક્ષપાત એટલે

**तथा** उत्कृष्टा **विरतिः सच्चित्ताहारवर्जकस्य सदैव कृतैकभक्तस्यानिन्द्यब्रह्मव्रतपालकस्य महाव्रताङ्गीकारस्पृहयालुतया त्यक्तगृहद्वन्द्वस्य श्रमणोपासकस्य भवति, यदाह –**

"[34]उक्कोसेणं तु सड्ढो उ, सच्चित्ताहारवज्जओ ।
एगासणगभोई अ, बंभयारी तहेव य ॥१॥"

**गुणतीर्थ**

ગુણી જીવો પર બહુમાનભાવ રાખવો, તેમની પ્રશંસા કરવી, તેમને સહાય કરવી - ઈત્યાદિરૂપે ગુણી આત્માઓને અનુકૂળ પ્રવૃત્તિ કરવી...

(૩૫) ऊहापोहादियोगः - ઊહ, અપોહ, તત્ત્વાભિનિવેશ, શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણ અને વિજ્ઞાન આ બુદ્ધિના આઠ ગુણોનો યોગ કરવો.

આ પ્રમાણે મધ્યમશ્રાવકનો ગુણવૈભવ બતાવ્યો... આ વિષયમાં કહ્યું છે કે –

"ધર્મયોગ્ય (૨૧ કે ૩૫) ગુણોથી વ્યાપ્ત, છ કર્તવ્યોમાં નિરત, બાર વ્રતને ધારણ કરનારો, સદાચારસંપન્ન એવો ગૃહસ્થ 'મધ્યમશ્રાવક' થાય છે."

**(૩) ઉત્કૃષ્ટદેશવિરતિ :** (૧) સચિત્ત આહારનો ત્યાગ કરનાર, (૨) હંમેશાં એકાસણું કરનાર, (૩) અનિંદનીય અને બ્રહ્મચર્ય મહાવ્રતનું પાલન કરનાર, (૪) મહાવ્રતો સ્વીકારવાનો તીવ્ર તલસાટ હોવાથી ઘરનાં સુખ-દુઃખાદિના દ્વંદ્વોનો ત્યાગ કરનાર - આવા શ્રમણોપાસકને ઉત્કૃષ્ટ દેશવિરતિ હોય છે.

આ વિષયમાં કહ્યું છે કે –

"જે જીવ (૧) સચિત્તાહારનો ત્યાગ કરનારો હોય, (૨) એકાસણું કરીને વાપરનારો હોય, અને (૩) બ્રહ્મચર્યનો પાલક હોય, એ જીવ ઉત્કૃષ્ટથી શ્રાવક કહેવાય..."

આ પ્રમાણે જે ગુણસ્થાનકમાં ત્રણે પ્રકારની દેશવિરતિ જ છે (સર્વવિરતિ નથી), તે સ્પષ્ટપણે શ્રાવક જ છે... તે શ્રાવકપણાંની સ્થિતિ ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વક્રોડવર્ષપ્રમાણ છે. (તે આ પ્રમાણે - પૂર્વક્રોડથી અધિક વર્ષના આયુષ્યવાળો તો વિરતિ જ ન પામી શકે... અને પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળો જીવ સામાન્યથી ૮ વર્ષની વયે જ વિરતિ પામતો હોવાથી, ઉત્કૃષ્ટથી ૮ વર્ષન્યૂન પૂર્વક્રોડવર્ષ જેટલી દેશવિરતિની સ્થિતિ થાય...)

આ વિશે જણાવ્યું છે કે –

**छायासन्मित्रम्**

**(34)** उत्कृष्टेन तु श्राद्धस्तु सचित्ताहारवर्जकः ।
एकाशनकभोजी च ब्रह्मचारी तथैव च ॥१॥

**इत्येवंविधा त्रिविधाऽपि देशविरतिरेव यत्र भवति** 'हि' **स्फुटं तत्** 'श्राद्धत्वं' **श्रावकत्वं स्यात्, तत् कथम्भूतम् ? देशोना पूर्वकोटिर्गुर्वी स्थितिर्यत्र तत् देशोनपूर्वकोटिगुरुस्थिति, यद्भाष्यम् –**

"[35]छावलियं सासायण समहिअतित्तीससागर चउत्थं ।
देसूणपुव्वकोडी, पंचमगं तेरसं च पुणो ॥१॥" **॥२४॥**

**अथ देशविरतौ ध्यानसम्भवमाह –**

**आर्त्तं रौद्रं भवेदत्र, मन्दं धर्म्यं तु मध्यमम् ।**
**षट्कर्मप्रतिमाश्राद्ध-व्रतपालनसम्भवम् ॥२५॥**

व्याख्या-'अत्र' **देशविरतिगुणस्थानके अनिष्टयोगार्त्तम्, इष्टवियोगार्त्तम्, रोगार्त्तम्,**

**ગુણતીર્થ**

"સાસ્વાદનની ઉત્કૃષ્ટસ્થિતિ છ આવલિકાપ્રમાણ છે... ચોથા ગુણઠાણાની ઉત્કૃષ્ટસ્થિતિ સાધિક ૩૩ સાગરોપમપ્રમાણ છે... પાંચમા અને તેરમા ગુણઠાણાની વળી ઉત્કૃષ્ટસ્થિતિ દેશોનપૂર્વક્રોડવર્ષ પ્રમાણ છે..."

હવે દેશવિરતગુણઠાણે કયું ધ્યાન હોય ? અને એ ધ્યાન શેનાથી ઉત્પન્ન થાય ? એ બતાવે છે –

## ❋ દેશવિરતગુણઠાણે ધ્યાનવિચાર ❋

**શ્લોકાર્થ : અહીં દેશવિરતગુણઠાણે આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન મંદ હોય છે, અને શ્રાવકસંબંધી ષટ્કર્મ, ૧૧ પ્રતિમા, ૧૨ વ્રતોનું પાલન એ બધાથી ઉત્પન્ન થયેલું 'ધર્મધ્યાન' મધ્યમ હોય છે. (૨૫)**

**વિવેચન :** અહીં દેશવિરત નામના પાંચમા ગુણઠાણે (૧) આર્ત્તધ્યાન, અને (૨) રૌદ્રધ્યાન - આ બંને અશુભધ્યાન મંદ હોય છે. તાત્પર્ય એ કે, જેમ જેમ દેશવિરતિનો પરિણામ વધુ ને વધુ ઉલ્લસિત થતો જાય, તેમ તેમ આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન મંદ-મંદતર થતા જાય.

**(૧) આર્ત્તધ્યાનના ૪ પ્રકાર :**

(A) **અનિષ્ટ સંયોગ :** ઇન્દ્રિય અને મનને અનિચ્છિત એવા શબ્દ-રૂપ-સ્પર્શાદિનો

**छायासन्मित्रम्**

(35) षडावलीः सास्वादनं समधिकत्रयस्त्रिंशत्सागराणि चतुर्थम् ।
देशोनपूर्वकोटीं पञ्चमकं त्रयोदशं च पुनः ॥१॥

**निदानार्त्तमिति चतुष्पादमार्त्तध्यानम् । रौद्रध्यानं च हिंसानन्दरौद्रम्, मृषावादानन्दरौद्रम्, चौर्यानन्दरौद्रम्, संरक्षणानन्दरौद्रं चेति चतुष्पादं रौद्रध्यानं च मन्दं भवति, कोऽर्थः ? यथा यथा देशविरतिरधिकाऽधिकतरा च भवति, तथा तथाऽऽर्त्तरौद्रध्याने मन्दे मन्दतरे**



સંયોગ સર્જાય, ત્યારે એના પર દ્વેષ કે અરુચિ થાય... 'એ અનિષ્ટ વિષય ક્યારે જાય ?' એવા વિચારોમાં મન ઘુમરાતું રહે, તો એ 'અનિષ્ટસંયોગ' નામનું આર્ત્તધ્યાન બને.

(B) **ઈષ્ટવિયોગ :** શબ્દાદિ ઈચ્છિત વિષયોમાં રાગથી રંગાયેલા જીવને એના અવિયોગ (=છુટા ન પડવા) અંગે જે મનનો ખેંચાવ રહ્યા કરે... તથા ન મળેલી વસ્તુના સંયોગની ઈચ્છારૂપ જે દૃઢ અધ્યવસાય રહ્યા કરે, એ 'ઈષ્ટવિયોગ' નામનું આર્ત્તધ્યાન છે.

(C) **રોગાર્ત્ત :** શૂળ, શિરોવેદના વગેરે વેદના વખતે તેના નિવારણના ઉપાયમાં વ્યાકુળચિત્તવાળાને 'આ વેદના શી રીતે જતી રહે ?' અથવા 'ભવિષ્યમાં આવી વેદના શી રીતે ન થાય ?' એ રીતે જે પ્રબળ વિચારો થયા કરે, એ 'રોગાર્ત્ત' નામનું આર્ત્તધ્યાન છે.

(D) **નિદાનાર્ત્ત :** દેવેન્દ્ર, ચક્રવર્તીપણાનાં સૌંદર્યાદિ ગુણની અને સમૃદ્ધિની યાચનાસ્વરૂપ નિયાણાનું જે ચિંતન થાય છે, તે 'નિદાન' નામનું ચોથું આર્ત્તધ્યાન છે... તે અધમ અને અજ્ઞાનતાભર્યું છે.

**(૨) રૌદ્રધ્યાનના ૪ પ્રકાર :**

(A) **હિંસાનન્દ :** અતિ ક્રોધગ્રહથી ગ્રસ્ત થઈ મનનું લક્ષ્ય... જીવોનો વધ કરવો, વીંધવા, બાંધવા, બાળવા, નિશાન કરવા, મારી નાંખવા ઈત્યાદિ વિષયો પર બંધાય, તો એ 'હિંસાનંદ' નામનું રૌદ્રધ્યાન બને છે. આ ધ્યાન નિર્દય હૈયાવાળાને હોય. અને એ નરકાદિ આપવારૂપ અધમ ફળવાળું બને છે.

(B) **મૃષાવાદાનન્દ :** ચાડી ચૂગલી, અનિષ્ટસૂચક વચન, ગાળ વગેરે અસભ્ય વચન, જીવઘાતના આદેશ વગેરેનું એકાગ્રતાપૂર્વક માનસિક ચિંતન એ 'મૃષાવાદાનન્દ' નામનું રૌદ્રધ્યાન છે. આ ધ્યાન માયાવીને કે ઠગાઈ કરનારને કે ગુપ્તપાપીને હોય છે.

(C) **ચૌર્યાનન્દ :** જીવઘાત કરવા સુધીનું, પરદ્રવ્ય ચોરવાનું થતું અનાર્ય એવું ચિંતન કે જેમાં પરલોકના અનર્થની બિલકુલ પરવા નથી, તે 'સ્તેયાનન્દ' નામનું ત્રીજું રૌદ્રધ્યાન છે. આ ધ્યાન તીવ્ર ક્રોધ અને લોભથી આકુળ મનવાળાને હોય છે.

(D) **સંરક્ષણાનન્દ :** શબ્દાદિ વિષયોના સાધનભૂત ધનના સંરક્ષણમાં તત્પર, અનિષ્ટ કરનારું, બધા પર શંકા કરનારું અને બીજાના (=ધન પર નજર લગાડનારના) ઘાતની

**च स्याताम् । तुः=पुनर्धर्मध्यानं यथा यथा देशविरतिरधिकाऽधिका स्यात्तथा तथा मध्यमं यावदधिकाधिकं भवति, न तूत्कृष्टं धर्मध्यानं स्यादित्यर्थः, यदि पुनस्तत्राप्युत्कृष्टं धर्मध्यानं परिणमति, तदा भावतः सर्वविरतिरेव सञ्जायते, कथम्भूतं धर्मध्यानम् ?** 'षट्कर्मप्रतिमा-श्राद्धव्रतपालनसंभवं' **षट्कर्माणि देवपूजादीनि, यदुच्यते –**

"देवपूजा गुरूपास्तिः, स्वाध्यायः संयमस्तपः ।
दानं चेति गृहस्थानां, षट् कर्माणि दिने दिने ॥१॥"

**गुणतीर्थ**

કલુષિત બુદ્ધિથી વ્યાકુળ ચિત્ત-ચિંતન, એ 'સંરક્ષણાનન્દ' નામનું ચોથું રૌદ્રધ્યાન છે.

આ ચારે પ્રકારનાં આર્ત્ત-રૌદ્રધ્યાન દેશવિરતિધર શ્રાવકને મંદ-મંદતર માત્રામાં હોય છે.

**દેશવિરતિધરને ધર્મધ્યાન અંગે વિચારણા :**

શ્રાવકને જેમ જેમ પોતાની દેશવિરતિ વધુ ને વધુ વૃદ્ધિંગત બને, તેમ તેમ એનું મધ્યમકક્ષાનું ધર્મધ્યાન વધુ ને વધુ ઉલ્લસિત થતું જાય છે... પણ એટલું ખરું કે એ ધર્મધ્યાન વધી-વધીને પણ ઉત્કૃષ્ટકક્ષાનું તો ન જ બને... કારણ કે જો અહીં દેશવિરતગુણઠાણે પણ ઉત્કૃષ્ટકક્ષાનું ધર્મધ્યાન પરિણમી જાય - તો એ જીવને ધર્મધ્યાનપ્રાયોગ્ય સર્વોત્કૃષ્ટ પરિણામ ઉલ્લસિત થઈ જવાથી - ત્યારે એ જીવને ભાવથી સર્વવિરતિ જ આવી જાય ! (એટલે તો એનું દેશવિરતપણું જ ન રહે, જે અનિષ્ટપ્રસંગરૂપ છે...)

હવે આ ધર્મધ્યાન શી રીતે થાય ? એને વિશેષણના માધ્યમે બતાવે છે –

'षट्कर्म-प्रतिमा-श्राद्धव्रतपालनसम्भवम्' અર્થ : દેવપૂજા વગેરે ૬ કર્તવ્યો, ૧૧ પ્રતિમાઓ અને શ્રાવકસંબંધી ૧૨ વ્રતોના પાલનથી, દેશવિરત ગુણઠાણે ધર્મધ્યાન ઉત્પન્ન થાય છે. અહીં ષટ્કર્મ વગેરેના નામોલ્લેખ આ પ્રમાણે છે –

**(૧) ૬ ષટ્કર્મ :** (૧) વીતરાગદેવની પૂજા, (૨) ગુરુભગવંતની ઉપાસના, (૩) અંતર્મુખતા કેળવવા એકાગ્રતાપૂર્વકનો સ્વાધ્યાય, (૪) સંયમ : ઇન્દ્રિયાદિ પર નિયંત્રણ, (૫) અપ્રમત્તભાવે તપનું આચરણ, અને (૬) ઉદારતાદિપૂર્વકનું દાન...

કહ્યું છે કે –

"(૧) દેવપૂજા, (૨) ગુરુસમુપાસના, (૩) સ્વાધ્યાય, (૪) સંયમ, (૫) તપ, અને (૬) દાન - આ ૬ કર્તવ્યો ગૃહસ્થે દરરોજ કરવા જોઈએ."

**(૨) પ્રતિમા :** દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વગેરેના અનુસારે અમુક પ્રકારનો અભિગ્રહવિશેષ

**प्रतिमा अभिग्रहविशेषा दर्शनप्रतिमाद्या एकादश, यदाह –**

"[36]दंसणवयसामाइअपोसहपडिमा अबंभसच्चित्ते ।
आरंभपेसउद्दिट्ठ वज्जए समणभूए अ ॥१॥"

**श्राद्धव्रतान्यणुव्रतादीनि द्वादश, यदाह –**

"[37]पाणिवहमुसावाए, अदत्तमेहुणपरिग्गहे चेव ।
दिसिभोगदण्डसमईअ देसे पोसह तह विभागे ॥२॥"

**ગુણતીર્થ**

તે 'પ્રતિમા' કહેવાય. આ પ્રતિમા, દર્શનપ્રતિમા વગેરેના ભેદે ૧૧ પ્રકારની છે. આ ૧૧ પ્રકારોનો નામોલ્લેખ કરતાં શાસ્ત્રમાં જણાવ્યું છે કે –

"(૧) દર્શનપ્રતિમા, (૨) વ્રતપ્રતિમા, (૩) સામાયિકપ્રતિમા, (૪) પૌષધપ્રતિમા, (૫) કાયોત્સર્ગપ્રતિમા, (૬) બ્રહ્મચર્યપ્રતિમા, (૭) સચિત્તવર્જનપ્રતિમા, (૮) આરંભવર્જન-પ્રતિમા, (૯) પ્રેષ્યવર્જનપ્રતિમા, (૧૦) ઉદ્દિષ્ટવર્જનપ્રતિમા, અને (૧૧) શ્રમણભૂત-પ્રતિમા... (દેશવિરતિધર શ્રાવક અગ્યાર પ્રતિમાઓનું પાલન કરે છે.)"

(૩) **વ્રતસ્વીકાર :** ૫ અણુવ્રત, ૩ ગુણવ્રત, અને ૪ શિક્ષાવ્રત સ્વરૂપ શ્રાવકસંબંધી ૧૨ વ્રતો હોય છે. તેનું નામમાત્ર જણાવનારું શાસ્ત્રવચન આ પ્રમાણે છે –

"(૧) સ્થૂલપ્રાણાતિપાતવિરમણવ્રત, (૨) સ્થૂલમૃષાવાદવિરમણવ્રત, (૩) સ્થૂલ અદત્તાદાનવિરમણવ્રત (૪) સ્થૂલમૈથુનવિરમણવ્રત, (૫) સ્થૂલપરિગ્રહવિરમણવ્રત, (૬) દિક્પરિમાણવ્રત, (૭) ભોગોપભોગવિરમણવ્રત, (૮) અનર્થદંડવિરમણવ્રત, (૯) સામા-યિકવ્રત, (૧૦) દેશાવગાસિકવ્રત, (૧૧) પૌષધવ્રત, અને (૧૨) અતિથિસંવિભાગવ્રત..."

આ ષટ્કર્મ - પ્રતિમા અને વ્રતોનો વિસ્તાર બીજા શાસ્ત્રોમાંથી જાણવો❂. આ બધાના યથાયોગ્ય પાલનથી મધ્યમ ધર્મધ્યાન ઉત્પન્ન થાય છે, માટે આ ધર્મધ્યાન એ બધાથી જનિત થયું કહેવાય.

**छायासन्मित्रम्**

(36) दर्शनव्रतसामायिकपौषधप्रतिमाऽब्रह्मसच्चित्तानि ।
आरम्भप्रेषोद्दिष्टवर्जकः श्रमणभूतश्च ॥१॥

(37) प्राणिवधमृषावादादत्तमैथुनपरिग्रहाश्चैव ।
दिग्भोगदण्डसामायिकदेशपौषधानि तथा विभागः ॥२॥

❂ આ બધાનું સુવિશદ સ્વરૂપ જાણવા માટે પંચાશક-પ્રવચનસારોદ્ધાર-ધર્મસંગ્રહ વગેરે ગ્રંથોનું અવલોકન કરવું.

षट्कर्मादिविस्तरो ग्रन्थान्तरादवसेयः, तथैतेषां पालनात् सम्भवतीति षट्कर्मप्रतिमाश्राद्धव्रतपालनसम्भवं धर्मध्यानं मध्यममिति । तथा देशविरतिगुणस्थानस्थो जीवोऽप्रत्याख्यानकषायचतुष्कनरत्रिकाद्यसंहननौदारिकद्वयरूपप्रकृतिदशकबन्धव्यवच्छेदात् सप्तषष्टेर्बन्धकः, तथाऽप्रत्याख्यानकषायनरतिर्यगानुपूर्वीद्वयनरकत्रिकदेवत्रिकवैक्रियद्वयदुर्भगानादेयायशोरूपसप्तदश (१७) प्रकृतीनामुदयव्यवच्छेदात्सप्ताशीतेर्वेदयिता, अष्टत्रिंशदधिकशतसत्ताको भवति ॥२५॥

॥ इति देशविरतिगुणस्थानकं पञ्चमम् ॥

गुणतीर्थ

હવે દેશવિરતગુણઠાણે રહેલા જીવને કેટલી કર્મપ્રકૃતિઓનો બંધ-ઉદય-સત્તા હોય, તે બતાવવા વૃત્તિકારશ્રી કહે છે –

## ※ દેશવિરતગુણઠાણે બંધ-ઉદય-સત્તા ※

**બંધ :** અવિરતસમ્યક્ત્વ ગુણઠાણે બંધપ્રાયોગ્ય ૭૭ પ્રકૃતિમાંથી, (૧-૪) અપ્રત્યાખ્યાન ચાર કષાય, (૫-૭) મનુષ્યત્રિક=મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વી અને મનુષ્યાયુષ્ય, (૮) પ્રથમ સંઘયણ, અને (૯-૧૦) ઔદારિકદ્વિક=ઔદારિકશરીર અને ઔદારિક અંગોપાંગ - આ ૧૦ પ્રકૃતિઓનો બંધ અટકી જવાથી, દેશવિરતગુણઠાણે રહેલો જીવ ૬૭ પ્રકૃતિઓને બાંધે છે.

**ઉદય :** અવિરતસમ્યક્ત્વીને ઉદયપ્રાયોગ્ય ૧૦૪ પ્રકૃતિમાંથી, (૧-૪) અપ્રત્યાખ્યાન ચાર કષાય, (૫) મનુષ્યાનુપૂર્વી, (૬) તિર્યંચાનુપૂર્વી, (૭-૯) નરકત્રિક=નરકગતિ, નરકાનુપૂર્વી, નરકાયુષ્ય, (૧૦-૧૨) દેવત્રિક=દેવગતિ, દેવાનુપૂર્વી, દેવાયુષ્ય, (૧૩-૧૪) વૈક્રિયદ્વિક=વૈક્રિયશરીર, વૈક્રિય અંગોપાંગ, (૧૫) દુર્ભગ, (૧૬) અનાદેય, અને (૧૭) અપયશ – આ ૧૭ પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ થવાથી, દેશવિરતગુણઠાણે રહેલા જીવને ૮૭ પ્રકૃતિઓનો ઉદય હોય.

**સત્તા :** આ ગુણઠાણે રહેલા ક્ષાયિકસમ્યક્ત્વી ચરમશરીરી જીવને દર્શનસપ્તક અને ત્રણ આયુષ્ય સિવાય ૧૩૮ પ્રકૃતિઓની સત્તા હોય.

| ગુણસ્થાન | બંધ | ઉદય | સત્તા |
|---|---|---|---|
| દેશવિરતિ | ૬૭ | ૮૭ | ૧૩૮ |

આ પ્રમાણે પાંચમા ગુણઠાણાનું સ્વરૂપવર્ણન પૂર્ણ થયું.

**अथातः परं सप्तगुणस्थानानां समानामेव स्थितिमाह –**

**अतः परं प्रमत्तादिगुणस्थानकसप्तके ।**
**अन्तर्मुहूर्त्तमेकैकं, प्रत्येकं गदिता स्थितिः ॥२६॥**

व्याख्या-'अतः परं' **देशविरतिगुणस्थानादनन्तरं प्रमत्ताप्रमत्तापूर्वकरणानिवृत्तिकरणबादरसूक्ष्मसम्परायोपशान्तमोहक्षीणमोहाख्यसप्तगुणस्थानानां प्रत्येकमेकैकमन्तर्मुहूर्त्तं गुरुस्थितिर्गदिता=प्रोक्तेति** ॥२६॥

**अथ प्रमत्तसंयतगुणस्थानकस्वरूपमाह –**

**कषायाणां चतुर्थानां, व्रती तीव्रोदये सति ।**
**भवेत्प्रमादयुक्तत्वात्प्रमत्तस्थानगो मुनिः ॥२७॥**

**गुणतीर्थ**

## (६) પ્રમત્તસંયતગુણસ્થાનક

સૌ પ્રથમ ગ્રંથકારશ્રી પ્રમત્તસંયત ગુણઠાણાથી લઈને ક્ષીણમોહ સુધીના સાત ગુણઠાણાનો કાળ એક સરખો જ છે અને એ સરખો કાળ બતાવવા જ કહે છે –

### ❋ સાત ગુણઠાણાનો સમાન કાળ ❋

**શ્લોકાર્થ : હવે પછી પ્રમત્તસંયત ગુણઠાણાથી લઈને સાત ગુણઠાણા સુધીમાં પ્રત્યેકનો સ્થિતિકાળ ઉત્કૃષ્ટથી એકેક અંતર્મુહૂર્તપ્રમાણ કહેવાયો છે. (૨૬)**

**વિવેચન :** દેશવિરત ગુણઠાણા પછીનાં (૧) પ્રમત્તસંયતગુણસ્થાનક, (૨) અપ્રમત્ત-સંયતગુણસ્થાનક, (૩) અપૂર્વકરણગુણસ્થાનક, (૪) અનિવૃત્તિકરણગુણસ્થાનક, (૫) સૂક્ષ્મસંપરાયગુણસ્થાનક, (૬) ઉપશાંતમોહગુણસ્થાનક, અને (૭) ક્ષીણમોહગુણસ્થાનક - આ સાતે ગુણઠાણાનો પ્રત્યેકનો ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્તપ્રમાણ સ્થિતિકાળ છે.

પ્રમત્ત અને અપ્રમત્ત - આ બે ગુણઠાણે વારંવાર ગમનાગમનના કારણે બંનેનો ભેગો મળીને ઉત્કૃષ્ટ કાળ દેશોનપૂર્વક્રોડવર્ષ પ્રમાણ પણ છે. પણ તેઓ અંતર્મુહૂર્તે-અંતર્મુહૂર્તે પરાવર્તન પામતા હોવાથી, પ્રત્યેકનો ઉત્કૃષ્ટકાળ તો અંતર્મુહૂર્તપ્રમાણ જ રહે.

હવે ગ્રંથકારશ્રી છટ્ઠા પ્રમત્તસંયતગુણઠાણાનું સ્વરૂપ બતાવે છે –

### ❋ પ્રમત્તસંયતનું સ્વરૂપવર્ણન ❋

**શ્લોકાર્થ : ચોથા સંજ્વલન કષાયનો તીવ્ર ઉદય થતાં વ્રતસંપન્ન મહાત્મા પ્રમાદયુક્ત બને છે અને પ્રમાદયુક્ત હોવાથી જ એ મુનિભગવંત પ્રમત્તગુણઠાણે રહેલા કહેવાય છે. (૨૭)**

व्याख्या-'मुनिः' **सर्वविरतः साधुः** 'प्रमत्तस्थानगो भवेत्' **प्रमत्ताख्यगुणस्थानकस्थो भवति, कथम्भूतो मुनिः ? 'व्रती' व्रतान्यहिंसादीनि महाव्रतानि विद्यन्ते यस्यासौ व्रती, कस्मात्प्रमत्तः ?** 'प्रमादयुक्तत्वात्' **तत्र प्रमादाः पञ्च, यदाह –**

"[38]मज्जं विसय कसाया, निद्दा विगहा य पंचमी भणिया ।
एए पंच पमाया, जीवं पाडंति संसारे ॥१॥"

**इत्येतैः प्रमादैर्युक्तत्वात्, क्व सति ?** 'चतुर्थानां कषायाणां' **संज्वलनाख्यकषायाणां तीव्रोदये सति, अयमर्थः – यदा मुनेर्महाव्रतिनोऽपि संज्वलनकषायस्तीव्रो भवति तदाऽवश्यमन्तमुहूर्त्तं कालं यावत्सप्रमादत्वात् प्रमत्त एव भवति, यदा अन्तर्मुहूर्त्तादुपरि सप्रमादो भवति तदा प्रमत्तगुणस्थानादधस्तात्पतति, यदा त्वन्तर्मुहूर्त्तादूर्ध्वमपि प्रमादरहितो भवति, तदा पुनरपि अप्रमत्तगुणस्थानमारोहतीति ॥२७॥**

### ગુણતીર્થ

**વિવેચન :** ચોથા સંજવલન નામના ક્રોધાદિ કષાયોનો *તીવ્રમાત્રાએ ઉદય થતાં, જીવ પ્રમાદયુક્ત બને છે. (કષાયની તીવ્રતા, આત્મામાં અપ્રમત્તભાવને ઉલ્લસિત થવા ન દે... અને એનાથી જીવ પ્રમાદસંવલિત બન્યો રહે છે.) આ પ્રમાદ પાંચ પ્રકારના છે. કહ્યું છે કે –

"(૧) મદ્ય=મદિરાદિનો આસંગ, (૨) વિષય=પાંચ ઇન્દ્રિયના ઇષ્ટ-અનિષ્ટ વિષયોમાં રાગ-દ્વેષરૂપે ઢળાવ, (૩) કષાય=ક્રોધાદિથી વ્યાકુળચિત્તપણું, (૪) નિદ્રા, અને (૫) પાંચમી વિકથા=સ્ત્રીકથા, ભક્તકથાદિરૂપ - આ પાંચ પ્રકારના પ્રમાદો જીવને સંસારમાં પાડે છે."

આવા સંસારપાતક પ્રમાદોથી યુક્ત હોવાથી જ પ્રાણાતિપાતવિરમણ વગેરે મહાવ્રતોથી સંપન્ન એવો સર્વવિરતિધર સાધુ પણ પ્રમત્તગુણઠાણે રહેલો કહેવાય છે...

**તાત્પર્યાર્થ :** જ્યારે મહાવ્રતસંપન્ન એવા મુનિભગવંતને પણ તીવ્રકક્ષાનો સંજવલન કષાય આવે, ત્યારે અંતર્મુહૂર્ત જેટલા કાળ સુધી પ્રમાદયુક્ત હોવાથી, એ મુનિભગવંત અવશ્ય 'પ્રમત્ત' જ હોય છે... (અર્થાત્ પ્રમત્તસંયતગુણઠાણે જ રહેલા હોય છે...)

### छायासन्मित्रम्

(38) मद्यं विषयः कषायाः निद्रा विकथा च पञ्चमी भणिता ।
एते पञ्च प्रमादाः जीवं पातयन्ति संसारे ॥१॥

* મંદ કષાય તો અપ્રમત્તગુણઠાણે પણ હોય છે, એટલે અહીં તીવ્ર કષાય કહ્યો.

**अथ प्रमत्तसंयतगुणस्थाने ध्यानसम्भवमाह –**

**अस्तित्वान्नोकषायाणामत्रार्त्तस्यैव मुख्यता ।**
**आज्ञाद्यालम्बनोपेतधर्मध्यानस्य गौणता ॥२८॥**

व्याख्या-'अत्र' **प्रमत्तगुणस्थानके** 'मुख्यता' **मुख्यत्वं** 'आर्त्तस्य' **ध्यानस्यैव, उपलक्षणत्वाद् रौद्रस्यापि, कस्मात् ?** 'नोकषायाणां' **हास्यषट्कादीनां** 'अस्तित्वाद्' **विद्यमानत्वात्,**

**ગુણતીર્થ**

**(૧) પતન :** હવે એ મુનિભગવંત (પ્રમત્તગુણઠાણે અંતર્મુહૂર્ત રહીને) અંતર્મુહૂર્ત પછી પણ જો પ્રમાદયુક્ત રહે, તો એ નિયમા પ્રમત્તગુણઠાણાથી નીચે પડે છે.✪ કારણ કે, પ્રમત્તગુણઠાણાનો કાળ અંતર્મુહૂર્તનો છે. અંતર્મુહૂર્ત પછી વિશુદ્ધ પરિણામ ન આવે, તો તે અપ્રમત્તગુણઠાણે ન જઈ શકે... અને પ્રમત્તગુણઠાણાનો કાળ પૂરો થઈ ગયો હોવાથી, ત્યાં પણ ન રહી શકે. ફલતઃ તે નીચે પડે.

**(૨) પ્રગતિ :** એ મુનિભગવંત અંતર્મુહૂર્ત સુધી પ્રમત્તગુણઠાણે રહ્યા પછી જો ફરી પ્રમાદરહિત બને, તો પ્રમાદભાવ જતો રહ્યો હોવાથી, એમનો સંયમપરિણામ વધુ ઉલ્લસિત બને... અને એનાથી એ ફરી અપ્રમત્તગુણઠાણે ચડે.

હવે છટ્ઠા પ્રમત્તસંયત ગુણઠાણે કયું ધ્યાન હોય ? એ બતાવે છે –

## ❋ પ્રમત્તગુણઠાણે ધ્યાનવિચારણા ❋

**શ્લોકાર્થ : અહીં છટ્ઠા ગુણઠાણે નોકષાયોનું અસ્તિત્વ હોવાથી આર્ત્તધ્યાનની જ મુખ્યતા છે... અને અપાયવિચયાદિના આલંબનવાળા ધર્મધ્યાનની ગૌણતા છે. (૨૮)**

**વિવેચન :** અહીં પ્રમત્તસંયત નામના છટ્ઠા ગુણઠાણે બે ઘટના ગ્રંથકારશ્રી બતાવે છે –

**(૧) આર્ત્તાદિરૂપ ધ્યાન મુખ્ય :** અહીં આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન* એ બંને ધ્યાન મુખ્ય હોય છે. કારણ કે અહીં (૧-૬) હાસ્યષટ્ક=હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, અને (૭-૯) ત્રણ વેદ=પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ - આ ૯ નોકષાયોનું અસ્તિત્વ હોય છે. (નોકષાયોથી આત્મિક અધ્યવસાય કલુષિત થાય અને એનાથી અશુભધ્યાન સર્જાય એ સ્પષ્ટ છે...)

---

✪ કોઈપણ પ્રમાદ થઈ ગયા પછી તીવ્રપશ્ચાત્તાપ - ફરી તેને ન કરવાનો સંકલ્પ - તેના પ્રત્યે લગાવ ન હોવો... એવા બધા પરિણામો હોય તો જ સંયતપણું જળવાઈ રહે, નહીં તો પતન થાય જ... એટલે કોઈપણ પ્રમાદ થઈ ગયા પછી આત્મજાગૃતિ કેળવવી અનિવાર્ય છે. એ આના પરથી જણાય છે.

* અલબત્ત, મૂળશ્લોકમાં માત્ર આર્ત્તધ્યાન જ મુખ્ય જણાવ્યું છે. પણ ઉપલક્ષણથી રૌદ્રધ્યાનની પણ મુખ્યતા અહીં સમજી લેવી.

**तथा** 'आज्ञाद्यालम्बनोपेतधर्मध्यानस्य गौणता' **आज्ञादीन्याज्ञाऽपायविपाकसंस्थानविचय-लक्षणान्यालम्बनानि आज्ञाद्यालम्बनानि, तैरुपेतं च तद्धर्मध्यानं चाज्ञाद्यालम्बनोपेत-धर्मध्यानं तस्य, अत्र धर्मध्यानमपि चतुष्पादम्, यथा –**

**ગુણતીર્થ**

**પ્રશ્ન :** દેશવિરત ગુણઠાણે તો આર્ત્તધ્યાન-રૌદ્રધ્યાન મંદ હોય, એવું કહ્યું હતું... તો અહીં તો સુતરાં મંદ જ હોવાનું, મુખ્ય કેવી રીતે ? (નીચેના ગુણઠાણે જે અશુભધ્યાન મંદ હોય, એ ઉપરના ગુણઠાણે મુખ્ય કેવી રીતે બને ?)

**ઉત્તર :** બંને નિરૂપણ જુદી જુદી અપેક્ષાએ છે... જુઓ; દેશવિરતગુણઠાણે જે આર્ત્ત-રૌદ્રધ્યાન મંદ કહ્યા, તે પોતાના પૂર્વના ગુણઠાણાની અપેક્ષાએ સમજવાં... અર્થાત્ મિથ્યાત્વાદિ ગુણઠાણે જે રીતે તેઓ તીવ્રમાત્રાએ હતા, તે અપેક્ષાએ અહીં મંદમાત્રામાં છે... હવે આ જ અપેક્ષા જો છઠ્ઠા ગુણઠાણે લગાડવામાં આવે, તો અહીં પણ આર્ત્ત-રૌદ્રધ્યાન મંદ જ હોવાના... (કારણ કે દેશવિરતની અપેક્ષાએ છઠ્ઠે ગુણઠાણે તો કષાયની માત્રા મંદ જ હોવાની...)

એટલે અહીં જે મુખ્ય કહ્યા, તેની પાછળ આ કારણ સમજવું કે - ધર્મધ્યાન જે માત્રાએ હોય તેના કરતાં (નોકષાયોનું અસ્તિત્વ હોવાથી) આર્ત્તધ્યાનાદિની માત્રા વધુ હોવાની... અને એટલે જ ધર્મધ્યાન કરતાં આર્ત્ત-રૌદ્રધ્યાન અહીં મુખ્ય હોવાના... (અને આ અપેક્ષાએ તો દેશવિરતે પણ આર્ત્ત-રૌદ્રધ્યાન મુખ્ય જ હોવાના, કારણ કે ત્યાં તો પ્રત્યાખ્યાનીય કષાયથી ઉપષ્ટંભ પામેલા નોકષાયો વધુ ઉત્કટ હોવાથી, ત્યાં તો સુતરાં - ધર્મધ્યાનની અપેક્ષાએ - આર્ત્ત-રૌદ્રધ્યાનની માત્રા વધુ હોવાની જ...) અથવા આ પણ શક્યતા વિચારી શકાય કે જે વધુ કાળ હોય તે મુખ્ય છે અને જે ઓછો કાળ હોય તે ગૌણ છે... એટલે પ્રમત્તગુણઠાણે આર્ત્તાદિધ્યાન વધુ કાળ સંભવિત હોવાથી એ અપેક્ષાએ તેઓને મુખ્ય કહ્યા હોય એવું પણ બની શકે. આ રીતે અમને યથાક્ષયોપશમ જણાય છે, વિદ્વાનો બીજી રીતે પણ પરિશીલન કરે...

**(૨) ધર્મધ્યાનની ગૌણરૂપતા :** અહીં આર્ત્ત-રૌદ્રધ્યાન મુખ્ય હોવાથી, ધર્મધ્યાન ગૌણરૂપ કહેવાય છે... આ ધર્મધ્યાન ચાર આલંબનથી યુક્ત છે... 'આલંબન' એટલે મનની સ્થિરતા માટે જેને આલંબન તરીકે લેવાય તે... એ ચાર આલંબનો આ પ્રમાણે છે –

(૧) આજ્ઞાવિચય : પરમાત્માની આજ્ઞા અંગે ચિંતન કરવું.

(૨) અપાયવિચય : રાગાદિ દોષોના અપાયો વિચારવા.

"आज्ञापायविपाकानां, संस्थानस्य च चिन्तनात् ।
इत्थं वा ध्येयभेदेन, धर्मध्यानं चतुर्विधम् ॥१॥
आज्ञां यत्र पुरस्कृत्य, सर्वज्ञानामबाधिताम् ।
तत्त्वतश्चिन्तयेदर्थान्, तदाज्ञाध्यानमुच्यते ॥२॥
रागद्वेषकषायाद्यैर्जायमानान् विचिन्तयेत् ।
यत्रापायांस्तदपायविचयध्यानमुच्यते ॥३॥
प्रतिक्षणं समुद्भूतो, यत्र कर्मफलोदयः ।
चिन्त्यते चित्ररूपः स, विपाकविचयो मतः ॥४॥

**ગુણતીર્થ**

(૩) વિપાકવિચય : કર્મના કટુવિપાકોને નજર સામે લાવવા.

(૪) સંસ્થાનવિચય : લોકની આકૃતિ વગેરેનો વિચાર કરવો.

આ ચારે આલંબનોથી યુક્ત ધર્મધ્યાન હોય છે... અને એટલે ધ્યેયના (=ધ્યાન કરવા યોગ્ય વસ્તુના) ભેદથી 'ધર્મધ્યાન' પણ ચાર પ્રકારનું હોય છે. આ ચારે પ્રકારના ધર્મધ્યાનનું વર્ણન **યોગશાસ્ત્ર** નામના ગ્રંથમાં આ પ્રમાણે કર્યું છે –

**ધર્મધ્યાનના પ્રકાર :** (૧) પરમાત્માની આજ્ઞા, (૨) રાગાદિના અપાયો, (૩) કર્મના વિપાકો, અને (૪) લોકની આકૃતિનાં ચિન્તનથી ધર્મધ્યાન થાય છે. અથવા આ રીતે ધ્યેયના ભેદથી ધર્મધ્યાન પણ ચાર પ્રકારનું થાય... [યો. શ્લો. ૮૭૫)

**(૧) આજ્ઞાવિચય :** સર્વજ્ઞ પુરુષોની અબાધિત (=બાધ ન આવે એવી=માન્ય) આજ્ઞાને આગળ કરીને (એના આધારે) જે ધ્યાનમાં પરમાર્થથી પદાર્થોની વિચારણા કરાય, તે 'આજ્ઞાવિચય' નામનું પહેલું ધર્મધ્યાન કહેવાય... [યો. શ્લો. ૮૭૬]

**(૨) અપાયવિચય :** જે ધ્યાનમાં રાગ-દ્વેષ-કષાય વગેરેથી થનારા અપાયોની= કટુવિપાકોની વિચારણા કરાય, તે 'અપાયવિચય' નામનું બીજું ધર્મધ્યાન કહેવાય. [યો. શ્લો. ૮૭૭]

**(૩) વિપાકવિચય :** પળે પળ ઉત્પન્ન થનારા, વિચિત્ર=અલગ અલગ પ્રકારના એવાં કર્મનાં કડવાં ફળોનો ઉદય જ્યાં વિચારાય, તે 'વિપાકવિચય' નામનું ત્રીજું ધર્મધ્યાન છે [યો. શ્લો. ૮૭૮]

**(૪) સંસ્થાનવિચય :** (A) સ્થિતિ, (B) ઉત્પાદ, અને (C) વ્યયસ્વરૂપ (અર્થાત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એમ ત્રિપદીસ્વરૂપ) અનાદિ-અનંત એવા લોકની આકૃતિ વગેરે જે ધ્યાનમાં

अनाद्यनन्तस्य लोकस्य, स्थित्युत्पादव्ययात्मनः ।
आकृतिं चिन्तयेद्यत्र, संस्थानविचयः स तु ॥५॥"

**इत्याज्ञाद्यालम्बनोपेतधर्मध्यानस्य गौणता, अत्र सप्रमादत्वान्न मुख्यतेति ॥२८॥**

**अथ ये प्रमत्तस्था निरालम्बनमपि धर्मध्यानं समीहन्ते, तान् प्रति तन्निषेधमाह –**

**यावत्प्रमादसंयुक्तास्तावत्तस्य न तिष्ठति ।**
**धर्मध्यानं निरालम्बमित्यूचुर्जिनभास्कराः ॥२९॥**

व्याख्या-'जिनभास्करा' **जिनसूर्या** 'इत्यूचुः' **इत्येतदेव कथयन्ति स्म, किं तद् ? इत्याह – यः साधुर्यावत्प्रमादसंयुक्तो भवति, तावत्तस्य साधोर्गोचरे निरालम्बं ध्यानं न तिष्ठतीति निश्चयः, यतोऽत्र प्रमत्तगुणस्थाने मध्यमधर्मध्यानस्यापि गौणतैवोक्ता, न तु मुख्यता, ततोऽत्र निरालम्बनोत्कृष्टधर्मध्यानस्यासम्भव एव ॥२९॥**

**गुणतीर्थ**

વિચારાય, તે 'સંસ્થાનવિચય' નામનું ચોથું ધર્મધ્યાન છે. [યો. શ્લો. ૮૭૯]

આ પ્રમાણે આજ્ઞાવિચય વગેરે આલંબનોથી યુક્ત ધર્મધ્યાન, અહીં છઠ્ઠે પ્રમત્તસંયત નામના ગુણઠાણે ગૌણ હોય છે. કારણ કે અહીં પ્રમાદભાવ હોવાથી, ધર્મધ્યાન મુખ્ય બને નહીં.

ધર્મધ્યાન બે પ્રકારનું છે : (૧) સાલંબન=આજ્ઞા વગેરેના આલંબનવાળું, અને (૨) નિરાલંબન=આલંબન વિના સહજ માનસિક સ્થિરતારૂપ... આ બેમાંથી છઠ્ઠે ગુણઠાણે સાલંબન ધર્મધ્યાન જ હોય, નિરાલંબન ધર્મધ્યાન નહીં... પણ છતાં કેટલાક લોકો છઠ્ઠે ગુણઠાણે રહેલા જીવોમાં પણ 'નિરાલંબનધ્યાન' હોવાનું જણાવે છે, તેઓને એનો (=છઠ્ઠે નિરાલંબનધ્યાનનો) નિષેધ કરવા કહે છે –

## ❋ છઠ્ઠે ગુણઠાણે નિરાલંબનધ્યાનનો નિષેધ ❋

**શ્લોકાર્થ : જ્યાં સુધી સાધુ પ્રમાદથી યુક્ત હોય ત્યાં સુધી એને નિરાલંબન ધ્યાન હોતું નથી, એવું સામાન્યકેવળી ભગવંતોમાં સૂર્યસમાન એવા વીતરાગપરમાત્મા કહે છે. (૨૯)**

**વિવેચન :** સાધુભગવંત જ્યાં સુધી પ્રમાદથી યુક્ત હોય, ત્યાં સુધી એમના ધ્યાનના વિષયમાં 'નિરાલંબન ધ્યાન' આવી શકે જ નહીં... (અર્થાત્ તેવા પ્રમાદયુક્ત સાધુને નિરાલંબન ધ્યાન થઈ શકે જ નહીં.) એવું વીતરાગ પરમાત્મા કહે છે.

અને તેમાં (=પ્રમત્તસંયતને નિરાલંબનધ્યાન ન હોવામાં) કારણ એ કે, અહીં

**अथ योऽमुमेवार्थं न मन्यते, तं प्रत्याह –**

**प्रमाद्यावश्यकत्यागान्निश्चलं ध्यानमाश्रयेत् ।**
**योऽसौ नैवागमं जैनं, वेत्ति मिथ्यात्वमोहितः ॥३०॥**

**ગુણતીર્થ**

પ્રમત્તસંયત નામના છઠ્ઠે ગુણઠાણે મધ્યમ ધર્મધ્યાનને પણ ગૌણરૂપ જ કહ્યું છે, અર્થાત્ એને પણ મુખ્ય કહ્યું નથી... તો પછી નિરાલંબનધ્યાનરૂપ ઉત્કૃષ્ટ ધર્મધ્યાન તો અહીં શી રીતે સંભવે ? એ તો સુતરાં અસંભવિત છે.

**તાત્પર્ય :** જે વ્યક્તિ લાખ રૂ. પણ માંડ માંડ ભેગા કરી શકતી હોય, એ વ્યક્તિને કરોડ રૂ.ની આવક તો સ્વપ્નમાં પણ અશક્ય છે.... તેમ અહીં છઠ્ઠે ગુણઠાણે જ્યારે મધ્યમ ધર્મધ્યાન પણ ગૌણરૂપે મનાયું છે, ત્યારે તેવા પ્રમત્તને ઉત્કૃષ્ટ ધર્મધ્યાન તો શી રીતે સંભવે ? માટે આ ગુણઠાણે નિરાલંબન ધ્યાન હોવાની કલ્પના ખોટી છે.

હવે જે લોકો અમે કહેલી વાતને (=પ્રમત્તસંયતને નિરાલંબનધ્યાન ન હોવાની વાતને) માનતા નથી, તે લોકોને ઉદ્દેશીને ગ્રંથકારશ્રી સુસ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે - 'આવશ્યક ક્રિયાઓ છોડીને જે લોકો નિરાલંબન ધ્યાનના નામે લોકમાં મોટા થવાનો પ્રયત્ન કરે છે, તેમની તે તમામ ચેષ્ટા જિનવચનની અજ્ઞતા સૂચવે છે.' આ વાત આપણે ગ્રંથકારશ્રીના જ શબ્દોમાં જોઈએ –

## ❋ નિરાલંબનધ્યાનની અશક્યતાએ આવશ્યકક્રિયાનો ત્યાગ એ જિનવચનની અજ્ઞતા ❋

**શ્લોકાર્થ : જે પ્રમાદી વ્યક્તિ આવશ્યક ક્રિયાઓનો ત્યાગ કરી નિશ્ચલ એવાં (નિરાલંબન) ધ્યાનનો આશરો લે છે, મિથ્યાત્વથી મોહિત એવો એ જીવ વાસ્તવમાં પરમાત્માસંબંધી આગમને જાણતો નથી. (૩૦)**

**વિવેચન :** પ્રમાદયુક્ત એવો જે સાધુ શારીરિક સુખશીલતા વગેરે પ્રમાદોના કારણે, (૧) સામાયિક, (૨) ચતુર્વિંશતિસ્તવ, (૩) વંદનકાર્ય, (૪) પ્રતિક્રમણ, (૫) કાયોત્સર્ગ, અને (૬) પ્રત્યાખ્યાન - એ ષડાવશ્યકરૂપ મોક્ષસાધક અનુષ્ઠાનોને છોડી દે છે... અને નિશ્ચલ એવાં નિરાલંબન ધ્યાનનો આશરો લે છે, તે જીવ હકીકતમાં મિથ્યાત્વપરિણામના કારણે વ્યામોહ પામેલો છે... અને એટલે જ, એ સર્વજ્ઞપ્રણીત સિદ્ધાંતને જાણતો જ નથી...

અને એની એ અજ્ઞતાનું કારણ એ કે, તે સાધુ ષડાવશ્યકરૂપ વ્યવહાર ક્રિયાને કરતો

व्याख्या-'यः' **साधुः** 'प्रमादी' **प्रमादयुक्तोऽपि** 'आवश्यकत्यागात्' **सामायिकादि-षडावश्यकसाधकानुष्ठानपरिहारात्** 'निश्चलं' **निरालम्बं ध्यानमाश्रयेत्**, 'असौ' **साधुः** 'मिथ्यात्वमोहितो' **मिथ्याभावमूढः सन्** 'जैनागमं' **श्रीसर्वज्ञप्रणीतसूत्रं, नैव वेत्तीति, यतोऽसौ व्यवहारं न करोति निश्चयं नाप्नोति, जिनागमविद्भिस्तु व्यवहारपूर्वक एव निश्चयः साध्यः, यदागमः –**

"[39]जइ जिणमयं पवज्जह, ता मा ववहारनिच्छए मुअह ।
ववहारनउच्छेए, तित्थुच्छेओ जओ भणिओ ॥१॥"

**ગુણતીર્થ**

નથી (એટલે વ્યવહારધર્મથી ભ્રષ્ટ થયો...) અને નિરાલંબન ધ્યાનરૂપ નિશ્ચયપરિણતિને પણ પામતો નથી. (એટલે એ નિશ્ચયધર્મથી પણ ભ્રષ્ટ થયો... આમ એના જીવનમાં ઉભયભ્રષ્ટતા સર્જાઈ.)

હકીકતમાં જો એ સાધુ જિનાગમનો જાણકાર હોત, તો વ્યવહારધર્મને છોડીને નિશ્ચયપરિણતિ સાધવાનો નિષ્ફળ આયાસ કરત જ નહીં... કારણ કે, જિનાગમનો સાચો જાણકાર વ્યક્તિ, વ્યવહારધર્મનું પાલન કરવા પૂર્વક જ નિશ્ચયપરિણતિને સાધવાનો સુંદર પ્રયાસ કરે છે. ('નિશ્ચયદૃષ્ટિ હૃદયે ધરીને પાળે જે વ્યવહાર' એ મહોપાધ્યાયજી મહારાજની પંક્તિ પણ વ્યવહારના પાલનપૂર્વક નિશ્ચયનો આદર કરવાનું જણાવે છે.)

આ વિષયમાં આગમમાં પણ જણાવ્યું છે કે –

"જો તમે જૈનસિદ્ધાંતને સ્વીકારો છો, તો વ્યવહાર કે નિશ્ચય બેમાંથી એકેને ન છોડો... (બંનેનું યથાયોગ્ય પાલન કરો...) કારણ કે જો (ષડાવશ્યક છોડવા દ્વારા) વ્યવહારનયનો ઉચ્છેદ કરો, તો તીર્થનો=શાસનનો ઉચ્છેદ થાય - એવું કહેવાયું છે..."

આ વાતને ઉદાહરણપૂર્વક સમજાવે છે –

**ઉદાહરણ :** જેમ કોઈક પુરુષ પોતાના ઘરે હંમેશાં કદન્નનો (=તુચ્છ અને ક્ષુદ્ર ભોજનનો) આસ્વાદ કરી રહ્યો છે... હવે એ અવસરે કોઈક પુરુષે એને જમવા માટે નિમંત્રણ આપ્યું... હવે આ તેના ઘરે જઈને, પૂર્વે કદી પણ ન ખાધેલા એવા અપૂર્વ મિષ્ટાન્નાદિરૂપ આહારને જમ્યો... ત્યારબાદ તે જીવ એ મિષ્ટાન્નના રસના આસ્વાદમાં

**छायासन्मित्रम्**

(39) यदि जिनमतं प्रपद्येथास्तन् मा व्यवहारनिश्चयौ मुचः ।
व्यवहारनयोच्छेदे तीर्थोच्छेदो यतोऽवश्यम् ॥१॥

**दृष्टान्तश्चात्र – यथा कश्चित्पुरुषः स्वस्मिन् गृहे सदैव कदन्नमात्रमास्वादयन् केनापि निमन्त्रितस्तस्य गृहेऽभुक्तपूर्वं मिष्टान्नाहारं भुक्तवान्, ततोऽसौ तदास्वादरसलोलुपतया स्वगृहकदन्नं निरास्वादमिति कृत्वा न भुङ्क्ते, तमेवातिदुष्प्रापं मिष्टान्नमेवाभिलषति, ततः स्वगृहे कदन्नादिकमभुञ्जन् मिष्टान्नं चाप्राप्नुवन्नुभयाभावतया सीदति, तथाऽयमपि कदाग्रहगृहीतो जीवः प्रमत्तगुणस्थानसाध्यं स्थूलमात्रपुण्यपुष्टिकारणं षडावश्यकादिक-कष्टक्रियाकर्माकुर्वाणः कदाचित् अप्रमत्तगुणस्थानलभ्यं निर्विकल्पमनोजनितसमाधि-रूपनिरालम्बध्यानांशममृताहारकल्पं लब्धवान्, ततस्तज्जनितपरमानन्दसुखास्वादतया**

**ગુણતીર્થ**

એકદમ લોલુપ થઈ ગયો. એટલે હવે એ પોતાના ઘરનું હલકું અન્ન સ્વાદરહિત હોવાથી, એને એ જમતો નથી... અને બીજાના ઘરના દુષ્પ્રાપ (=દુઃખેથી મેળવી શકાય એવા) સ્વાદિષ્ટ મિષ્ટાન્નની જ અભિલાષા ધરાવે છે. આ રીતે તો એ પોતાના ઘરે ભોજન નહીં કરવાથી અને બીજાના ઘરે સ્વાદિષ્ટ મિષ્ટાન્નને નહીં મેળવવાથી, બંને રીતે ભોજન ન મળતાં - ભૂખ્યો રહી દુર્બળ-પાતળો બની જવાથી - સીદાઈ રહ્યો છે, અત્યંત દુઃખી થઈ રહ્યો છે.

**ઉપનય :** તે જ રીતે કદાગ્રહથી પકડાયેલો એવો કોઈક જીવ, પ્રમત્તસંયત નામના છઠ્ઠે ગુણઠાણે શક્ય અને સ્થૂલ પુણ્યની પુષ્ટિના કારણરૂપ જે સામાયિકાદિ ષડાવશ્યક વગેરે રૂપ કષ્ટકારી કર્તવ્યો છે, તેને કરતો નથી.❂ અને કોઈક વખતે અપ્રમત્તગુણઠાણે મેળવી શકાય તેવી, નિર્વિકલ્પ (=વિકલ્પરૂપ તરંગ વિનાના) મનથી ઉત્પન્ન થયેલી (પ્રશાંત-વાહિતારૂપ અદ્ભુત) સમાધિ કે જે નિરાલંબન ધ્યાનના અંશરૂપ છે, તેવા અમૃતના આહારસમાન અંશને એ વ્યક્તિ પામ્યો. અને એને પરમાનંદ અનુભવાયો.

ત્યારબાદ તેનાથી થયેલ (=નિરાલંબનધ્યાનના અંશરૂપ સમાધિથી થયેલ) પરમાનંદના સુખના આસ્વાદમાં લોલુપ બની જવાથી, એ જીવ, પ્રમત્તગુણઠાણે કરવા યોગ્ય ષડાવશ્યક વગેરે કષ્ટકારી ક્રિયારૂપ વ્યવહારોને હલકાં અન્નતુલ્ય માનવા લાગે છે. અને માટે જ એ બધા શુભવ્યવહારોને સમ્યગ્ રીતે સાધતો નથી.

---

❂ અહીં ષડાવશ્યક વગેરે વ્યવહારોને 'સ્થુલપુણ્યની પુષ્ટિના કારણરૂપ' એટલા માટે કહ્યા કે આ બધાથી થનારો પુણ્યબંધ એ ભવભ્રમણ કરાવનાર નથી, પણ મોક્ષના સાધનોમાં અનુકૂળતા આપનાર છે. (એટલે એ અપેક્ષાએ એની ઉપાદેયતા અસંદિગ્ધ છે.) પણ સોનાની બેડી પણ આખિરમાં તો બેડી જ કહેવાય, એટલે આ પુણ્ય સ્થૂલનયે જ પુણ્યરૂપ સમજવું. (સૂક્ષ્મનયે નહીં; સૂક્ષ્મનયે તો આ પણ કર્મબંધરૂપ હોવાથી હેય છે.)

**प्रमत्तगुणस्थानगतं षडावश्यकादिकष्टक्रियाकर्म कदन्नकल्पं मन्वानो न सम्यक् साधयति, मिष्टान्नाहारकल्पं निरालम्बध्यानं तु प्रथमसंहननाद्यभावान्नित्यं नाप्नोति, ततः षडावश्यक-मकुर्वन् निरालम्बध्यानमप्राप्नुवंश्च स कदाग्रहगृहीतो जीवोऽप्युभयभ्रष्टतया ध्रुवं सीदति, तथा चाग्रेतनैर्विद्वद्भिः परमसंवेगगिरिशिखरमारूढैर्निरालम्बध्यानसाधनमनोरथा एव कृताः श्रूयन्ते, तथा च पूर्वमहर्षयः –**

"चेतोवृत्तिनिरोधनेन करणग्रामं विधायोद्वसं,
तत्संहृत्य गतागतं च मरुतो धैर्यं समाश्रित्य च ।
पर्यङ्केन मया शिवाय विधिवच्छून्यैकभूभृद्दरी-
मध्यस्थेन कदाचिदर्पितदृशा स्थातव्यमन्तर्मुखम् ॥१॥

**गुणतीर्थ**

અને આ બાજુ પ્રથમ સંઘયણ વગેરે વિશિષ્ટ ❖સામગ્રીઓનો સંયોગ ન હોવાથી, એ જીવ નિરાલંબન ધ્યાન પણ પામતો નથી... આ પ્રમાણે (૧) ષડાવશ્યકરૂપ વ્યવહારધર્મને નહીં કરતો, અને (૨) નિરાલંબનધ્યાનરૂપ નિશ્ચયપરિણતિને નહીં પામતો - આમ વ્યવહાર-નિશ્ચય ઉભયધર્મથી ભ્રષ્ટ થવાથી, એ જીવ સીદાઈ જાય છે... સન્માર્ગથી વંચિત રહી જાય છે, સંસારના દુઃખોને ભોગવનારો બને છે.

**સાર :** તેથી છઠ્ઠે ગુણઠાણે નિરાલંબનધ્યાન માટે પ્રવૃત્ત થઈ આવશ્યક ક્રિયાઓને છોડી દેવાનો નિર્ણય - ઉભયભ્રષ્ટતાસર્જક હોવાથી - જિનવચનની અજ્ઞતા સૂચવે છે.

બીજી વાત, પરમસંવેગરૂપી પર્વતના શિખરે ચડેલા એવા પૂર્વકાળના વિદ્વાનોએ પણ નિરાલંબનધ્યાનને સાધવાના માત્ર મનોરથો જ કર્યા હતા, એવું સંભળાય છે. જુઓ એ વિદ્વાનોના મનોરથો –

## ❋ (૧) પૂર્વમહર્ષિઓનો અપૂર્વ ભાવોન્મેષ ❋

**પ્રથમશ્લોક :**

(૧) ચિત્તની=મનની વિકલ્પવૃત્તિઓને રોકવા દ્વારા, (૨) સ્પર્શેન્દ્રિય વગેરે પાંચ ઇન્દ્રિયોના સમૂહને વશ કરીને (=ઇષ્ટ-અનિષ્ટ વિષયોમાં રાગ-દ્વેષરૂપે થનારા ગમન-પરિણામને અટકાવીને), તથા (૩) પવનનું જે ગમનાગમન તેને રોકીને, અર્થાત્ શરીરની અંદર સંચાર પામનારા વાયુની ગતિને રોકીને અથવા શ્વાસોચ્છ્વાસસંબંધી જતા-આવતા

❖ પ્રથમ સંઘયણ વગેરે હોય તો જ નિરાલંબનધ્યાન પામી શકાય, તે વિના નહીં. એટલે પ્રથમસંઘયણ વગેરે નિરાલંબનધ્યાન પામવાની વિશિષ્ટ સામગ્રીરૂપ છે.

चित्ते निश्चलतां गते प्रशमिते रागाद्यविद्यामदे,
विद्राणेऽक्षकदम्बके विघटिते ध्वान्ते भ्रमारम्भके ।
आनन्दे प्रविजृम्भिते पुरपतेर्ज्ञाने समुन्मीलिते,
मां द्रक्ष्यन्ति कदा वनस्थमभितः पुष्टाशयाः श्वापदाः ? ॥२॥"

**तथा श्रीसूरप्रभाचार्याः –**

"चिदाऽवदातैर्भवदागमानां, वाग्भेषजै रागरुजं निवर्त्य ।
मया कदा प्रौढसमाधिलक्ष्मीर्निर्वेक्ष्यते निर्वृतिनिर्व्यपेक्षा ॥१॥



પવનને રોકીને, અને (૪) અવિચલિત ધૈર્યને અંગીકાર કરીને, (૫) મોક્ષમાં જવા માટે પર્યંકાસને બેસીને, (૬) વિધિપૂર્વક કોઈક એક પર્વતની શૂન્ય ગુફાની અંદર રહીને, (૭) કોઈક દ્રવ્ય-પર્યાય ઉપર દૃષ્ટિ સ્થાપિત કરીને... મારે કોઈક અવસરે અંતર્મુખ (=આત્મા તરફ સન્મુખ) થઈને રહેવું જોઈએ.

**દ્વિતીયશ્લોક :**

(૧) મનની વૃત્તિઓ નિશ્ચલ થતાં, (૨) રાગાદિ અવિદ્યા અને મદ અથવા રાગાદિ અવિદ્યાનો ઉન્માદ પ્રશાંત થતાં, (૩) પાંચ ઈન્દ્રિયોનો સમૂહ વિકારરહિત બનતાં, (૪) વિપર્યાસરૂપ ભ્રમને ઉત્પન્ન કરનાર અજ્ઞાનરૂપ અંધકાર દૂર થતાં, (૫) ઉચ્ચતમ આનંદ ઉલ્લસિત થતાં, અને (૬) પુરપતિ=આત્માના જ્ઞાનનો ઉઘાડ થતાં... વનમાં રહેલા એવા મને, પુષ્ટ આશયવાળા વન્યપશુઓ ચારે બાજુથી ક્યારે જોશે ? (અહીં વન્ય પ્રાણીઓને 'પુષ્ટ આશયવાળા' કહેવાનું તાત્પર્ય એ કે - હું એવી સ્થિતિમાં ક્યારે આવું કે ક્રુર-હિંસક એવા સિંહાદિ વનપશુઓ પણ મને જોઈને દયાદિ પરિણામવાળા થઈ જાય...!)

હવે સૂરપ્રભ નામના આચાર્ય મહારાજ જણાવે છે –

## ❋ (૨) શ્રી સૂરપ્રભાચાર્યની સંવેદના ❋

**પ્રથમશ્લોક :**

પરમાત્મન્ ! આપશ્રીના આગમસિદ્ધાંતનાં યથાર્થજ્ઞાનથી નિર્મલ બનેલ વાણીરૂપ ઔષધથી હું રાગ-દ્વેષ-મોહરૂપ રોગોને દૂર કરીને, (નિર્વૃતિનિર્વ્યપેક્ષ=) મોક્ષને અવિરુદ્ધ= મોક્ષમાર્ગને અનુકૂળ એવી પ્રૌઢ=મહાન્ સમાધિરૂપી લક્ષ્મીને ક્યારે જોઈશ=ક્યારે સંવેદનાથી અનુભવીશ ?

रागादिहव्यानि मुहुर्लिहाने, ध्यानानले साक्षिणि केवलश्रीः ।
कलत्रतामेष्यति मे कदैषा, वपुर्व्यपायेऽप्यनुयायिनी या ॥२॥"

**तथा श्रीहेमचन्द्रसूरयः –**

"वने पद्मासनासीनं, क्रोडस्थितमृगार्भकम् ।
कदा घ्रास्यन्ति वक्त्रे मां, जरन्तो मृगयूथपाः ॥१॥
शत्रौ मित्रे तृणे स्त्रैणे, स्वर्णेऽश्मनि मणौ मृदि ।
मोक्षे भवे भविष्यामि, निर्विशेषमतिः कदा ? ॥२॥"

ગુણતીર્થ

**દ્વિતીયશ્લોક :**

રાગાદિ હોમાતાં દ્રવ્યોનું વારંવાર ભક્ષણ કરતા એવા ધ્યાનરૂપી જ્વલનશીલ અગ્નિની સાક્ષીએ કેવલજ્ઞાનરૂપી લક્ષ્મી મારી સ્ત્રી ક્યારે બનશે ? કે જે સતી સ્ત્રી શરીરનો વિનાશ થયા પછી પણ (મોક્ષમાં મને) અનુસરનારી જ રહે.

કલિકાલસર્વજ્ઞ પૂજ્યપાદ હેમચન્દ્રસૂરિ મહારાજા કહે છે –

## ❋ (3) પૂજ્ય હેમચન્દ્રસૂરિમહારાજાનો આંતરિક તલસાટ ❋

**પ્રથમશ્લોક :**

જંગલની અંદર પદ્માસને બેસેલા.... અને ખોળામાં રહેલાં (મૃગાર્ભક=) મૃગલાના બાળકવાળા એવા મને, મૃગયૂથને (=હરણનાં ટોળાંને) રક્ષણ કરનારા એવા મૃગાધિપતિરૂપ ❂ વૃદ્ધ હરણો, મારાં મુખને ક્યારે સુંઘશે ? (કહેવાનું તાત્પર્ય એ કે, મને સમતા-સમાધિથી એવી અહિંસા સિદ્ધ થાય કે જન્મથી જ ડરપોક હરણ પણ ડરે નહીં... એવો વખત ક્યારે આવશે ?) [યો. શ. ૩/૧૪૫]

**દ્વિતીયશ્લોક :**

(૧) સામે ચાહે શત્રુ હોય કે મિત્ર હોય, (૨) ઘાસ હોય કે સ્ત્રીનો સમુદાય હોય, (૩) સુવર્ણ હોય કે પત્થર હોય, (૪) ચંદ્રકાંત વગેરે મણિ હોય કે માટી હોય, કે યાવત્ (૫) મોક્ષ હોય કે સંસાર હોય - આ બધા વિશે નિર્વિશેષમતિ (=કોઈના પણ ઉપર રાગ-

---

❂ અહીં 'વૃદ્ધમૃગ' કહેવાનું પ્રયોજન એ સમજવું કે, સહેજે તેઓ કોઈનો એકદમ વિશ્વાસ ન કરે, પણ પરમસમાધિની નિશ્ચલતા જોઈને તેવા વૃદ્ધ મૃગલાઓ પણ એવા વિશ્વાસુ બની જાય કે નિર્ભયતાથી મુખ ચાટે કે સુંઘે...

**तथा मन्त्री वस्तुपालः –**

"संसारव्यवहारतोऽरतमतिर्व्यावर्त्तकर्त्तव्यता-
वार्त्तामप्यपहाय चिन्मयतया त्रैलोक्यमालोकयन् ।
श्रीशत्रुञ्जयशैलगह्वरगुहामध्ये निबद्धस्थितिः,
श्रीनाभेय ! कदा लभेय गलितज्ञेयाभिमानं मनः ॥१॥
स्वामिन् ! रैवतकाद्रिसुन्दरदरीकोणप्रणीतासनः,
प्रत्याहारमनोहरं मुकुलयन् कल्लोललोलं मनः ।
त्वां चण्डांशुमरीचिमण्डलरुचिं साक्षादिवाऽऽलोकयन्,
सम्पद्येय कदा चिदात्मकपरानन्दोर्मिसंवर्मितः ॥२॥"



દ્વેષ વિનાનો પરમસામ્યસંપન્ન પરિણતિવાળો, અર્થાત્ સમાનમતિવાળો) હું ક્યારે બનીશ ? [યો. શા. ૩/૧૪૬]

## ※ (૪) મહામંત્રી વસ્તુપાલની આંતર જ્યોત ※

**પ્રથમશ્લોક :**

શત્રુંજય તીર્થના અધિપતિ શ્રી (નાભેય=નાભિરાજાપુત્ર) ઋષભદેવ પરમાત્મન્ ! (૧) સંસારના તમામ વ્યવહારોમાં નહીં રંગાયેલી બુદ્ધિવાળો (=અર્થાત્ એ બધાથી વૈરાગ્ય પામેલો), અને (૨) વિશિષ્ટ આવર્ત્તરૂપ (=ભવભ્રમણનાં કારણરૂપ) જે પણ કર્તવ્યો-વ્યવહારો-યોગો છે, તે બધાની વાર્તાને પણ છોડીને, (૩) ચેતનાતત્ત્વમય નિર્મળજ્ઞાનથી - ક્યાંય રાગાદિની કલુષાઈ વિના - ત્રણે લોકના સ્વરૂપને (જ્ઞાતા-દૃષ્ટાભાવે) જોતો, (૪) સ્થિરતા-સંવેદનાદિ માટે શ્રીશત્રુંજય પર્વતની ગહન ગુફાની અંદર બેઠેલો એવો હું, જ્ઞેયના અભિમાનથી રહિત એવું મન ક્યારે પામીશ ? (અર્થાત્ કર્તૃત્વભાવ વિલીન થઈ જવાથી અભિમાનરહિત હું ક્યારે બનીશ ?)

**દ્વિતીયશ્લોક :**

હે સ્વામિન્ ! (૧) રૈવતક=ગિરનાર પર્વતની સુંદર ગુફાના ખૂણામાં રચાયેલા આસનવાળો (અર્થાત્ ત્યાં બેઠેલો), (૨) વિકલ્પના તરંગોથી ચંચલ એવાં મનને પ્રત્યાહારથી (=વિષયો તરફ મનોવ્યાપાર અટકાવી, આત્મા તરફ એને ખેંચી લાવવારૂપ પ્રત્યાહારથી) મનોહર બનાવતો, અને (૩) ચેતનાતત્ત્વમય પરમ આનંદની ઉર્મિઓથી તરબતર બનેલો એવો હું, સૂર્યકિરણોના મંડળ જેવી કાંતિવાળા આપને જાણે સાક્ષાત્ જોતો હોઉં એ રીતે આપને ક્યારે મેળવીશ ?

**तथा परसमयेऽपि भर्तृहरिः –**

"गङ्गातीरे हिमगिरिशिलाबद्धपद्मासनस्य,
ब्रह्मज्ञानाभ्यसनविधिना योगनिद्रां गतस्य ।
किं तैर्भाव्यं मम सुदिवसैर्यत्र ते निर्विशङ्काः,
संप्राप्स्यन्ते जठरहरिणाः शृङ्गकण्डूविनोदम् ॥१॥
वितीर्णे सर्वस्वे तरुणकरुणापूर्णहृदयाः,
स्मरन्तः संसारे विगुणपरिणामावधिगतिम् ।
कदा पुण्येऽरण्ये परिणतशरच्चन्द्रकिरणां,
त्रियामां नेष्यामो गुरुगदिततत्त्वैकशरणाः ॥२॥"

**ગુણતીર્થ**

તથા પરદર્શનમાં પણ ભર્તૃહરિ જણાવે છે કે –

## ❋ (૪) ભર્તૃહરિની ભવ્ય ભાવધારા ❋

**પ્રથમશ્લોક :**

(૧) ગંગાનદીના કિનારે હિમાલય પર્વતની શિલા ઉપર રચાયેલા આસનવાળા, અને (૨) બ્રહ્મજ્ઞાનના અભ્યાસની સુંદર વિધિથી સમાધિસમૃદ્ધ યોગનિદ્રાને પામેલા એવા મારા સુંદર દિવસો ક્યારે આવશે ? કે જે અવસરે વૃદ્ધ હરણિયાઓ નિઃશંક થઈને મારા શરીર પર પોતાનાં શીંગડા ખણવાથી ઉત્પન્ન થનારા વિનોદને પામશે... (કહેવાનું તાત્પર્ય એ કે, હું એવો સામ્ય-સમાધિભાવનાઓથી તરબતર ક્યારે થઈશ કે વૃદ્ધહરણિયાઓ મારાં શરીરને ઠુંઠાની સમાન સમજીને પોતાનાં શીંગડા ઘસી ખણજ મટાડીને આનંદ પામે...)

**દ્વિતીયશ્લોક :**

(૧) સર્વસ્વનો ત્યાગ કરીને=દુન્યવી તમામ ચીજોનું મમત્વ-આકર્ષણ હટાવીને, (૨) અત્યંત કરુણાથી વ્યાપ્ત હૃદય ધરાવનારા, (૩) સંસારમાં સર્જાતા વિગુણપરિણામો= કડવાં ફળો, પાપમર્યાદાઓ, દુર્ગતિ વગેરેને સતત સ્મરણ કરતા (=વિચારતા), અને (૪) ગુરુભગવંતે કહેલા તત્ત્વના જ એક શરણવાળા એવા અમે, પવિત્ર જંગલમાં ઉદય પામેલા શરદઋતુના ચંદ્રના કિરણોથી વ્યાપ્ત એવી રાત્રીને ક્યારે પસાર કરીશું ? (અર્થાત્ અમારું મન પ્રશાંતવાહિતાથી એકદમ પ્લાવિત થઈ જાય અને કોઈ અપૂર્વ ભાવધારામાં જોડાઈ જાય કે જંગલ-રાત્રિમાં પણ નિર્ભય રહે એવો આહ્લાદદાયક અનેરો અવસર ક્યારે આવશે ?)

**तदेवं स्वसमयपरसमयप्रसिद्धैः पूर्वपुरुषैः परमात्मतत्त्वसंवित्तिमनोरथा एव कृताः, मनोरथाश्च लोके दुष्प्राप्यवस्तुन एव क्रियन्ते, न तु सुप्राप्यस्य, न खलु कोऽपि सदैव मिष्टान्नाहारं भुञ्जन् मिष्टान्नाहारमनोरथान् कुरुते, न च कश्चित्प्राज्यं साम्राज्यमनुभवन्नपि कदाऽहं राजा भविष्यामीति चिन्तयति, तस्मात्सर्वप्रकारेण प्रमत्तान्तगुणस्थानस्थैर्विवेकिभिः परमसंवेगारूढैः प्राप्तप्रौढाप्रमत्तगुणस्थानस्य वशतोऽपि शुद्धपरमात्मतत्त्वसंवित्तिमनोरथाः कार्याः, न तु षट्कर्मषडावश्यकादिव्यवहारक्रियाकर्मपरिहारः कार्यः, यतः –**



## ⁂ નિરાલંબન ધ્યાનની દુષ્પ્રાપ્યતા ⁂

આ પ્રમાણે જૈનદર્શનપ્રસિદ્ધ અને ઇતરદર્શનપ્રસિદ્ધ એવા પૂર્વકાલીન વિદ્વાન્ પુરુષોએ, પરમાત્મતત્ત્વનાં સંવેદન માટે માત્ર મનોરથો જ કર્યા હતા. અને લોકમાં એવું જોવાય છે કે જે વસ્તુ દુર્લભ હોય, ન મળતી હોય, એ વસ્તુના જ મનોરથો કરાય છે. બાકી સુપ્રાપ્ય= સુલભ=સહજ મળી રહેતી વસ્તુના મનોરથો નથી કરાતા.. આ જ વાતને બે ઉદાહરણોથી સમજાવે છે –

**ઉદાહરણ : (૧) મિષ્ટાન્ન :** જે વ્યક્તિ હંમેશાં મિષ્ટાન્નનું ભોજન કરતો જ હોય, તે વ્યક્તિ 'મને મીઠાઈ ક્યારે ખાવા મળશે ?' એમ મિષ્ટાન્નભોજનના મનોરથો કદી પણ કરે નહીં... **(૨) રાજ્ય :** કોઈક વ્યક્તિ અઢળક સુખ-સમૃદ્ધિ અને વિપુલ સામ્રાજ્ય ભોગવતો હોય, તો એ કદી પણ 'હું ક્યારે રાજા થઈશ ?' એવા મનોરથો કરતો નથી.

**ઉપનય :** તેથી એટલું તો ફલિત થાય જ કે, મનોરથો દુર્લભ વસ્તુના જ હોય, સુલભ વસ્તુના નહીં. તેથી પૂર્વપુરુષોએ નિરાલંબનધ્યાન માટેના મનોરથો કર્યા છે, એના પરથી ફલિત થાય છે કે, એ નિરાલંબન ધ્યાન તેમને નહોતું - તેથી આપણને પણ સુલભ નથી, પણ દુર્લભ છે.

**વિવેકજાગરણ :**

તેથી પ્રમત્તસંયત સુધીના ગુણઠાણે રહેલા, વિવેકસંપન્ન અને પરમસંવેગને પામેલા એવા પુરુષોએ, અનેકવાર અપ્રમત્તદશા પામવા છતાં પણ✪, શુદ્ધ પરમાત્મતત્ત્વનાં સંવેદનના

✪ અહીં આ કહેવાનું તાત્પર્ય એ છે કે, કોઈક વખતે અપ્રમત્તગુણઠાણે નિરાલંબન-ધ્યાનના અંશરૂપ અનુભૂતિ થઈ જાય તો પણ એ પાછળ જ તલપાપડ થઈને આવશ્યકક્રિયાઓને છોડવાનું દુઃસાહસ ન કરવું. નહીં તો પૂર્વોક્ત રીતે ઉભયભ્રષ્ટતા સર્જાયા વિના ન રહે.

"योगिनः समतामेतां, प्राप्य कल्पलतामिव ।
सदाचारमयीमस्यां, वृत्तिमातन्वतां बहिः ॥१॥
ये तु योगग्रहग्रस्ताः, सदाचारपराङ्मुखाः ।
एवं तेषां न योगोऽपि, न लोकोऽपि जडात्मनाम् ॥२॥" **इति ॥३०॥**

**तस्माद् यत्करणीयम्, तदाह –**

**तस्मादावश्यकैः कुर्यात्, प्राप्तदोषनिकृन्तनम् ।**
**यावन्नाप्नोति सद्ध्यानमप्रमत्तगुणाश्रितम् ॥३१॥**

**गुणतीर्थ**

મનોરથો (सर्वप्रकारेण=) બધી જ રીતે અવશ્ય કરવા જોઈએ. પણ, (૧) ગૃહસ્થે છ કર્તવ્ય વગેરેનો, કે (૨) સાધુએ છ આવશ્યક વગેરેનો ત્યાગ કરવો જોઈએ નહીં. (એ બધાનું પણ આદરપૂર્વક પાલન કરતા રહેવું જોઈએ...) અથવા - 'प्राप्तप्रौढाप्रमत्तगुणस्थानस्य....' ઇત્યાદિનો પંક્તિનો અર્થ આવો પણ થાય કે, પ્રાપ્ત - પ્રૌઢ અપ્રમત્ત ગુણસ્થાનકને વશ (અર્થાત્ તેને કારણે) પરમાત્મતત્ત્વ-સંવિત્તિના મનોરથો કરવા. (અર્થાત્ મને સાતમું ગુણઠાણું મળે અને તેના પ્રભાવે પરમાત્મતત્ત્વનું સંવેદન થાય – તેવા મનોરથો કરવા...)

આ વિષયમાં કહ્યું છે કે –

**પ્રથમશ્લોક :** યોગી પુરુષો કલ્પલતાની જેમ આ સમતાને પામીને, એ સમતાની સુંદર ભાવધારામાં રહેલા એવા તેઓ, બહાર સદાચારમય (=ષટ્કર્મ કે ષડાવશ્યકાદિરૂપ) પ્રવૃત્તિને અવશ્ય કરો.

**દ્વિતીયશ્લોક :** વળી યોગના આગ્રહથી ગ્રસ્ત થયેલા જે પુરુષો સદાચારથી પરાઙ્મુખ થઈ જાય છે, તેઓ (નિરાલંબનધ્યાનાદિરૂપ) યોગને તો પામતા નથી. અને આગળ વધીને તેવા જડ જીવો લોકને પણ પામતા નથી. (અર્થાત્ લોકમાં આદરણીય પણ બનતા નથી.)

તેથી છટ્ઠે ગુણઠાણે રહેલા મુનિભગવંતે કયા કાર્યો કરવા યોગ્ય છે, એ બતાવવા ગ્રંથકારશ્રી કહે છે –

## ※ પ્રમત્તસંયતે રહેલા શ્રમણોનું કર્તવ્ય ※

**શ્લોકાર્થ : તેથી જ્યાં સુધી અપ્રમત્તગુણઠાણે રહેલું એવું શ્રેષ્ઠ ધ્યાન (સાધુ) ન પામે, ત્યાં સુધી આવશ્યકો દ્વારા પ્રાપ્ત થયેલા દોષોનો ક્ષય કરતો રહે. (૩૧)**

व्याख्या-'तस्मात्' **पूर्वोक्तहेतुकारणात् साधुस्तावत्** 'प्राप्तदोषनिकृन्तनं' **दैवसिकाद्यासेवितातिचारच्छेदनं** 'आवश्यकैः' **सामायिकादिभिरेव** 'कुर्यात्' **करोतु**, 'यावदप्रमत्तगुणाश्रितं' **अप्रमत्तगुणस्थानसाध्यं** 'सद्ध्यानं' **निरालम्बध्यानं** 'नाप्नोति' **नासादयतीत्यर्थः । तथा प्रमत्तगुणस्थानस्थो जीवः प्रत्याख्यानकबन्धव्यवच्छेदात् ६३ त्रिषष्टेर्बन्धकः, तथा तिर्यग्गतितिर्यगायुर्नीचैर्गोत्रोद्योतप्रत्याख्यानरूपाष्टप्रकृत्युदयव्यवच्छेदादाहारकद्वयोदयाच्चैकाशीतेर्वेदयिता, अष्टत्रिंशदधिकशतसत्ताको भवति ॥३१॥**

**॥ इति प्रमत्तगुणस्थानकं षष्टम् ॥**

**ગુણતીર્થ**

**વિવેચન :** દુષ્પ્રાપ એવાં નિરાલંબન ધ્યાનને મેળવી લેવાની ઘેલી ભાવનાએ ષડાવશ્યક વગેરેને છોડવામાં બહુ મોટું નુકશાન છે, એ પૂર્વે બતાવેલા કારણે જ પ્રમત્તસંયત નામના છટ્ઠે ગુણઠાણે રહેલો સાધુ, જ્યાં સુધી અપ્રમત્તગુણઠાણે જ મેળવી શકાય તેવાં નિરાલંબનધ્યાનરૂપ શ્રેષ્ઠ ધ્યાનને ન પામે, ત્યાં સુધી (૧) સામાયિક, (૨) ચતુર્વિંશતિસ્તવ વગેરે ષડાવશ્યકો દ્વારા પ્રાપ્ત થયેલા દોષોનો ક્ષય કરે...

તાત્પર્ય એ કે, (૧) દિવસે આસેવન કરેલા અતિચારો, એ જ રીતે (૨) રાત્રે, (૩) પંદર દિવસે, (૪) ચાર મહિને (૫) વરસે આસેવન કરેલા અતિચારો......એ તમામ અતિચારોના માધ્યમે જીવનમાં જે દોષો લાગ્યા, તે બધા દોષોને સામાયિક-પ્રતિક્રમણ વગેરેના માધ્યમે દૂર કરે... અને આ રીતે અતિચારશુદ્ધ નિર્મલ જીવન બનાવે... (આ વાત વર્તમાન તીર્થને લઈને સમજવાની)

હવે પ્રમત્તસંયતગુણઠાણે રહેલા જીવને કેટલા કર્મોનો બંધ-ઉદય-સત્તા હોય, તે બતાવવા ગ્રંથકારશ્રી કહે છે –

## ❋ પ્રમત્તસંયતગુણઠાણે બંધ-ઉદય-સત્તા ❋

**બંધ :** દેશવિરત ગુણઠાણે બંધપ્રાયોગ્ય ૬૭ પ્રકૃતિમાંથી, પ્રત્યાખ્યાનાવરણ ચાર કષાયોનો બંધવિચ્છેદ થવાથી, એ સિવાયની બાકીની **૬૩** પ્રકૃતિઓનો બંધ છટ્ઠે ગુણઠાણે રહેલો જીવ કરે...

**ઉદય :** દેશવિરત ગુણઠાણે ઉદયપ્રાયોગ્ય ૮૭ પ્રકૃતિમાંથી, (૧) તિર્યંચગતિ, (૨) તિર્યંચાયુષ્ય, (૩) નીચગોત્ર, (૪) ઉદ્યોત, અને (૫-૮) પ્રત્યાખ્યાનાવરણ ચાર કષાય – આ ૮ પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ થવાથી ૭૯ પ્રકૃતિઓ; અને તેમાં ઉદય પામનારી આહારકદ્વિકરૂપ બે પ્રકૃતિનો પ્રક્ષેપ કરવાથી, છટ્ઠે ગુણઠાણે રહેલો જીવ **૮૧** પ્રકૃતિના ઉદયવાળો હોય છે.

**अथाप्रमत्तगुणस्थानमाह –**

**चतुर्थानां कषायाणां, जाते मन्दोदये सति ।**

**भवेत्प्रमादहीनत्वादप्रमत्तो महाव्रती ॥३२॥**

व्याख्या-**महाव्रतानि विद्यन्ते यस्यासौ महाव्रती साधुः**, 'अप्रमत्तो' **अप्रमत्तगुणस्थानस्थो भवति, कस्मात्** ? 'प्रमादहीनत्वात्' **पूर्वोक्तपञ्चप्रकारप्रमादरहितत्वात्, क्व सति ?** 'मन्दोदये जाते सति' **मन्दः=अतीव्रविपाक उदयः=अस्तित्वमात्रलक्षणो यत्रासौ मन्दोदयस्तस्मिन्मन्दोदये, केषाम्** ? 'चतुर्थानां कषायाणां' **संज्वलनाभिधानक्रोधादीनाम्**

**गुणतीर्थ**

**સત્તા :** છટ્ઠે ગુણઠાણે **૧૩૮** ની સત્તા હોય... આ સત્તા ક્ષાયિકસમ્યક્ત્વી ક્ષપકશ્રેણિવાળા ❂જીવને સમજવી. બાકી તો બીજા જીવોને કર્મપ્રકૃતિના ૧૪૮ વગેરે સત્તાસ્થાનો પણ સંભવી શકે છે.

| ગુણસ્થાન | બંધ | ઉદય | સત્તા |
|---|---|---|---|
| પ્રમત્તસંયત | ૬૩ | ૮૧ | ૧૩૮ |

આ પ્રમાણે છટ્ઠા ગુણઠાણાનું સ્વરૂપવર્ણન પૂર્ણ થયું.

## (૭) અપ્રમત્તસંયતગુણસ્થાનક

હવે ગ્રંથકારશ્રી સાતમા 'અપ્રમત્તસંયત' નામના ગુણઠાણાનું સ્વરૂપ બતાવે છે –

**શ્લોકાર્થ : ચોથા સંજ્વલન કષાયનો જ્યારે મંદ ઉદય થાય, ત્યારે મહાવ્રતસંપન્ન શ્રમણભગવંત પ્રમાદ વિનાના થવાથી 'અપ્રમત્તયતિ' બને છે.** (૩૨)

**વિવેચન :** સંજ્વલન નામના ચોથા કષાયરૂપ ક્રોધ-માન-માયા-લોભ એ ચાર કષાયો અને ઉપલક્ષણથી હાસ્યાદિ છ અને ત્રણ વેદરૂપ નવ નોકષાયો – આ બધાનો જ્યારે મંદ ઉદય થાય, ત્યારે પાંચ મહાવ્રતોથી યુક્ત સાધુ (૧) મદ્ય, (૨) વિષય, (૩) કષાય, (૪) નિદ્રા, અને (૫) વિકથા – એ પાંચ પૂર્વે કહેલા પ્રમાદોથી રહિત બને છે. અને તેથી જ (=પ્રમાદરહિત હોવાથી જ) એ સાધુ અપ્રમત્તગુણઠાણે રહેલો બને છે.

❂ આ જીવને ૧૪૮ માંથી ક્ષાયિકસમ્યક્ત્વ હોવાથી દર્શનસપ્તકની સત્તા ન હોય અને ક્ષપકશ્રેણિ ચડવાનો હોવાથી મનુષ્યાયુ સિવાય બાકીના ત્રણ આયુની પણ સત્તા ન હોય. આમ ૧૦ પ્રકૃતિ વિના ૧૩૮ની સત્તા હોય.

**उपलक्षणत्वान्नोकषायाणां च । अयमर्थः – संज्वलनकषायाणां नोकषायाणां च यथा यथा मन्दोदयो भवति, तथा तथा साधुरप्रमत्तो भवति । यदाह –**

"यथा यथा न रोचन्ते, विषयाः सुलभा अपि ।
तथा तथा समायाति, संवित्तौ तत्त्वमुत्तमम् ॥१॥
यथा यथा समायाति, संवित्तौ तत्त्वमुत्तमम् ।
तथा तथा न रोचन्ते, विषयाः सुलभा अपि ॥२॥" **॥३२॥**

**गुणतीर्थ**

**પ્રશ્ન :** કષાયોનો **'મંદ ઉદય'** એટલે શું ?

**ઉત્તર : 'મંદ'** એટલે તીવ્ર વિપાક ન હોવો... અર્થાત્ એ કર્મનું વધુ જોર ન હોવું. અને **'ઉદય'** એટલે માત્ર હોવાપણું❂... એટલે અર્થ થશે : 'વધુ જોર ન હોવા સાથે કેવળ અંશમાત્રરૂપે કષાયોનું હોવાપણું; તે એ કષાયોનો મંદ ઉદય કહેવાય...'

**ભાવાર્થ :** (अयमर्थः-) જેમ જેમ સંજ્વલન કષાય અને નવ નોકષાયોનો મંદ ઉદય થાય, તેમ તેમ સાધુ અપ્રમત્ત બનતો જાય... (કષાયની મંદતા પ્રમાદની મંદતામાં હેતુ છે... એટલે કષાયો ઓછા થવાથી પ્રમાદો ઓછા થાય અને તેથી એ મહાવ્રતસંપન્ન સાધુમાં અપ્રમાદભાવ વધુ ને વધુ ઉલ્લસિત થતો જાય.)

આ વિશે શાસ્ત્રમાં કહ્યું છે કે –

"**પ્રથમશ્લોક :** જેમ જેમ પાંચ ઇન્દ્રિયના વિષયો સુલભ હોવા છતાં પણ એના વિશે રુચિ ન જાગે, તેમ તેમ પોતાની સંવેદનધારામાં ઉત્તમ તત્ત્વ પ્રાપ્ત થાય છે... (વિષયો પ્રત્યે લગાવ અટકવાથી, અતીન્દ્રિય આત્મશક્તિ આવિર્ભાવને પામે છે.)

**દ્વિતીયશ્લોક :** અને જેમ જેમ સંવેદનધારામાં ઉત્તમ તત્ત્વ પ્રાપ્ત થતું જાય, તેમ તેમ પાંચ ઇન્દ્રિયના વિષયો સુલભ હોવા છતાં પણ એના વિશે રુચિ જાગતી નથી... (સંવેદન-ધારામાં ઉત્તમ તત્ત્વના સ્પર્શથી જે આહ્લાદજનક અનુભૂતિ ઉદ્ભવે, એનાથી વિષયોનો આભાસિક આનંદ ક્ષણિક અને તુચ્છ લાગે. એ તરફ એમને રુચિ જ જાગે નહીં. કારણ કે, તત્ત્વ વિષયોની અસારતા છે. જેમ જેમ તેનું જ્ઞાન સંવેદનરૂપ બને (માત્ર જાણકારી નહીં...) તેમ તેમ વિષયરૂચિ ઘટે જ."

---

❂ આશય એ કે, વિપાકોદય હોવા છતાં પ્રગટ ફળ બતાવી ન શકે એ તેની મંદતા છે. એટલે તેનાથી સૂક્ષ્મ અતિચાર થાય, સ્થૂલ નહીં.

**अथ यथाऽप्रमत्तस्थ एव मोहनीयकर्मोपशमक्षपणनिपुणः सद्ध्यानारम्भकत्वं कुरुते, तथा श्लोकद्वयेनाऽऽह –**

**नष्टाशेषप्रमादात्मा, व्रतशीलगुणान्वितः ।**
**ज्ञानध्यानधनो मौनी, शमनक्षपणोन्मुखः ॥३३॥**
**सप्तकोत्तरमोहस्य, प्रशमाय क्षयाय वा ।**
**सद्ध्यानसाधनारम्भं, कुरुते मुनिपुङ्गवः ॥३४॥ युग्मम् ॥**

व्याख्या–**नष्टाशेषप्रमादो=निर्द्धाटिताखिलप्रमादः आत्मा=जीवो यस्यासौ नष्टाशेषप्रमादात्मा, व्रतानि=महाव्रतादीनि, शीलगुणाः=अष्टादशसहस्रशीलाङ्गलक्षणास्तैरन्वितः=**

**ગુણતીર્થ**

હવે મોહનીયકર્મનો ઉપશમ અથવા ક્ષય કરવામાં નિપુણ (=તૈયાર=બદ્ધલક્ષ્ય) એવો અપ્રમત્તગુણઠાણે જ રહેલો જીવ શી રીતે (=કઈ અવસ્થામાં આરૂઢ થઈને) શ્રેષ્ઠતમ ધ્યાનનો આરંભ કરે ? એ વાત બતાવવા ગ્રંથકારશ્રી બે શ્લોકો કહે છે –

**※ ધ્યાન સફરની પ્રારંભિક સાધના ※**

**શ્લોકાર્થ : (૧) સઘળા પ્રમાદોથી દૂર થયેલા જીવદળવાળો, (૨) વ્રતસંપન્ન, (૩) શીલગુણથી યુક્ત, (૪) જ્ઞાન અને ધ્યાનરૂપી ધનવાળો, (૫) મૌનસંપન્ન, (૬) મોહનીયના ઉપશમ અને ક્ષય માટે સન્મુખ થયેલો..... એવો મુનિપુંગવ (=શ્રેષ્ઠ મુનિ), દર્શનસપ્તક સિવાયની શેષ ૨૧ મોહનીયપ્રકૃતિના ઉપશમન કે ક્ષય માટે શ્રેષ્ઠતમ ધ્યાનને સાધવાનો પ્રારંભ કરે છે. (૩૩-૩૪)**

**વિવેચન :**

**(૧) नष्टाशेषप्रमादात्मा :** મદ્ય, વિષયાદિરૂપ પાંચ પ્રમાદો... કે પછી આત્મસ્વરૂપ સિવાય બહારના વિષયોમાં રાગાદિરૂપે જીવની પ્રવૃત્તિ એ પણ અંતર્મુખતાથી સ્ખલનારૂપ હોઈ પ્રમાદ છે... એ બધા પ્રમાદો જેમાંથી દૂર થઈ ગયા છે તેવો જીવ...

**(૨) व्रतसंपन्न :** પ્રાણાતિપાતવિરમણ વગેરે પાંચ મહાવ્રતોથી યુક્ત જીવ...

**(૩) शीलगुणान्वित :** અઢાર હજાર શીલાંગરૂપ ગુણોથી યુક્ત. 'શીલ' એટલે ચારિત્ર... અને 'અંગ' એટલે ભાગ... આવા અઢાર હજાર ચારિત્રોના વિભાગથી સમન્વિત એવો સાધુ – આમ અર્થ થાય.

અહીં અઢાર હજાર શીલાંગ આ પ્રમાણે સમજવા –

**संयुक्तो व्रतशीलगुणान्वितः, ज्ञानं=सदागमाभ्यासलक्षणम्, ध्यानम्=एकाग्रतारूपम् तद् ज्ञानं च ध्यानं च धनं सर्वस्वं यस्यासौ ज्ञानध्यानधनः, अत एव** 'मौनी' **मौनवान्, यतो मौनवानेव ध्यानधनः स्यात्, यदाह –**

"तं नमत गृहीताखिलकालत्रयगतजगत्रयव्याप्तिः ।
यत्रास्तमेति सहसा, सकलोऽपि हि वाक्परिस्पन्दः ॥१॥"

**ગુણતીર્થ**

o દશ પ્રકારનો યતિધર્મ છે : (૧) ક્ષમા, (૨) મૃદુતા, (૩) ઋજુતા, (૪) મુક્તિ, (૫) તપ, (૬) સંયમ, (૭) સત્ય, (૮) શૌચ, (૯) અકિંચનપણું, અને (૧૦) બ્રહ્મચર્ય... આ શીલના ૧૦ અંગ થયા...

o દશ ધર્મયુક્ત યતિએ (૧) પૃથ્વીસમારંભ, (૨) જલસમારંભ, (૩) અગ્નિસમારંભ, (૪) વાયુસમારંભ, (૫) વનસ્પતિસમારંભ, (૬) બેઇન્દ્રિયસમારંભ, (૭) તેઇન્દ્રિયસમારંભ, (૮) ચઉરિન્દ્રિયસમારંભ, (૯) પંચેન્દ્રિયસમારંભ, અને (૧૦) અજીવસમારંભ=પુસ્તક વગેરે દુષ્પ્રતિલેખિત રાખવા. આ દશ સમારંભનો ત્યાગ કરવાનો છે. એટલે યતિના દરેક ગુણો ૧૦-૧૦ પ્રકારે થતાં શીલના ૧૦૦ અંગ થાય... (૧૦ × ૧૦=૧૦૦)

o યતિધર્મયુક્ત સાધુએ ઉપરોક્ત યતનાપાલન પાંચ ઇન્દ્રિયોના જયપૂર્વક કરવાનું છે, તેથી શીલના ૫૦૦ અંગ થાય. (૧૦૦ × ૫=૫૦૦)

o હવે યતિધર્મયુક્ત સાધુ દ્વારા યતનાસહિત કરવામાં આવેલો ઇન્દ્રિયજય (૧) આહારસંજ્ઞા, (૨) ભયસંજ્ઞા, (૩) મૈથુનસંજ્ઞા, અને (૪) પરિગ્રહસંજ્ઞા - આ ચાર સંજ્ઞાથી રહિત હોવો જોઈએ. તેથી શીલના ૨૦૦૦ અંગ થાય... (૫૦૦ × ૪=૨૦૦૦)

o અને ઉપરોક્ત પાપસેવનાદિ મન, વચન અને કાયાથી... ન કરવારૂપ, ન કરાવવારૂપ અને ન અનુમોદવારૂપ હોવાથી ૨૦૦૦ × ૩ યોગ=૬૦૦૦ અને એ ૬૦૦૦ × ૩ કરણ=૧૮૦૦૦ આમ અઢાર હજાર શીલના અંગો થયા.

(૪) **જ્ઞાનધ્યાનધન :** 'જ્ઞાન' એટલે સર્વજ્ઞપ્રણીત યથાર્થ આગમોનો સમ્યગ્ અભ્યાસ❂, એનું પરિશીલન, એનું આત્મપરિણતિરૂપે અવતરણ... અને 'ધ્યાન' એટલે મનની એકાગ્રતા, પ્રતિનિયત કોઈ એક વિષયમાં તન્મય થઈ જવારૂપ મનની પરિણતિ... આ જ્ઞાન અને ધ્યાન એ જ જેનું સર્વસ્વ છે, તે મુનિ જ્ઞાન-ધ્યાનરૂપી ધનવાળા કહેવાય.

❂ ઈતર આગમોનું પણ જો સર્વજ્ઞદર્શિત નયશૈલી મુજબ પરિભાવન કરવામાં આવે, તો એ પણ 'સદભ્યાસ' રૂપ બની શકે... અને જિનવચન પણ જો એકાંતે પકડવામાં આવે, તો એ પણ 'અસદાભ્યાસ' રૂપ બની શકે છે. એટલે દૃષ્ટિશુદ્ધિ અનિવાર્ય છે.

**ततो ज्ञानध्यानधनो मौनी** 'शमनाय' **शमनार्थं** 'क्षपणाय' **क्षपणार्थं वा** 'उन्मुखः' **संमुखः, कृतोद्यम इत्यर्थः, शमनक्षपणोन्मुखः, एवंविधो मुनिपुङ्गवः,** 'सप्तकोत्तरमोहस्य' **पूर्वोक्तसम्यक्त्वमिश्रमिथ्यात्वानन्तानुबन्धिचतुष्टयलक्षणसप्तकातिरिक्तैकविंशतिप्रकृतिरूपस्य मोहनीयस्य शमनोन्मुखः प्रशमाय क्षपणोन्मुखः क्षयाय वा** 'सद्ध्यानसाधनारम्भं' **निरालम्बध्यानप्रवेशप्रारम्भं कुरुते, निरालम्बध्याने प्रवेशे हि योगिनस्त्रिविधा भवन्ति यथा – प्रारम्भकाः, तन्निष्ठाः, निष्पन्नयोगाश्च । यदाह –**

**ગુણતીર્થ**

**(૫) मौनी :** મૌનવાળો... 'મૌન' એટલે વિકલ્પોના કોલાહલો શમાવીને ન બોલવું, વચનોચ્ચાર ન કરવો તે.. પારમાર્થિક મૌન તો એને કહેવાય કે 'આપણો ચેતનાવ્યાપાર પુદ્ગલ વિશે નહીં જવા દેવો...' (पुद्गलेष्वप्रवृत्तिस्तु योगानां मौनमुत्तमम् - જ્ઞાનસાર) આવા મૌનવાળો સાધુ...

मौनवानेव ध्यानधनः स्यात्... અર્થાત્ જે મૌનવાળો હોય, તે જ ધ્યાનરૂપી ધનવાળો હોય... તેથી પૂર્વે મુનિને ધ્યાનધનવાળો કહ્યો એનાથી જ સાબિત થાય કે મુનિ મૌનવાળો પણ હોવાનો જ. (કારણ કે ધ્યાન મૌન વિના શક્ય નથી...) આ વિષયમાં કહ્યું છે કે –

"હે ભવ્યજીવો ! ભૂત-ભવિષ્ય-વર્તમાન એ ત્રણે કાળમાં રહેનારા ઊર્ધ્વલોક-અધોલોક-તીર્ચ્છાલોકરૂપ ત્રણ જગતની સંપૂર્ણ વ્યાપ્તિને ગ્રહણ કરનારો (અર્થાત્ ત્રણ જગતમાં વિદ્યમાન ત્રણે કાળસંબંધી તમામ વસ્તુઓ વિશે વચનવ્યાપારરૂપે ફેલાઈ જનારો) એવો આખો જે વચનપરિસ્પન્દ (=વચનવ્યાપાર); તે જ્યાં એકાએક વિરામ પામે છે, તે ધ્યાનદશાગત સ્વરૂપને નમસ્કાર કરો."

**(૬) शमनक्षपणोन्मुख :** ઉપર કહેલો જ્ઞાન અને ધ્યાનરૂપી ધનવાળો મૌની સાધુ મોહનીયકર્મના ઉપશમન માટે કે એના ક્ષય માટે સન્મુખ થાય છે, અર્થાત્ ઉપશમ કે ક્ષય કરવા ઉદ્યમશીલ બને છે.

આવા શ્રેષ્ઠ મુનિભગવંત મોહનીયકર્મની પૂર્વોક્ત સાત સિવાયની બાકીની ૨૧ પ્રકૃતિઓનો ઉપશમ કે ક્ષય કરવા માટે, ઉત્તમધ્યાનરૂપ એવાં નિરાલંબનધ્યાનને સાધવાનો (=એ ધ્યાનમાં પ્રવેશ કરવાનો) પ્રારંભ કરે છે.

અહીં મોહનીયની ૨૧ પ્રકૃતિઓ આ પ્રમાણે સમજવી – (૧) સમ્યક્ત્વમોહનીય, (૨) મિશ્રમોહનીય, અને (૩) મિથ્યાત્વમોહનીયરૂપ દર્શનત્રિક, તથા (૪-૫) અનંતાનુબંધી ચાર કષાય - આ સાત પ્રકૃતિઓ સિવાયની અવશેષ ૧૨ કષાય અને ૯ નોકષાયરૂપ ૨૧ પ્રકૃતિઓ...

"सम्यग्नैसर्गिकीं वा विरतिपरिणतिं प्राप्य सांसर्गिकीं वा,
क्वाप्येकान्ते निविष्टाः, कपिचपलचलन्मानसस्तम्भनाय ।
शश्वन्नासाग्रपालीघनघटितदृशो धीरवीरासनस्था,
ये निष्कम्पाः समाधेर्विदधति विधिनाऽऽरम्भ**मारम्भकास्ते** ॥१॥
कुर्वाणो मरुदासनेन्द्रियमनःक्षुत्तर्षनिद्राजयं,
योऽन्तर्जल्पनिरूपणाभिरसकृत्तत्त्वं समभ्यस्यति ।

**ગુણતીર્થ**

(૧) ઉપશમ કરવા ઉદ્યમશીલ બનેલો જીવ ૨૧ પ્રકૃતિઓનો ઉપશમ કરવા નિરાલંબનધ્યાનમાં પ્રવેશે, અને (૨) ક્ષય કરવા ઉદ્યમશીલ બનેલો જીવ ૨૧ પ્રકૃતિઓનો ક્ષય કરવા નિરાલંબનધ્યાનમાં પ્રવેશે...

હવે આવા નિરાલંબનધ્યાનમાં પ્રવેશ કરનારા યોગીઓ ત્રણ પ્રકારના હોય છે : (૧) યોગપ્રારંભક, (૨) યોગનિષ્ઠ, અને (૩) નિષ્પન્નયોગી... આ ત્રણેનું સ્વરૂપ ગ્રંથકારશ્રી શાસ્ત્રોના આધારે બતાવે છે –

## ❋ ત્રણ પ્રકારના સાધક યોગીઓ ❋

### (૧) યોગપ્રારંભક :

**શ્લોકાર્થ :** (૧) સમ્યક્ પ્રકારનો (ક) સ્વાભાવિક વિરતિપરિણામ, કે (ખ) સંસર્ગકૃત=નિમિત્તજન્ય વિરતિપરિણામને પામીને, (૨) વાંદરાની સમાન ચપળ ચાલવાળાં મનને સ્થિર કરવા કોઈક એકાંત સ્થાનમાં બેસેલા, (૩) હંમેશાં (ધ્યાનાદિ માટે) નાસિકાના અગ્રભાગ ઉપર સ્થિરપણે મૂકાયેલી દૃષ્ટિવાળા, (૪) ધીરપણે વીરાસનમાં બેસેલા, અને (૫) બિલકુલ ચલાયમાન ન થનારા એવા નિષ્પ્રકમ્પ જે યોગીઓ વિધિપૂર્વક સમાધિનો પ્રારંભ કરે છે, તેઓ 'યોગપ્રારંભક' કહેવાય છે.

### (૨) યોગનિષ્ઠ :

**શ્લોકાર્થ :** (૧) શ્વાસોચ્છ્વાસાદિ સંબંધી વાયુ, વીરાસનાદિરૂપ આસનો, પાંચ ઈન્દ્રિયો, મન, ક્ષુધા=ભૂખ, તરસ વગેરેનો વિજય કરનારા, (૨) અંતર્જલ્પાકાર નિરૂપણો દ્વારા (=અંતસ્તલ પર સ્ફુરનારા આધ્યાત્મિક ચિંતનો દ્વારા) તત્ત્વનો=પરમાર્થનો અભ્યાસ કરનારા, (૩) જીવમાત્ર પ્રત્યે પ્રમોદભાવ, કરુણાભાવ અને મૈત્રીભાવનું વારંવાર મનન કરનારા, અને (૪) ધ્યાનવ્યાપ્ત ચેષ્ટા=પ્રવૃત્તિઓ દ્વારા સતત વૃદ્ધિને પામનારા એવા જે યોગીઓ છે, તે 'યોગનિષ્ઠ' કહેવાય છે.

सत्त्वानामुपरि प्रमोदकरुणामैत्रीर्भृशं मन्यते,
ध्यानाधिष्ठितचेष्टयाऽभ्युदयते तस्येह **तन्निष्ठता** ॥२॥
उपरतबहिरन्तर्जल्पकल्लोलमाले, लसदविकलविद्यापद्मिनीपूर्णमध्ये ।
सततममृतमन्तर्मानसे यस्य हंसः, पिबति निरुपलेपः स्यात्तु **निष्पन्नयोगी** ॥३॥" ॥३४॥

**अथाप्रमत्तगुणस्थाने ध्यानसम्भवमाह –**

**धर्मध्यानं भवत्यत्र, मुख्यवृत्त्या जिनोदितम् ।**
**रूपातीततया शुक्लमपि स्यादंशमात्रतः ॥३५॥**

व्याख्या-'जिनोदितं' **जिनप्रणीतं** 'धर्मध्यानं' **मैत्र्यादिभेदभिन्नमनेकविधम्, यदाह –**

"मैत्र्यादिश्चतुर्भेदं यद्वाऽऽज्ञादिचतुर्विधम् ।
पिण्डस्थादि चतुर्धा वा, धर्मध्यानं प्रकीर्त्तितम् ॥१॥"

**ગુણતીર્થ**

**(૩) નિષ્પન્નયોગી :**

**શ્લોકાર્થ :** (૧) વચનોચ્ચારરૂપ બહિર્જલ્પ અને અવિકલ્પ જ્ઞાનરૂપ અંતર્જલ્પ – આ બંને જલ્પરૂપી તરંગોની શ્રેણિઓ જ્યાં વિરામ પામી ગઈ છે (અર્થાત્ મન-વચન-કાયાના તરંગો શમી ગયા હોવાથી જ્યાં સ્થિરતા પ્રાપ્ત થઈ ગઈ છે...), (૨) અવિકલ=પૂર્ણ અથવા અયથાર્થતાદિરૂપ કલંકથી વિકલ-રહિત એવી વિદ્યા=જ્ઞાનરૂપી કમલિનીઓથી વ્યાપ્ત છે મધ્યભાગ જેનો એવા મનરૂપી 'માનસ' સરોવરમાં જેનો હંસરૂપ નિર્લેપ (=રાગાદિરૂપ લેપ વિનાનો) આત્મા સતત અમૃતપાન કરે છે, અર્થાત્ આત્મસ્વરૂપમાં સતત રમણતા અનુભવે છે, તે અહીં 'નિષ્પન્નયોગી' કહેવાય.

આ પ્રમાણે નિરાલંબનધ્યાનમાં પ્રવેશ પામનારા ત્રણ પ્રકારના યોગીઓનું સ્વરૂપ બતાવીને, હવે ગ્રંથકારશ્રી અપ્રમત્તગુણઠાણે કયું ધ્યાન હોય ? એ બતાવે છે –

## ※ અપ્રમત્તગુણઠાણે ધ્યાનવિચારણા ※

**શ્લોકાર્થ : અહીં સાતમે ગુણઠાણે મુખ્યવૃત્તિએ જિનેશ્વરે કહેલું ધર્મધ્યાન હોય છે. અને અહીં રૂપાતીતધ્યાન હોવાથી શુક્લધ્યાન પણ અંશમાત્રાએ હોય છે. (૩૫)**

**વિવેચન :** 'અપ્રમત્તસંયત' નામના સાતમે ગુણઠાણે પરમાત્માએ કહેલું ધર્મધ્યાન હોય છે. આ ધર્મધ્યાન 'મૈત્રીભાવ' વગેરેના ભેદે અનેક પ્રકારનું છે. એ ભેદો બતાવવા શાસ્ત્રમાં કહ્યું છે કે –

तत्र –

"मैत्रीप्रमोदकारूण्यमाध्यस्थ्यानि नियोजयेत् ।
धर्मध्यानमुपस्कर्त्तुं, तद्धि तस्य रसायनम् ॥२॥



**ધર્મધ્યાનના ભેદો :-**

मैत्र्यादिश्चतुर्भेदं, यद्वाऽऽज्ञादिचतुर्विधम् ।
पिण्डस्थादि चतुर्धा वा, धर्मध्यानं प्रकीर्त्तितम् ॥

**શ્લોકાર્થ :** ધર્મધ્યાન એ મૈત્ર્યાદિભેદે (અર્થાત્ (૧) મૈત્રી, (૨) પ્રમોદ, (૩) કરુણા, અને (૪) માધ્યસ્થ્ય - એમ) ચાર પ્રકારનું કહેવાયું છે... અથવા આજ્ઞાદિભેદે (અર્થાત્ (૧) આજ્ઞાવિચય, (૨) અપાયવિચય, (૩) વિપાકવિચય, અને (૪) સંસ્થાનવિચય - એમ) ચાર પ્રકારે કહેવાયું છે. અથવા તો પિંડસ્થાદિભેદે (અર્થાત્ (૧) પિંડસ્થ, (૨) પદસ્થ, (૩) રૂપસ્થ, અને (૪) રૂપાતીત - એમ) ચાર પ્રકારે કહેવાયું છે.

આ દરેક પ્રકારોને સંક્ષેપથી બતાવવા શાસ્ત્રમાં આ પ્રમાણે બતાવ્યું છે –

### ❋ ધર્મધ્યાનના મૈત્ર્યાદિ ચાર પ્રકાર ❋

**શ્લોક :** मैत्री-प्रमोद-कारुण्य-माध्यस्थ्यानि नियोजयेत् ।
धर्मध्यानमुपस्कर्तुं, तद्धि तस्य रसायनम् ॥

**શ્લોકાર્થ :** ધર્મધ્યાનને પુષ્ટ કરવા, સંસ્કારિત કરવા, ઉલ્લસિત કરવા (૧) મૈત્રીભાવ, (૨) પ્રમોદભાવ, (૩) કરુણાભાવ, અને (૪) મધ્યસ્થભાવ... આ ચાર ભાવો આત્મામાં જોડવા, કારણ કે ધર્મધ્યાનને પુષ્ટ કરવા આ ચાર ભાવોનું જોડાણ રસાયનરૂપ છે.

**વિવેચન :**

**(૧) મૈત્રીભાવ :** સ્વજન હોય કે શત્રુજન જીવમાત્રને મિત્રતુલ્ય માનવા તે... આના ચાર પ્રકાર છે - (૧) **ઉપકારીમૈત્રી :** ઉપકારીએ કરેલા ઉપકારને સામે રાખીને એમના પ્રત્યે જે મિત્રભાવ રખાય તે... (૨) **સ્વજનમૈત્રી :** ઉપકાર ન કર્યો હોય તો પણ સગા-વહાલાની બુદ્ધિથી સ્વજનો પ્રત્યે જે મિત્રભાવ રખાય તે... (૩) **અન્યજનમૈત્રી :** પોતાના પૂર્વજોએ જેની સાથે સંબંધ રાખેલો હોય કે પોતે જેની સાથે સંબંધ-પરિચય-ઓળખાણ કરેલ હોય તેવી વ્યક્તિ ઉપકારી કે સ્વજન કદાચ ન હોય તો પણ તેના પ્રત્યે મિત્રભાવ કેળવવો તે... (૪) **સામાન્યજનમૈત્રી :** પરિચિત કે અપરિચિત, સ્વજન કે શત્રુજન

જીવમાત્ર પ્રત્યે હિતની ભાવના, બધાનું હિત થાય, કલ્યાણ થાય એવી હૃદયની લાગણીશીલતા.

(૨) **પ્રમોદભાવ :** બીજાને સુખ મળે તેમાં આનંદની અનુભૂતિ... આના પણ ચાર પ્રકાર છે – (૧) **સુખમાત્રપ્રમોદ :** પોતામાં કે બીજામાં રહેલ અપથ્ય આહારથી થનારી તૃપ્તિ સમાન પરિણામે અસુંદર એવા વૈષયિકસુખમાં જે આનંદ થાય તે... (૨) **સદ્હેતુપ્રમોદ :** હિત-મિત આહારથી થનારા રસાસ્વાદ સમાન પરિણામે સુંદર એવા ઇહલૌકિક સુખવિશેષમાં થનારો આનંદ... (૩) **સાનુબંધપ્રમોદ :** ઇહ-પરભવમાં સુખની પરંપરાનો વિચ્છેદ ન થાય એ અનુબંધ કહેવાય, આવા અનુબંધયુક્ત પોતાના કે બીજાના સુખ વિશે થનારો પ્રમોદ તે સાનુબંધપ્રમોદ... (૪) **ઉત્કૃષ્ટપ્રમોદ :** મોહનીયકર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલું જે પ્રકૃષ્ટ સુખ, તેના વિશે થનારો પ્રમોદ...

(૩) **કરુણાભાવ :** બીજાના દુઃખને દૂર કરવાની ભાવના... આના પણ ચાર પ્રકાર છે – (૧) **મોહયુક્તકરુણા :** ગ્લાન વડે મંગાયેલી અપથ્ય વસ્તુને આપી દેવાની જે ઇચ્છા થાય તે... (૨) **અસુખયુક્તકરુણા :** જેની પાસે સુખ ન હોય તેવી વ્યક્તિને આહાર, વસ્ત્ર, આસન વગેરે આપવારૂપ કરુણા... (૩) **સંવેગયુક્તકરુણા :** મોક્ષાભિલાષારૂપ સંવેગના લીધે સાંસારિક દુઃખથી છોડાવવાની ઇચ્છાથી, સુખી જીવો વિશે પણ છદ્મસ્થજીવોની સ્વાભાવિક રીતે જે કરુણા પ્રવર્તે તે... (૪) **અન્યહિતયુક્તકરુણા :** બધાનું હિત થાય એ ભાવનાથી, કેવલજ્ઞાનીઓની જેમ સર્વ જીવોના અનુગ્રહમાં તત્પર બનેલી એવી જે કરુણા તે...

(૪) **મધ્યસ્થભાવ :** બીજાના અવગુણો દોષો જોઈ એમના પર અરુચિ કે દ્વેષ વિના મધ્યસ્થપરિણામ કેળવવો તે... આના પણ ચાર પ્રકાર છે - (૧) **કરુણાપ્રધાનમધ્યસ્થભાવ :** સ્વચ્છંદતાથી અપથ્યને ખાનાર રોગીના અહિતને જાણવા છતાં 'અનુકંપાનો ભંગ ન થાઓ' એ પ્રમાણે જે મોહયુક્ત કરુણા કરાય તે... (૨) **અનુબંધપ્રધાનમધ્યસ્થભાવ :** કોઈ આળસુ ધન ઉપાર્જન કરતો નથી, તો તેને થોડા સમય પછી જો હું કહીશ તો સારું પરિણામ આવશે - એ રીતે કાર્યની પરંપરાને જોતો કોઈક સમયે ઉદાસીનતાને ધારી રાખે તે... (૩) **નિર્વેદપ્રધાનમધ્યસ્થભાવ :** ચારે ગતિમાં વિવિધ દુઃખપરંપરાને અનુભવતા જીવને દેવગતિ વગેરેમાં સર્વ ઇન્દ્રિયોને આહ્લાદ ઉપજાવનારું સુખ મળવા છતાં એની જે ઉપેક્ષા કરાય તે... (૪) **તત્ત્વપ્રધાનમધ્યસ્થભાવ :** સારી કે ખરાબ વસ્તુ રાગ-દ્વેષનું કારણ નથી, પણ પોતાનું મોહનીયકર્મ રાગ-દ્વેષનું કારણ છે. એમ મોહનીયકર્મના વિકારથી થયેલ પોતાના અપરાધને વિચારતો જીવ બાહ્ય પદાર્થને સુખ-દુઃખના કારણરૂપ ન માની મધ્યસ્થપણાંને લઈને જે ઉપેક્ષા કરે તે.

आज्ञापायविपाकानां, संस्थानस्य च चिन्तनात् ।
इत्थं वा ध्येयभेदेन, धर्मध्यानं प्रकीर्तितम् ॥३॥"

**इति पूर्वमेव प्रदर्शितम् –**

स्यात्पिण्डस्थं ध्यानमात्माङ्गसङ्गि, स्वान्तं वाणीव्यापरूपं पदस्थम् ।
रूपस्थं सङ्कल्पितात्मस्वरूपं, रूपातीतं कल्पनामुक्तमेव ॥१॥

**ગુણતીર્થ**

આ ચારે ભાવનાઓનું સંક્ષિપ્ત સ્વરૂપ 'ષોડશક' પ્રકરણમાં આ પ્રમાણે કહ્યું છે –

परहितचिन्ता मैत्री, परदुःखविनाशिनी तथा करुणा ।
परसुखतुष्टिर्मुदिता, परदोषोपेक्षणमुपेक्षा ॥ (४/१५)

(૧) **મૈત્રી** - બીજા જીવોના હિતની વિચારણા

(૨) **કરુણા** - બીજા જીવોનું દુઃખ દૂર થાય એવી ભાવના

(૩) **પ્રમોદ** - બીજાના સુખ વિશે આનંદ થવો

(૪) **ઉપેક્ષા** - બીજાના અવગુણો પ્રત્યે ઉપેક્ષાભાવ...

હવે ગ્રંથકારશ્રી ધર્મધ્યાનના બીજી રીતે ચાર પ્રકાર બતાવે છે –

## ❋ ધર્મધ્યાનના આજ્ઞાદિ ચાર પ્રકાર ❋

**શ્લોક :** आज्ञाऽपायविपाकानां, संस्थानस्य च चिन्तनात् ।
इत्थं वा ध्येयभेदेन, धर्मध्यानं प्रकीर्तितम् ॥

**શ્લોકાર્થ :** (૧) આજ્ઞા, (૨) અપાય, (૩) વિપાક, અને (૪) સંસ્થાનને વિચારવું... આ રીતે પણ ધ્યેયના ભેદથી ધર્મધ્યાન ચાર પ્રકારનું કહેવાયું છે.

આ ચારે ભેદોનું સ્વરૂપ પૂર્વે બતાવી ગયા છીએ... તેમાં (૧) આજ્ઞાવિચયમાં પરમાત્માની આજ્ઞા ધ્યેય છે, (૨) અપાયવિચયમાં દુઃખમય સંસાર ધ્યેય છે, (૩) વિપાકવિચયમાં કર્મનાં ફળો ધ્યેય છે, અને (૪) સંસ્થાનવિચયમાં ચૌદ રાજલોકનું સ્વરૂપ ધ્યેય છે.

હવે ધર્મધ્યાનના ત્રીજી રીતે ચાર પ્રકાર બતાવે છે –

## ❋ ધર્મધ્યાનના પિંડસ્થાદિ ચાર પ્રકાર ❋

**શ્લોક :** स्यात् पिण्डस्थं ध्यानमात्माङ्गसङ्गि, स्वान्तं वाणीव्यापरूपं पदस्थम् ।
रूपस्थं सङ्कल्पितात्मस्वरूपम्, रूपातीतं कल्पनामुक्तमेव ॥

**શ્લોકાર્થ :** (૧) આત્મા અને શરીર એ બેના સંબંધવાળું હૃદયમાં જે ધ્યાન થાય, તે 'પિંડસ્થ' ધ્યાન, (૨) પોતાના અંતસ્તલમાં 'અર્હમ્' વગેરે વચનોના=પદોના રટનરૂપ, ફેલાવારૂપ, વ્યાપી જવારૂપ જે ધ્યાન તે 'પદસ્થ' ધ્યાન, (૩) અમુક આકારે કલ્પેલું આત્મસ્વરૂપ વિચારવું, તે 'રૂપસ્થ' ધ્યાન, અને (૪) કલ્પના વિના જ આત્મસ્વરૂપ વિચારવું, તે 'રૂપાતીત' ધ્યાન... આમ ચાર પ્રકારનું ધર્મધ્યાન થાય...

**વિવેચન :**

**(૧) પિંડસ્થધ્યાન :** પિંડ એટલે શરીર તેમાં રહેલ આત્મા... તેનું ધ્યાન; અર્થાત્ સશરીરી આત્મારૂપ ધ્યેયનું ધ્યાન... તાત્પર્ય એ કે પરમાત્માના જીવસહિતના સાક્ષાત્ શરીરના આલંબને જે ધ્યાન થાય તે પિંડસ્થધ્યાન...

**(૨) પદસ્થધ્યાન :** (૧) અરિહંત, (૨) મોક્ષ, (૩) વીતરાગ, (૪) સિદ્ધ, (૫) સમાધિ... વગેરે પવિત્ર પદોનું આલંબન કરીને થનારું ધ્યાન તે પદસ્થધ્યાન◎... અહીં અક્ષર-પદ-વાક્ય-શબ્દ-મંત્ર-વિદ્યા એ બધાનું ચિંતન કરનાર વ્યક્તિ જો રાગાદિથી રહિત બને, તો જ એ ધ્યાન મનાયું છે❖.

**(૩) રૂપસ્થધ્યાન :** સમવસરણના સુંદર સામ્રાજ્યથી સુશોભિત, સર્વ અતિશયોથી સંપન્ન, કેવલજ્ઞાનથી દેદીપ્યમાન એવા અરિહંત પરમાત્મા વગેરેના રૂપનું આલંબન લઈને થનારું ધ્યાન તે રૂપસ્થધ્યાન✽.

**(૪) રૂપાતીતધ્યાન :** શરીરરહિત હોવાથી વર્ણ-રૂપ-આકૃતિ વિનાના, જ્ઞાનામય અને આનંદમય એવા નિર્લેપસ્વરૂપી સિદ્ધભગવંતનું ધ્યાન કરવું તે ★રૂપાતીતધ્યાન... આમાં ક્યાંય શરીર કે તેના રૂપાદિનું આલંબન હોય નહીં.

અથવા પ્રસ્તુત શ્લોકના તાત્પર્યને વણી લઈને બીજી રીતે પણ આ ચાર ધ્યાનનું સ્વરૂપ આ રીતે વિચારાય –

---

◎ यत्पदानि पवित्राणि, समालम्ब्य विधीयते ।
तत्पदस्थं समाख्यातं ध्यानं सिद्धान्तपारगैः ॥ [યોગશાસ્ત્ર ૮/૧]

❖ वीतरागो भवेद् योगी, यत्किञ्चिदपि चिन्तयेत् ।
तदेव ध्यानमाम्नातं, अतोऽन्ये ग्रन्थविस्तराः ॥ [યોગશાસ્ત્ર ૮/૭૯]

✽ सर्वातिशययुक्तस्य केवलज्ञानभास्वतः ।
अर्हतो रूपमालम्ब्य, ध्यानं रूपस्थमुच्यते ॥ [યોગશાસ્ત્ર ૯/૭]

★ अमूर्त्तस्य चिदानन्दरूपस्य परमात्मनः ।
निरञ्जनस्य सिद्धस्य, ध्यानं स्याद् रूपवर्जितम् ॥ [યોગશાસ્ત્ર ૧૦/૧]

**तदेवंविधं जिनोदितं धर्मध्यानं** 'अत्र' **अप्रमत्तगुणस्थाने** 'मुख्यवृत्त्या' **प्रधानतया भवति, तथा रूपातीततया कृत्वा** 'शुक्लमपि' **शुक्लध्यानमपि** 'अंशमात्रतः' **अत्र गौणतया स्यादेवेति** ॥३५॥

**ગુણતીર્થ**

(૧) પિંડ એટલે ધ્યાતાનું શરીર, તેમાં રહેલું ધ્યાન... અર્થાત્ પોતાના શરીરમાં પાર્થિવી, આગ્નેયી, મારૂતી, વારૂણી અને તત્રભૂ એ પાંચ ધારણાપૂર્વકનું ધ્યાન❂ પોતાના શરીરની અંદર નાભિના ભાગે કમળની સ્થાપના કરીને ધ્યાન કરવું. ઇત્યાદિ અનેક પ્રકારે પોતાના શરીરના આલંબનવાળું ધર્મધ્યાન, તે 'आत्माङ्गसङ्गिस्वान्तं=આત્મા અને શરીરના સંગવાળું ધ્યાન' એટલે કે પોતાના શરીરમાં પોતના આત્માનું ધ્યાન તે પિંડસ્થધ્યાન કહેવાય...

(૨) મંત્ર-પદ વગેરે પર ચિત્તને તન્મય બનાવવું, એકાગ્ર બનાવવું, તે પદસ્થધ્યાન કહેવાય.

(૩) જિનેશ્વર વગેરેની પ્રતિમા વગેરેનું ધ્યાન તે રૂપસ્થધ્યાન... અહીં રૂપ એટલે પ્રતિબિંબ-પ્રતિકૃતિ ઇત્યાદિરૂપ અર્થ સમજવો.

(૪) રૂપ-આકૃતિરહિત એવા સિદ્ધભગવંતનું અથવા પોતાના આત્મસ્વરૂપનું ધ્યાન, તે રૂપાતીતધ્યાન... (અહીં છેલ્લા ત્રણ તો પૂર્વની જેમ જ છે. માત્ર પહેલાનો અર્થ બદલાય છે.)

## ❋ અપ્રમત્તે ધર્મ-શુક્લધ્યાન ❋

આ રીતે ઉપરોક્ત પ્રકારવાળું પરમાત્માએ કહેલું ધર્મધ્યાન, અહીં અપ્રમત્તગુણઠાણે મુખ્યતાથી હોય છે. અને અહીં રૂપાતીતધ્યાન હોવાથી, શુક્લધ્યાન પણ અંશમાત્રરૂપે= ગૌણરૂપે હોય છે જ.

**તાત્પર્ય :** ધર્મધ્યાનનો ચોથો ભેદ રૂપાતીતધ્યાન છે. અને શુક્લધ્યાન પણ રૂપાતીતધ્યાનરૂપ જ છે. એટલે ધર્મધ્યાનના ચોથા ભેદવાળા આત્માને રૂપાતીતપણાનું ધ્યાન હોવાથી, ગૌણપણે શુક્લધ્યાન પણ મનાય. (રૂપાતીત ક્વચિત્ હોવાથી જ શુક્લધ્યાન ગૌણપણે છે એમ સમજવું) **વિચારસાર** ગ્રંથમાં ધર્મધ્યાનના ચાર ભેદ કહી પહેલા ત્રણ ભેદને ધર્મધ્યાન કહ્યું છે. (તેથી એનો ચોથો ભેદ શુક્લધ્યાનરૂપે સમજી શકાય છે.) એટલે અહીં અપ્રમત્તગુણઠાણે મુખ્યપણે ધર્મધ્યાન અને ગૌણપણે શુક્લધ્યાન... એમ બંને ધ્યાન સંભવી શકે.

---

❂ આ પાંચે ધારણાઓનું સ્વરૂપવર્ણન યોગશાસ્ત્રગ્રંથના સાતમા પ્રકાશમાં કર્યું છે, જિજ્ઞાસુઓને ત્યાંથી જોવાની ભલામણ.

**अथावश्यकानामभावेऽपि शुद्धिमाह –**

**इत्येतस्मिन् गुणस्थाने, नो सन्त्यावश्यकानि षट् ।**
**संततध्यानसद्योगाच्छुद्धिः स्वाभाविकी यतः ॥३६॥**

व्याख्या-'इतीति' **पूर्वोक्तस्वरूपे** 'एतस्मिन्' **अप्रमत्तगुणस्थाने** 'आवश्यकानि' **सामायिकादीनि षडपि** 'नो सन्ति' **न विद्यन्ते, कोऽर्थः ? सामायिकादीनां षण्णामप्यावश्यकानां व्यवहारक्रियारूपाणामत्र गुणस्थाने निवृत्तिः, न तु नैश्चयिकी सामायिकादीनां निवृत्तिः, तेषां ह्यात्मगुणत्वात्,** '[40]आया सामाइए, आया सामाइअस्स अट्ठे' **इत्याद्यागमवचनादिति । कुतः कारणादावश्यकानि नो सन्ति ?** 'यतो' **यस्मात्कारणाद् अत्र** 'संतत-

**ગુણતીર્થ**

હવે અપ્રમત્તગુણઠાણે ષડાવશ્યક વગેરે વ્યવહારોનું પાલન ન હોય, તો પણ એ જીવોની સાહજિક શુદ્ધિ હોય, એ બતાવવા ગ્રંથકારશ્રી કહે છે –

## ❋ સાહજિક શુદ્ધિનો સ્રોત ❋

**શ્લોકાર્થ : આ અપ્રમત્તગુણઠાણે છ આવશ્યકો હોતા નથી, કારણ કે (એ જીવોને) નિરંતર શ્રેષ્ઠ ધ્યાનના જોડાણથી સ્વાભાવિક આત્મશુદ્ધિ હોય છે. (૩૬)**

**વિવેચન :** પૂર્વે બતાવેલા સ્વરૂપવાળા 'અપ્રમત્તસંયત' નામના ગુણઠાણે, સામાયિક વગેરે છએ આવશ્યકો હોતા નથી. અર્થાત્ વ્યવહારક્રિયારૂપ સામાયિક વગેરે છએ આવશ્યકોની આ ગુણઠાણે નિવૃત્તિ થાય છે, પણ નિશ્ચયપરિણતિરૂપ છ આવશ્યકોની નિવૃત્તિ ન થાય... કારણ કે નિશ્ચયનયથી એ છએ આવશ્યકો આત્મગુણરૂપ=આત્મપરિણામરૂપ હોય છે. (અને આવા આત્મગુણરૂપ છ આવશ્યકોની નિવૃત્તિ થાય નહીં...) આ વિશે (=છ આવશ્યકો આત્મગુણરૂપ હોવા વિશે) કહ્યું છે કે –

"आया सामाइए=આત્મા એ જ સામાયિક છે. પરમાર્થદૃષ્ટિએ સમભાવરૂપે પરિણમેલો આત્મા એ જ સામાયિક છે. એ જ રીતે आया सामाइअस्स अट्ठे=આત્મા એ જ સામાયિકનો અર્થ છે. 'સમભાવપરિણતિ' એ સામાયિકનો અર્થ છે, એવો અર્થ સામ્યસંપન્ન આત્મામાં જ ઘટે."

**પ્રશ્ન :** વ્યવહારક્રિયારૂપ છ આવશ્યકો આ ગુણઠાણે ન હોવાનું કારણ ?

**ઉત્તર :** કારણ એ જ કે, આ ગુણઠાણે સતત=નિરંતર ઉત્તમકક્ષાનું ધ્યાન રહેલું હોય

**छायासन्मित्रम्**

(40) आत्मा सामायिकम्, आत्मा सामायिकस्यार्थः ।

ध्यानसद्योगात्' **निरन्तरसद्ध्यानसद्भावात्** 'स्वाभाविकी' **सहजनितैव संकल्पविकल्पमालाऽभावादात्मैकस्वभावरूपा निर्मलता भवति, अत्र गुणस्थाने वर्त्तमानो जीवो भावतीर्थावगाहनात्परमां शुद्धिमाप्नोत्येव, यदाह –**

**ગુણતીર્થ**

છે અને તેથી જ ત્યાં સ્વાભાવિક શુદ્ધિ અકબંધ જળવાયેલી હોય છે. (માટે ત્યાં સામાયિક વગેરે ક્રિયાઓનું કોઈ પ્રયોજન નથી.)

**આશય** એ કે, સામાયિક વગેરે ક્રિયાઓ મનમાં ચાલતા સંકલ્પ-વિકલ્પના કોલાહલોને અટકાવવા માટે છે. હવે સાતમે ગુણઠાણે તો સંકલ્પ-વિકલ્પોની શ્રેણિ=પરંપરા જ નથી અને એટલે જ ત્યાં આત્મામાં જ એક રમણતાસ્વરૂપ શ્રેષ્ઠ કક્ષાની નિર્મલતા છે. અને આવી નિર્મલતારૂપ શુદ્ધિ કોઈ નિમિત્તપરાધીન નથી, પણ સ્વાભાવિક સર્જાયેલી છે. એટલે જ અહીં સામાયિક વગેરે ક્રિયાઓનું કોઈ પ્રયોજન નથી. (કારણ કે એ બધી ક્રિયાઓ પણ છેવટે તો શુદ્ધિને પ્રગટ કરવા કે સ્થિર કરવા જ ઉપયોગી છે ને ? અને એ તો અહીં રહેલા જીવોને છે જ. માટે જ અહીં સામાયિક વગેરે વ્યવહારિક ક્રિયાઓની નિવૃત્તિ કહી.)

**વિશેષ :** (૧) તેલની અંદર જે સુગંધ હોય, તે પુષ્પ વગેરે નિમિત્તોથી આવેલી હોય છે, અને (૨) ચંદનની અંદર જે સુગંધ હોય, તે સહજ ઉત્પન્ન થયેલી હોય છે. તેમ કેટલાકને શુદ્ધિ નિમિત્તોના આધારે થાય, તો કેટલાકને સહજ થાય. તો જેમણે સહજ-સ્વાભાવિક શુદ્ધિ હોય તેમને ક્ષાયોપશમિક ધર્મના ત્યાગરૂપ 'ધર્મસંન્યાસ' હોવાનું જણાવ્યું છે.[©] પણ આવી સહજ ધર્મપરિણતિ જેમણે ન જળવાતી હોય, તેમને તો ક્ષાયોપશમિકધર્મો, છ આવશ્યકો, ગુરુસંનિધાન વગેરે આવશ્યક જ બની રહે... નહીં તો એમનું પતન થયા વિના ન રહે. એટલે આ બાબત એકાંતે ન પકડાય, એના પર યથાયોગ્ય વિચારણા કરાય એ ઉચિત બની રહે.

## ❋ અપ્રમત્તે પરમ શુદ્ધિનો સ્પર્શ ❋

આ અપ્રમત્તગુણઠાણે રહેલો જીવ ભાવતીર્થમાં અવગાહન કરતો હોવાથી પરમ શુદ્ધિને પામે છે જ. હવે વૃત્તિકારશ્રી (૧) દ્રવ્યતીર્થ, અને (૨) ભાવતીર્થ કોને કહેવાય ? એ આવશ્યકનિર્યુક્તિઓના ત્રણ શ્લોક દ્વારા સ્પષ્ટ કરે છે –

---

© **જ્ઞાનસારમાં** કહ્યું છે કે –

''धर्मास्त्याज्याः सुसङ्गोत्था, क्षायोपशमिका अपि ।
प्राप्य चन्दनगन्धाभं, धर्मसंन्यासमुत्तमम् ॥'' (૮/૪)

"[41]दाहोवसमं तण्हाइछेअणं मलपवाहणं चेव ।
तिहिँ अत्थेहिँ निउत्तं, तम्हा तं दव्वओ तित्थं ॥१॥
[42]कोहम्मि उ निग्गहिए, दाहस्सोवसमणं हवइ तित्थं ।
लोहंमि उ निग्गहिए, तण्हाए छेअणं जाण ॥२॥
[43]अट्ठविहं कम्मरयं, बहुएहिँ भवेहिँ संचिअं जम्हा ।
तवसंजमेण धोअइ, तम्हा तं भावओ तित्थं ॥३॥

**अन्यच्च –**

### ગુણતીર્થ

**પ્રથમશ્લોકાર્થ :** (૧) દાહનો=તાપનો ઉપશમ, (૨) તૃષ્ણા વગેરેનો છેદ, અને (૩) શારીરિક મલનું દૂરીકરણ - આ ત્રણ અર્થથી યુક્ત (અર્થાત્ ઉપશમન વગેરે ત્રણ કામ જે કરે, તેવા નદી-સમુદ્ર વગેરેને) 'દ્રવ્યતીર્થ' કહેવાય. ('તારે તે તીર્થ' એ તીર્થશબ્દની વ્યુત્પત્તિ છે. નદી-સમુદ્ર વગેરે શરીર પર જ ઉપકાર કરે છે, આત્મા પર નહીં. માટે એ દ્રવ્યતીર્થ કહેવાય.) [આવ. નિ. ૧૦૬૬]

**દ્વિતીયશ્લોકાર્થ :** (૧) ક્રોધ એ જીવોના મન અને શરીરને તાપ પહોંચાડનારો હોવાથી દાહરૂપ છે. એટલે એ ક્રોધનો નિગ્રહ થયે દાહના ઉપશમરૂપ તીર્થ થાય. (૨) લોભ એ વૈભવાદિ વિશેની પિપાસાને ઉત્પન્ન કરતો હોવાથી તૃષ્ણારૂપ છે. એટલે એ લોભનો નિગ્રહ થયે તૃષ્ણાના છેદનરૂપ તીર્થ જાણ... [આવ. નિ. ૧૦૬૭]

**તૃતીયશ્લોકાર્થ :** (૩) આઠ પ્રકારનો કર્મરૂપી મેલ અનેક ભવોથી ભેગો થયો છે (અપ્રમાદમય સંયમજીવન) તપ અને સંયમના માધ્યમે એ કર્મમેલને ધોવે છે, તે કારણથી તેને ભાવતીર્થ કહેવાય છે. [આવ. નિ. ૧૦૬૮]

ધ્યાની-યોગી મહાત્માનું ભાવતીર્થમાં અવગાહન હોય, એ જણાવવા બીજા શાસ્ત્રમાં પણ કહ્યું છે કે –

### छायासन्मित्रम्

(41) दाहोपशमः तृष्णाछेदनं मलप्रवाहणं चैव ।
त्रिभिरर्थैर्नियुक्तं तस्मात्तद्द्रव्यतस्तीर्थम् ॥१॥

(42) क्रोधे तु निगृहीते दाहस्योपशमनं भवति तीर्थम् ।
लोभे तु निगृहीते तृष्णायाश्छेदनं जानीहि ॥२॥

(43) अष्टविधं कर्मरजः बहुकैरपि भवैः संचितं यस्मात् ।
तपःसंयमेन क्षालयति, तस्मात्तद्भावतस्तीर्थम् ॥३॥

"[44]रुद्धे प्राणप्रचारे वपुषि नियमिते संवृतेऽक्षप्रपञ्चे,
नेत्रस्पन्दे निरस्ते प्रलयमुपगतेऽन्तर्विकल्पेन्द्रजाले ।
[45]भिन्ने मोहान्धकारे प्रसरति महसि क्वापि विश्वप्रदीपे,
धन्यो ध्यानावलम्बी कलयति परमानन्दसिन्धौ प्रवेशम् ॥१॥" **इति ।**

**तथाऽप्रमत्तगुणस्थानस्थो जीवः शोकारत्यस्थिराशुभायशोऽसातव्यवच्छेदादाहारकद्विकबन्धाच्चैकोनषष्टेर्बन्धको भवति, तथा च यदि देवायुरपि न बध्यते, तदाऽष्टपञ्चाशतो बन्धकः, तथा स्त्यानर्द्धित्रिकाहारकद्विकोदयव्यवच्छेदात् षट्सप्ततेर्वेदयिता अष्टत्रिंशदधिकशतसत्ताको भवति ॥३६॥**

**॥ इत्यप्रमत्तगुणस्थानकं सप्तमम् ॥**

**ગુણતીર્થ**

"(૧) શ્વાસોચ્છ્‌વાસનો પ્રચાર અટકતા, (૨) શરીરનું નિયમન=નિશ્ચલીકરણ થતાં, (૩) ઇન્દ્રિયોના વિકારોનો પ્રપંચ રોકાતા, (૪) આંખના પલકારાઓ બંધ થતાં, (૫) મનના વિકલ્પોનો ઇન્દ્રજાળ પ્રલય પામતા, (૬) મોહનું અંધારું ભેદાઈ જતાં, અને (૭) ક્યાંક જગત્‌માં પ્રદીપસમાન એવું આત્મજ્ઞાનરૂપ મહાન્ તેજ જ્યારે પ્રસરી જાય, ત્યારે ધન્ય એવા ધ્યાનાવલંબી (=ધ્યાનનું આલંબન લેનારા ધ્યાની) મહાત્મા પરમ આનંદરૂપી સિંધુમાં=સમુદ્રમાં પ્રવેશ પામે છે."

આ પ્રમાણે અપ્રમત્તગુણઠાણે ધ્યાનાદિનું સ્વરૂપ બતાવીને, હવે આ ગુણઠાણે રહેલા જીવને કેટલા કર્મોનો બંધ-ઉદય-સત્તા હોય, એ બતાવવા વૃત્તિકારશ્રી કહે છે –

## ❋ અપ્રમત્તગુણઠાણે બંધ-ઉદય-સત્તા ❋

**બંધ :** પ્રમત્તસંયતગુણઠાણે કહેલ બંધપ્રાયોગ્ય ૬૩ પ્રકૃતિઓમાંથી (૧) શોક, (૨) અરતિ, (૩) અસ્થિર, (૪) અશુભ, (૫) અપયશ, અને (૬) અશાતા - આ ૬ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થવાથી (૫૭ પ્રકૃતિઓ) અને આહારકદ્વિકનો બંધ ઉમેરાવાથી સાતમે ગુણઠાણે રહેલો જીવ **૫૯** પ્રકૃતિઓને બાંધે.

વળી જો એ અપ્રમત્ત જીવ દેવાયુષ્ય પણ ન બાંધે, તો એ બંધમાંથી નીકળી જવાથી (૫૯-૧=૫૮) સાતમે ગુણઠાણે ૫૮ પ્રકૃતિઓ બંધાય. (સાતમે ગુણઠાણે આયુ બંધાવાની શરૂઆત ન થાય. પણ છટ્ઠે ગુણઠાણે જો કોઈએ આયુ બાંધવાનું શરૂ કર્યું હોય. અને એ જીવ બાંધતો-બાંધતો સાતમે આવે, તો અહીં પણ આયુબંધ ઘટે. પણ તે અલ્પકાલીન હોવાથી એની જો વિવક્ષા ન કરીએ, તો **૫૮** પ્રકૃતિઓનો બંધ ગણાય.)

**अथापूर्वकरणानिवृत्तिबादरसूक्ष्मसंपरायोपशान्तमोहक्षीणमोहाख्यानां पञ्चानामपि गुणस्थानानां नामार्थं प्रथमं सामान्येन श्लोकद्वयेनाऽऽह –**

**अपूर्वात्मगुणाप्तित्वादपूर्वकरणं मतम् ।**
**भावानामनिवृत्तित्वादनिवृत्तिगुणास्पदम् ॥३७॥**
**अस्तित्वात्सूक्ष्मलोभस्य, भवेत्सूक्ष्मकषायकम् ।**
**शमनाच्छान्तमोहं स्यात्, क्षपणात्क्षीणमोहकम् ॥३८॥**

**ગુણતીર્થ**

**ઉદય :** છટ્ઠે ગુણઠાણે ઉદયપ્રાયોગ્ય ૮૧ પ્રકૃતિઓમાંથી (૧-૩) થીણદ્ધિત્રિક, અને (૪-૫) આહારકદ્વિક - આ પાંચ પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ થવાથી, સાતમે ગુણઠાણે રહેલા જીવને ૭૬ પ્રકૃતિઓનો ઉદય હોય.

**સત્તા :** સાતમે ગુણઠાણે રહેલા જીવને ૧૩૮ પ્રકૃતિઓની સત્તા હોય... આ સત્તા ક્ષાયિકસમ્યક્ત્વી ક્ષપકશ્રેણિવાળા જીવને લઈને સમજવી... બાકી તો ૧૪૮ની સત્તા પણ હોય.

| ગુણસ્થાન | બંધ | ઉદય | સત્તા |
|---|---|---|---|
| અપ્રમત્તસંયત | ૫૮/૫૯ | ૭૬ | ૧૩૮ |

આ પ્રમાણે અપ્રમત્તસંયત ગુણઠાણાનું સ્વરૂપવર્ણન પૂર્ણ થયું.

## (૮-૧૨) અપૂર્વકરણથી ક્ષીણમોહ ગુણસ્થાનક

સૌ પ્રથમ ગ્રંથકારશ્રી (૧) અપૂર્વકરણ, (૨) અનિવૃત્તિબાદર, (૩) સૂક્ષ્મસંપરાય, (૪) ઉપશાંતમોહ, અને (૧૨) ક્ષીણમોહ - આ પાંચે ગુણઠાણાઓનાં જે 'નામો' છે, તેઓનો સામાન્યથી અર્થ બતાવવા બે શ્લોકો કહે છે –

### ❋ ગુણસ્થાનકપંચકનો સામાન્ય નામાર્થ ❋

**શ્લોકાર્થ :** (૮) **અપૂર્વ એવા આત્મગુણની પ્રાપ્તિરૂપ હોવાથી** 'અપૂર્વકરણ' **ગુણઠાણું મનાયું છે, (૯) અધ્યવસાયો અનિવૃત્તિશીલ હોવાથી** 'અનિવૃત્તિબાદર' **ગુણઠાણું થાય, (૧૦) સૂક્ષ્મ લોભનું અસ્તિત્વ હોવાથી** 'સૂક્ષ્મકષાય' **નામનું દશમું ગુણઠાણું થાય, (૧૧) મોહનીયનું ઉપશમન થતું હોવાથી** 'ઉપશાંતમોહ' **નામનું અગ્યારમું ગુણઠાણું થાય, અને (૧૨) મોહનીયનો ક્ષય થતો હોવાથી** 'ક્ષીણમોહ' **નામનું બારમું ગુણઠાણું થાય.** (૩૭-૩૮)

व्याख्या-**य एवाप्रमत्तसंयतः सप्तमगुणस्थानवर्त्ती दर्शितः, स एव संज्वलनकषायाणां नोकषायाणां वाऽत्यन्तं मन्दोदये सति प्राप्तापूर्वपरमाह्लादैकमयं करणं परिणामरूपं यत्र तदपूर्वकरणनाम गुणस्थानमष्टमं मतम्, कस्मात्, ?** 'अपूर्वात्मगुणाप्तित्वात्' **अपूर्वाणामात्मगुणानामाप्तिः संप्राप्तिस्तस्या भावोऽपूर्वात्मगुणाप्तित्वं तस्मात् । तथा दृष्टश्रुतानुभूतभोगाकाङ्क्षादिसंकल्पविकल्परहितनिश्चलपरमात्मैकतत्त्वैकाग्रध्यानपरिणतिरूपाणां भावानामनिवृत्तित्वादनिवृत्तिगुणास्पदं गुणस्थानं भवति, तच्चानिवृत्तिबादरं यदुच्यते**

**ગુણતીર્થ**

**વિવેચન :**

**(૮) અપૂર્વકરણગુણસ્થાનક :**

જે અપ્રમત્તસંયત સાતમે ગુણઠાણે બતાવ્યો હતો, તે જ અપ્રમત્ત મહાત્મા, જ્યારે સંજ્વલન કષાય અને નોકષાયોનો અત્યંત મંદ ઉદય થાય, ત્યારે પૂર્વે કદી ન પામેલા એવા અપૂર્વ પરમ-આહ્લાદમય આત્મપરિણામરૂપ કરણને જે ગુણઠાણે પામે, તે ગુણઠાણું 'અપૂર્વકરણ' નામનું આઠમું ગુણઠાણું મનાયું છે.

અહીં અપૂર્વ એવા આત્મગુણોની પ્રાપ્તિ થતી હોવાથી, આ ગુણઠાણું 'અપૂર્વકરણ' કહેવાયું છે.✪ (અપૂર્વ=પૂર્વે કદી ન પામેલ... કરણ=આત્મપરિણામ... અર્થાત્ અપૂર્વ એવા આત્મપરિણામની પ્રાપ્તિ=અપૂર્વકરણગુણસ્થાનક...)

**(૯) અનિવૃત્તિબાદર ગુણસ્થાનક :**

(૧) જોયેલા, (૨) સાંભળેલા, અને (૩) અનુભવાયેલા=ભોગવાયેલા એવા ભોગોની આકાંક્ષા=એને મેળવવાની અભિલાષા વગેરેરૂપ સંકલ્પ-વિકલ્પો જ્યાં નથી... અને એકદમ નિશ્ચલ=બિલકુલ ચંચલતા વિનાના... અને માત્ર એક પરમાત્મસ્વરૂપમાં જ એકાગ્ર થઈ જવારૂપ ધ્યાનપરિણામવાળા જે અધ્યવસાયો છે, તે આ ગુણઠાણે નિવૃત્તિ=વિનાશ ન પામનારા હોવાથી, આ ગુણઠાણું 'અનિવૃત્તિશીલ=અવિનાશશીલ એવા ગુણોનું આસ્પદ=ઘર' કહેવાય છે.

અને આ ગુણઠાણાને 'અનિવૃત્તિબાદર' એવું જે કહેવાય છે, તે એટલા માટે કે આ ગુણઠાણે અપ્રત્યાખ્યાન વગેરે બાર બાદર કષાયો અને નવ નોકષાયો એ બધાનો (૧)

---

✪ આ ગુણઠાણે સ્થિતિઘાત-રસઘાત વગેરે થાય છે. તેના કારણરૂપ અધ્યવસાયો પૂર્વે કદી પ્રાપ્ત થયા હોતા નથી. એટલે જ 'અપૂર્વ' કહેવાય અને તેથી જ એ સ્થિતિઘાત વગેરે પણ 'અપૂર્વસ્થિતિઘાતાદિ' રૂપ કહેવાય.

तदत्र बादराणां कषायाणामप्रत्याख्यानादिद्वादशानां नवानां नोकषायाणां च शमकः शमनाय क्षपकः क्षपणाय प्रगुणो भवतीत्यतः कारणादनिवृत्तिबादरमित्युच्यते, तन्नवमं गुणस्थानम् ॥३७॥

तथा सूक्ष्मपरमात्मतत्त्वभावनाबलेन विंशतिप्रकृतिरूपे मोहे शान्ते क्षीणे वा सूक्ष्मखण्डीभूतस्य लोभस्यैकस्यास्तित्वं यत्र तत्सूक्ष्मकषायकं दशमं गुणस्थानं भवति । तथा उपशमकस्यैव परमोपशममूर्त्तेः निजसहजस्वभावसंविद्बलेन सकलमोहस्य शमनाद् उपशान्तमोहम् एकादशं गुणस्थानं भवति ११, तथा क्षपकस्यैव क्षपकश्रेणिमार्गेण दशमगुणस्थानादेव निष्कषायशुद्धात्मभावनाबलेन सकलमोहस्य क्षपणात्क्षीणमोहं द्वादशं गुणस्थानं भवति इति सामान्यार्थः ॥३८॥

**ગુણતીર્થ**

ઉપશમશ્રેણિવાળો ઉપશમ કરવા માટે, અને (૨) ક્ષપકશ્રેણિવાળો ક્ષય કરવા માટે તૈયાર થાય છે. આમ અહીં જીવ બાદર કષાયોનું ઉપશમનાદિ કરતો હોવાથી, આ ગુણઠાણાને 'અનિવૃત્તિબાદર' એવું કહેવાય છે. આ નવમા ગુણઠાણારૂપ છે.

**(૧૦) સૂક્ષ્મકષાયગુણસ્થાનક :**

પરમાત્માના સૂક્ષ્મતત્ત્વની ભાવનાના બળે મોહનીયકર્મની ૨૧ પ્રકૃતિઓમાંથી ૨૦ પ્રકૃતિઓ ઉપશાંત થયા બાદ કે ક્ષય થયા બાદ માત્ર સૂક્ષ્મખંડરૂપ (=કીટ્ટીરૂપ) રહેલા એક લોભકષાયનું જ અસ્તિત્વ (=સૂક્ષ્મ લોભનો જ ઉદય) જે ગુણઠાણે રહે, તે દસમું 'સૂક્ષ્મકષાય' કે 'સૂક્ષ્મસંપરાય' નામનું ગુણઠાણું કહેવાય.

**(૧૧) ઉપશાંતમોહગુણસ્થાનક :**

પરમ પ્રશાંતમૂર્તિવાળા (મોહનીયનો ઉપશમ કરનારા એવા ઉપશમશ્રેણિવાળા) ઉપશમક જીવને જ પોતાના સહજ સ્વભાવની સંવેદનાના બળે, મોહનીયકર્મની તમામ પ્રકૃતિઓનો ઉપશમ થવાથી 'ઉપશાંતમોહ' નામનું અગ્યારમું ગુણઠાણું આવે છે.

**(૧૨) ક્ષીણમોહગુણસ્થાનક :**

મોહનીયકર્મનો ક્ષય કરનાર ક્ષપકશ્રેણિવાળા ક્ષપકજીવને જ, ક્ષપકશ્રેણિ ચડવાના માર્ગે ૧૦મા ગુણઠાણા પછી તરત જ (૧૧મું ગુણઠાણું પામ્યા વિના) કષાયરહિત શુદ્ધ આત્મભાવનાના પ્રબળસામર્થ્યે, મોહનીયકર્મની તમામ પ્રકૃતિઓનો ક્ષય થતાં 'ક્ષીણમોહ' નામનું બારમું ગુણઠાણું થાય છે.

**अथापूर्वकरणाद्यांशादेव श्रेणिद्वयाऽऽरोहमाह –**

**तत्रापूर्वगुणस्थानाद्यांशादेवाधिरोहति ।**

**शमको हि शमश्रेणिं, क्षपकः क्षपकावलीम् ॥३९॥**

व्याख्या-'तत्र' **तस्मिन्नपूर्वगुणस्थानारोहसमयेऽपूर्वकरणस्यैवाद्यांशादेव शमकः शमश्रेणिमारोहति, क्षपकः क्षपकावलीं=क्षपकश्रेणिमधिरोहति ॥३९॥**

**अथ प्रथममुपशमश्रेण्यारोहयोग्यतामाह –**

**पूर्वज्ञः शुद्धिमान् युक्तो, ह्याद्यैः संहननैस्त्रिभिः ।**

**संध्यायन्नाद्यशुक्लांशं, स्वां श्रेणीं शमकः श्रयेत् ॥४०॥**

**गुणतीर्थ**

આ પ્રમાણે પાંચ ગુણઠાણાઓનો સામાન્ય અર્થ બતાવ્યો. આ પાંચ ગુણઠાણામાંથી અપૂર્વકરણ નામનું જે આઠમું ગુણઠાણું છે, તેના પહેલા અંશથી જ (=શરૂઆતથી જ) જીવ (૧) ઉપશમશ્રેણિ, અને (૨) ક્ષપકશ્રેણિરૂપ બે શ્રેણિનું ચડાણ શરૂ કરે છે - એ વાતને જણાવવા જ ગ્રંથકારશ્રી કહે છે –

## ※ શ્રેણિદ્વયની શુભ શરૂઆત ※

**શ્લોકાર્થ : તેમાં અપૂર્વકરણગુણઠાણાના પહેલા અંશથી જ (=શરૂઆતથી જ) મોહનીયનો ઉપશમ કરનારો જીવ ઉપશમશ્રેણિ ચડે અને ક્ષય કરનારો જીવ ક્ષપકશ્રેણિ ચડે. (૩૯)**

**વિવેચન :** તેમાં=અપૂર્વકરણગુણઠાણે ચડવાના સમયે, એ અપૂર્વકરણ ગુણઠાણાના જ પ્રથમ વિભાગથી બે જીવ પોત-પોતાના અધ્યવસાયને અનુરૂપ બે કાર્ય કરે છે. તેમાં –

(૧) મોહનીયનો ઉપશમ કરનારો જીવ 'ઉપશમશ્રેણિ' ચડે.

(૨) મોહનીયનો ક્ષય કરનારો જીવ 'ક્ષપકશ્રેણિ' ચડે.❂

હવે ગ્રંથકારશ્રી ક્રમશઃ આ બંને શ્રેણિઓનું સવિશદ સ્વરૂપવર્ણન કરશે... અને એમાં જ પ્રકૃત પાંચ ગુણઠાણાઓનું પણ વર્ણન થઈ જશે. સૌ પ્રથમ ઉપશમશ્રેણિ અંગે સુંદર નિરૂપણ કરે છે –

## ઉપશમશ્રેણિ

હવે પહેલા ઉપશમશ્રેણિ ચડવાને યોગ્ય કોણ ? એ બતાવે છે –

❂ અપૂર્વકરણગુણઠાણે ઉપશમશ્રેણિવાળા કે ક્ષપકશ્રેણિવાળા જીવને ચારિત્રમોહનીયની એક પણ પ્રકૃતિનો ઉપશમ કે ક્ષય ન થવા છતાં પણ, એ જીવ ઉપશમનાદિ માટે ઉદ્યત થયો હોવાથી, ત્યાં પણ એને ઉપચારથી 'ઉપશમક' કે 'ક્ષપક' કહી શકાય છે.

व्याख्या-**अत्रोपशमकी मुनिराद्यशुक्लांशं=शुक्लध्यानस्य प्रथमं पादं वक्ष्यमाणलक्षणं संध्यायन्** 'स्वां श्रेणीं' **उपशमश्रेणीं शमकः** 'श्रयेत्' **प्रतिपद्येत, कथम्भूतः ?** 'पूर्वज्ञः' **पूर्वगतश्रुतधरः,** 'शुद्धिमान्' **निरतिचारचारित्रः आद्यैस्त्रिभिः संहननैः=वज्रऋषभनाराच-ऋषभनाराचनाराचलक्षणैर्युक्तः, एवंविधो मुनिरुपशमश्रेणीं श्रयेदिति ॥४०॥**

**अथोपशमश्रेण्यारूढस्याल्पाऽऽयुषो गतिं दीर्घायुषः कृत्यं चाऽऽह –**

ગુણતીર્થ

## ⁂ ઉપશમશ્રેણિ ચડવાની યોગ્યતા ⁂

**શ્લોકાર્થ : (૧) પૂર્વના શ્રુતજ્ઞાનવાળો, (૨) શુદ્ધિસંપન્ન, (૩) પહેલા ત્રણ સંઘયણથી યુક્ત, (૪) શુક્લધ્યાનના પહેલા વિભાગનું ધ્યાન કરતો - આવો ઉપશમક જીવ પોતાના સંબંધી 'ઉપશમશ્રેણિ'નો આશરો લે છે. (૪૦)**

**વિવેચન :**

**(૧) પૂર્વજ્ઞ :** પૂર્વધર, પૂર્વનાં શ્રુતજ્ઞાનવાળો... (અલબત્ત, જેમની પાસે પૂર્વનું જ્ઞાન નથી તેવા અલ્પક્ષયોપશમવાળા કે સ્ત્રી વગેરે પણ ઉપશમશ્રેણિ તો ચડે છે જ; એટલે એવું માની શકાય કે, અધ્યયનાદિ દ્વારા ભલે પૂર્વનું જ્ઞાન તેઓએ ન પામ્યું હોય, પણ શ્રેણિ ચડે ત્યારે એવો વિશિષ્ટ ક્ષયોપશમ થાય કે જેનાથી તેમને પણ પૂર્વજ્ઞાન થઈ જાય...)

**(૨) શુદ્ધિસંપન્ન :** નિરતિચાર ચારિત્રથી યુક્ત.

**(૩) ત્રણ સંઘયણવાળા :** છ સંઘયણમાંથી પહેલા ત્રણ : (૧) વજ્રઋષભનારાચ, (૨) ઋષભનારાચ, અને (૩) નારાચ - આ ત્રણમાંથી કોઈપણ એક સંઘયણવાળો... (એ સિવાયના સંઘયણવાળો જીવ શ્રેણિ ચડવાને અયોગ્ય છે...)

**(૪) શુક્લધ્યાનના પ્રથમાંશનો ધ્યાતા :** શુક્લધ્યાનના પ્રથમ ભેદનું (=પૃથક્ત્વવિતર્ક સવિચાર કે જેનું સ્વરૂપવર્ણન આગળ ૬૦મી ગાથાથી કરાશે, તેનું) ધ્યાન કરનાર. (અહીં આર્ત્ત-રૌદ્રધ્યાન તો હોય જ નહીં... અને ઉત્તમ ધ્યાન પ્રાપ્ત થયું હોવાથી, ધર્મધ્યાન પણ ન હોય.)

આવા મુનિભગવંત ચારિત્રમોહનીયની પ્રકૃતિઓનો ઉપશમ કરવા માટે ઉપશમશ્રેણિ ચડે છે.

## ⁂ ઉપશમશ્રેણિ ચડેલાની ગતિ અને કરણી ⁂

હવે ઉપશમશ્રેણિએ ચડેલો જીવ (૧) જો અલ્પ આયુષ્યવાળો હોય અને ત્યાં જ મરી જાય, તો એની ગતિ કઈ થાય ? અને (૨) જો દીર્ઘ આયુષ્યવાળો હોય તો એનાં કાર્યો કયા હોય ? એ બતાવવા ગ્રંથકારશ્રી કહે છે –

**श्रेण्यारूढः कृते कालेऽहमिन्द्रेष्वेव गच्छति ।**

**पुष्टायुस्तूपशान्तान्तं, नयेच्चारित्रमोहनम् ॥४१॥**

व्याख्या-**यो मुनिरल्पायुरुपशमश्रेणिमारोहति, स श्रेण्यारूढः** 'काले' **आयुस्त्रुटिलक्षणे कृते सति** 'अहमिन्द्रेष्वेव' **सर्वार्थसिद्धादिदेवेष्वेव प्रयाति, परं यः प्रथमसंहननो भवति, अपरसंहनननानामनुत्तरेषु गमनासम्भवात्, यदाह –**

"छेवट्ठेण[44] उ गम्मइ, चउरो जा कप्प कीलिआईसुं ।

चउसु दुदुकप्पवुड्ढी, पढमेणं जाव सिद्धीवि ॥१॥"

गुणतीर्थ

**શ્લોકાર્થ : ઉપશમશ્રેણિએ ચડેલો જીવ જો કાળ કરે તો અહમિન્દ્ર=સર્વાર્થસિદ્ધ વગેરેમાં જ જાય... અને જો પુષ્ટ આયુષ્યવાળો હોય, તો ચારિત્રમોહનીયકર્મને ઉપશાંતમોહ નામના અગ્યારમાં ગુણઠાણા સુધી ઉપશમ પમાડે. (૪૧)**

**વિવેચન :**

**(૧) ગતિવિચારણા :** અલ્પ આયુષ્યવાળા જે મુનિભગવંત ઉપશમશ્રેણિ પર ચડે છે, તે મહાત્માનું ઉપશમશ્રેણિ ચડતા જો આયુષ્ય તુટી જાય, તેમનો કાળ થઈ જાય... તો તેઓ મૃત્યુ પામીને 'સર્વાર્થસિદ્ધ' વગેરે અહમિન્દ્ર દેવલોકમાં જ જાય... તે સિવાયના નીચેના દેવલોકમાં કે અન્ય ગતિમાં ન જાય.

એટલું અહીં વિશેષ સમજવું કે, મરીને સર્વાર્થસિદ્ધ વગેરેમાં પણ તે જ જીવ જાય કે જે પ્રથમ સંઘયણવાળો હોય. કારણ કે પહેલા સિવાયના સંઘયણવાળા જીવનું અનુત્તરદેવલોકમાં ગમન જ થતું નથી. (એટલે ત્યાં જવા પહેલું સંઘયણ અનિવાર્ય બની રહે.)

આ વિશે કહ્યું છે કે –

"છેવટ્ઠારૂપ છેલ્લા સંઘયણથી ચાર દેવલોક સુધી જવાય, ત્યારબાદના કિલિકા વગેરે ચાર સંઘયણોમાં બે-બે દેવલોકની વૃદ્ધિ કરવી. અને પહેલા સંઘયણથી તો યાવત્ મોક્ષ સુધી પણ જવાય."

छायासन्मित्रम्

(44) सेवार्त्तेन तु गम्यते चतुरो यावत् कल्पान् कीलिकादिषु ।
चतुर्षु द्विद्विकल्पवृद्धिः प्रथमेन यावत्सिद्धिरपि ॥१॥

**तथा यः सप्तलवाधिकायुष्को भवति स मुक्तिगमनयोग्यश्च भवति, स एव सर्वार्थसिद्धादौ याति, यदाह –**

"[45]सत्तलवा जइ आउं, पहुप्पमाणं तओ हु सिज्झंता ।
तत्तिअमित्तं न हुअं, तत्तो लवसत्तमा जाया ॥१॥

**गुणतीर्थ**

## ❋ કયા સંઘયણવાળાને કયો દેવલોક ? એનું યંત્ર ❋

| | | | |
|---|---|---|---|
| છેવઢ્ઢાસંઘયણથી | - ૧, ૨, ૩, ૪ કલ્પ સુધી | નારાચથી | - ૯-૧૦ કલ્પ સુધી |
| કિલિકાથી | - ૫-૬ કલ્પ સુધી | ઋષભનારાચથી | - ૧૧-૧૨ કલ્પ સુધી |
| અર્ધનારાચથી | - ૭-૮ કલ્પ સુધી | વજ્રઋષભનારાચથી | - યાવત્ મોક્ષ સુધી |

અહીં ઉપશમશ્રેણિમાં મૃત્યુ પામનાર જીવ અહમિન્દ્રમાં જ જાય એવું જણાવ્યા પછી આ નિયમ પ્રથમ સંઘયણીને જ લાગુ પડે એમ કહ્યું તે જ જણાવે છે કે બીજા-ત્રીજા સંઘયણવાળો જીવ ઉપશમશ્રેણિમાં મરે તો અહમિન્દ્રમાં જ જાય તેવો નિયમ નથી. અથવા તો આવી પણ કલ્પના થઈ શકે કે બીજા-ત્રીજા સંઘયણવાળો જીવ ઉપશમશ્રેણિમાં મરે જ નહીં અને જો મૃત્યુ પામવાનો હોય તો એ ઉપશમશ્રેણિ ચડે જ નહીં, નહીં તો ઉપશમશ્રેણિમાં મૃત્યુ પામનારની અહમિન્દ્રમાં જ જવાની વાત અસંગત ઠરે. આ અમારી યથાક્ષયોપશમ વિચારણા છે. છતાં નિર્ણય બહુશ્રુતો પર આધારિત છે.

વળી સર્વાર્થસિદ્ધ વગેરેમાં કોણ જાય ? એ વિશે બીજું પણ વૃત્તિકારશ્રી બતાવે છે – જો જીવ (૧) સાત લવથી વધારે આયુષ્યવાળો હોત અને એટલે નિયમા (૨) મોક્ષમાં જવાને યોગ્ય જ હોત, તો એ જીવ જ સર્વાર્થસિદ્ધ વગેરેમાં જાય... **આશય** એ કે, આ જીવોની એવી પ્રબળ વિશુદ્ધિ હોય કે જો પોતાનું આયુષ્ય સાત લવ જેટલું વધારે હોત, તો એ વિશુદ્ધિના માધ્યમે ક્ષપકશ્રેણિ માંડી કેવળજ્ઞાન પામી મોક્ષે જતા રહેતા... પણ 'સાત લવ' જેટલું આયુષ્ય ઓછું પડ્યું... તેથી ક્ષપકશ્રેણિ ન માંડી શકાઈ... આવા જીવો મૃત્યુ પામીને પણ વિશુદ્ધિના બળે અનુત્તર દેવલોકમાં જ ઉત્પન્ન થાય.

આ વિશે જણાવ્યું છે કે –

**પ્રથમશ્લોકાર્થ :** જો 'સાત લવ' જેટલા વધુ પ્રમાણવાળું આયુષ્ય હોત, તો અવશ્ય

**छायासन्मित्रम्**

(45) सप्त लवा यदि आयुः प्राभविष्यत् तदाऽसेत्स्यन्नेव ।
तावन्मात्रं नाभूत् ततो लवसप्तमा जाताः ॥१॥

46 सव्वट्ठसिद्धनामे, उक्कोसठिईसु विजयमाईसुं ।
एगावसेसगब्भा, हवंति लवसत्तमा देवा ॥२॥"

**आह – ननु उपशमश्रेणिकः कथं मुक्तिगमनयोग्यः स्यात् ? उच्यते – सप्त लवा मुहूर्त्तस्यैकादशभागरूपा भवन्ति,** 'लव सत्तहत्तरीए होइ मुहुत्तो' **इति वचनात्, ततो लवसप्तकावशेषायुरेवोपशमकः खण्डश्रेणिक एव पराङ्मुखो वलति, सप्तमं गुणस्थानमागत्य पुनः क्षपकश्रेणिमारुह्य सप्तलवान्तरे च क्षीणमोहान्तं गत्वाऽन्तकृत्केवली-**

**गुणतीर्थ**

એ જીવો સિદ્ધ થઈ જતા. પણ એટલા પ્રમાણનું આયુષ્ય ઓછું પડ્યું, તેથી એ જીવો મોક્ષમાં ન જતાં 'લવસત્તમસુર' (=અનુત્તરદેવલોકમાં રહેનારા દેવવિશેષ) તરીકે થયા.

**દ્વિતીયશ્લોકાર્થ :** ('લવસત્તમસુર' કોને કહેવાય ? એ વિશેનું ચોક્કસ સ્વરૂપ બતાવવા કહે છે-) સર્વાર્થસિદ્ધ નામના વિમાનમાં અને ઉત્કૃષ્ટસ્થિતિવાળા વિજયાદિ ચાર વિમાનમાં એકાવતારી (=મનુષ્યભવમાં એક જ અવતાર કરી મોક્ષે જનારા) જે દેવો છે, તે જ 'લવસત્તમ' દેવ કહેવાય.

**પૂર્વપક્ષ :** તમે અનુત્તરમાં જનારા જીવ માટે 'મુક્તિગમનયોગ્ય' એવું વિશેષણ મુક્યું હતું. પણ અમારો પ્રશ્ન એ કે, ઉપશમશ્રેણિવાળો જીવ 'મુક્તિગમનયોગ્ય' (=મોક્ષમાં જવાને યોગ્ય) શી રીતે હોય ? (કે જેથી ત્યાં મૃત્યુ પામનાર જીવનું અનુત્તરમાં ગમન સંભવી શકે.)

[અહીં આશય એ જણાય છે કે, એકબાજુ કહ્યું કે ઉપશમશ્રેણિમાં મૃત્યુ પામે તો સર્વાર્થસિદ્ધ વગેરેમાં જાય અને પછી કહ્યું કે જેનું આયુ ૭ લવ વધુ હોત તો મોક્ષમાં જ ચાલ્યા ગયા હોત તે જ સર્વાર્થ વગેરેમાં જાય. એટલે ઉપશમશ્રેણિમાં મૃત્યુ પામીને સર્વાર્થ વગેરેમાં જનાર લવસપ્તમ હોવા જરૂરી બને... તો પ્રશ્ન એ થાય કે, ઉપશમ શ્રેણિવાળો જીવ ૭ લવમાં જ મોક્ષે જનાર શી રીતે હોઈ શકે ? (આ વાત ટીકામાં નથી, પણ અધ્યાહારથી લેવી અનિવાર્ય છે.) પ્રશ્નકાર એ કહેવા માગે છે કે, ઉપશમ શ્રેણિ પૂર્ણ કરીને, ક્ષપકશ્રેણિ માંડીને, કેવળજ્ઞાન પામીને મોક્ષે જઈ શકાય. પણ તે બધું ૭ લવ જેટલા ઓછા કાળમાં તો ન જ થઈ શકે ને ?]

**ઉત્તરપક્ષ :** જુઓ; ઉપશમશ્રેણિવાળા જીવ અંગે પણ કહી જ શકાય છે કે 'જો એનું

**छायासन्मित्रम्**

(46) सर्वार्थसिद्धनाम्नि (विमाने) उत्कृष्टस्थितिषु विजयादिषु ।
एकावशेषगर्भा भवन्ति लवसप्तमा देवाः ॥२॥

**भूत्वा मुक्तिं गच्छतीत्यदोषः, तथा यस्तु पुष्टायुरुपशमश्रेणीं प्रतिपद्यते, स चाखण्डश्रेणिकः** 'चारित्रमोहनं' **चारित्रमोहनीयं कर्म** 'उपशान्तान्तम्' **एकादशगुणस्थानप्रान्तं** 'नयेद्' **उपशमं प्रापयेदिति, ॥४१॥**

**अथोपशमक एवापूर्वादिगुणस्थानकेषु यत्करोति, तदाह –**

**ગુણતીર્થ**

સાત લવ વધુ આયુષ્ય હોત તો એ પણ વિશુદ્ધિ અનુસારે મોક્ષમાં જાત જ...' અને આવું શી રીતે કહી શકાય ? એ જણાવવા જ વૃત્તિકારશ્રી ભાવના બતાવે છે –

'સાત લવ' તે એક મુહૂર્ત્તનો અગ્યારમો ભાગ છે. કારણ કે એવું વચન છે કે - '૭૭ લવે એક મુહૂર્ત્ત થાય...' (તેથી સાત લવ તે એક મુહૂર્ત્તના અગ્યારમા ભાગનું ગણાય.)

આવા સાત લવ જેટલું જ આયુષ્ય જેનું બાકી છે, તેવો ઉપશમશ્રેણિવાળો જીવ ❂ખંડશ્રેણિવાળો થઈને જ - અગ્યારમે ગુણઠાણે પહોંચ્યા વિના જ - પાછો ફરે છે. અને સાતમે ગુણઠાણે આવે છે. ત્યારબાદ વળી ક્ષપકશ્રેણિની શરૂઆત કરે છે અને સાત લવ જેટલા કાળની અંદર જ ક્ષીણમોહ સુધીના ગુણઠાણે જઈને (આગળ યાવત્) અંતકૃત્ કેવળી થઈને મોક્ષમાં જતો રહે છે.)

આમ 'સાત લવ જેટલું આયુ વધારે હોત તો મોક્ષે જાત' એવી સંભાવના ઉપશમ-શ્રેણિવાળા જીવ અંગે પણ થઈ જ શકે છે... અને માટે જ એ પણ કાળ કરીને અનુત્તરમાં જઈ જ શકે છે. આ પ્રમાણે કોઈ દોષ રહેતો નથી.

(૨) **કરણીવિચારણા :** જેનું આયુષ્ય પુષ્ટ હોય, દીર્ઘ હોય, હમણાં તુટી જવાનું ન હોય, એ જીવ જો ઉપશમશ્રેણિ ચડે, તો તે ❖અખંડશ્રેણિવાળો થઈને 'ઉપશાંતમોહ' નામના અગ્યારમા ગુણઠાણા સુધી ચારિત્રમોહનીય કર્મને ઉપશમાવી દે છે... (આ રીતે મોહનીય કર્મ સંપૂર્ણપણે ઉપશાંત થઈ જતું હોવાથી, અગ્યારમે ગુણઠાણે એ જીવ 'ઉપશાંતમોહી' બને છે.)

હવે ઉપશમશ્રેણિવાળો જીવ અપૂર્વકરણ વગેરે ગુણઠાણે શું કાર્ય કરે ? એ બતાવવા ગ્રંથકારશ્રી કહે છે –

---

❂ જે જીવ આઠમા ગુણઠાણાથી ઉપશમશ્રેણિ માંડીને ૧૧મા ગુણઠાણા સુધી ન પહોંચી વચ્ચેથી જ પાછો વળી જાય છે, તે જીવ 'ખંડશ્રેણિવાળો' કહેવાય.

❖ જે જીવ આઠમા ગુણઠાણાથી ઉપશમશ્રેણિ ચડીને વચ્ચે ક્યાંય પાછો ન વળી છેક અગ્યારમા ગુણઠાણાના અંતિમ ભાગ સુધી પહોંચે જ, તે જીવ 'અખંડ-શ્રેણિવાળો' કહેવાય.

अपूर्वाद्विद्वयैकैकगुणेषु शमकः क्रमात् ।
करोति विंशतेः शान्तिं, लोभाणुत्वं च तच्छमम् ॥४२॥

व्याख्या-**शमकः सप्तकोत्तरमोहसंज्वलनलोभवर्जप्रकृतिविंशतेरपूर्वानिवृत्तिलक्षणे गुणस्थानद्वये 'शान्तिं' शमनं करोति, ततः क्रमेण सूक्ष्मसम्परायगुणस्थाने संज्वलन-**



## ❋ ઉપશમકજીવના કાર્યવ્યાપારો ❋

**શ્લોકાર્થ : ઉપશમશ્રેણિવાળો જીવ અપૂર્વકરણ વગેરે બે ગુણઠાણે મોહનીયની ૨૦ પ્રકૃતિઓનો ઉપશમ કરે. પછી ૧૦મા ગુણઠાણે સંજ્વલનલોભને અણુરૂપ=સૂક્ષ્મરૂપ બનાવે અને ૧૧મે ગુણઠાણે સંજ્વલનલોભનું શમન કરે. (૪૨)**

**વિવેચન :** અપૂર્વકરણાદિ ગુણઠાણે બતાવેલી ઉપશમશ્રેણિની આ આખી પ્રક્રિયાને આપણે ત્રણ તબક્કે સમજીએ –

### (૧) પહેલું ચરણ : ૨૦ પ્રકૃતિઓનો ઉપશમ...

ઉપશમશ્રેણિ ચડનાર ઉપશમક જીવ, દર્શનસપ્તક (દર્શનમોહનીયની ત્રણ + અનંતાનુબંધી ચાર=૭) પ્રકૃતિ અને મોહનીયના ચરમભેદરૂપ સંજ્વલનલોભ - આ ૮ પ્રકૃતિઓ સિવાય બાકીની ૨૦ પ્રકૃતિઓને (૧) અપૂર્વકરણ, અને (૨) અનિવૃત્તિકરણ - આ બે ગુણઠાણે ઉપશમાવે છે.❂

અલબત્ત, આ ૨૦ પ્રકૃતિઓને ઉપશમાવવાનું કાર્ય અનિવૃત્તિકરણ ગુણઠાણે જ થાય છે. છતાં, ઉપશમાવવાની પૂર્વભૂમિકારૂપ સ્થિતિઘાત-રસઘાત વગેરે અવશ્યક્લૃપ્ત કારણ તરીકે મનાયા છે. અને એ બધા કારણોની તૈયારી જીવ અપૂર્વકરણે રહીને કરતો હોવાથી, કારણમાં કાર્યનો ઉપચાર કરી ત્યાં પણ ઉપશમાવવાનું કાર્ય કરે છે - એવું કહેવાય.

### (૨) બીજું ચરણ : સંજ્વલનલોભનું સૂક્ષ્મીકરણ...

નવમા ગુણઠાણા બાદ ક્રમશઃ સૂક્ષ્મસંપરાય નામના દસમા ગુણઠાણે ચડ્યા પછી સંજ્વલન લોભને સૂક્ષ્મ કરે છે. 'સૂક્ષ્મ કરવું' એટલે સંજ્વલનલોભના કર્મદલિકોમાં જે રસસ્પર્દ્ધકો હોય, તેને અત્યંત હીન-હીન રસવાળા કરતા જવું... પૂર્વસ્પર્દ્ધકમાંથી અપૂર્વસ્પર્દ્ધક... તેમાં પણ પછી વર્ગણાઓનો એકોત્તરક્રમ તુટી જવાથી કિટ્ટીકરણ... એ

---

❂ આ ૨૦ પ્રકૃતિઓને કયા ક્રમે ઉપશમાવે ? કઈ રીતે ઉપશમાવે ? એ બધાનું સવિશદ સ્વરૂપવર્ણન 'કમ્મપયડી' ગ્રંથના 'ઉપશમનાકરણ' વિભાગમાંથી જાણી લેવું... અહીં વધુ વિસ્તારથી સર્યું.

**लोभस्य सूक्ष्मत्वं करोति, ततः क्रमेणोपशान्तमोहगुणस्थानके** 'तच्छमं' **तस्य=सूक्ष्मलोभस्य शमं=सर्वथोपशमं करोति, तथाऽत्रोपशान्तमोहगुणस्थाने जीव एकप्रकृतेर्बन्धकः, एकोनषष्टिप्रकृतिवेदयिता, अष्टचत्वारिंशदधिकशतसत्ताको भवति ॥४२॥**

**ગુણતીર્થ**

બધું કરવાથી સંજવલનલોભ અત્યંત મંદરસવાળો થઈ જાય, એ જ એનું સૂક્ષ્મીકરણ સમજવું. અલબત્ત, આ રીતે લોભને સૂક્ષ્મ કરવાનું કામ અનિવૃત્તિકરણ ગુણઠાણે જ થાય છે, સૂક્ષ્મસંપરાય ગુણઠાણે નહીં. ત્યાં તો સૂક્ષ્મ કરાયેલા લોભને વેદવાનું-ભોગવવાનું કામ થાય છે. પણ છતાં, 'સૂક્ષ્મ કરવાની ક્રિયા' એ કારણ છે. અને 'સૂક્ષ્મ થયા બાદ એને ભોગવવું' એ કાર્ય છે. તો અહીં કાર્યમાં કારણનો ઉપચાર કરીને, ૧૦ મે ગુણઠાણે પણ લોભને સૂક્ષ્મ કરે છે, એવું કહેવાય. અથવા જો એમ કહીએ કે, ઉદયમાં લોભનું સૂક્ષ્મપણું કરે છે, તો નિરુપચરિત રીતે લોભનું સૂક્ષ્મપણું ઘટી જાય.

**(૩) ત્રીજું ચરણ : સૂક્ષ્મલોભનો ઉપશમ...**

દસમા ગુણઠાણા બાદ અનુક્રમે 'ઉપશાંતમોહ' નામના અગ્યારમે ગુણઠાણે જીવ એ સૂક્ષ્મલોભનો પૂર્ણપણે ઉપશમ કરે છે. આને 'સર્વથા ઉપશમ' કહેવાય. 'સર્વથા ઉપશમ' એટલે એ દલિકનો પ્રદેશોદય કે વિપાકોદય બેમાંથી એકેરૂપે ઉદય ન થવો.

અહીં પણ સમજવું કે સૂક્ષ્મલોભને ઉપશમાવવાનું કામ તો જીવ દસમા ગુણઠાણે જ કરે છે. પણ ત્યાં કેટલાક દલિક અનુપશાંત પણ હોય છે જ, પૂર્ણપણે ઉપશમ થયો હોતો નથી... જ્યારે અહીં બધા દલિકો ઉપશાંત થઈ ગયા હોવાથી, 'સર્વથા ઉપશમ' નિર્બાધ કહી શકાય. તેથી જ ૧૧મે ગુણઠાણે જીવ સર્વથા ઉપશમ કરે છે, એવું કહેવાય... (સર્વથા ઉપશમ અગ્યારમાના પ્રથમ સમયે વ્યવહારનયે થાય.)

આ પ્રમાણે ઉપશમશ્રેણિવાળા જીવના કાર્યવ્યાપારો જણાવીને, હવે ઉપશમશ્રેણિમાં આવનારા ગુણઠાણાઓમાં કેટલા કર્મોનો બંધ-ઉદય-સત્તા હોય, એ જોઈ લઈએ...

[**સંદર્ભ :** પૂર્વે સાતમા ગુણઠાણા સુધી પ્રકૃતિના બંધ-ઉદય-સત્તા વિશે વૃત્તિકારશ્રીએ જણાવ્યું. અને હવે સીધું ૧૧ મે ગુણઠાણે થનારા બંધાદિ વિશે જણાવે છે. એટલે એ પૂર્વેના ૮-૯-૧૦ ગુણઠાણે થનારા બંધાદિ વિશે પણ આપણે જોઈ લઈએ –]

## ❋ અપૂર્વકરણગુણઠાણે બંધ-ઉદય-સત્તા ❋

**બંધ :** આ ગુણઠાણાના બંધને લઈને સાત ભાગ છે. તેમાં સાતમે ગુણઠાણે કહેલ બંધપ્રાયોગ્ય **૫૮** પ્રકૃતિઓ જ, અપૂર્વકરણના પહેલા ભાગે બંધમાં હોય છે. બીજા, ત્રીજા,

ચોથા, પાંચમા અને છઠ્ઠા ભાગે રહેલો જીવ, એ ૫૮ પ્રકૃતિમાંથી નિદ્રાદ્વિક સિવાય અવશેષ **૫૬** પ્રકૃતિઓ બાંધે... અને સાતમે ભાગે રહેલો જીવ, એ ૫૬ પ્રકૃતિમાંથી (૧-૨) દેવદ્વિક, (૩) પંચેન્દ્રિયજાતિ, (૪) શુભવિહાયોગતિ, (૫-૧૩) યશનામ સિવાય ત્રસાદિ નવક, (૧૪-૧૫) વૈક્રિયદ્વિક, (૧૬-૧૭) આહારકદ્વિક, (૧૮-૧૯) તૈજસ-કાર્મણ, (૨૦) સમચતુરસ્ર, (૨૧) નિર્માણ, (૨૨) જિનનામ, (૨૩-૨૬) વર્ણાદિચતુષ્ક, (૨૭-૩૦) અગુરુલઘુચતુષ્ક – આ ૩૦ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થતાં, બાકી ી **૨૬** પ્રકૃતિઓ બાંધે.

**ઉદય :** સાતમે ગુણઠાણે કહેલ ઉદયપ્રાયોગ્ય ૭૬ પ્રકૃતિમાંથી (૧) સમ્યક્ત્વમોહનીય, અને (૨-૪) છેલ્લા ત્રણ સંઘયણ - આ ૪ પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ થતાં, અપૂર્વકરણગુણઠાણે **૭૨** પ્રકૃતિઓનો ઉદય હોય.

**સત્તા :** આઠમે ગુણઠાણે **૧૪૮** પ્રકૃતિની સત્તા હોય.

| ગુણસ્થાન | બંધ | ઉદય | સત્તા |
|---|---|---|---|
| અપૂર્વકરણ | ૫૮/૫૬/૨૬ | ૭૨ | ૧૪૮ |

### ❋ અનિવૃત્તિકરણગુણઠાણે બંધ-ઉદય-સત્તા ❋

**બંધ :** આ ગુણઠાણાના પાંચ ભાગ પડે છે. અપૂર્વકરણગુણઠાણે કહેલ બંધપ્રાયોગ્ય ૨૬ પ્રકૃતિમાંથી (૧) હાસ્ય, (૨) રતિ, (૩) ભય, અને (૪) જુગુપ્સા - આ ચતુષ્કનો બંધવિચ્છેદ થવાથી, અનિવૃત્તિકરણના પહેલા ભાગે **૨૨** પ્રકૃતિનો બંધ... તેમાંથી પુરુષવેદનો બંધવિચ્છેદ થવાથી બીજે ભાગે **૨૧** પ્રકૃતિનો બંધ... તેમાંથી સંજ્વલનક્રોધનો બંધવિચ્છેદ થવાથી ત્રીજે ભાગે **૨૦** પ્રકૃતિનો બંધ... તેમાંથી સંજ્વલનમાનનો બંધવિચ્છેદ થવાથી ચોથે ભાગે **૧૯** પ્રકૃતિનો બંધ... તેમાંથી સંજ્વલનમાયાનો બંધવિચ્છેદ થવાથી પાંચમે ભાગે **૧૮** પ્રકૃતિનો બંધ.

**ઉદય :** પૂર્વે કહેલ ૭૨ પ્રકૃતિમાંથી (૧) હાસ્ય, (૨) રતિ, (૩) અરતિ, (૪) ભય, (૫) શોક, અને (૬) જુગુપ્સા - આ છ પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ થવાથી, અનિવૃત્તિકરણ-ગુણઠાણે રહેલા જીવને **૬૬** પ્રકૃતિઓનો ઉદય હોય. (એમાંથી વેદ-સંજ્વલનક્રોધાદિનો ઉદયવિચ્છેદ પણ આ ગુણઠાણે થવાથી નવમાના અંતે તો ૬૦નો ઉદય આવશે.)

**સત્તા :** આ ગુણઠાણે **૧૪૮** પ્રકૃતિની સત્તા હોય.

| ગુણસ્થાન | બંધ | ઉદય | સત્તા |
|---|---|---|---|
| અનિવૃત્તિકરણ | ૨૨/૨૧/૨૦/૧૯/૧૮ | ૬૬ | ૧૪૮ |

**अथोपशान्तमोहगुणस्थाने यादृशं सम्यक्त्व-चारित्र-भावलक्षणं त्रयं भवति, तदाह –**

**शान्तदृग्वृत्तमोहत्वादत्रौपशमिकाभिधे ।**
**स्यातां सम्यक्त्वचारित्रे, भावश्चोपशमात्मकः ॥४३॥**

**गुणतीर्थ**

## ※ સૂક્ષ્મસંપરાયગુણઠાણે બંધ-ઉદય-સત્તા ※

**બંધ :** ઉપર કહેલ બંધપ્રાયોગ્ય ૧૮ પ્રકૃતિમાંથી સંજ્વલનલોભનો બંધવિચ્છેદ થવાથી સૂક્ષ્મસંપરાયગુણઠાણે રહેલો જીવ **૧૭** પ્રકૃતિઓને બાંધે...

**ઉદય :** ઉપર કહેલ ઉદયપ્રાયોગ્ય ૬૬ પ્રકૃતિમાંથી (૧-૩) ત્રણ વેદ, અને (૪-૬) સંજ્વલન ક્રોધ-માન-માયા – આ ૬ પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ થવાથી, આ ગુણઠાણે રહેલા જીવને **૬૦** પ્રકૃતિઓનો ઉદય હોય.

**સત્તા :** આ ગુણઠાણે **૧૪૮** પ્રકૃતિની સત્તા હોય.

| ગુણસ્થાન | બંધ | ઉદય | સત્તા |
|---|---|---|---|
| સૂક્ષ્મસંપરાય | ૧૭ | ૬૦ | ૧૪૮ |

## ※ ઉપશાંતમોહ ગુણઠાણે બંધ-ઉદય-સત્તા ※

**બંધ :** આ ગુણઠાણે રહેલો જીવ માત્ર **૧** શાતાવેદનીય કર્મને બાંધે છે.

**ઉદય :** સૂક્ષ્મસંપરાયગુણઠાણે કહેલ ૬૦ પ્રકૃતિમાંથી સંજ્વલનલોભનો ઉદયવિચ્છેદ થવાથી, અગ્યારમે ગુણઠાણે રહેલા જીવને **૫૯** પ્રકૃતિનો ઉદય હોય.

**સત્તા :** આ ગુણઠાણે **૧૪૮** પ્રકૃતિની સત્તા હોય.

| ગુણસ્થાન | બંધ | ઉદય | સત્તા |
|---|---|---|---|
| ઉપશાંતમોહ | ૧ | ૫૯ | ૧૪૮ |

આ પ્રમાણે અગ્યારમે ગુણઠાણે કર્મપ્રકૃતિના બંધાદિને જણાવીને, હવે આ 'ઉપશાંતમોહ' ગુણઠાણે (૧) સમ્યક્ત્વ, (૨) ચારિત્ર, અને (૩) ભાવ કેવા હોય ? એ ત્રણેનું સ્વરૂપ બતાવવા ગ્રંથકારશ્રી કહે છે –

## ※ ઉપશાંતમોહ ગુણઠાણે સમ્યક્ત્વાદિ ※

**શ્લોકાર્થ : ઉપશાંતમોહગુણઠાણે દર્શનમોહનીય અને વૃત્તમોહ=ચારિત્રમોહનીય ઉપશાંત થયા હોવાથી (૧) સમ્યક્ત્વ, અને (૨) ચારિત્ર બંને ઉપશમભાવના હોય... અને (૩) ભાવ પણ ઔપશમિકભાવરૂપ સમજવો... (૪૩)**

व्याख्या-'अत्र' **उपशान्तगुणस्थानके दर्शनचारित्रमोहनीयस्योपशमात् सम्यक्त्व-चारित्रे औपशमिके एव भवतः । तथाऽत्र भावोऽप्युपशमात्मकः, न तु क्षायिकक्षायो-पशमिकौ भावाविति ॥४३॥**

**अथोपशान्तमोहाच्च्यवनमाह –**

**वृत्तमोहोदयं प्राप्योपशमी च्यवते ततः ।**
**अधःकृतमलं तोयं, पुनर्मालिन्यमश्नुते ॥४४॥**

**गुणतीर्थ**

**વિવેચન :**

(૧) **સમ્યક્ત્વ :** આ ગુણઠાણે દર્શનમોહનીયનો ઉપશમ થયો હોવાથી 'ઔપશમિક સમ્યક્ત્વ' હોય છે. ક્ષાયિક કે ક્ષયોપશમ સમ્યક્ત્વ નહીં. (વાસ્તવમાં ક્ષાયિકસમ્યક્ત્વ હોઈ શકે, પણ ઉપશમની અહીં પ્રધાનતા હોવાથી ઔપશમિકનો જ અહીં મુખ્યપણે ઉલ્લેખ કર્યો છે.)

(૨) **ચારિત્ર :** આ ગુણઠાણે ચારિત્રમોહનીયનો ઉપશમ થયો હોવાથી 'ઔપશમિક ચારિત્ર' હોય છે. ક્ષાયિક કે ક્ષયોપશમ ચારિત્ર નહીં.

(૩) **ભાવ :** આ ગુણઠાણે ભાવ પણ 'ઔપશમિકભાવ' જ હોય છે, ક્ષાયિક કે ક્ષયોપશમ ભાવ નહીં.

**અનેકાંત :** અહીં ઉપર ક્ષાયિક કે ક્ષયોપશમ ભાવાદિ ન હોય એવું બધું જે કહ્યું, એ એકાંતે ન સમજવું. પણ મોહનીયના ઉપશમભાવની પ્રધાનતાએ તેવું નિરૂપણ છે. બાકી તો ઉપશાંતમોહી જીવને જો પૂર્વે દર્શનસપ્તકનો ક્ષય થયો હોય, તો એનું સમ્યક્ત્વ ક્ષાયિકભાવનું પણ હોય. અને જ્ઞાનાવરણ વગેરેનો તો ક્ષયોપશમ જ હોવાથી, એનાં જ્ઞાન વગેરે ક્ષયોપશમભાવના જ હોય. આમ ક્ષાયોપશમિક ભાવો પણ હોય જ.

આ પ્રમાણે ઉપશાંતમોહગુણઠાણે રહેલો જીવ, હવે કઈ રીતે પતન પામીને નીચે પડે છે ? એ બતાવવા ગ્રંથકારશ્રી કહે છે –

## ❋ ઉપશાંતમોહથી જીવનું પતન ❋

**શ્લોકાર્થ : ઉપશાંતમોહવાળો ઉપશમક જીવ, ચારિત્રમોહનીયના ઉદયને પામીને તે ઉપશાંતમોહગુણઠાણાથી પડે છે. કારણ કે મેલ નીચે બેસી ગયો છે જેમાં તેવું પાણી (કોઈક ડહોળાવવાનું નિમિત્ત પામીને) ફરી મલિનતાને પામે છે. (૪૪)**

व्याख्या-**उपशमी** 'वृत्तमोहोदयं' **चारित्रमोहनीयोदयं प्राप्य** 'ततः' **उपशान्तमोहात्** 'च्यवते' **पुनर्मोहजनितप्रमादकालुष्ये पतति, युक्तोऽयमर्थः, यस्मात्कारणात्** 'तोयं' **जलं** 'अधःकृतमलं' **तलोपविष्टमलत्वादुपरि निर्मलमपि किमपि प्रेरणानिमित्तं प्राप्य पुनः** 'मालिन्यमश्नुते' **मलिनभावं प्राप्नुयादिति, यदाह –**

"[47]सुअकेवलि आहारग, उज्जुमई उवसंतगावि हु पमाया ।
हिंडंति भवमणंतं, तयणंतरमेव चउगइआ ॥१०॥" **॥४४॥**

**ગુણતીર્થ**

**વિવેચન :**

**પદાર્થ :** ૧૧મે ગુણઠાણે રહેલો ઉપશાંતમોહી જીવ કષાયરહિત એવું યથાખ્યાત ચારિત્ર અનુભવે છે અને એ અવસર દરમ્યાન એ રાગાદિથી રહિત હોવાથી એને વીતરાગતાનો સ્પર્શ થાય છે. પણ છતાં કરુણતા એ સર્જાય છે કે, આવા જીવને જ્યારે ચારિત્રમોહનીયનો ઉદય થાય, કષાયો પોતાનું સામ્રાજ્ય સ્થાપિત કરવા પ્રયત્નશીલ બને, મોહના કારણે પ્રમાદ-વિષયકાંક્ષા વગેરેરૂપ કલુષાઈ ઊભી થાય, ત્યારે એ જીવ ઉપશાંતમોહ ગુણઠાણાથી પતન પામીને ફરી નીચે પડે છે.

**ઉદાહરણ :** જેમ પાણીનો કચરો તળિયે બેસી જવાથી, ઉપરના ભાગથી તો એ પાણી એકદમ નિર્મલ=મલ વિનાનું દેખાય છે. પણ છતાં પ્રેરણાનું (=હલનચલન કે ડહોળાવવાનું) નિમિત્ત પામીને એ પાણી - ડહોળાઈ જતું હોવાથી - ફરી મલિનતાને પ્રાપ્ત કરે છે. તેમ ઉપશમક જીવ પણ ચારિત્રમોહનીયનો ઉદય પામીને મોહજન્ય મલિન અધ્યવસાયોથી પતન પામે છે.

જુઓ આ વિશેનું **શાસ્ત્રવચન :**

"(૧) ચૌદ પૂર્વધર વગેરે શ્રુતકેવળીઓ, (૨) આહારક શરીરવાળા, (૩) ઋજુમતિ-મનઃપર્યવજ્ઞાનવાળા, (૪) ઉપશાંતમોહગુણઠાણું પામેલા ઉપશાંતમોહી જીવો... રે ! આ બધા જીવો પ્રમાદના કારણે તે ભવ પછીના જ ભવે ચારે ગતિઓમાં રહેનારા બની અનંત ભવો સુધી ભમતા રહે છે."

**छायासन्मित्रम्**

**(47)** श्रुतकेवलिन आहारका ऋजुमतयः उपशान्तका अपि च प्रमादात् ।
हिण्डन्ति भवमनन्तं तदनन्तरमेव चतुर्गतिकाः ॥१॥

**अथोपशमकानां गुणस्थानकेष्वारोहावरोहावाह –**

**अपूर्वाद्यास्त्रयोऽप्यूर्द्ध्वमेकं यान्ति शमोद्यताः ।**

**चत्वारोऽपि च्युतावाद्यं, सप्तमं वाऽन्त्यदेहिनः ॥४५॥**

व्याख्या–'अपूर्वाद्यास्त्रयोऽपि शमोद्यताः' **त्रयोऽप्युपशमका ऊर्द्ध्वमारोहमाश्रित्य एकमेव गुणस्थानं यान्ति, कोऽर्थः ? अपूर्वकरणगुणस्थानादनिवृत्तिबादरं यान्ति, तद्वर्त्तिनः सूक्ष्मसम्परायं यान्ति, तद्वर्त्तिनश्चोपशान्तमिति, तथाऽपूर्वाद्याश्चत्वारोऽप्युपशमकाः** 'च्युतौ'

**ગુણતીર્થ**

આના પરથી પ્રમાદ કેવો ભયાનક છે ? અને એનાથી મહાપુરુષોની પણ કેવી દુર્ગતિ સર્જાય છે ? એ બધું સમજીને પોતાના જીવનમાંથી પ્રમાદને તિલાંજલી આપવા પ્રયત્નશીલ બનવું.

હવે તે ઉપશમક જીવોનું ગુણઠાણાઓ પર ચડવા-ઉતરવા અંગે શું પદાર્થ છે ? એ બતાવવા ગ્રંથકારશ્રી કહે છે –

## ❋ ઉપશમક જીવોનો આરોહ-અવરોહ ❋

**શ્લોકાર્થ : ઉપશમન માટે તત્પર થયેલા એવા અપૂર્વકરણાદિ ત્રણે ગુણઠાણાવાળા જીવો જો ઉપર ચડે તો એકેક ગુણઠાણું જ ઉપર ચડે... અને એ ચારે (=અપૂર્વકરણથી ઉપશાંતમોહગુણઠાણા સુધીના જીવો) જો પડે તો પહેલા ગુણઠાણે આવે... અને ચરમશરીરી હોય તો સાતમે અપ્રમત્તગુણઠાણે આવે... (૪૫)**

**વિવેચન :**

**(૧) આરોહવિચારણા :** મોહનીય કર્મને ઉપશમાવવા માટે ઉદ્યત થયેલા અપૂર્વકરણ વગેરે ત્રણે ગુણઠાણાવાળા જીવો ઉપરના ગુણઠાણે ચડવાની અપેક્ષાએ તો એકેક ગુણઠાણું જ ચડે... એટલે કે (૧) અપૂર્વકરણગુણઠાણે રહેનારા જીવો ત્યાંથી 'અનિવૃત્તિબાદર' ગુણઠાણે જાય... (૨) અનિવૃત્તિબાદરગુણઠાણે રહેનારા જીવો ત્યાંથી 'સૂક્ષ્મસંપરાય' ગુણઠાણે જાય... અને (૩) સૂક્ષ્મસંપરાયગુણઠાણે રહેનારા જીવો ત્યાંથી 'ઉપશાંતમોહ' ગુણઠાણે જાય... આ પ્રમાણે ચડાણને આશ્રયીને વિચારણા થઈ.

**(૨) અવરોહવિચારણા :** (૧) અપૂર્વકરણ, (૨) અનિવૃત્તિકરણ, (૩) સૂક્ષ્મસંપરાય, અને (૪) ઉપશાંતમોહ - આ ચાર ગુણઠાણાવાળા જીવો પતન પામે તો મિથ્યાત્વગુણઠાણે આવે... એટલે કે પતન પામીને પોતાના નીચેના ગુણઠાણે તો આવે જ... તદુપરાંત પડતાં-પડતાં છેક મિથ્યાત્વ સુધી પણ આવી શકે, એ તાત્પર્ય છે.

**च्यवनविषये 'आद्यं' मिथ्यात्वगुणस्थानं याति 'वा' अथवा 'अन्त्यदेहिनः' चरमशरीराः सप्तमगुणस्थानं यावद् यान्ति, ते च सप्तमात्पुनः क्षपकश्रेणिमारोहन्ति, परमेकवारं**



**સ્પષ્ટીકરણ :** ઉપશમશ્રેણિમાં રહેલા જીવનું તે તે ગુણઠાણાથી બે રીતે પતન થાય છે : (ક) ભવક્ષયથી, અને (ખ) કાળક્ષયથી...

**(ક) ભવક્ષયથી પતન :** ઉપશમશ્રેણિમાં રહેલા જીવનું જો કોઈપણ ગુણઠાણે કોઈપણ સમયે આયુષ્ય પૂર્ણ થઈ જાય, તો તે મહાત્મા ત્યાંથી મરણ પામીને વૈમાનિક દેવલોકમાં ઉત્પન્ન થાય છે. આ મહાત્મા મનુષ્યભવના છેલ્લા સમય સુધી ઉપશમશ્રેણિસંબંધી કોઈપણ ગુણઠાણે હોય છે. અને દેવભવના પ્રથમસમયે ચોથે ગુણઠાણે આવી જાય છે. આ જ રીતે ઉપશમશ્રેણિથી ઉતરતો જીવ જો ૧૦મા, ૯મા, ૮મા, ૭મા, કે છઠ્ઠા ગુણઠાણે મૃત્યુ પામે, તો ત્યાંથી પડીને સીધા ચોથા ગુણઠાણે દેવલોકમાં ઉત્પન્ન થાય... આમ, શ્રેણિમાં મનુષ્યભવનો નાશ થવાથી જે પતન થાય, તે 'ભવક્ષયથી પતન' થયું કહેવાય.

**(ખ) કાળક્ષયથી પતન :** ઉપશાંતમોહી ઉપશમક મહાત્મા ૧૧મા ગુણઠાણાનો અંતર્મુહૂર્તપ્રમાણ કાળ પૂર્ણ થયા પછી ૧૦મા ગુણઠાણે આવે... ત્યાંથી ૯મા ગુણઠાણે આવે... ત્યાંથી ૮મા ગુણઠાણે આવે... ત્યાંથી ૭મા ગુણઠાણે થઈને છઠ્ઠા ગુણઠાણે આવે... એટલે જે ક્રમે ચડ્યા હતા તે જ ક્રમે નીચે આવી જાય છે... તે 'કાળક્ષયથી પતન' થયું કહેવાય...

કોઈક મહાત્મા છઠ્ઠે ગુણઠાણે સ્થિર ન થાય, તો પાંચમે ગુણઠાણે સ્થિર થાય, ત્યાં પણ સ્થિર ન થાય, તો ચોથા ગુણઠાણે સ્થિર થાય, ત્યાં પણ સ્થિર ન થાય, તો પડતાં-પડતાં છેક મિથ્યાત્વગુણઠાણે આવી જાય છે. (આ રીતે ઉપશમશ્રેણિથી પડેલા જીવનું મિથ્યાત્વે ગમન થાય.)

### ✻ ચરમશરીરી ઉપશમકના પતન અંગે વિચારણા ✻

અથવા તો - જો એ ઉપશમશ્રેણિવાળો જીવ ચરમશરીરી હોય, એટલે કે તદ્ભવ-મોક્ષગામી હોય, તો તે પતન પામતા યાવત્ સાતમા ગુણઠાણા સુધી આવે... અને ત્યારબાદ તે સાતમા ગુણઠાણાથી ફરી ક્ષપકશ્રેણિ ચડવાની શરૂઆત કરે છે. (ત્યારબાદ ક્ષપકશ્રેણિ ચડી કેવલજ્ઞાનાદિ પામે છે.)

**અનેકાંત :** તદ્ભવમોક્ષગામી જીવ પડીને સાતમે સુધી આવે - એ બાબત એકાંતે ન સમજવી. એવો જીવ પણ જો તરત ક્ષપકશ્રેણિ ન ચડવાનો હોય, તો એ સાતમેથી છઠ્ઠે

**कृतोपशमा एव क्षपकत्वं कुर्वन्ति, न तु तत्रैव भवे द्विवेलं कृतोपशमाः, यदाह –**

[48] "जीवो हु एगजम्मंमि, इक्कसिं उवसामगो ।
खयंपि कुज्जा नो कुज्जा, दोवारे उवसामगो ॥१॥" ॥४५॥

**अथोपशमश्रेणीनां सम्भवसङ्ख्यामाह –**

**आसंसारं चतुर्वारमेव स्याच्छमनावली ।**
**जीवस्यैकभवे वारद्वयं सा यदि जायते ॥४६॥**

**गुणतीर्थ**

પણ જઈ શકે છે. અને ત્યાં પણ પરિણામ સ્થિર ન રહે, તો પાંચમે - ચોથે કે યાવત્ મિથ્યાત્વ સુધી પણ જઈ શકે છે... એટલે સાતમા સુધી જ પતન થવાની વાત, તદ્ભવ મોક્ષગામી તરત ક્ષપકશ્રેણિ ચડનાર જીવને લઈને સમજવી.

**પ્રશ્ન :** કયો ઉપશમક જીવ 'ક્ષપકશ્રેણિ' ચડી શકે ?

**ઉત્તર :** જે જીવે આ ભવમાં માત્ર એક જ વાર ઉપશમશ્રેણિ કરી હોય, તેવો ઉપશમક જીવ જ ક્ષપકશ્રેણિ ચડી શકે છે... બાકી જે જીવે આ ભવમાં બે વાર ઉપશમશ્રેણિ કરી હોય, તે જીવ ક્ષપકશ્રેણિ ચડી શકે નહીં... (એક ભવમાં બે વારથી વધુ શ્રેણિ ચડી શકાય નહીં. હવે આ જીવ જો બે વાર ઉપશમશ્રેણિ ચડ્યો, તો એ ત્રીજી ક્ષપકશ્રેણિ ચડે નહીં...)

આ જ વિષયમાં જણાવ્યું છે કે –

"જીવ જો એક ભવમાં માત્ર એક જ વાર ઉપશમક (=ઉપશમશ્રેણિવાળો) થયો હોય, તો એ ક્ષય પણ કરે (અર્થાત્ ક્ષપકશ્રેણિ પણ ચડે), પણ જો એક ભવમાં બે વાર ઉપશમક થયો હોય, તો એ ક્ષપકશ્રેણિ ચડી શકે નહીં."

હવે આ ઉપશમશ્રેણિ એક ભવમાં કે અનેક ભવમાં વધુમાં વધુ કેટલીવાર પામી શકાય ? એ બતાવવા ગ્રંથકારશ્રી કહે છે –

## ❋ ઉપશમશ્રેણિ પામવાની સંખ્યા ❋

**શ્લોકાર્થ : એક જીવને આખા સંસારચક્રમાં ચાર વાર જ ઉપશમશ્રેણિ થાય. અને જો એક ભવમાં થાય, તો બે વાર જ ઉપશમશ્રેણિ થાય... (૪૬)**

**छायासन्मित्रम्**

(48) जीवश्चैकजन्मनि एकश उपशमकः ।
क्षयमपि कुर्यात् नो कुर्यात्, द्विकृत्व उपशमकः ॥१॥

व्याख्या-'शमनावली' **शमश्रेणी** 'जीवस्य' **प्राणिनः** 'आसंसारं' **अनादिसान्तं संसारं यावत्** 'चतुर्वारं' **वारचतुष्टयमेव स्यात्, सा चोपशमश्रेणिजीवस्य** 'एकभवे' **एकभवमध्ये** 'यदि' **कदाचिज्जायते, तदा वारद्वयम्, यदाह –**

"[49]उवसमसेणिचउक्कं, जायइ जीवस्स आभवं नूणं ।
सा पुण दो एगभवे, खवगस्सेणी पुणो एगा ॥१॥"

**गुणतीर्थ**

**વિવેચન :** એક જીવને આખા અનાદિ-સાંત ભવચક્રમાં શમનાવલી=ઉપશમશ્રેણિ માત્ર 'ચાર વાર' જ થાય, એનાથી વધુવાર નહીં... (અહીં ભવચક્રને 'અનાદિ-સાંત' એટલા માટે કહ્યું કે, અનાદિસંસારી જીવ પણ જ્યારે પ્રથમવાર ઉપશમશ્રેણિ ચડે ત્યારથી એનો સંસાર વધુમાં વધુ 'દેશોન અર્ધ પુદ્ગલપરાવર્ત' જ હોય, એનાથી વધુ નહીં.. તેથી તેનું ભવચક્ર અનાદિ-સાંત જ હોય.)

હવે એ ઉપશમશ્રેણિ એક ભવની અંદર જ જો થાય, તો વધુમાં વધુ બે વાર થાય... આ વિશે કહ્યું છે કે –

"**ઉપશમશ્રેણિવિચાર :** આખા ભવચક્રમાં જીવને ચાર વાર જ ઉપશમશ્રેણિ થાય... અને એ ઉપશમશ્રેણિ એક ભવમાં તો માત્ર બે જ વાર થાય. **ક્ષપકશ્રેણિવિચાર :** ક્ષપકશ્રેણિ તો જીવને એક જ વાર થાય. (પછી તો મોહનું અસ્તિત્વ જ ન રહેવાથી, ક્ષય કરવાનો અવસર જ ન આવે...)"

હવે ઉપશમશ્રેણિ ચડનારો જીવ કયા કર્મોને કયા ક્રમે ઉપશમાવે ? એ બતાવવા વૃત્તિકારશ્રી કર્મ-ઉપશમનનો ક્રમ જણાવે છે –

## ❋ ઉપશમશ્રેણિની સ્થાપના ❋

**શ્લોકાર્થ :** સૌ પ્રથમ (૧) અનંતાનુબંધી ચાર કષાયને ઉપશમાવે, ત્યારબાદ (૨) દર્શનત્રિકને, ત્યારબાદ (૩) નપુંસકવેદને, પછી (૪) સ્ત્રીવેદને, પછી (૫) હાસ્યાદિષટ્કને, અને પછી (૬) પુરુષવેદને... એમ યાવત્ (ક્રોધાદિરૂપે) સરખા એવા બે બે (=અપ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાન) કષાયોને સ્વસદશ એકેક સંજ્વલન કષાયના આંતરે ઉપશમાવે છે.

**छायासन्मित्रम्**

(49) उपशमश्रेणिचतुष्कं जायते जीवस्याभवं नूनम् ।
सा पुनर्द्वे एकभवे, क्षपकश्रेणिः पुनरेका ॥१॥

**उपशमश्रेणिस्थापना चेयम् –**

"[50]अणदंसनपुंसित्थी-वेअछक्कं च पुरिसवेयं च ।
दो दो एगंतरिए, सरिसे सरिसं उवसमेइ ॥१॥

**सं. लोभ १ अ. प्र. लोभ. २ सं. माया १ अ. प्र. माया २ सं. मान १ अ. प्र. मान २ सं. क्रो. १ अ. प्र. क्रो. २ पुरु. १ हास्यादि. ६ स्त्री. १ नपुं. २ दर्शन ३ अनन्ता ४ ॥४६॥**

**॥ इत्युपशमश्रेणिः ॥**

**ગુણતીર્થ**

આ ઉપશમન-પ્રક્રિયાની સ્થાપના આ પ્રમાણે કરવી.

| ગુણઠાણું | કર્મ-અવસ્થા | રચના |
|---|---|---|
| ૧૧ | ઉપશાંતમોહ-વીતરાગ અવસ્થા | |
| ૧૦ | સંજ્વલનલોભ | Δ |
| ૯ | અપ્રત્યાખ્યાનલોભ+પ્રત્યાખ્યાનલોભ=૨ | Δ Δ |
| ૯ | સંજ્વલનમાયા | Δ |
| ૯ | અપ્રત્યાખ્યાનમાયા+પ્રત્યાખ્યાનમાયા=૨ | Δ Δ |
| ૯ | સંજ્વલનમાન | Δ |
| ૯ | અપ્રત્યાખ્યાનમાન+પ્રત્યાખ્યાનમાન=૨ | Δ Δ |
| ૯ | સંજ્વલનક્રોધ | Δ |
| ૯ | અપ્રત્યાખ્યાનક્રોધ+પ્રત્યાખ્યાનક્રોધ=૨ | Δ Δ |
| ૯ | પુરુષવેદ | Δ |
| ૯ | હાસ્ય+રતિ+અરતિ+ભય+શોક+જુગુપ્સા=૬ | Δ Δ Δ Δ Δ Δ |
| ૯ | સ્ત્રીવેદ | Δ |
| ૯ | નપુંસકવેદ | Δ |
| ૪-૭ | મિથ્યાત્વ+મિશ્ર+સમ્યક્ત્વમોહનીય=૩ | Δ Δ Δ |
| ૪-૭ | અનંતાનુબંધી ચાર કષાય | Δ Δ Δ Δ |

**छायासन्मित्रम्**

(50) अनदर्शनपुंसकस्त्रीवेद(हास्यादि)षट्कं च पुरुषवेदं च । द्वौ द्वौ (अप्रत्याख्यानप्रत्या-ख्यानौ) एकान्तरितौ (संज्वलनान्तरितौ) सदृशे सदृशं (क्रोधमानमायालोभान्) उपशमयति ॥१॥

अथ क्षपकश्रेणिलक्षणमाह –

अतो वक्ष्ये समासेन, क्षपकश्रेणिलक्षणम् ।
योगी कर्मक्षयं कर्त्तुं, यामारुह्य प्रवर्त्तते ॥४७॥

व्याख्या-अतः परं 'समासेन' सङ्क्षेपेण तस्याः क्षपकश्रेणेर्लक्षणं वक्ष्ये, यां क्षपकश्रेणीं समारुह्य 'योगी' क्षपको मुनिः कर्मक्षयं कर्त्तुं प्रवर्तते ॥४७॥

अथाष्टमगुणस्थानादर्वाक् याः कर्मप्रकृतीः क्षपकः क्षपयति, ताः श्लोकत्रयेणाह –

अनिबद्धायुषः प्रान्त्यदेहिनो लघुकर्मणः ।
असंयतगुणस्थाने, नरकायुः क्षयं व्रजेत् ॥४८॥

गुणतीर्थ

આ પ્રરૂપણા ઊર્ધ્વમુખી જાણવી... અર્થાત્ પહેલા ચાર અનંતાનુબંધી ઉપશમાવે, પછી ત્રણ દર્શનમોહનીય સમકાળે ઉપશમાવે ઇત્યાદિ... (અહીં સમકાળે ઉપશમ પામનારી પ્રકૃતિઓનો સમાવેશ કોષ્ઠકમાં એકસાથે કરેલ છે.)

આ પ્રમાણે ઉપશમશ્રેણિનું સ્વરૂપવર્ણન પૂર્ણ થયું.

## ક્ષપકશ્રેણિ

હવે ક્ષપકશ્રેણિનું વર્ણન શરૂ કરવા, સૌ પ્રથમ ક્ષપકશ્રેણિનું સ્વરૂપ શું ? એ બતાવવા ગ્રંથકારશ્રી કહે છે –

### ❋ ક્ષપકશ્રેણિનું સ્વરૂપ ❋

**શ્લોકાર્થ : હવે પછી સંક્ષેપથી ક્ષપકશ્રેણિનું સ્વરૂપ હું કહીશ કે જે ક્ષપકશ્રેણિ પર ચડીને યોગી મહાત્મા કર્મનો ક્ષય કરવા માટે પ્રવૃત્તિ કરે છે. (૪૭)**

**વિવેચન :** મોહનીયકર્મના ક્ષય માટે ઉદ્યત થયેલા ક્ષપક મહાત્મા, એ ક્ષપકશ્રેણિ પર ચડીને કર્મનો ક્ષય કરવા પ્રવૃત્તિ કરે છે. તો આવી ક્ષપકશ્રેણિનું સ્વરૂપ ગ્રંથકારશ્રી હવે સંક્ષેપથી કહેશે.

તેમાં સૌ પ્રથમ ક્ષપકશ્રેણિવાળો જીવ, અપૂર્વકરણ નામના આઠમા ગુણઠાણાના પહેલા જ કયા કર્મોનો ક્ષય કરે ? એ વાતને ત્રણ શ્લોકો દ્વારા કહે છે –

### ❋ અપૂર્વકરણ પૂર્વે કર્મક્ષયનું સ્વરૂપ ❋

**શ્લોકાર્થ : અબદ્ધાયુષ્ક, ચરમશરીરી, લઘુકર્મી જીવને ચોથા અસંયત-ગુણઠાણે નરકાયુષ્યનો**

**तिर्यगायुः क्षयं याति, गुणस्थाने तु पञ्चमे ।**
**सप्तमे त्रिदशायुश्च, दृग्मोहस्यापि सप्तकम् ॥४९॥**
**दशैताः प्रकृतीः साधुः, क्षयं नीत्वा विशुद्धधीः ।**
**धर्मध्याने कृताभ्यासः, प्राप्नोति स्थानमष्टमम् ॥५०॥**

**॥ त्रिभिर्विशेषकम् ॥**

व्याख्या-'प्रान्त्यदेहिनः' **चरमशरीरस्य** 'अबद्धायुषः' **अकृतायुर्बन्धस्य** 'लघुकर्मणः' **अल्पकर्मणः=अल्पकर्मांशस्य क्षपकस्य** 'असंयतगुणस्थाने' **चतुर्थे गुणालये** 'नरकायुः क्षयं

**ગુણતીર્થ**

**ક્ષય થાય, અને પાંચમે ગુણઠાણે તિર્યંચાયુષ્યનો ક્ષય થાય. સાતમે ગુણઠાણે દેવાયુષ્યનો ક્ષય થાય અને દર્શનમોહનીયના સપ્તકનો પણ ક્ષય થાય... આ પ્રમાણે આ ૧૦ પ્રકૃતિઓનો ક્ષય કરીને, વિશુદ્ધબુદ્ધિવાળો - ધર્મધ્યાનમાં કરાયેલા અભ્યાસવાળો ક્ષપક સાધુ આઠમું ગુણઠાણું પામે છે. (૪૮-૪૯-૫૦)**

**વિવેચન :**

**ચરમશરીરી :** જે હવે પછી મોક્ષે જવાનો છે, જેનો આ છેલ્લો જ ભવ છે તેવો જીવ... (ચરમભવે જ ક્ષપકશ્રેણિ ચડી શકાય.)

**અબદ્ધાયુષ્ક :** જેણે પરભવ સંબંધી કોઈ જ આયુષ્ય બાંધ્યું નથી તેવો જીવ... (જો તેણે આયુષ્ય બાંધ્યું હોય તો તેવો બદ્ધાયુષ્ક જીવ ક્ષપકશ્રેણિ ચડી શકે નહીં.)

**લઘુકર્મી :** જે અલ્પ કર્મવાળો છે તેવો જીવ... 'અલ્પકર્મ' એટલે એ કર્મોના સ્થિતિ-રસ વગેરે ગાઢ ન હોવા, મંદ હોવા... અને નિરનુબંધ હોવા ઈત્યાદિ..

આવા ચરમશરીરી, અબદ્ધાયુષ્ક, લઘુકર્મી જીવને...

(૧) ચોથે અવિરતસમ્યક્ત્વ ગુણઠાણે નરકપ્રાયોગ્ય આયુષ્યનો ક્ષય થાય.

(૨) પાંચમે દેશવિરતગુણઠાણે તિર્યંચપ્રાયોગ્ય આયુષ્યનો ક્ષય થાય.

(૩) સાતમે અપ્રમત્તસંયત ગુણઠાણે દેવાયુષ્યનો પણ ક્ષય થાય.

**તાત્પર્યગ્રાહિતા :** અલબત્ત, ચરમશરીરી અબદ્ધાયુષ્ક ક્ષપક જીવને મનુષ્યાયુષ્ય સિવાયના બાકીના ત્રણ આયુષ્યની તો સત્તા પણ નથી હોતી, તો પછી તે તે ગુણઠાણે તેઓનો ક્ષય કહેવાનું પ્રયોજન શું ? (સત્તામાં હોય, અને પછી તેનો ક્ષય કહેવાતો હોય... તો એ ક્ષય કહેવાનું સાર્થક ઠરે... પણ અહીં તો એવું છે નહીં...)

व्रजेत्' **नरकयोग्यायुः क्षयं याति, तथा पञ्चमे गुणस्थाने तिर्यगायुः क्षयं याति, सप्तमे गुणस्थाने** 'त्रिदशायुः' **देवायुरपि क्षयं याति, तथा तत्र सप्तमे गुणस्थाने दृग्मोहस्य सप्तकमपि क्षयं याति, ततः क्षपकः साधुरष्टाचत्वारिंशदधिकशतकर्मप्रकृतिमध्यादेता दश प्रकृतीः क्षयं नीत्वाऽष्टत्रिंशदधिकशतप्रकृतिसत्ताकोऽष्टमं स्थानं** 'प्राप्नोति' **लभते, कथम्भूतः ?** 'धर्मध्याने कृताभ्यासः' **उत्कृष्टे धर्मध्याने रूपातीतलक्षणे कृतोऽभ्यासो येन**

**ગુણતીર્થ**

છતાં અહીં એવું સમાધાન જણાય છે કે, સંભવસત્તાવાળા જીવને આશ્રયીને આ નિરૂપણ છે... અર્થાત્ તે તે આયુષ્યની સદ્‌ભાવસત્તા (=પારમાર્થિકસત્તા) ભલે આ જીવને નથી, પણ સંભવસત્તા તો હોઈ જ શકે છે... અને તે આ રીતે - ધારો કે આ જીવ ક્ષપક ન હોત, તો તે તે ગુણઠાણે તે તે આયુષ્યની સત્તાનો સંભવ હોત... પણ આ જીવ ક્ષપક હોવાથી એ સંભવ રહ્યો નથી. માટે જ તે તે ગુણઠાણે એ આયુષ્યોનો ક્ષય થવાનું કહ્યું.

[અહીં પણ આ રીતના ગુણઠાણાઓનું પ્રતિનિયમ જે કરાયું છે, તે એક સુપ્રસિદ્ધ મતાનુસારે સમજવું અને એ મત આ પ્રમાણે છે : (૧) બદ્ધનરકાયુ જીવ સમ્યક્ત્વ ન પામે, (૨) બદ્ધતિર્યંચાયુ જીવ દેશવિરતિ ન પામે, (૩) બદ્ધમનુષ્યાયુ જીવ સર્વવિરતિ ન પામે, અને (૪) બદ્ધદેવાયુ જીવ શ્રેણિ ન માંડે. આ જ વાત અહીં જુદા શબ્દોમાં કહી...]

(૪) અને સાતમે ગુણઠાણે જ જીવ દર્શનસપ્તકનો (=અનંતાનુબંધી ચાર + દર્શનત્રિકનો) પણ ક્ષય કરી દે છે.

આ રીતે ક્ષપકશ્રેણિ પર ચડનારો સાધુ, અપૂર્વકરણ ગુણઠાણાની પહેલા ૧૪૮ પ્રકૃતિઓમાંથી ઉપર કહેલી ૧૦ પ્રકૃતિઓનો ક્ષય કરીને ૧૩૮ કર્મપ્રકૃતિઓની સત્તાવાળો બને છે.. અને ત્યારબાદ એ જીવ આઠમું ગુણઠાણું પ્રાપ્ત કરે છે...

હવે કેવો જીવ આઠમું ગુણઠાણું પામે ? એ બતાવે છે –

**(૧) કૃતાભ્યાસ :** 'રૂપાતીતધ્યાન' નામના ઉત્કૃષ્ટ ધર્મધ્યાનમાં જેણે અભ્યાસ કર્યો છે તેવો જીવ... 'અભ્યાસ' એટલે વારંવાર આસેવન... આવા વારંવાર આસેવનરૂપ અભ્યાસના યોગથી જ તત્ત્વની (=આત્મસ્વરૂપ વગેરે પારમાર્થિક પદાર્થોની) પ્રાપ્તિ થઈ શકે છે.

આ (=અભ્યાસના) વિષયમાં કહ્યું છે કે –

### ❋ અભ્યાસનું મહત્ત્વ ❋

**પ્રથમશ્લોકાર્થ :** (૧) અભ્યાસથી જ આહાર પર વિજય મળે છે, એનું નિયંત્રણ વગેરે

**स तथा, अभ्यासः=पुनः पुनरासेवनम्, तेनैवाभ्यासयोगेन तत्त्वप्राप्तिः स्यात्, यदाह –**

"अभ्यासेन जिताहारोऽभ्यासेनैव जितासनः ।
अभ्यासेन जितश्वासोऽभ्यासेनैवानिलत्रुटिः ॥१॥
अभ्यासेन स्थिरं चित्तमभ्यासेन जितेन्द्रियः ।
अभ्यासेन परानन्दोऽभ्यासेनैवात्मदर्शनम् ॥२॥
अभ्यासवर्जितैर्ध्यानैः, शास्त्रस्थैः फलमस्ति नो ।
भवेन्न हि फलैस्तृप्तिः, पानीयप्रतिबिम्बितैः ॥३॥"

**ततोऽभ्यासादेव** 'विशुद्धधीः' **निर्मलतत्त्वानुयायिबुद्धिरिति ॥४८-४९-५०॥**

**अथात्राष्टमे गुणस्थाने क्षपकस्य शुक्लध्यानारम्भमाह –**

**ગુણતીર્થ**

કરવામાં મુશ્કેલી નથી સર્જાતી, અને (૨) અભ્યાસથી જ વીરાસન વગેરે આસનો પર વિજય મળે છે, અર્થાત્ એ આસનો સહજતાથી થઈ શકે છે. (૩) અભ્યાસથી જ શ્વાસ પર વિજય મેળવી શકાય છે, અર્થાત્ એનું ગ્રહણ-મોચન પોતા પર આધારિત બની શકે છે, અને (૪) અભ્યાસથી જ પ્રાણાયામ વગેરે દ્વારા શરીરની અંદર ચાલનારા અનિલનો= પવનનો (ત્રુટિ=)પરાજય થઈ શકે છે, અર્થાત્ એને નિયંત્રણમાં રાખી શકાય છે, રોકી શકાય છે.

**દ્વિતીયશ્લોકાર્થ :** (૫) અભ્યાસથી જ ચિત્તની સ્થિરતા પ્રાપ્ત થાય છે, અને (૬) અભ્યાસથી જ ઇન્દ્રિયો પર વિજય મેળવી શકાય છે, (૭) અભ્યાસથી પરમ આનંદ મળે છે, અને (૮) અભ્યાસથી જ આત્મસ્વરૂપનું દર્શન પ્રાપ્ત થાય છે.

**તૃતીયશ્લોકાર્થ :** શાસ્ત્રમાં બતાવેલું ધ્યાનનું સ્વરૂપ જાણીને, જો એને શાસ્ત્રમાં જ રહેવા દીધું હોય અને એ ધ્યાનનો અભ્યાસ જ ન કર્યો હોય, તો તેવા ધ્યાનથી ફળપ્રાપ્તિ થાય જ નહીં. જેમ પાણીમાં ફળનાં પ્રતિબિંબ પડ્યા હોય, તો તેવા પ્રતિબિંબમાત્રથી લેશ પણ તૃપ્તિ થાય નહીં. (તેમ શાસ્ત્રગત ધ્યાનમાત્રથી ફળપ્રાપ્તિ પણ ન થાય.)

(૨) **વિશુદ્ધબુદ્ધિ :** ઉપરોક્ત જીવ ધર્મધ્યાનના ઉત્તમભેદરૂપ રૂપાતીતધ્યાનમાં અભ્યાસવાળો હોવાથી જ, એ જીવ વિશુદ્ધ પ્રજ્ઞાવાળો બને છે... અર્થાત્ આત્મસ્વરૂપાદિ-વિષયક નિર્મળ તત્ત્વને અનુસરનારી બુદ્ધિવાળો બને છે.

આવો જીવ 'આઠમું અપૂર્વકરણ' નામનું ગુણઠાણું પામે છે.

હવે આઠમા અપૂર્વકરણગુણઠાણે ક્ષપકશ્રેણિવાળા જીવને શુક્લધ્યાનની શરૂઆત થાય છે, એ વાત બતાવવા ગ્રંથકારશ્રી કહે છે –

**तत्राष्टमे गुणस्थाने, शुक्लसद्ध्यानमादिमम् ।**
**ध्यातुं प्रक्रमते साधुराद्यसंहननान्वितः ॥५१॥**

व्याख्या-**क्षपकः साधुस्तत्राष्टमे गुणस्थाने** 'शुक्लसद्ध्यानं' **शुक्लनामकं प्रधानं ध्यानम्, आद्यं=प्रथमं पृथक्त्ववितर्कसप्रविचारलक्षणं वक्ष्यमाणं ध्यातुं प्रक्रमते, कथम्भूतः साधुः ?** 'आद्यसंहननान्वितो' **वज्रर्षभनाराचनामकप्रथमसंहननयुक्त इति ॥५१॥**

**अथ ध्यातुरेव स्वरूपं श्लोकद्वयेनाऽऽह –**

**निष्प्रकम्पं विधायाथ, दृढं पर्यङ्कमासनम् ।**
**नासाग्रदत्तसन्नेत्रः, किञ्चिदुन्मीलितेक्षणः ॥५२॥**
**विकल्पवागुराजालाद्दूरोत्सारितमानसः ।**
**संसारोच्छेदनोत्साहो, योगीन्द्रो ध्यातुमर्हति ॥५३॥**

**गुणतीर्थ**

## ※ क्षपकने शुक्लध्याननो प्रारंभ ※

**श्लोकार्थ : પહેલા (વજ્રઋષભનારાચ) સંઘયણથી યુક્ત એવો ક્ષપક સાધુ, ત્યાં આઠમા ગુણઠાણે શુક્લધ્યાનના પહેલા ભેદનું ધ્યાન કરવાની શરૂઆત કરે છે. (૫૧)**

**વિવેચન :** 'વજ્રઋષભનારાચ' નામના પહેલા સંઘયણવાળો ક્ષપકશ્રેણિ ચડનારો સાધુ, આઠમા ગુણઠાણે, શ્રેષ્ઠધ્યાનરૂપ શુક્લધ્યાનના ચાર ભેદમાંથી પહેલા ભેદરૂપ જે 'પૃથક્ત્વવિતર્કસવિચાર' નામનું ધ્યાન છે, એ ધ્યાનની શરૂઆત કરે છે.

હવે ધ્યાનની શરૂઆત કરે છે, તો એ અવસરે સહજ પ્રશ્ન થાય કે ધ્યાન કરનાર વ્યક્તિ કેવો હોય ? તો એનું સ્વરૂપ બતાવવા ગ્રંથકારશ્રી બે શ્લોકો દ્વારા કહે છે –

## ※ ધ્યાન કરનારની સ્વરૂપસ્થિતિ ※

**શ્લોકાર્થ : (૧) નિશ્ચલ અને દૃઢ એવું પર્યંકાસન કરીને...**

**(૨) નાસિકાના અગ્રભાગ ઉપર મૂકાયેલી પ્રસન્ન-સ્થિર દૃષ્ટિવાળો...**

**(૩) કંઈક અંશે ઉઘડેલાં નેત્રવાળો...**

**(૪) વિકલ્પરૂપી જાળના બંધનથી દૂર રખાયેલા મનવાળો (અર્થાત્ વિકલ્પરહિત ચિત્તવાળો)**

**(૫) સંસારનો ઉચ્છેદ કરવામાં ઉત્સાહવાળો...**

**આવો યોગીઓમાં ઈન્દ્ર સમાન મહાયોગી ધ્યાન કરવા માટે યોગ્ય છે. (૫૨-૫૩)**

व्याख्या-'अथ' **अनन्तरं** 'योगीन्द्रः' **क्षपकमुनीन्द्रः, व्यवहारमाश्रित्य ध्यातुमर्हति= ध्यानारम्भयोग्यो भवतीति सम्बन्धः, किं कृत्वा ? पर्यङ्कासनं** 'दृढं' **निबिडबन्धं विधाय, कथम्भूतम् ?** 'निष्प्रकम्पं' **निश्चलम्, यत आसनजय एव ध्यानस्य प्रथमः प्राणः, यदाह –**

"[51]आहारासणनिद्दाजयं च काऊण जिणवरमएणं ।
झाइज्झइ निअअप्पा उवइट्ठं जिणवरिंदेणं ॥१॥"

**ગુણતીર્થ**

**વિવેચન :** હવે આગળ કહેવાતા લક્ષણવાળો જે ક્ષપકશ્રેણિ ચડનારો ઉત્તમ સાધુ છે, તે જ વ્યવહારનયની અપેક્ષાએ ધ્યાન શરૂ કરવાને યોગ્ય છે. (એ સિવાયનો જીવ ધ્યાન શરૂ કરવાને યોગ્ય નથી.)

**નયસ્પષ્ટતા :** અહીં ધ્યાનપ્રારંભક યોગીની જે યોગ્યતા બતાવી છે, તે માત્ર વ્યવહારનયની અપેક્ષાએ જ એટલા માટે સમજવાની છે કે, 'નિશ્ચયનય'ની અપેક્ષાએ તો જેમણે આસનજય વગેરે યોગવ્યવહારો સિદ્ધ કર્યા નથી તેવા મરૂદેવા-ભરત વગેરે પણ યોગીન્દ્ર થઈ ક્ષપકશ્રેણિનો પ્રારંભ કરી કેવલજ્ઞાન પામ્યા છે જ. (એટલે ભાવથી જ શ્રેણિ આરંભાય છે, બાહ્ય આસનાદિનું મહત્ત્વ નથી.) છતાં, બહુલતાએ તો આત્મશુદ્ધિ આસનજયાદિ દ્વારા જ સંભવિત બને, એટલે જ વ્યવહારનયની અપેક્ષાએ આસનજયાદિ આગળ કહેવાતા લક્ષણવાળો યોગી જ ધ્યાનપ્રારંભને યોગ્ય મનાયો છે.

હવે એ ધ્યાન કરનાર ક્ષપકના પાંચ લક્ષણો આ પ્રમાણે છે –

**(૧) નિશ્ચલ આસન :**

એકદમ (ક) નિબિડ બંધનવાળું, અને (૨) નિશ્ચલ=ચંચલતા વિનાનું પર્યંકાસન રચીને યોગી મહાત્મા ધ્યાનની શરૂઆત કરે છે. આ રીતે આસન રચવાનું કારણ એ કે, 'આસન પરનો વિજય' એ જ ધ્યાનનો પ્રથમ પ્રાણ છે.

આ વિશે કહ્યું છે કે –

"વીતરાગ જિનેશ્વરના સિદ્ધાંત મુજબ (૧) આહાર, (૨) આસન, અને (૩) નિદ્રા - આ બધા પર વિજય મેળવીને, પોતાના આત્મસ્વરૂપનું ધ્યાન કરવું – એવું જિનવરોમાં ઇન્દ્ર સમાન તીર્થંકર ભગવંતો દ્વારા કહેવાયું છે."

હવે જુદા જુદા પ્રકારના આસનોનું સ્વરૂપ જોઈએ.

**छायासन्मित्रम्**

(51) आहारासननिद्राजयं च कृत्वा जिनवरमतेन ।
ध्यायते निजक आत्मा उपदिष्टं जिनवरेन्द्रेण ॥१॥

**तत्र पर्यङ्कासनम् –**

"स्याज्जङ्घयोरधोभागे, पादोपरि कृते सति ।
पर्यङ्को नाभिगोत्तानदक्षिणोत्तरपाणिकः ॥१॥"

**कैश्चित्सिद्धासनमित्युच्यते, यथा –**

योनिं वामपदाऽपरेण निबिडं संपीड्य शिश्नं हनु,
न्यस्योरस्यचलेन्द्रियः स्थिरमना लोलां च ताल्वन्तरे ।
वंशस्थैर्यतयाऽभितिनिश्चलदृशा पश्यन् भ्रुवोरन्तरं,
योगी योगविधिप्रसाधनकृते सिद्धासनं साधयेत् ॥१॥

**ગુણતીર્થ**

તેમાં સૌ પ્રથમ **'પર્યંકાસન'** આ પ્રમાણે –

"બંને જંઘા (=ઢીંચણની નીચેના ભાગ) એ નીચે અને બે પગ ઉપર કર્યા પછી, નાભિ પાસે જમણો-ડાબો હાથ ક્રમસર ચત્તો રાખવો. (અર્થાત્ ડાબો હાથ જમણા હાથ ઉપર ચત્તો રાખવો) તે 'પર્યંકાસન' કહેવાય." [યોગશાસ્ત્ર ૪/૧૨૫]

**વિશેષ :** શાશ્વત પ્રતિમાઓ અને શ્રીમહાવીરભગવાનને નિર્વાણના સમયે જે પ્રમાણે પર્યંકાસન હતું, તે પ્રમાણે અહીં સમજવું. પાતંજલો 'જાનુ સુધી હાથને લાંબા કરી સુવું' તેને પર્યંકાસન કહે છે.

કેટલાકો ધ્યાનની ભૂમિકા તરીકે **'સિદ્ધાસન'** કહે છે. એ સિદ્ધાસનનું સ્વરૂપ આ પ્રમાણે છે –

**સિદ્ધાસન :**

(૧) ડાબા પગથી (=પગની એડીથી) ★યોનિને દાબીને, અને (૨) બીજા જમણા પગથી (=પગની એડીથી) લિંગને નિબિડતાથી દાબીને (=લિંગનો ઉપરનો ભાગ જે પેઢુની પાસેનો હોય, તે ભાગને દાબીને), અને (૩) છાતી ઉપર '❋હનુ' સ્થાપીને, (૪) એકદમ નિશ્ચલ=ચંચલતા વિનાની ઇન્દ્રિયવાળો, (૫) સ્થિર મનવાળો એવો યોગી.....(૬) જીભને તાળુના અંતરમાં સ્થાપીને (=બે દાઢોનાં મૂળસ્થાનમાં જીભથી ઊર્ધ્વસ્તંભન કરવું,

★ અપાન અને લિંગ એ બેની વચ્ચેનો ભાગ તે 'યોનિ' કહેવાય અથવા લિંગનું મૂળ તે 'યોનિ' કહેવાય. બાકી સ્ત્રીના ચિહ્નરૂપ યોનિ અહીં નહીં સમજવી. એવું **હઠપ્રદીપિકામાં** કહ્યું છે.

❋ 'હનુ' એટલે હડપચી, જે મુખની નીચે દાઢીવાળો ભાગ છે તે... હૃદયભાગથી ૪ અંગુલ દૂર હનુને રાખવું; તેને 'જાલંધરબંધ' કહેવાય.

**अथवाऽऽसननियमो नास्ति, यदाह –**

"यस्मिन् यस्मिन्नासनेऽभ्यस्यमाने, चेतःस्थैर्यं जायते तत्र तत्र ।
कार्यो यत्नः पद्मपर्यङ्ककायोत्सर्गैकांह्रिद्व्यंह्रिवज्रासनादौ ॥१॥"

**ગુણતીર્થ**

તે જિહ્વાબંધન છે, આવો જિહ્વાબંધ કરીને), અને (૭) વંશસ્થિરતા° દ્વારા અત્યંત નિશ્ચલ થયેલી દૃષ્ટિથી બે ભ્રૂના વચલા ભાગને જોતો... (એવો યોગી) યોગવિધિને સિદ્ધ કરવા 'સિદ્ધાસન' નામનું આસન સાધે છે.

અથવા તો ધ્યાનની ભૂમિકા માટે કોઈ ચોક્કસ આસનનો નિયમ નથી; જેણે જે આસનનો અભ્યાસ કરવાથી મનની સ્થિરતા થાય, તે વ્યક્તિ તે આસનને સાધે... આ વિશે જણાવ્યું છે કે –

## ❋ ચિત્તસ્થૈર્યના નિમિત્તરૂપ આસનસેવનનો ઉપદેશ ❋

**શ્લોકાર્થ :** (૧) પદ્માસન, (૨) પર્યંકાસન, (૩) કાયોત્સર્ગાસન, (૪) એકાંહ્રિઆસન, (૫) દ્વિઅંહ્રિઆસન, અને (૬) વજ્રાસન વગેરે જે જે આસનનો અભ્યાસ કરતા ચિત્તની સ્થિરતા થાય, તે તે આસનમાં યત્ન કરવો.

**વિસ્તાર :**

**(૧) પદ્માસન :** એક જંઘાના મધ્ય ભાગમાં બીજી જંઘા સાથેનું જોડાણ કરવું (અર્થાત્ જેમાં ડાબી જંઘાને જમણી જંઘા સાથે ભેગી કરાય) તેને 'પદ્માસન' કહેવાય છે.★

**(૨) પર્યંકાસન :** આનું સ્વરૂપ આપણે હમણાં જ ઉપર જોઈ ગયા.

**(૩) કાયોત્સર્ગાસન :** ઊભા કે બેઠા બે હાથ લાંબા લટકતા રાખીને શરીરની દરકાર વિનાના રહેવું, તે કાયોત્સર્ગાસન' કહેવાય.✯ જિનકલ્પીઓ અને છદ્મસ્થતીર્થંકરોને આ આસન હોય છે, તેઓ ઊભા ઊભા જ આ આસન કરે. જ્યારે સ્થવિરકલ્પીઓ તો ઊભા-બેઠા કે ઉપલક્ષણથી સૂતા સૂતા જેમ સમાધિ ટકે તેમ યથાશક્તિ કાયોત્સર્ગ કરે.

---

° 'વંશસ્થિરતા'નો અર્થ : વંશ=નાસિકાનો દંડ સ્થિરતા=દૃષ્ટિનું સ્થૈર્ય કેળવવું; અર્થાત્ નાસિકાના દંડ ઉપર દૃષ્ટિને સ્થિર બનાવવી... આ રીતે કરવાથી દૃષ્ટિ નિશ્ચલ બને છે.

★ जङ्घाया मध्यभागे तु, संश्लेषो यत्र जङ्घया ।
पद्मासनमिति प्रोक्तं, तदासनविचक्षणैः ॥ - યોગશાસ્ત્ર ૪/૧૨૯

✯ प्रलम्बितभुजद्वन्द्व-मूर्ध्वस्थस्याऽऽसितस्य वा ।
स्थानं कायानपेक्षं यत् कायोत्सर्गः स कीर्तितः ॥ યોગશાસ્ત્ર ૪/૧૩૩

**कथम्भूतो योगीन्द्रः ? 'नासाग्रदत्तसन्नेत्रः' नासाग्रे दत्ते=न्यस्ते सती प्रसन्ने नेत्रे= लोचने यस्य स तथा, यतो नासाग्रन्यस्तलोचनो हि ध्यानसाधको भवति । यदाह ध्यान-दण्डकस्तुतौ –**

"नासावंशाग्रभागस्थितनयनयुगो मुक्तताराप्रचारः,
शेषाक्षक्षीणवृत्तिस्त्रिभुवनविवरोद्भ्रान्तयोगैकचक्षुः ।
पर्यङ्कातङ्कशून्यः परिगलितघनोच्छ्वासनिःश्वासवातः,
सद्ध्यानारूढमूर्त्तिश्चिरमवतु जिनो जन्मसम्भूतिभीतेः ॥१॥"

**ગુણતીર્થ**

(૪) **એકાંઘ્રિઆસન :** એક પગે ઊભા રહીને ધ્યાન કરવું, તે એકાંઘ્રિઆસન કહેવાય.

(૫) **દ્વિઅંઘ્રિઆસન :** બે પગે ઊભા રહીને ધ્યાન કરવું, તે 'દ્વિઅંઘ્રિઆસન' કહેવાય.

(૬) **વજ્રાસન :** વીરાસન કર્યા બાદ પીઠ ઉપર વજ્રની આકૃતિવાળા બે હાથ રાખીને તેનાથી બંને પગના અંગુઠા પકડવામાં આવે, તે 'વજ્રાસન' કહેવાય❖ છે. કેટલાક લોકો આને 'વેતાલાસન' પણ કહે છે.

આમ બીજા પણ વીરાસન, કમળાસન, ભદ્રાસન, ઉત્કટિકાસન, ગોદોહિકાસન, સિંહાસન વગેરે જે આસનો દ્વારા ચિત્તસ્થિરતા થાય, તેમાં પ્રયત્નશીલ બને.

(૨) **નાસાગ્રદષ્ટિ :**

જેમની પ્રસન્ન એવી બે આંખો નાસિકાના અગ્ર ભાગ ઉપર મૂકાયેલી છે, તેવો યોગીન્દ્ર ધ્યાન કરવાને યોગ્ય છે. કારણ કે, નાસિકના અગ્રભાગ ઉપર લોચન મૂકનારો જીવ જ ધ્યાનસાધક થાય. (એ વિના એકાગ્રતા દુઃશક્ય હોવાથી ધ્યાન થઈ શકે નહીં.)

આ વિશે **ધ્યાનદંડકસ્તુતિ** નામના ગ્રંથમાં કહ્યું છે કે –

"(૧) નાસિકાના દંડના અગ્ર ભાગ પર સ્થિર કરાયેલા નયનયુગલવાળા, (૨) આંખની કીકીના આમતેમ થનારા પ્રચારને (=હલનચલનને) છોડનારા, (૩) આંખ સિવાયની બાકીની ઇન્દ્રિયોની વૃત્તિનો (=વિષયો તરફ રાગાદિરૂપે જનારી ગમનપરિણતિનો) ક્ષય કરનારા, (૪) ત્રણ ભુવનના વિવર વિશે ઉઘડેલી માત્ર એક યોગરૂપી ચક્ષુવાળા (અર્થાત્ કામચક્ષુથી કે ભોગચક્ષુથી નહીં, પણ માત્ર એક યોગચક્ષુથી ત્રણ ભુવનને

---

❖ पृष्ठे वज्राकृतीभूते, दोर्भ्यां (भूतदोर्भ्यां ?) वीरासने सति ।
गृह्णीयात् पादयोर्यत्राङ्गुष्ठौ वज्रासनं तु तत् ॥ યોગશાસ્ત્ર ૪/૧૨૭

**पुनः कथम्भूतः ?** 'किञ्चिदुन्मीलितेक्षणः' **किञ्चिदुन्मीलिते=अर्द्धविकसिते ईक्षणे यस्य स तथा, योगिनः समाधिसमये किञ्चिदुन्मीलिते अक्षिणी भवतः । यदाह –**

"गम्भीरस्तम्भमूर्त्तिर्व्यपगतकरणव्यापृतिर्मन्दमन्दं,
प्राणायामो ललाटस्थलनिहितमना दत्तनासाग्रदृष्टिः ।
नाप्युन्मीलन्निमीलन्नयनमतितरां बद्धपर्यङ्कबन्धो,
ध्यानं प्रध्याय शुक्लं सकलविदनवद्यः स पायाज्जिनो वः ॥१॥"

**पुनरपि कथम्भूतः ?** 'दूरोत्सारितमानसो' **विरलीकृतचित्तः, कस्मात् ?** 'विकल्पवागुराजालात्' **कल्पनावागुरिकाबन्धात्, यतो विकल्पा एव बाढं कर्मबन्धनहेतवः, यदाह –**

**गुणतीर्थ**

જોનારા.), (૫) પર્યંકાસન દ્વારા (શરીર પર જય મેળવીને) આતંકરહિત=પીડારહિત બનેલા, (૬) ઘન=નિબિડ એવા ઉચ્છ્વાસ અને નિઃશ્વાસ સંબંધી વાયુને વશ કરનારા, (૭) ઉત્તમધ્યાન પર ચડેલા આત્મસ્વરૂપમય મૂર્ત્તિવાળા એવા હે જિનેશ્વર પરમાત્મા ! જન્મ-મરણના વિષચક્રોથી ઉત્પન્ન થનારા ભયથી અમારું સદાકાળ માટે રક્ષણ કરો."

**(૩) આંશિક નેત્રપ્રાગટ્ય :**

યોગી મહાત્મા કંઈક ઉઘડેલી=અર્ધવિકસિત=અડધી ખુલેલી આંખવાળા હોય... કારણ કે, સમાધિ વખતે યોગી પુરુષોની આંખ કંઈક ખુલ્લી હોય છે. આ વિશે શાસ્ત્રમાં કહ્યું છે કે –

"(૧) ગંભીર અને સ્થિર મૂર્ત્તિવાળા, (૨) કરણ=ઇન્દ્રિયોના વ્યાપારનો નાશ કર્યો છે જેણે તેવા, (૩) મંદ મંદ પ્રાણાયામવાળા, (૪) લલાટના ભાગ પર સ્થિરપણે મૂકાયેલા મનવાળા, (૫) નાસિકાના અગ્ર ભાગ પર સ્થાપન કરાયેલી દૃષ્ટિવાળા, (૬) આંખ અત્યંત ખુલ્લી કે બંધ જેની નથી તેવા, (૭) રચાયેલા પર્યંકબંધરૂપ પર્યંકાસનવાળા, (૮) શુક્લધ્યાન નામનું શ્રેષ્ઠ ધ્યાન કરીને, (૯) સર્વજ્ઞ બનેલા, અને (૧૦) અનવદ્ય=દોષરહિત થયેલા એવા તે જિનેશ્વર ભગવાન્ તમારું રક્ષણ કરો."

**(૪) વિકલ્પવિરહિત માનસસાધના :**

સાધક પુરુષો કલ્પના-વિકલ્પરૂપી જાળના બંધનથી દૂર કરાયેલા મનવાળા હોય છે. અને આ રીતે મનને વિકલ્પોથી દૂર રાખવાનું કારણ એ કે, વિકલ્પો જ કર્મબંધનના ગાઢ હેતુ છે. આ વિશે ગ્રંથોમાં કહ્યું છે કે –

"अशुभा वा शुभा वाऽपि, विकल्पा यस्य चेतसि ।
स स्वं बध्नात्ययःस्वर्णबन्धनाभेन कर्मणा ॥१॥
वरं निद्रा वरं मूर्च्छा, वरं विकलतापि वा ।
न त्वार्त्तरौद्रदुर्लेश्याविकल्पाऽऽकुलितं मनः ॥२॥"

**भूयः कथम्भूतः ?** 'संसारोच्छेदनोत्साहः' **संसारोच्छेदनार्थं=भवपरिहारार्थम् उत्साहः= उद्यमो यस्य स तथा, भवच्छेदकध्यानार्थमुत्साहवतां हि योगसिद्धिः स्यात्, यदाह –**

"उत्साहान्निश्चयाद्धैर्यात्संतोषात्तत्त्वदर्शनात् ।
मुनेर्जनपदत्यागात्, षड्भिर्योगः प्रसिद्ध्यति ॥१॥" **॥५३॥**

**ગુણતીર્થ**

**પ્રથમશ્લોકાર્થ :** જેના મનમાં અશુભ કે શુભ પણ વિકલ્પો વર્તે છે, તે જીવ પોતાના આત્માને લોખંડ અથવા સોનાના બંધનસમાન કર્મબંધનથી બાંધે છે... તાત્પર્ય એ કે, જીવ પોતાના મનમાં ચાલતા અશુભ વિકલ્પોથી પોતાના આત્માને લોખંડની બેડીસમાન અશુભકર્મોથી બાંધે છે અને શુભ વિકલ્પોથી સુવર્ણની બેડીસમાન શુભકર્મોથી બાંધે છે. એટલે બેડી લોખંડની હોય કે સોનાની બંને દ્વારા આત્મા કર્મોથી તો બંધાય છે જ.

**દ્વિતીયશ્લોકાર્થ :** (૧) નિદ્રાવસ્થા સારી, અને (૨) મૂર્ચ્છાવસ્થા પણ સારી, અને આગળ વધીને (૩) વિકલપણું (=ગાંડપણ કે અસંજ્ઞીપણું) પણ સારું... પણ આર્ત્તધ્યાન, રોદ્રધ્યાન રૂપ ખરાબ લેશ્યાના વિકલ્પોથી આકુળ એવું મન સારું નહીં. (એટલે મનને વિકલ્પરહિત બનાવવા પ્રયત્નશીલ થવું.)

**(૫) સંસાર ઉચ્છેદમાં તત્પર :**

યોગી મહાત્માને સંસારનો ઉચ્છેદ કરવાનો, ચાર ગતિમાં ભવભ્રમણરૂપ સંસાર દૂર કરવાનો ઉત્સાહ=ઉદ્યમ હોય છે. કારણ કે, 'ધ્યાન' એ ભવનો છેદ કરનાર છે, તેવા ધ્યાન માટે ઉત્સાહ ધરાવનાર જીવોને જ યોગસિદ્ધિ થાય છે.

આ વિશે શાસ્ત્રમાં કહ્યું છે કે –

"(૧) ઉત્સાહથી, (૨) નિશ્ચયથી, (૩) ધૈર્યથી, (૪) સંતોષથી, (૫) તત્ત્વજ્ઞાનથી, અને (૬) જનપદત્યાગથી=લોકસંપર્ક ઓછો થવાથી, આ છ કારણોથી મુનિભગવંતને યોગસાધના સિદ્ધ થાય છે."

**अथ प्राणायाममाह –**

**अपानद्वारमार्गेण, निस्सरन्तं यथेच्छया ।**
**निरुध्योर्ध्वप्रचाराप्तिं, प्रापयत्यनिलं मुनिः ॥५४॥**

व्याख्या–'मुनिः' **योगीन्द्रः अनिलं=पवनं** 'ऊर्ध्वप्रचाराप्तिं' **दशमद्वारगोचरताप्राप्तिं प्रापयति, किं कृत्वा ?** 'अपानद्वारमार्गेण' **पायुवर्त्मना पवनं** 'यथेच्छेया निस्सरन्तं' **स्वस्वभावेन गच्छन्तं** 'निरुध्य' **संकोच्य, मूलबन्धयुक्त्याऽपानपवनमाकुञ्च्येत्यर्थः, मूलबन्धश्चायम् –**

"पार्ष्णिभागेन संपीड्य, योनिमाकुञ्चयेद् गुदम् ।
अपानमूर्ध्वमाकृष्य, मूलबन्धो निगद्यते ॥१॥"

**गुणतीर्थ**

આ પ્રમાણે ઉપર કહેલા પાંચ લક્ષણવાળો જીવ ધ્યાન કરવા માટે યોગ્ય છે. આમ ધ્યાન કરનાર વ્યક્તિનું સ્વરૂપ બતાવીને, હવે ધ્યાન કરનાર વ્યક્તિ પ્રાણાયામાદિ કરે, તો તેનું સ્વરૂપ બતાવવા ગ્રંથકારશ્રી કહે છે –

## ❋ પ્રાણાયામનું સ્વરૂપવર્ણન ❋

**શ્લોકાર્થ : મુનિ અપાનદ્વારના (=ગુદાદ્વારના) માર્ગેથી યથેચ્છાએ=સ્વભાવથી જ નીકળતા વાયુને રોકીને, એ વાયુને ઊર્ધ્વપ્રચારની પ્રાપ્તિ કરાવે, અર્થાત્ વાયુને ઊર્ધ્વગતિવાળો કરે, તે 'પ્રાણાયામ' કહેવાય છે. (૫૪)**

**વિવેચન :** યોગીઓમાં ઇન્દ્રસમાન એવો મુનિ, અપાનદ્વારના (=ગુદાદ્વારના) માર્ગેથી યથેચ્છાએ=પોતાની સ્વાભાવિક ગતિએ નીકળતા એવા વાયુને (=પવનને) ત્યાંથી રોકીને (=સંકોચીને), ઊર્ધ્વગતિવાળો કરે. અર્થાત્ ત્યાંથી એ પવનને ખેંચીને 'બ્રહ્મરન્ધ્ર-સુષુમ્ના' નામના દશમા દ્વારમાં લઈ જાય છે.

અહીં અપાનવાયુને ઊર્ધ્વ ખેંચવાનું કામ, 'મૂલબંધ' નામની વિશેષ પ્રક્રિયાથી કરે છે. એ મૂલબંધનું સ્વરૂપ આ પ્રમાણે છે –

**મૂલબંધ :** પગની પાનીથી યોનિને (=અપાન અને લિંગની વચ્ચેના મધ્યભાગને) દબાવીને, ગુદાદ્વારને સંકોચવું. અને પછી એ અપાનવાયુને ઉપર ખેંચવો તે 'મૂલબંધ' કહેવાય છે.

આ રીતે જે આકુંચનકર્મ (=વાયુને સંકોચવાની ક્રિયા) કરવામાં આવે એ જ પ્રાણાયામનું મૂળ છે. આ વિશે **ધ્યાનદંડકસ્તુતિમાં** જણાવ્યું છે કે –

**इदमाकुञ्चनकर्मैव प्राणायामस्य मूलम्, यदुक्तं ध्यानदण्डकस्तुतौ –**

"संकोच्यापानरन्ध्रं हुतवहसदृशं तन्तुवत्सूक्ष्मरूपं,
धृत्वा हृत्पद्मकोशे तदनु च गलके तालुनि प्राणशक्तिम् ।
नीत्वा शून्यातिशून्यां पुनरपि खगतिं दीप्यमानां समन्ता-
ल्लोकालोकावलोकां कलयति स कलां यस्य तुष्टो जिनेशः ॥१॥" ॥५४॥

**अथ पूरकप्राणायाममाह –**

**द्वादशाङ्गुलपर्यन्तं, समाकृष्य समीरणम् ।**
**पूरयत्यतियत्नेन, पूरकध्यानयोगतः ॥५५॥**

**गुणतीर्थ**

"(१) अग्निसमान अने तांतणासमान सूक्ष्म एवां अपानरन्ध्रने संकोचीने, (२) प्राणशक्तिने (=कुंडळी❁ अथवा श्वासोच्छ्‌वासनी प्रवृत्तिविशेषने) हृदयकमळना मध्यभागे धारण करीने, त्यारबाद (३) ए प्राणशक्तिने अनुक्रमे गळामां अने ताळवामां धारण करीने, पछी (४) ए प्राणशक्तिने शून्यातिशून्य❖रूप देदीप्यमान एवी खगतिए पहोंचाडीने❂ (अर्थात् ए प्राणशक्तिने ब्रह्मरन्ध्रे धारण करीने...) जेना पर जिनेश्वर परमात्मा प्रसन्न थया छे (अर्थात् एकाग्रतापूर्वक साधना करवाथी आज्ञापालन जेने फळी गयुं छे) तेवो जीव, उपरोक्त प्राणायामथी सर्व बाजुथी (=पूर्णपणे) लोकालोकने बताडनारी एवी कैवल्यकळाने पामे छे."

हवे आ प्राणायामना मुख्य त्रण भेद छे : (१) पूरक, (२) रेचक, अने (३) कुंभक... तेमां सौ प्रथम पूरकप्राणायामनुं स्वरूप बताववा ग्रंथकारश्री कहे छे –

## ❋ (१) पूरकप्राणायामनुं स्वरूप ❋

**श्लोकार्थ : योगीओ पूरकध्यानना योग द्वारा बार अंगुल सुधीना बहारना पवनने अंदर खेंचीने अत्यंत यत्नथी (पोताना उदरने) पूरे छे. (५५)**

---

❁ पर्वत-वन अने पृथ्वीनो आधार जेम शेषनाग छे. तेम बधा योगशास्त्रनो=योगव्यवहारनो आधार कुंडळी छे. कह्युं छे के - 'सशैलवनधात्रीणां, यथाऽऽधारोऽहिनायकः । सर्वेषां योगतन्त्राणां तथाऽऽधारो हि कुण्डली ॥' **हठप्रदीपिकामां** पण कह्युं छे के - 'कुण्डली आधारशक्तिः ।' (आ बधी वातो परदर्शननी जणावी छे, ए ध्यानमां लेवुं...)

❖ अहीं 'शून्यातिशून्य' शब्दथी सुषुम्णानाडीरूप ब्रह्मरन्ध्र समजवुं. कारण के (१) सुषुम्णा, (२) **शून्यपदवी,** (३) ब्रह्मरन्ध्र, (४) महापथ, (५) श्मशान, (६) शाम्भवी, अने (७) मध्यमार्ग – आ साते पर्यायवाची शब्दो छे.

❂ 'प्राणशक्तिने खगतिए पहोंचाडवी' एटले शुं ? एनुं तात्पर्य योगाचार्य पासेथी समजवुं.

व्याख्या-**योगी पूरकध्यानयोगाद्** 'अतियत्नेन' **अतिप्रयत्नेन कोष्ठं सकलदेहगतं नाडीगणं वा पवनेन पूरयति, किं कृत्वा ?** 'द्वादशाङ्गुलपर्यन्तं समीरणं समाकृष्य' **द्वादशाङ्गुलप्रमाणं बहिस्तात्पवनं समन्तादाकृष्य । अत्रायमर्थः – पवनो नभस्तत्त्वे वहमाने नासान्तःस्थ एव भवति, तेजस्तत्त्वे वहमाने चत्वार्यङ्गुलानि बहिस्तादूद्र्ध्वगः स्फुरति, वायुतत्त्वे वहमाने षडङ्गुलानि बहिस्तात्तिरश्चीनश्चरति, पृथ्वीतत्त्वे वहमानेऽष्टाङ्गुलानि यावद्बहिर्मध्यमभावेन तिष्ठति, जलतत्त्वे वहमाने द्वादशाङ्गुलानि यावदधस्ताद्वहति, यदाह –**

गुणतीर्थ

**વિવેચન :** યોગી મહાત્મા પૂરકધ્યાનના યોગથી, અત્યંત પ્રયત્ન વડે (૧) ઉદરને અથવા (૨) આખા શરીરમાં વ્યાપીને રહેલી નાડીઓના સમૂહને પવન દ્વારા પૂરે છે. અને એ પૂરવા માટેની વિધિ આ છે કે, ૧૨ અંગુલ સુધીના બહાર રહેલા પવનને બધી બાજુથી અંદર ખેંચીને ઉદરાદિને પૂરે છે.

**ભાવાર્થ :** પવન એટલે વાયુ, એ વાયુ પાંચ પ્રકારનો છે : (૧) પ્રાણવાયુ, (૨) અપાનવાયુ, (૩) વ્યાનવાયુ, (૪) સમાનવાયુ, અને (૫) ઉદાનવાયુ... તેમાંથી અહીં પ્રાણવાયુ લેવાનો છે. આ પ્રાણવાયુ બહાર હોય છે, એને અંદર ખેંચીને ઉદરાદિને ભરવાનું છે.

એ પહેલા, (૧) આકાશતત્ત્વ, (૨) અગ્નિતત્ત્વ, (૩) વાયુતત્ત્વ, (૪) પૃથ્વીતત્ત્વ, અને (૫) જળતત્ત્વ - આ પાંચ તત્ત્વો વાયુના જ વિશેષ પ્રકાર છે... તો આ પાંચ તત્ત્વમાંથી કયું તત્ત્વ વહેતું હોય (=ચાલતું હોય) અને એ પ્રતિનિયત તત્ત્વ વહેતી વખતે બહારનો પ્રાણવાયુ કયા ભાગમાં રહ્યો હોય છે ? એ બતાવવા વૃત્તિકારશ્રી જણાવે છે –

**(૧) આકાશતત્ત્વ :** જ્યારે આકાશતત્ત્વ વહેતું હોય, ત્યારે પવન નાસિકાની અંદર જ રહેલો હોય છે. (એટલે ત્યારે પૂરકપ્રાણાયામ માટે નાસિકાની અંદરના ભાગમાં રહેલો પવન જ ખેંચવાનો હોય છે.)

**(૨) અગ્નિતત્ત્વ :** જ્યારે અગ્નિતત્ત્વ વહેતું હોય, ત્યારે પવન નાસિકાની ૪ અંગુલ બહાર ઊંચે જનારો હોય છે. આ અગ્નિતત્ત્વ વિશે યોગશાસ્ત્રમાં ✪ જણાવ્યું છે કે - "અગ્નિતત્ત્વરૂપ 'દહન' નામનો વાયુ ઉગતા સૂર્યસમાન લાલવર્ણવાળો, અત્યંત ઉષ્ણસ્પર્શવાળો, વંટોળિયા જેવો, ચાર અંગુલ ઊંચે જનારો હોય છે." [૫/૫૧)

✪ बालादित्यसमज्योतिरत्युष्णश्चतुरङ्गुलः ।
आवर्तवान् वहन्नूर्ध्वं, पवनो दहनः स्मृतः ॥५/५१॥

"नासान्तर्नभसोऽब्ध्यंहृयष्टार्कसंख्याङ्गुलोत्तरा ।
तेजोवायुपृथिव्यम्बुबहिर्गतिरुदाहृता ॥१॥"

**ततो द्वादशाङ्गुलपर्यन्तं वारुणमण्डलप्रचारावसरेऽमृतमयं पवनं समाकृष्येत्यर्थः, एतच्च पूरकध्यानं कर्मतया केचिदाहुः –**

**ગુણતીર્થ**

**(૩) વાયુતત્ત્વ :** જ્યારે વાયુતત્ત્વ વહેતું હોય, ત્યારે પવન નાસિકાથી ૬ અંગુલ બહાર તીર્છો ફરતો હોય છે. આ વાયુતત્ત્વ વિશે યોગશાસ્ત્રમાં ❖જણાવ્યું છે કે - "પવન નામનો વાયુ કંઈક ઉષ્ણ અને કંઈક ઠંડો, કાળા વર્ણવાળો, છ અંગુલપ્રમાણ, હંમેશાં તીર્છો જનારો હોય છે.." [૫/૫૦]

**(૪) પૃથ્વીતત્ત્વ :** જ્યારે પૃથ્વીતત્ત્વ વહેતું હોય, ત્યારે પવન નાસિકાથી ૮ અંગુલ સુધી બહાર મધ્યમગતિએ વહે છે. આ વિશે યોગશાસ્ત્રમાં ✿કહ્યું છે કે – "પૃથ્વીતત્ત્વનો 'પુરંદર' નામનો વાયુ કંઈક ઉષ્ણ અને કંઈક શીતસ્પર્શવાળો, સ્વચ્છ, ધીમે-ધીમે વહન થતો, નાસિકાના વિવરને પૂરીને આઠ અંગુલ બહાર વહે છે" [૫/૪૮]

**(૫) જળતત્ત્વ :** જ્યારે જળતત્ત્વ વહેતું હોય, ત્યારે પવન નાસિકાથી ૧૨ અંગુલ બહાર સુધી નીચી ગતિએ વહે છે. યોગશાસ્ત્રમાં ❂કહ્યું છે કે - "ઉજ્જ્વલ વર્ણવાળા, ઠંડા સ્પર્શવાળા, નીચી ગતિએ જનારા, ઉતાવળે વહેતા અને ૧૨ અંગુલપ્રમાણ જતા વાયુને જળતત્ત્વનો 'વરુણ' નામનો વાયુ કહેવાય છે." [૫/૪૯]

આ પાંચે વાયુ પ્રાણવાયુરૂપ જ છે, પણ સ્પર્શ-ગતિમર્યાદા વગેરેને લઈને તેઓનો ભેદ પડે છે... આ પાંચે તત્ત્વના વાયુ વિશે શાસ્ત્રમાં જણાવ્યું છે કે –

"પવન જ્યારે નાસિકાની અંદર હોય, ત્યારે આકાશતત્ત્વ વહેતું જાણવું... અને જ્યારે પવનની ગતિ નાસિકાથી બહાર ૪-૬-૮ અને ૧૨ અંગુલ દૂર વહેતી હોય, ત્યારે અનુક્રમે તૈજસતત્ત્વ, વાયુતત્ત્વ, પૃથ્વીતત્ત્વ અને જળતત્ત્વ વહે છે એમ જાણવું."

---

❖ उष्णः शीतश्च कृष्णश्च, वहन् तिर्यगनारतम् ।
षडङ्गुलप्रमाणश्च, वायुः पवनसंज्ञितः ॥५/५०॥

✿ नासिकारन्ध्रमापूर्य, पीतवर्णः शनैर्वहन् ।
कवोष्णोऽष्टाङ्गुलः स्वच्छो, भवेद् वायुः पुरन्दरः ॥५/४८॥

❂ धवलः शीतलोऽधस्तात् त्वरितत्वरितं वहन् ।
द्वादशाङ्गुलमानश्च, वायुर्वरुण उच्यते ॥५/४९॥

"वक्रघ्राणप्राणमाकृष्य तेन, स्थानं भित्त्वा ब्रह्मसूरीश्वराणाम् ।
स्थूलाः सूक्ष्मा नाडिकाः पूरयेद्यद्, विज्ञातव्यं कर्म तत्पूरकाख्यम् ॥१॥" ॥५५॥

**अथ रेचकप्राणायाममाह –**

**निस्सार्यते ततो यत्नान्नाभिपद्मोदराच्छनैः ।**
**योगिना योगसामर्थ्याद्रेचकाख्यः प्रभञ्जनः ॥५६॥**

व्याख्या-'ततः' **पूरकादनन्तरं** 'योगिना' **साधकेन** 'योगसामर्थ्यात्' **प्राणायामाभ्यासबलाद्** 'रेचकाख्यः प्रभञ्जनो' **रेचकनामा पवनो** 'नाभिपद्मोदरात्' **नाभिपङ्कजकोटरात्** 'शनैः' **मन्दं मन्दं** 'यत्नाद्' **आदरात्** 'निस्सार्यते' **बहिः क्षिप्यते, तद्रेचकध्यानम्, यदाह –**

**ગુણતીર્થ**

તેથી નાસિકાની બહાર ૧૨ અંગુલ સુધી વહેતા 'વારુણ' નામના જળતત્ત્વના વાયુનો જ્યારે પ્રચાર થતો હોય (અર્થાત્ એ વાયુ ચાલતો હોય) ત્યારે એ અવસરે તે અમૃતમય પવનને ખેંચીને ઉદરમાં અને નાડીઓમાં પૂરવો તે 'પૂરક પ્રાણાયામરૂપ પૂરકધ્યાન' કહેવાય...

કેટલાક લોકો આ પૂરકધ્યાનને **'પૂરકકર્મ'** કહે છે. તેઓનું શાસ્ત્રવચન આ પ્રમાણે છે –

"વક્ર એવા નાસિકાના પવનને ખેંચીને, તે પવનથી બ્રહ્મસૂરીશ્વરોના (=સુષુમ્ણાનાડીરૂપ બ્રહ્મરન્ધ્રનાં) સ્થાનને ભેદીને સ્થૂલ કે સૂક્ષ્મ એવી નાડીઓને જે પૂરે છે, તે 'પૂરક' નામનું કર્મ સમજવું."

આ પ્રમાણે પૂરકપ્રાણાયામનું સ્વરૂપ કહીને, હવે રેચકપ્રાણાયામનું સ્વરૂપ કહે છે. તે આ પ્રમાણે –

## ❋ (૨) રેચકપ્રાણાયામનું સ્વરૂપ ❋

**શ્લોકાર્થ : ત્યારબાદ યોગી મહાત્મા દ્વારા યોગનાં સામર્થ્યથી નાભિકમળના મધ્યભાગમાંથી યત્નપૂર્વક ધીરે ધીરે 'રેચક' નામના પવનને બહાર નીકાળાય છે. (૫૬)**

**વિવેચન :** પૂરકપ્રાણાયામ કર્યા બાદ સાધક એવા યોગીપુરુષ યોગના સામર્થ્યથી= પ્રાણાયામ કરવાના અભ્યાસના બળ વડે હવે 'રેચક' નામનું ધ્યાન કરે છે. તે ધ્યાનની વિધિ આ પ્રમાણે છે–

નાભિકમળના મધ્યભાગથી યત્નપૂર્વક એકદમ મંદ-મંદગતિએ (=ધીમે ધીમે) 'રેચક'

"वज्रासनस्थिरवपुः स्थिरधीः स्वचित्तमारोप्य रेचकसमीरणजन्मचक्रे ।
स्वान्तेन रेचयति नाडिगतं समीरं, तत्कर्म रेचकमिति प्रतिपत्तिमेति ॥१॥" **॥५६॥**

**अथ कुम्भकध्यानमाह –**

**कुम्भवत्कुम्भकं योगी, श्वसनं नाभिपङ्कजे ।**
**कुम्भकध्यानयोगेन, सुस्थिरं कुरुते क्षणम् ॥५७॥**

व्याख्या-**योगी** 'कुम्भकं' **कुम्भकाख्यं** 'श्वसनं' **पवनं** 'नाभिपङ्कजे' **नाभिकमले** 'कुम्भकध्यानयोगेन' **कुम्भककर्मप्रयोगेण** 'कुम्भवद्' **घटवद्=घटाकारं कृत्वा सुतरां स्थिरं कुरुते, यदाह –**

**ગુણતીર્થ**

નામના પવનને જે બહાર ફેંકાય, તે રેચકધ્યાન કહેવાય. અહીં આદરપૂર્વક રેચન કરવાનું જે કહ્યું છે, તેનું તાત્પર્ય એ સમજવું કે - રેચન કરવાની જે પણ વિધિ બતાવી હોય, તે તમામમાં આદરપૂર્વક પ્રયત્ન કરવો, તેમાં વેઠ ઉતારવી નહીં.

આ રેચકધ્યાન અંગે જણાવ્યું છે કે –

"(૧) વજ્રાસન દ્વારા સ્થિર શરીરવાળો, (૨) સ્થિર=ચંચલતા વિનાની બુદ્ધિવાળો એવો યોગી, (૩) રેચક પવનથી ઉત્પન્ન થયેલા ચક્ર ઉપર પોતાનું ચિત્ત સ્થાપિત કરીને, (૪) સ્વાંતથી (=હૃદયથી કે યોગપરિભાષાનિર્દિષ્ટ અવસ્થાવિશેષથી) નાડીમાં રહેલા પવનને જે બહાર ફેંકે, તે 'રેચક' નામનું કર્મ છે - એમ જ્ઞાન પામવું."

**યોગશાસ્ત્રમાં** રેચકનું લક્ષણ આ પ્રમાણે જણાવ્યું છે –

**શ્લોક :** यत् कोष्ठादतियत्नेन, नासा-ब्रह्म-पुराननैः ।
बहिः प्रक्षेपणं वायोः, स रेचक इति स्मृतः ॥५/६॥

**અર્થ :** નાસિકા, બ્રહ્મરન્ધ્ર, મુખાદિ વડે અતિ પ્રયત્નપૂર્વક કોઠામાંથી પવનને જે બહાર ફેંકવો, તે રેચકપ્રાણાયામ સમજવું.

હવે કુંભકપ્રાણાયામનું સ્વરૂપ બતાવે છે –

## ❋ (૩) કુંભકપ્રાણાયામનું સ્વરૂપ ❋

**શ્લોકાર્થ : યોગીપુરુષ કુંભકધ્યાનનાં સામર્થ્યથી નાભિકમળમાં 'કુંભક' નામના પવનને કુંભની જેમ ક્ષણભર માટે એકદમ સ્થિર કરે છે. (૫૭)**

**વિવેચન :** સાધક એવા યોગી મહાત્મા કુંભકક્રિયાના પ્રયોગથી નાભિકમળમાં

"चेतसि श्रयति कुम्भकचक्रं, नाडिकासु निबिडीकृतवातः ।
कुम्भवत्तरति यज्जलमध्ये, तद्वदन्ति किल कुम्भककर्म ॥१॥" ॥५७॥

**अथ पवनजयेन मनोजयमाह –**

**इत्येवं गन्धवाहानामाकुञ्चनविनिर्गमौ ।**
**संसाध्य निश्चलं धत्ते, चित्तमेकाग्रचिन्तने ॥५८॥**

व्याख्या-**यत्र मनस्तत्र पवनो, यत्र पवनस्तत्र मनो वर्त्तते, यदाह –**

**ગુણતીર્થ**

'કુંભક' નામના પવનને ઘડાની જેમ જે સ્થિર કરે, તે કુંભકપ્રાણાયામ કહેવાય. અહીં 'ઘડાની જેમ સ્થિર કરવું' એટલે એ પવનને નાભિકમળમાં ઘડાના આકારે એકદમ સ્થિર કરવું...

કુંભકકર્મના સ્વરૂપ અંગે કહ્યું છે કે –

(૧) નાડીઓમાં અત્યંત સ્થિર કરાયેલા વાયુવાળો જીવ, (૨) મનમાં કુંભચક્રની સ્થાપના કરે છે, (અર્થાત્ કુંભચક્ર વિશે મનને સ્થિર બનાવે છે.. 'કુંભચક્ર' એટલે નાભિકમળમાં સ્થિર થયેલી વાયુમંડળી અથવા તેનો અર્થ યોગાભ્યાસી પાસેથી સમજવો), (૩) જેણે કુંભક સિદ્ધ કર્યું હોય તેવો યોગી પાણીમાં ડૂબે નહીં, કુંભની જેમ તરે છે. એટલે આ ધ્યાનને નિશ્ચે 'કુંભકકર્મ' કહેવાય.

**યોગશાસ્ત્રમાં** પણ જણાવ્યું છે કે 'नाभिपद्मे स्थिरीकृत्य रोधनं स तु कुम्भकः ।' અર્થ : નાભિકમળમાં કુંભની જેમ વાયુને સ્થિર કરીને રોકવો, તે કુંભક કહેવાય. [૫/૭]

આ પ્રમાણે (૧) પૂરક, (૨) રેચક, અને (૩) કુંભક - આ ત્રણે પ્રાણાયામ દ્વારા પવન પર (=પ્રાણવાયુ પર) વિજય મેળવે... અને આ રીતે પવનવિજય દ્વારા મનોવિજય કરે, એ વાત જણાવવા ગ્રંથકારશ્રી કહે છે –

## ❋ પવનવિજય દ્વારા મનોવિજયની સાધના ❋

**શ્લોકાર્થ : આ પ્રમાણે પવનની (૧) આકુંચન=સંકોચક્રિયા=અંદર ખેંચાણરૂપ ક્રિયા, અને (૨) વિનિર્ગમ=બહાર નીકળવારૂપ ક્રિયા... આ બંને ક્રિયાને સાધીને, યોગીપુરુષ પોતાનું ચિત્ત એકાગ્રચિંતનમાં નિશ્ચલપણે ધારણ કરે છે. (૫૮)**

**વિવેચન :** જ્યાં મન હોય ત્યાં પવન હોય... અને જ્યાં પવન હોય ત્યાં મન હોય. બંને એકબીજાની સાથે જોડાયેલા છે. આ અંગે જણાવ્યું છે કે –

"दुग्धाम्बुवत्संमिलितौ सदैव, तुल्यक्रियौ मानसमारुतौ हि ।
यावन्मनस्तत्र मरुत्प्रवृत्तिर्यावन्मरुत्तत्र मनःप्रवृत्तिः ॥१॥
तत्रैकनाशादपरस्य नाश, एकप्रवृत्तेरपरप्रवृत्तिः ।
विध्वस्तयोरिन्द्रियवर्गशुद्धिस्तद्ध्वंसनान्मोक्षपदस्य सिद्धिः ॥२॥" **इति,**

**तत** 'इत्येवं' **अमुना पूर्वोक्तप्रकारेण पूरकरेचककुम्भकक्रमेण** 'गन्धवाहानां' **पवनानां** 'आकुञ्चनविनिर्गमौ संसाध्य' **वातानां सङ्ग्रहमोक्षावभ्यस्य** 'चित्तं' **मनः** 'एकाग्रचिन्तने' **समाधिविषये निश्चलं धत्ते, मरुज्जये हि मनोनिश्चलता स्यादेव, यदाह –**

**ગુણતીર્થ**

**પ્રથમશ્લોકાર્થ :** (૧) દૂધ અને પાણીની જેમ મન અને પવન બંને એકબીજાની સાથે હંમેશા માટે જોડાયેલા છે, અને (૨) એ બંને તુલ્ય=સમાન ક્રિયા કરે છે. જ્યાં મનની પ્રવૃત્તિ ત્યાં પવનની પ્રવૃત્તિ અને જ્યાં પવનની પ્રવૃત્તિ ત્યાં મનની પ્રવૃત્તિ...

**દ્વિતીયશ્લોકાર્થ :** तत्र=મન અને પવન આ બેમાં (૧) એકનો નાશ થાય તો બીજાનો પણ નાશ થાય, અને (૨) એકની પ્રવૃત્તિ થાય તો બીજાની પણ પ્રવૃત્તિ થાય. (આવું હોવાથી) જો એ બેનો નાશ થઈ જાય, તો ઇન્દ્રિયના સમૂહની પણ શુદ્ધિ=સફાઈ થઈ જાય, (અર્થાત્ ઇન્દ્રિયોનું સામ્રાજ્ય પણ ખલાસ થઈ જાય.) અને આ રીતે ઇન્દ્રિયોનો વિનાશ થતાં મોક્ષપદની સિદ્ધિ થાય જ.

(એટલે મોક્ષને પામવા પવનનો વિજય અને એના માધ્યમે મનનો વિજય અનિવાર્ય છે, એ માટે જ ગ્રંથકારશ્રી જણાવે છે કે –)

ઉપરોક્ત રીતે પૂરક-રેચક-કુંભકની પ્રક્રિયા દ્વારા પ્રાણવાયુરૂપ પવનની (૧) આકુંચનક્રિયા=અંદર ખેંચીને સંગ્રહ કરવારૂપ ક્રિયા, અને (૨) વિનિર્ગમક્રિયા=પવનને બહાર છોડવારૂપ ક્રિયા - આ બે ક્રિયાને સાધીને, અર્થાત્ એ બંને ક્રિયાનો અભ્યાસ કરીને, મનને સમાધિ વિશેના એકાગ્રચિંતનમાં નિશ્ચલ કરે. (અર્થાત્ મનને બીજા બધા વિષયોથી દૂર કરી સમાધિ વિશેની ભાવનાઓમાં તન્મય બનાવી દે.)

અને પ્રાણાયામાદિ દ્વારા જો પવનનો વિજય થાય, તો મનની નિશ્ચલતા પણ થાય જ, એ અડગ સિદ્ધાંત છે. કારણ કે કહ્યું છે કે–

"જો કે (૧) પૃથ્વીચક્ર કદાચ ચલિત થઈ જાય, અને (૨) અચલ=પર્વતો પણ ચલિત થઈ જાય, આગળ વધીને (૩) પ્રલયકાળના પવનરૂપી હિંડોલાથી હિંચકા ખાતા સમુદ્રો પણ કદાચ ચલિત થઈ જાય... પણ (ક) પવનને જીતી લેનારા, અને (ખ) પ્રકાશિત

"प्रचलति यदि क्षोणीचक्रं चलन्त्यचला अपि,
प्रलयपवनप्रेङ्खालोलाश्चलन्ति पयोधयः ।
पवनजयिनः सावष्टम्भप्रकाशितशक्तयः,
स्थिरपरिणतेरात्मध्यानाच्चलन्ति न योगिनः ॥१॥" ॥५८॥

**अथ भावस्यैव प्राधान्यमाह –**

**प्राणायामक्रमप्रौढिरत्र रूढ्यैव दर्शिता ।**
**क्षपकस्य यतः श्रेण्यारोहे भावो हि कारणम् ॥५९॥**

व्याख्या-'अत्र' **श्रेण्यारोहे=क्षपकश्रेण्यारोहविषये** 'प्राणायामक्रमप्रौढिः' **पवनाभ्यास-क्रमप्रगल्भता** 'रूढ्यैव' **प्रसिद्धिमात्रतयैव दर्शिता,** 'यतः' **यस्मात्कारणात्** 'हिः' **स्फुटं क्षपकस्य भाव एव केवलोद्गमकारणम्, न तु प्राणायामादिडम्बरः, यदुक्तं चर्पटिनाऽपि –**

**ગુણતીર્થ**

શક્તિના (=જ્ઞાનશક્તિના) અવષ્ટંભયુક્ત એવા યોગીઓ, સ્થિરપરિણતિવાળા આત્મ-ધ્યાનથી કદી પણ ચલિત થાય નહીં."

આમ મનોવિજય માટે પ્રાણાયામાદિનું સ્વરૂપ બતાવ્યું. પણ હકીકતમાં આત્મશુદ્ધિ માટે 'ભાવ' એ જ મહત્ત્વનું પરિબળ છે. ભાવ જ પ્રધાન છે. એ વાતને જણાવવા ગ્રંથકારશ્રી ભગવંત કહે છે –

## ❋ આત્મશુદ્ધિ માટે ભાવધારાનું પ્રાધાન્ય ❋

**શ્લોકાર્થ : અહીં પ્રાણાયામના ભેદોની પ્રૌઢિ-વચનચતુરાઈ રૂઢિથી=પ્રસિદ્ધિથી જ બતાવી છે. કારણ કે વાસ્તવમાં તો ક્ષપકમહાત્માને શ્રેણિ પર ચડવામાં ભાવ એ જ કારણ છે. (૫૯)**

**વિવેચન :** અહીં ક્ષપકશ્રેણિ ચડવાના વિષયમાં (મનસ્થિરતાદિ માટે) પ્રાણાયામના ક્રમની જે પ્રૌઢિ બતાવી, અર્થાત્ પવનના અભ્યાસનો ક્રમ બતાવવા જે વચનની ચતુરાઈ કરી, તે માત્ર લોકપ્રસિદ્ધિને અનુસારે જ સમજવી. (લોકો પ્રાણાયામાદિ દ્વારા ચિત્ત-એકાગ્રતા વગેરે માને છે, એ રૂઢિને અનુસરીને જ અમે પણ અહીં તેનું વર્ણન કર્યું.)

બાકી વાસ્તવમાં તો ક્ષપકજીવને કેવળજ્ઞાનની ઉત્પત્તિમાં 'ભાવ=આધ્યાત્મિકપરિણામ' જ મુખ્ય કારણ છે. પ્રાણાયામ વગેરેનો આડંબર એ મુખ્ય કારણ નથી. (કારણ કે તેમાં તો વ્યભિચાર પણ દેખાય છે.) એટલે જ **'ચર્પટી'** નામના વિદ્વાન પુરુષે પણ એકદમ જબરદસ્ત વાત કરી છે કે –

"नासाकन्दं नाडीवृन्दं, वायोश्चारः प्रत्याहारः ।
प्राणायामो बीजग्रामो, ध्यानाभ्यासो मन्त्रन्यासः ॥१॥
हृत्पद्मस्थं भ्रूमध्यस्थं नासाप्रस्थं श्वासान्तःस्थम् ।
तेजःशुद्धं ध्यानं बुद्धं, ॐकाराख्यं सूर्यप्रख्यम् ॥२॥
ब्रह्माकाशं शून्याभासं, मिथ्याजल्पं चिन्ताकल्पम् ।
कायाक्रान्तं चित्तभ्रान्तं, त्यक्त्वा सर्वं मिथ्यागर्वम् ॥३॥
गुर्वादिष्टं चिन्तोत्सृष्टं, देहातीतं भावोपेतम् ।
त्यक्तद्वन्द्वं नित्यानन्दं, शुद्धं तत्त्वं जानीहि त्वम् ॥४॥"

**अन्यच्च –**

ગુણતીર્થ

**પ્રથમશ્લોકાર્થ :** (૧) ❂નાસિકાનો કંદ=અગ્રભાગ, (૨) નાડીઓનો સમુદાય, (૩) વાયુનો સંચાર, (૪) પ્રત્યાહાર=ઇન્દ્રિયનિરોધ, (૫) પ્રાણાયામ, (૬) બીજગ્રામ, (૭) ધ્યાનનો અભ્યાસ, અને (૮) મંત્રનો ન્યાસ.

**દ્વિતીયશ્લોકાર્થ :** (૧) હૃદયકમળમાં રહેલું, (૨) બે ભ્રૂના મધ્યમાં રહેલું, (૩) નાસિકાના અગ્રભાગમાં રહેલું, (૪) શ્વાસની અંદર રહેલું, (૫) તેજથી શુદ્ધ બનેલું એવું 'ૐકાર'નું વિશિષ્ટજ્ઞાનયુક્ત ધ્યાન; જેનું નામ 'સૂર્ય' છે.

**તૃતીયશ્લોકાર્થ :** (૧) બ્રહ્માકાશ, (૨) શૂન્યાભાસ ઇત્યાદિ ઉપર કહેલા બધા પ્રયોગો મિથ્યાપ્રલાપરૂપ છે. માત્ર ચિંતાતુલ્ય=વિચારણા પૂરતા છે. તથા કાયાક્રાંત=માત્ર શરીરને સામે રાખીને પ્રવર્તનારા છે. અને ચિત્તભ્રાંત=ચિત્તને ભ્રાંત બનાવનાર છે. માટે એ તમામ પ્રયોગોનો બધો મિથ્યાગર્વ છોડીને...

**ચતુર્થશ્લોકાર્થ :** (૧) ગુરુભગવંત દ્વારા બતાવાયેલા, (૨) ચિંતારહિત=વિકલ્પ-કલ્પનાઓના સ્પર્શ વિનાના, (૩) દેહાતીત=શરીરના લક્ષ્યથી દૂર રહેનાર, (૪) ભાવયુક્ત=ભાવધારાથી પરિપૂર્ણ, (૫) દ્વન્દ્વવર્જિત=રાગદ્વેષાદિરૂપ જુગલબંધી જોડકાઓથી રહિત, અને (૬) નિત્યાનંદ=હંમેશા આનંદથી તરબતર એવાં શુદ્ધ તત્ત્વનું હે આત્મન્ ! તું જ્ઞાન મેળવ.

બીજા શાસ્ત્રમાં પણ આ જ વાત જણાવી છે કે –

❂ આ શ્લોકમાં કહેલ 'નાસાકંદ' વગેરે જુદા જુદા ધ્યાનસંબંધી પદોનો ભાવાર્થ યોગના જાણકાર પાસેથી સમજી લેવો.

"ॐकाराभ्यसनं विचित्रकरणैः प्राणस्य वायोर्जयात्,
तेजश्चिन्तनमात्मकायकमले शून्याम्बरालम्बनम् ।
त्यक्त्वा सर्वमिदं कलेवरगतं चिन्तामनोविभ्रमम्,
तत्त्वं पश्यत जल्पकल्पनकलातीतं स्वभावस्थितम् ॥१॥" ॥५९॥

**अथाद्यशुक्लध्यानस्य नामाऽऽह –**

**सवितर्कं सविचारं, सपृथक्त्वमुदाहृतम् ।**
**त्रियोगयोगिनः, साधोराद्यं शुक्लं सुनिर्मलम् ॥६०॥**

व्याख्या-'त्रियोगयोगिनः साधोः' **मनोवचःकाययोगवतो मुनेः** 'आद्यं' **प्रथमं शुक्लध्यानम्** 'उदाहृतं' **प्रोक्तम्, तत्कथम्भूतम्? सह वितर्केण वर्त्तत इति सवितर्कम्, सह विचारेण वर्त्तते इति सविचारम्, सह पृथक्त्वेन वर्त्तत इति सपृथक्त्वम्, इति विशेषणत्रयोपेतत्वात् पृथक्त्ववितर्कसविचारनामकं प्रथमं शुक्लध्यानमिति ॥६०॥**

**ગુણતીર્થ**

"(૧) વિચિત્ર=અલગ અલગ પ્રકારની ક્રિયાઓ દ્વારા પ્રાણવાયુનો જય કરવાથી ૐકારનો અભ્યાસ કરવો, (૨) પોતાના શરીરકમળમાં તેજસનું ચિંતન કરવું, (૩) શૂન્ય આકાશનું આલંબન લેવું. (અર્થાત્ શૂન્ય આકાશમાં ધ્યેયને કલ્પનાથી સ્થાપીને તે આકાશસ્થ ધ્યેયનું ધ્યાન કરવું.) આ બધા પ્રયોગો કલેવર વિશેના છે, અર્થાત્ શરીરકેન્દ્રિત છે. અને ચિંતા=વિકલ્પજાળ દ્વારા મનને વિભ્રમ પહોંચાડનાર છે. એટલે આ બધાને છોડીને (ક) વાદ અને વિકલ્પકલ્પનાથી રહિત, તથા (ખ) સ્વભાવસ્થિત=આત્માનાં શુદ્ધ સ્વરૂપમય એવા તત્ત્વને હે ભવ્યજીવો તમે જુઓ."

'આઠમે ગુણઠાણે ક્ષપકશ્રેણિ માંડનારો જીવ પહેલું શુક્લધ્યાન પામે છે' એ વાત પૂર્વે આવી હતી. તો પહેલું શુક્લધ્યાન કોને કહેવાય ? એ બતાવવા ગ્રંથકારશ્રી સૌ પ્રથમ તેનો નામોલ્લેખ જણાવે છે –

## ❋ પ્રથમ શુક્લધ્યાનનો નામોલ્લેખ ❋

**શ્લોકાર્થ : ત્રણ યોગવાળા યોગી મહાત્માને 'સવિતર્ક-સવિચાર-સપૃથક્ત્વ' એવા નામનું અત્યંત નિર્મળ એવું પહેલું શુક્લધ્યાન હોય છે. (૬૦)**

**વિવેચન :** (૧) મનોયોગ, (૨) વચનયોગ, અને (૩) કાયયોગ - આ ત્રણ યોગવાળા યોગી મહાત્માને પહેલું શુક્લધ્યાન કહેવાયું છે. તે પહેલું શુક્લધ્યાન ત્રણ વિશેષણોવાળું છે. તે આ પ્રમાણે –

अथ तद्विशेषणत्रयस्य स्वरूपमाह –

श्रुतचिन्ता वितर्कः स्यात्, विचारः सङ्क्रमो मतः ।
पृथक्त्वं स्यादनेकत्वं भवत्येतत्त्रयात्मकम् ॥६१॥

व्याख्या-**एतत्प्रथमं शुक्लध्यानं त्रयात्मकम्, क्रमोत्क्रमगृहीतविशेषणत्रयरूपम्, तत्र श्रुतचिन्तारूपो वितर्कः, अर्थशब्दयोगान्तरेषु सङ्क्रमो विचारः, द्रव्यगुणपर्यायादिभिरन्यत्वं पृथक्त्वम्** ॥६१॥

**ગુણતીર્થ**

(ક) 'વિતર્ક' સાથે વર્તનારું હોઈ **સવિતર્ક**

(ખ) 'વિચાર' સાથે વર્તનારું હોઈ **સવિચાર**

(ગ) 'પૃથક્ત્વ' સાથે વર્તનારું હોઈ **સપૃથક્ત્વ**

આમ ત્રણ વિશેષણોથી યુક્ત હોવાથી, પહેલું શુક્લધ્યાન 'પૃથક્ત્વ-વિતર્ક-સવિચાર' નામનું કહેવાય.

હવે ગ્રંથકારશ્રી આ ત્રણે વિશેષણોનું સ્વરૂપ બતાવે છે –

### ❋ (૧) વિતર્ક, (૨) વિચાર, અને (૩) પૃથક્ત્વનું સ્વરૂપ ❋

**શ્લોકાર્થ : (૧) શ્રુતની ચિંતા તે 'વિતર્ક' કહેવાય, (૨) સંક્રમણ થવું તે 'વિચાર' કહેવાય, અને (૩) અનેકપણું તે 'પૃથક્ત્વ'કહેવાય. આમ પહેલું શુક્લધ્યાન ત્રણ વિશેષણોથી યુક્ત હોય છે. (૬૧)**

**વિવેચન :** આ પહેલું શુક્લધ્યાન (૧) સવિતર્ક, (૨) સવિચાર, અને (૩) સપૃથક્ત્વ એવાં ત્રણ વિશેષણોવાળું છે. આ ત્રણે વિશેષણો ક્રમથી પણ લેવાય... અને ઉત્ક્રમથી પણ લેવાય... અર્થાત્ 'વિતર્ક-વિચાર-પૃથક્ત્વવાળું પહેલું શુક્લધ્યાન છે' એવું પણ બોલાય. અને 'પૃથક્ત્વ-વિતર્ક-વિચારવાળું પહેલું શુક્લધ્યાન છે' ઇત્યાદિરૂપે ઉત્ક્રમથી પણ બોલાય. (એટલે અહીં વિશેષણોને ચોક્કસ ક્રમે રાખવાનો કોઈ નિયમ નથી, એ કહેવાનું તાત્પર્ય છે.)

હવે આ ત્રણે વિશેષણોનો ગ્રંથકારશ્રી પહેલા સંક્ષેપથી અર્થ બતાવે છે –

**(૧) વિતર્ક :** શ્રુતની ચિંતા... ચૌદ પૂર્વ વગેરે વિષયક શાસ્ત્રાર્થની વિચારણા...

**(૨) વિચાર :** વિચરણ...સંક્રમણ... જુદા જુદા અર્થ, શબ્દ અને યોગોમાં પરાવર્તન પામતા રહેવું. એક પરથી બીજામાં વિચરતા રહેવું.

**अथैतत्त्रयस्य क्रमेण व्यक्तार्थं व्याचिख्यासुः प्रथमं वितर्कमाह –**

**स्वशुद्धात्मानुभूतात्मभावश्रुतावलम्बनात् ।**
**अन्तर्जल्पो वितर्कः स्याद्, यस्मिंस्तत्सवितर्कजम् ॥६२॥**

व्याख्या-**यस्मिन् ध्यानेऽन्तर्जल्पोऽन्तरङ्गध्वनिरूपो वितर्को विचारणात्मकस्तत्सवितर्कं ध्यानं स्यात्, कस्मात् ?** 'स्वशुद्धात्मानुभूतात्मभावश्रुतावलम्बनात्' **स्वकीयनिर्मलतम-परमात्मतत्त्वानुभवमयान्तरङ्गभावगतागमावलम्बनतः, इत्युक्तं सवितर्कं ध्यानम् ॥६२॥**

**अथ सविचारमाह –**

**ગુણતીર્થ**

(૩) **પૃથક્ત્વ :** દ્રવ્ય, ગુણ અને પર્યાય વગેરેમાં ભિન્નપણું... અર્થાત્ ધ્યાનના વિષય તરીકે જુદા જુદા દ્રવ્યાદિનું આલંબન લેતા રહેવું.

આ પ્રમાણે ત્રણે વિશેષણોનો સંક્ષેપથી અર્થ બતાવી, હવે એ ત્રણેનો અનુક્રમે વ્યક્ત (=સુસ્પષ્ટ) અર્થ જણાવવા, સૌ પ્રથમ ગ્રંથકારશ્રી 'વિતર્ક'નું સ્વરૂપ કહે છે –

### ❋ (૧) વિતર્કનું સ્વરૂપ ❋

**શ્લોકાર્થ : પોતાના શુદ્ધ આત્મસ્વરૂપના અનુભવથી, આત્મગત ભાવશ્રુતના આલંબને, જે ધ્યાનમાં અંતર્જલ્પાકારરૂપ વિતર્ક હોય, તે સવિતર્કથી ઉત્પન્ન થયેલ શુક્લધ્યાન સમજવું. (૬૨)**

**વિવેચન :** જે ધ્યાનમાં અંતરંગ ધ્વનિરૂપ વિચારણાત્મક વિતર્ક હોય, તે સવિતર્ક ધ્યાન કહેવાય. આ સવિર્તક ધ્યાન, પોતાના નિર્મળ પરમાત્મતત્ત્વના અનુભવમય અંતરંગભાવગત શ્રુતજ્ઞાનના આલંબનથી ઉત્પન્ન થાય છે. અહીં શ્રુતજ્ઞાનના આલંબન તરીકે ચૌદ પૂર્વગત શ્રુતજ્ઞાનનો ઉપયોગ સમજવો, એનાથી આ સવિતર્કધ્યાન થાય, એ વિના નહીં.

**પ્રશ્ન :** મરૂદેવા માતા, ભરતચક્રી વગેરેને તો પૂર્વજ્ઞાન હતું નહીં, છતાં આ શુક્લધ્યાન તેઓને શી રીતે થયું ?

**ઉત્તર :** જુઓ, આત્મશુદ્ધિની ઉત્કટતાના પ્રભાવે એમને જ્ઞાનાવરણીયાદિ કર્મોનો એવો તીવ્ર ક્ષયોપશમ થઈ જાય કે સહજતાથી એમને પૂર્વગત શાસ્ત્રાર્થનો બોધ થઈ જાય. એટલે કે તેઓ એ પૂર્વગત શાસ્ત્રના શબ્દથી વેત્તા નહીં, પણ અર્થથી વેત્તા બનીને પછી એના આધારે આ શુક્લધ્યાન પર ચડે માટે કોઈ દોષ ન રહે.

**अर्थादर्थान्तरे शब्दाच्छब्दान्तरे च सङ्क्रमः ।**

**योगाद्योगान्तरे यत्र, सविचारं तदुच्यते ॥६३॥**

व्याख्या-**यत्र ध्याने स एव पूर्वोक्तो वितर्को विचारणात्मकोऽर्थादर्थान्तरे सङ्क्रमते, शब्दात् शब्दान्तरे सङ्क्रमते, योगाद् योगान्तरे सङ्क्रमते, तद्ध्यानं सविचारं ससङ्क्रमण-मुच्यत इति ॥६३॥**

**अथ सपृथक्त्वमाह –**

**ગુણતીર્થ**

હવે ગ્રંથકારશ્રી 'વિચાર'નું સ્વરૂપ જણાવે છે –

## ❋ (૨) વિચારનું સ્વરૂપ ❋

**શ્લોકાર્થ : જે ધ્યાનમાં પૂર્વે કહેલ વિતર્ક વિચરણશીલ હોય, એટલે કે એક અર્થથી બીજા અર્થમાં એક શબ્દથી બીજા શબ્દમાં અને એક યોગથી બીજા યોગમાં જનારો હોય, તે ધ્યાન સવિચાર કહેવાય છે. (૬૩)**

**વિવેચન :** અહીં (૧) અર્થ તરીકે આત્મા-પુદ્ગલ વગેરે પદાર્થો સમજવાના, (૨) શબ્દ તરીકે એ પદાર્થોને જણાવનારા શબ્દો લેવાના, અને (૩) યોગ તરીકે મનોયોગ, વચનયોગ અને કાયયોગ પકડવાનો.

તો જે ધ્યાનમાં પૂર્વે બતાવેલ શ્રુતજ્ઞાનના આલંબને થનારો વિચારણાત્મક વિતર્ક, (૧) એક પદાર્થથી બીજા પદાર્થ તરફ સંક્રમે, અર્થાત્ હવે બીજા પદાર્થ તરફ વિચાર ચાલુ થાય, (૨) એક શબ્દથી બીજા શબ્દ તરફ સંક્રમે, અને (૩) એક યોગથી બીજા યોગમાં સંક્રમે, તે ધ્યાન 'સવિચાર=સસંક્રમણ=પરાવર્તન પામનારું' કહેવાય.

**વિશેષ :** અહીં અર્થથી અર્થમાં વગેરેરૂપ સંક્રમ કહ્યો છે, જ્યારે (૧) ધ્યાનશતકવૃત્તિ, (૨) યોગશાસ્ત્ર, (૩) લોકપ્રકાશ વગેરેમાં અર્થથી શબ્દમાં, શબ્દથી અર્થમાં અને યોગથી યોગાંતરમાં ઇત્યાદિરૂપ સંક્રમ બતાવ્યો છે. (૧) **ધ્યાનશતકવૃત્તિ :** 'अर्थाद् व्यञ्जनं संक्रामतीति विभाषा'... (૨) **યોગશાસ્ત્ર :** 'तत्र श्रुताद् गृहीत्वैकमर्थमर्थाद् व्रजेच्छब्दम् । शब्दात् पुनरप्यर्थं योगाद् योगान्तरं च सुधीः ॥'' (૩) **લોકપ્રકાશ :** अत्र च व्यञ्जनादर्थे, तथाऽर्थाद् व्यञ्जनेऽसकृत् । विचारोऽस्ति विचरणम्, सविचारं तदीरितम् ॥''

હવે ગ્રંથકારશ્રી સપૃથક્ત્વરૂપ વિશેષણને જણાવે છે –

द्रव्याद् द्रव्यान्तरं याति, गुणाद् याति गुणान्तरम् ।
पर्यायादन्यपर्यायं, सपृथक्त्वं भवत्यतः ॥६४॥

व्याख्या-**यत्र ध्याने स एव पूर्वोक्तो वितर्कः सविचारोऽर्थव्यञ्जनयोगान्तरसङ्क्रमणरूपोऽपि निजशुद्धात्मद्रव्याद् द्रव्यान्तरं याति, अथवा गुणाद् गुणान्तरं याति, यद्वा पर्यायात् पर्यायान्तरं याति, तत्र –**

"सहजाता गुणा द्रव्ये, सुवर्णे पीतता यथा ।
क्रमभूतास्तु पर्याया, मुद्राकुण्डलतादयः ॥१॥"

**गुणतीर्थ**

## ※ (૩) પૃથક્ત્વનું સ્વરૂપ ※

**શ્લોકાર્થ : જે ધ્યાનમાં પૂર્વોક્ત વિતર્ક, એક દ્રવ્યથી બીજા દ્રવ્યમાં, એક ગુણથી બીજા ગુણમાં, એક પર્યાયથી બીજા પર્યાયમાં જાય, તે ધ્યાન સપૃથક્ત્વરૂપ કહેવાય... (૬૪)**

**વિવેચન :** જે ધ્યાનમાં તે પૂર્વે કહેલો શ્રુતજ્ઞાનના આલંબને થનારો વિચારણાત્મક વિતર્ક 'સવિચાર' તો હોય જ. તદુપરાંત, આગળ વધીને એ વિતર્ક, દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં પણ જુદા-જુદાપણાંને અનુભવનાર હોય છે. તે આ પ્રમાણે –

(૧) **દ્રવ્ય :** પોતાના શુદ્ધ આત્મસ્વરૂપ દ્રવ્યથી બીજા દ્રવ્યોમાં જાય... અર્થાત્ આત્મદ્રવ્યની વિચારણા પરથી હવે પુદ્ગલ દ્રવ્યની વિચારણા પર જાય.

(૨) **ગુણ :** એક ગુણથી બીજા ગુણમાં જાય... અર્થાત્ જ્ઞાનગુણની વિચારણાથી દર્શનગુણની વિચારણામાં જાય...

(૩) **પર્યાય :** એક પર્યાયથી બીજા પર્યાયમાં જાય... અર્થાત્ આત્માના મનુષ્યાદિ-પર્યાયની વિચારણા પરથી દેવાદિપર્યાયની વિચારણામાં જાય...ઇત્યાદિ.

**પ્રશ્ન :** ગુણ અને પર્યાયમાં ફરક શું ?

**ઉત્તર :** વસ્તુના સહભાવી ધર્મોને 'ગુણ' કહેવાય અને ક્રમભાવી ધર્મોને 'પર્યાય' કહેવાય. એટલે કે (૧) જે ધર્મો કાયમ માટે વસ્તુની સાથે જ રહેનારા હોય, જેમકે આત્મામાં જ્ઞાનાદિ ધર્મો... તે ધર્મો 'સહભાવી' કહેવાય અને તેઓનો 'ગુણ' તરીકે વ્યવહાર કરાય છે, અને (૨) જે ધર્મો અનુક્રમે વસ્તુમાં આવનારા હોય, જેમકે આત્મામાં મનુષ્યત્વાદિ ધર્મો... તે ધર્મો 'ક્રમભાવી' કહેવાય અને તેઓનો 'પર્યાય' તરીકે વ્યવહાર કરાય છે.

આ વિશે જણાવ્યું છે કે –

"(૧) દ્રવ્યની અંદર સાથે થનારા ધર્મો 'ગુણ' કહેવાય, જેમકે - સુવર્ણમાં

**तेषु द्रव्यगुणपर्यायान्तरेषु अन्यत्वं=पृथक्त्वं तदस्ति यत्र ध्याने तत्सपृथक्त्वम् ॥६४॥**

**अथाद्यशुक्लध्यानजनितां शुद्धिमाह –**

**इति त्रयात्मकं ध्यानं, प्रथमं शुक्लमीरितम् ।**

**प्राप्नोत्यतः परां शुद्धिं, सिद्धिश्रीसौख्यवर्णिकाम् ॥६५॥**

व्याख्या-**इति त्रयात्मकं=पृथक्त्ववितर्कसविचारात्मकं प्रथमं शुक्लध्यानं कथितम्, तस्माद्ध्यानात्** 'परां' **प्रकृष्टां शुद्धिं प्राप्नोति, कथम्भूताम् ?** 'सिद्धिश्रीसौख्यवर्णिकां' **मुक्तिलक्ष्मीसुखनिदर्शनिकामासादयतीत्यर्थः ॥६५॥**

**ગુણતીર્થ**

પીતવર્ણ વગેરે, અને (૨) દ્રવ્યમાં ક્રમશઃ થનારા ધર્મો 'પર્યાય' કહેવાય, જેમકે - સુવર્ણમાં વીંટી-કુંડલ-હાર વગેરે."

આ રીતે જે ધ્યાનમાં શ્રુતાલંબને થનારો વિતર્ક, (૧) જુદા જુદા દ્રવ્યોમાં જઈ, (૨) જુદા જુદા ગુણોમાં જઈ, (૩) જુદા જુદા પર્યાયોમાં જઈ અન્યત્વને=પૃથક્ત્વને=ભિન્નપણાંને અનુભવે છે, તે ધ્યાન 'સપૃથક્ત્વ' રૂપ કહેવાય.

**વિશેષ :** (૧) ધ્યાનશતકવૃત્તિ, (૨) યોગશાસ્ત્ર, (૩) લોકપ્રકાશ વગેરેમાં સપૃથક્ત્વનો અર્થ આ પ્રમાણે કર્યો છે : એક વસ્તુમાં ઉત્પત્તિ-સ્થિતિ-વ્યય વગેરે પર્યાયોને દ્રવ્યાસ્તિકાદિ વિવિધ પ્રકારના નયોથી પૂર્વગત શ્રુતના અનુસારે વિચારવા, તે સપૃથક્ત્વ કહેવાય.

આ પ્રમાણે 'વિતર્ક-વિચાર-સપૃથક્ત્વ' નામના પહેલા શુક્લધ્યાનનું સવિશદ સ્વરૂપ બતાવીને, હવે આ પહેલા શુક્લધ્યાન દ્વારા જીવ કેવી પરમવિશુદ્ધિને પામે ? એ બતાવવા ગ્રંથકારશ્રી કહે છે –

## ❋ પહેલા શુક્લધ્યાનથી શુદ્ધિનો પ્રકર્ષ ❋

**શ્લોકાર્થ : આ પ્રમાણે ત્રણ વિશેષણોવાળું પહેલું શુક્લધ્યાન કહેવાયું... આ ધ્યાનથી જીવ, મોક્ષરૂપી લક્ષ્મીના સુખના ઉદાહરણરૂપ ઉત્તમ એવી આત્મવિશુદ્ધિને પામે છે. (૬૫)**

**વિવેચન :** ઉપર બતાવ્યા પ્રમાણે (૧) પૃથક્ત્વ, (૨) વિતર્ક, (૩) સવિચાર એવાં ત્રણ વિશેષણોવાળું પહેલું શુક્લધ્યાન છે. આ શુક્લધ્યાનથી જીવ પ્રકૃષ્ટ આત્મવિશુદ્ધિને પ્રાપ્ત કરે છે. આ આત્મવિશુદ્ધિ મોક્ષરૂપી લક્ષ્મીના સુખના જ એક શ્રેષ્ઠ ઉદાહરણરૂપ છે. (એટલે કે આ ધ્યાનથી જીવ મોક્ષની આંશિક અનુભૂતિતુલ્ય આત્મવિશુદ્ધિને પામે છે.)

**अथैतस्यैव विशेषस्वरूपमाह –**

**यद्यपि प्रतिपात्येतदुक्तं ध्यानं प्रजायते ।**

**तथाप्यतिविशुद्धत्वादूर्ध्वस्थानं समीहते ॥६६॥**

व्याख्या-**यद्यप्येतदुक्तं ध्यानं** 'प्रतिपाति' **पतनशीलं** 'प्रजायते' **समुत्पद्यते, तथापि** 'अतिविशुद्धत्वाद्' **अतिनैर्मल्यतः** 'ऊर्ध्वस्थानम्' **अग्रेतनं गुणस्थानं** 'समीहते' **तदारोहाय धावतीत्यर्थः ।**

**तथाऽपूर्वकरणगुणस्थानस्थो जीवो निद्राद्विकदेवद्विकपञ्चेन्द्रियत्वप्रशस्तविहायोगति-त्रसनवकवैक्रियाहारकतैजसकार्मणवैक्रियोपाङ्गआहारकोपाङ्गाऽऽद्यसंस्थाननिर्माणतीर्थकृत्त्व-वर्णचतुष्कागुरुलघूपघातपराघातोच्छ्वासरूपद्वात्रिंशत्प्रकृतिव्यवच्छेदात् षड्विंशतिबन्धकः,**

**गुणतीर्थ**

હવે આ પહેલા શુક્લધ્યાનનું જ કંઈક વિશેષ સ્વરૂપ બતાવવા, ગ્રંથકાર મહર્ષિ કહે છે –

**શ્લોકાર્થ : જો કે આ પૂર્વે કહેલું પહેલું શુક્લધ્યાન પ્રતિપાતી=પતન પામવાના સ્વભાવવાળું પણ છે, તો પણ આત્મા અત્યંત વિશુદ્ધ હોવાથી ઉપરના ગુણઠાણે જાય છે. (૬૬)**

**વિવેચન :** જો કે આ પૂર્વે કહેલું 'પૃથક્ત્વ-વિતર્ક-સવિચાર' નામનું પહેલું શુક્લધ્યાન પ્રતિપાતી છે, અર્થાત્ પતન પામવાના સ્વભાવવાળું છે. એટલે કે એ આત્મવિશુદ્ધિની ભાવધારાથી જીવ પડી પણ શકે છે.

તો પણ અહીં ક્ષપકશ્રેણિગત જીવ અત્યંત વિશુદ્ધ હોવાથી, વિકલ્પ-કલ્પનારૂપ મળ વિનાનો હોવાથી, આગળના ગુણઠાણે જાય છે. અર્થાત્ અપૂર્વકરણગુણઠાણેથી અનિવૃત્તિ-કરણગુણઠાણે ચડવા તત્પર બને છે. (આમ પતનશીલ અવસ્થા પણ વિશુદ્ધપરિણામી જીવને પ્રગતિનું નિમિત્ત બની રહે છે.)

હવે અપૂર્વકરણગુણઠાણે કેટલી કર્મપ્રકૃતિઓનો બંધ-ઉદય-સત્તા હોય ? તે બતાવવા વૃત્તિકારશ્રી કહે છે –

### ❋ અપૂર્વકરણગુણઠાણે બંધ-ઉદય-સત્તા ❋

**બંધ :** સાતમે ગુણઠાણે કહેલ બંધપ્રાયોગ્ય ૫૮ પ્રકૃતિમાંથી (૧-૨) નિદ્રાદ્વિક, (૩-૪) દેવદ્વિક, (૫) પંચેન્દ્રિયજાતિ, (૬) શુભવિહાયોગતિ, (૭-૧૫) યશનામ સિવાય ત્રસાદિનવક, (૧૬) વૈક્રિયશરીર, (૧૭) આહારકશરીર, (૧૮-૧૯) તૈજસ-કાર્મણશરીર, (૨૦) વૈક્રિય અંગોપાંગ, (૨૧) આહારકાંગોપાંગ, (૨૨) સમચતુરસ્રસંસ્થાન, (૨૩)

**अन्त्यसंहननत्रिकसम्यक्त्वोदयव्यवच्छेदात् द्वासप्ततेर्वेदयिता, अष्टत्रिंशदधिकशतसत्ताको भवति ॥६६॥**

**इति क्षपकस्याष्टमम् ॥**

**अथ क्षपकोऽनिवृत्तिगुणस्थानमारोहन् याः प्रकृतीर्यत्र यथा क्षिपति, तत्र तास्तथा श्लोकपञ्चकेनाऽऽह –**

**अनिवृत्तिगुणस्थानं, ततः समधिगच्छति ।**
**गुणस्थानस्य तस्यैव, भागेषु नवसु क्रमात् ॥६७॥**
**गतिः श्वाभ्री च तैरश्ची, द्वे तयोरानुपूर्विके ।**
**साधारणत्वमुद्योतः, सूक्ष्मत्वं विकलत्रयम् ॥६८॥**



નિર્માણ, (૨૪) જિનનામ, (૨૫-૨૮) વર્ણાદિચતુષ્ક, (૨૯) અગુરુલઘુ, (૩૦) ઉપઘાત, (૩૧) પરાઘાત, અને (૩૨) ઉચ્છ્વાસ.....આ ૩૨ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થતાં, બાકીની **૨૬** પ્રકૃતિઓ અપૂર્વકરણે બંધાય.

**ઉદય :** સાતમે ઉદયપ્રાયોગ્ય ૭૬ પ્રકૃતિમાંથી (૧-૩) છેલ્લા ત્રણ સંઘયણ, અને (૪) સમ્યક્ત્વમોહનીય - આ ૪ પ્રકૃતિનો ઉદયવિચ્છેદ થતાં, અપૂર્વકરણગુણઠાણે **૭૨** પ્રકૃતિઓનો ઉદય હોય.

**સત્તા :** આ ગુણઠાણે (દર્શનસપ્તક અને મનુષ્યાયુ વિનાના ત્રણ આયુષ્ય સિવાય) **૧૩૮** પ્રકૃતિની સત્તા હોય.

| ગુણસ્થાન | બંધ | ઉદય | સત્તા |
|---|---|---|---|
| અપૂર્વકરણ | ૨૬ | ૭૨ | ૧૩૮ |

હવે અપૂર્વકરણગુણઠાણેથી અનિવૃત્તિકરણગુણઠાણે ચડતો ક્ષપકજીવ કયા ભાગમાં કઈ કર્મપ્રકૃતિઓને ખપાવે છે ? એ વાત પાંચ શ્લોકો દ્વારા ગ્રંથકારશ્રી જણાવે છે –

## ❋ નવમે ગુણઠાણે કર્મક્ષયનું નિરૂપણ ❋

**શ્લોકાર્થ : ત્યારબાદ ક્ષપકજીવ નવમું અનિવૃત્તિકરણગુણઠાણું પામે છે... એ ગુણઠાણાના જ નવ ભાગ છે. તેમાં અનુક્રમે નરકગતિ, તિર્યંચગતિ, નરકાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી, સાધારણ, ઉદ્યોત, સૂક્ષ્મ, વિકલેન્દ્રિયત્રિક, એકેન્દ્રિય, આતપ, થીણદ્ધિત્રિક અને સ્થાવર - આ ૧૬ પ્રકૃતિ અહીં પહેલા ભાગે ક્ષય પામે છે. બીજા ભાગે મધ્યમ આઠ કષાય ક્ષય પામે છે. ત્રીજા ભાગે**

एकेन्द्रियत्वमातपस्त्यानगृद्ध्यादिकत्रयम् ।
स्थावरत्वमिहाद्यांशे, क्षीयन्ते षोडशेत्यमूः ॥६९॥
अष्टौ मध्यकषायाश्च, द्वितीयेऽथ तृतीयके ।
षण्ढत्वं तुर्यके स्त्रीत्वं, हास्यषट्कं च पञ्चमे ॥७०॥
चतुर्ष्वंशेषु शेषेषु क्रमेणैवातिशुद्धितः ।
पुंवेदश्च ततः क्रोधो, मानो माया च नश्यति ॥७१॥

॥ पञ्चभिः कुलकम् ॥

व्याख्या-'ततः' **तस्मादष्टमगुणस्थानादनन्तरं क्षपकोऽनिवृत्तिगुणस्थानं नवमं समारोहति=समधिगच्छति, ततस्तस्यैव गुणस्थानस्य नवसु भागेषु कृतेषु आद्येंऽशे=प्रथमे भागे** 'इत्यमूः' **इत्येताः षोडश कर्मप्रकृतयः क्षीयन्ते** ॥६७॥

**इत्यमूः काः ?** 'श्वाभ्रीगतिः' **नरकगतिः,** 'तैरश्ची' **तिर्यग्गतिः, तयोर्नरकतिरश्चोर्द्वे आनुपूर्विके नरकानुपूर्वी तिर्यगानुपूर्वी चेति** 'साधारणत्वं' **साधारणनाम** 'उद्योतं'

गुणतीर्थ

**નપુંસકવેદ, ચોથા ભાગે સ્ત્રીવેદ... પાંચમા ભાગે હાસ્યષટ્ક... ત્યારબાદ છટ્ઠાથી લઈને નવમા સુધીના ચાર ભાગે અનુક્રમે અત્યંત વિશુદ્ધિના બળે પુરુષવેદ, સંજ્વલનક્રોધ, સંજ્વલનમાન અને સંજ્વલનમાયા નાશ પામે છે. (૬૭-૬૮-૬૯-૭૦-૭૧)**

**વિવેચન :** આઠમું અપૂર્વકરણ નામનું ગુણઠાણું પૂર્ણ થયા બાદ ક્ષપકશ્રેણિ પર ચડનારો જીવ નવમા 'અનિવૃત્તિકરણ' નામના ગુણઠાણે ચડે છે. આ ગુણઠાણાના નવ વિભાગ છે. તેમાં જુદા જુદા વિભાગમાં ક્ષપકજીવ જુદી જુદી કર્મપ્રકૃતિઓને ખપાવે છે, તે આપણે અનુક્રમે જોઈએ –

(૧) પહેલા વિભાગમાં રહેલો જીવ આ ૧૬ પ્રકૃતિઓનો ક્ષય❂ કરે છે – (૧) નરકગતિ, (૨) તિર્યંચગતિ, (૩) નરકાનુપૂર્વી, (૪) તિર્યંચાનુપૂર્વી, (૫) સાધારણ, (૬) ઉદ્યોત, (૭) સૂક્ષ્મનામ, (૮) બેઈન્દ્રિય, (૯) તેઈન્દ્રિય, (૧૦) ચઉરિન્દ્રિય, (૧૧)

---

❂ જે વિભાગમાં જે પ્રકૃતિઓનો ક્ષય કરે, એના પછીના વિભાગમાં એ પ્રકૃતિઓનો સત્તાવિચ્છેદ થાય. દા.ત. પહેલા વિભાગમાં ૧૬ પ્રકૃતિઓનો ક્ષય કરે છે, તો પહેલા વિભાગમાં તો એ ૧૬ પ્રકૃતિઓની સત્તા છે જ. (કારણ કે હજી ક્ષય થવાની ક્રિયા ચાલુ છે, ક્ષય થઈ નથી) પણ બીજા વિભાગથી - એ પ્રકૃતિઓ ક્ષય પામી ગઈ હોવાથી - તેઓનો સત્તાવિચ્છેદ થાય... આમ આગળ પણ બધે સમજવું. (જે વિભાગમાં અંતે ક્ષય થાય, એ વિભાગમાં તો સત્તા છે જ, એના પછીના વિભાગમાં સત્તાવિચ્છેદ ગણાય.)

**उद्योतनाम** 'सूक्ष्मत्वं' **सूक्ष्मनाम** 'विकलत्रयं' **द्वित्रिचतुरिन्द्रियजातिलक्षणम्** ॥६८॥

'एकेन्द्रियत्वं' **एकेन्द्रियजातिरूपम्**, 'आतपं' **आतपनाम**, 'स्त्यानगृद्ध्यादिकत्रयं' **निद्रानिद्राप्रचलाप्रचलास्त्यानर्द्धिरिति त्रिकम्**, 'स्थावरत्वं' **स्थावरनामकर्मेति षोडश कर्मप्रकृतयोऽनिवृत्तिगुणस्थानस्य प्रथमे भागे क्षीयन्ते** ॥६९॥

**तथाऽष्टौ मध्यकषाया=अप्रत्याख्यानप्रत्याख्यानलक्षणा द्वितीये भागे क्षीयन्ते, तृतीये भागे** 'षण्ढत्वं' **नपुंसकत्वं क्षीयते**, 'तुर्यके' **चतुर्थके भागे** 'स्त्रीत्वं' **स्त्रीवेदः क्षीयते, पञ्चमे भागे हास्यरत्यरतिभयशोकजुगुप्सेतिषट्कं च क्षीयते** ॥७०॥

**शेषेषु** 'चतुर्ष्वंशेषु' **षष्ठादिनवमान्त्येषु क्रमेणैव** 'अतिशुद्धितो' **ध्यानस्यातिनैर्मल्यतः पुंवेदः संज्वलनक्रोधो मानो माया च नश्यति, अयमर्थः – षष्ठे भागे पुंवेदः क्षीयते, सप्तमे भागे संज्वलनक्रोधः क्षीयते, अष्टमे भागे संज्वलनमानः क्षीयते, नवमे भागे**

**ગુણતીર્થ**

એકેન્દ્રિયજાતિ, (૧૨) આતપ, (૧૩) નિદ્રાનિદ્રા, (૧૪) પ્રચલાપ્રચલા, (૧૫) થીણદ્ધિ, અને (૧૬) સ્થાવરનામકર્મ - આ ૧૬ પ્રકૃતિઓને અનિવૃત્તકરણગુણઠાણાના પહેલા ભાગે રહેલો જીવ ક્ષય કરે છે.

(૨) બીજા ભાગમાં રહેલો જીવ, અપ્રત્યાખ્યાન ક્રોધ-માન-માયા-લોભ અને પ્રત્યાખ્યાન ક્રોધ-માન-માયા-લોભ; આ મધ્યમ આઠ કષાયોનો ક્ષય કરે છે.

(૩) ત્રીજા ભાગમાં નપુંસકવેદનો ક્ષય થાય છે.

(૪) ચોથા ભાગમાં સ્ત્રીવેદનો ક્ષય થાય છે.

(૫) પાંચમા ભાગમાં (૧) હાસ્ય, (૨) રતિ, (૩) અરતિ, (૪) ભય, (૫) શોક, અને (૬) જુગુપ્સા - આ છ પ્રકૃતિઓનો ક્ષય થાય.

અને ત્યારબાદ છટ્ઠાથી લઈને નવમા સુધીના ચાર ભાગમાં અત્યંત વિશુદ્ધિના સામર્થ્યે ધ્યાનની અત્યંત નિર્મલતાના બળે, પુરુષવેદ, સંજવલનક્રોધ, સંજવલનમાન અને સંજવલનમાયાનો અનુક્રમે વિનાશ થાય છે.

**તાત્પર્યાર્થ :**

(૬) છટ્ઠા ભાગે પુરુષવેદનો ક્ષય થાય.

(૭) સાતમા ભાગે સંજવલન ક્રોધનો ક્ષય થાય.

(૮) આઠમા ભાગે સંજવલન માનનો ક્ષય થાય.

(૯) નવમા ભાગે સંજવલન માયાનો ક્ષય થાય.

संज्वलनमाया च क्षीयते । तथा चानिवृत्तिगुणस्थानस्थो जीवो हास्यरतिभयजुगुप्सा-व्यवच्छेदाद् द्वाविंशतेर्बन्धकः, हास्यषट्कोदयव्यवच्छेदात् षट्षष्टेर्वेदयिता, नवमांशे मानान्तं पञ्चत्रिंशत्प्रकृतिसत्ताव्यवच्छेदात् त्र्युत्तरशतसत्ताको भवति ॥७१॥

॥ इति क्षपकस्य नवमम् ॥

अथ क्षपकस्य दशमगुणस्थानमाह –

**ગુણતીર્થ**

આ પ્રમાણે કયા વિભાગમાં કઈ કર્મપ્રકૃતિઓનો ક્ષય થાય ? એ બતાવ્યું. હવે અનિવૃત્તિકરણ ગુણઠાણે રહેલા ક્ષપકજીવને કેટલા કર્મોનો બંધ-ઉદય-સત્તા હોય ? એ બતાવવા વૃત્તિકારશ્રી કહે છે –

## ❋ અનિવૃત્તિકરણે બંધ-ઉદય-સત્તા ❋

**બંધ :** અનિવૃત્તિકરણગુણઠાણે રહેલો જીવ, પૂર્વોક્ત બંધપ્રાયોગ્ય ૨૬ પ્રકૃતિમાંથી (૧) હાસ્ય, (૨) રતિ, (૩) ભય, અને (૪) જુગુપ્સા – આ ૪ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થવાથી, બાકીની ૨૨ પ્રકૃતિઓને બાંધે... (આ ૯મા ગુણઠાણાની શરૂઆતમાં સમજવું, પછી તો પુરુષવેદ અને સંજ્વલન-૪નો બંધવિચ્છેદ વચ્ચે વચ્ચે થાય.

**ઉદય :** આઠમે ગુણઠાણે ઉદયપ્રાયોગ્ય ૭૨ પ્રકૃતિમાંથી હાસ્યષટ્કનો ઉદયવિચ્છેદ થવાથી, બાકીની ૬૬ પ્રકૃતિઓનો ઉદય નવમે ગુણઠાણે રહેલા જીવને હોય... (આ પણ શરૂમાં સમજવું, પછી તો વેદ અને સંજ્વલન-૩નો ઉદયવિચ્છેદ વચ્ચે વચ્ચે થાય.)

**સત્તા :** નવમા ગુણઠાણાના નવમા ભાગે ૧૩૮ પ્રકૃતિમાંથી સંજ્વલન માન સુધીની ૩૫ પ્રકૃતિઓનો (=૧૬ પ્રકૃતિ + આઠ કષાય + નપુંસકવેદ + સ્ત્રીવેદ + હાસ્યષટ્ક + પુરુષવેદ + સંજ્વલનક્રોધ + સંજ્વલનમાન=૩૫ પ્રકૃતિઓનો) સત્તાવિચ્છેદ થવાથી, બાકીની ૧૦૩ પ્રકૃતિઓની સત્તા હોય. (આ નવમા ભાગે સંજ્વલનમાયાનો સત્તાવિચ્છેદ ન હોય, કારણ કે એ હજી ક્ષય પામી રહી છે, ક્ષય થઈ ગઈ નથી.)

| ગુણસ્થાન | બંધ | ઉદય | સત્તા |
|---|---|---|---|
| અનિવૃત્તિકરણ | ૨૨ | ૬૬ | ૧૦૩ |

હવે ક્ષપકશ્રેણિવાળા જીવને દસમું સૂક્ષ્મસંપરાય નામનું ગુણઠાણું શી રીતે આવે ? એ બતાવવા ગ્રંથકારશ્રી કહે છે –

**ततोऽसौ स्थूललोभस्य, सूक्ष्मत्वं प्रापयन् क्षणात् ।**
**आरोहति मुनिः सूक्ष्मसंपरायं गुणास्पदम् ॥७२॥**

व्याख्या-'ततो' **नवमगुणस्थानादनन्तरं** 'असौ' **क्षपको मुनिः** 'सूक्ष्मसंपरायं गुणास्पदं' **सूक्ष्मसंपरायनामकं गुणस्थानमारोहति, किं कुर्वन् ?** 'क्षणात्' **क्षणमात्रात्** 'स्थूललोभस्य' **स्थूलरूपस्य संज्वलनलोभस्य** 'सूक्ष्मत्वं' **सूक्ष्माणुरूपत्वं प्रापयन् ।**

**तथा सूक्ष्मसंपरायस्थो जीवः पुंवेदसंज्वलनचतुष्कबन्धव्यवच्छेदाद् कर्मप्रकृतीनां सप्तदशकस्य बन्धकः, त्रिवेदत्रिसंज्वलनोदयव्यवच्छेदात्षष्टेर्वेदयिता मायासत्ताव्यवच्छेदात् द्व्युत्तरशतसत्ताको भवति ॥७२॥**

**॥ इति क्षपकस्य दशमम् ॥**

**गुणतीर्थ**

## ❋ क्षपकજીવને સૂક્ષ્મસંપરાયગુણસ્થાન ❋

**શ્લોકાર્થ : ત્યારબાદ આ ક્ષપકમુનિ સ્થૂલલોભને=બાદરલોભને ક્ષણમાત્રમાં સૂક્ષ્મ બનાવતો 'સૂક્ષ્મસંપરાય' નામના ગુણઠાણે ચડે છે. (૭૨)**

**વિવેચન :** નવમા અનિવૃત્તિકરણ ગુણઠાણા પછી ક્ષપકશ્રેણિ પર ચડનારો મુનિ દસમું 'સૂક્ષ્મસંપરાય' નામનું ગુણઠાણું પામે... અને એ ગુણઠાણું પામવા, એ ક્ષપકજીવ, સ્થૂલસ્વરૂપી બાદરલોભને સૂક્ષ્માણુરૂપે બનાવે. (અર્થાત્ એ સંજ્વલનલોભના દલિકોનો રસ એકદમ ઘટાડી એકદમ મંદરસવાળી સૂક્ષ્મ કિટ્ટિઓ બનાવે. અને પછી એ મંદરસવાળી સૂક્ષ્મકિટ્ટિઓને ભોગવવી એ જ સૂક્ષ્મસંપરાય ગુણઠાણું છે.)

આ પ્રમાણે સૂક્ષ્મસંપરાય ગુણઠાણે ચડેલા જીવને કેટલા કર્મોનો બંધ-ઉદય-સત્તા હોય ? એ બતાવવા ગ્રંથકારશ્રી કહે છે –

## ❋ સૂક્ષ્મસંપરાયે બંધ-ઉદય-સત્તા ❋

**બંધ :** પૂર્વોક્ત ૨૨ પ્રકૃતિમાંથી (૧) પુરુષવેદ, અને (૨-૫) સંજ્વલનચતુષ્ક - આ પાંચ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થવાથી, સૂક્ષ્મસંપરાયે રહેલો જીવ **૧૭** પ્રકૃતિઓને બાંધે.

**ઉદય :** પૂર્વોક્ત ૬૬ પ્રકૃતિમાંથી (૧-૩) ત્રણ વેદ, અને (૪-૬) સંજ્વલન ક્રોધ-માન-માયા - આ ૬ પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ થવાથી, સૂક્ષ્મસંપરાયે રહેલા જીવને **૬૦** પ્રકૃતિઓનો ઉદય હોય.

**अथ क्षपकस्यैकादशं गुणस्थानं न भवतीत्याह –**

**एकादशं गुणस्थानं, क्षपकस्य न संभवेत् ।**

**किन्तु स सूक्ष्मलोभांशान् क्षपयन् द्वादशं व्रजेत् ॥७३॥**

व्याख्या-**क्षपकस्यैकादशं गुणस्थानकं** 'न' **नैव भवेत्, किन्तु दशमादेव गुणस्थानात्क्षपकः** 'सूक्ष्मलोभांशान्' **सूक्ष्मीकृतलोभखण्डान् क्षपयन् सन्** 'द्वादशं' **क्षीणमोहाख्यं गुणस्थानं** 'व्रजेद्' **गच्छेदिति, अत्र क्षपकश्रेणीं च समर्थयति, तत्क्रमश्चायम् –**

"[52] अणमिच्छमीससम्मं, अट्ठनपुंसित्थिवेअछक्कं च ।

पुंवेयं च खवेइ, कोहाईए अ संजलणे ॥१॥" ॥७३॥

**गुणतीर्थ**

**सत्ता :** પૂર્વોક્ત ૧૦૩ પ્રકૃતિમાંથી સંજ્વલનમાયાનો સત્તાવિચ્છેદ થવાથી, આ ગુણઠાણે **૧૦૨** પ્રકૃતિની સત્તા હોય.

| ગુણસ્થાન | બંધ | ઉદય | સત્તા |
|---|---|---|---|
| સૂક્ષ્મસંપરાય | ૧૭ | ૬૦ | ૧૦૨ |

હવે ક્ષપકશ્રેણિવાળા જીવને અગ્યારમું ગુણઠાણું ન હોય, એટલે એ સીધો બારમે ગુણઠાણે જાય; એ વાત બતાવવા ગ્રંથકારશ્રી કહે છે –

## ❋ ક્ષપકશ્રેણિમાં ક્ષીણમોહ ગુણઠાણે પ્રયાણ ❋

**શ્લોકાર્થ : ક્ષપકમુનિને અગ્યારમું ગુણઠાણું હોતું નથી. પરંતુ તે સૂક્ષ્મલોભના અંશોને-ખંડોને ખપાવતો બારમા ગુણઠાણે જાય. (૭૩)**

**વિવેચન :** ક્ષપકશ્રેણિવાળા જીવને અગ્યારમું 'ઉપશાંતમોહ' નામનું ગુણઠાણું હોતું નથી. પરંતુ એ ક્ષપકજીવ દસમા સૂક્ષ્મસંપરાય ગુણઠાણાથી જ સૂક્ષ્મરૂપે કરાયેલા સંજ્વલનલોભના ખંડોનો ક્ષય કરી, બારમા 'ક્ષીણમોહ' નામના ગુણઠાણે જાય છે... અને અહીં આવી એ ક્ષપકશ્રેણિનું સમર્થન કરે છે. અર્થાત્ અહીં=ક્ષીણમોહગુણઠાણે મોહનીયની તમામ પ્રકૃતિઓનો ક્ષય થઈ ગયો હોવાથી, ક્ષપકશ્રેણિને=કર્મક્ષય કરવા માટેની શ્રેણિને સાચા અર્થમાં ફલિત કરે છે.

હવે આ આખી ક્ષપકશ્રેણિમાં કયા ક્રમે મોહનીયકર્મનો ક્ષય થયો ? એ જણાવવા વૃત્તિકારશ્રી એક શ્લોક દ્વારા કહે છે –

"અનંતાનુબંધી ચાર કષાય, મિથ્યાત્વ, મિશ્ર, સમ્યક્ત્વમોહનીય, મધ્યમ ૮

**छायासन्मित्रम्**

(52) अनमिथ्यात्वमिश्रसम्यक्त्वानि अष्टनपुंसकस्त्रीवेदषट्कं च ।

पुंवेदं च क्षपयति क्रोधादिकान् च संज्वलनान् ॥१॥

अथ तत्र शुक्लध्यानस्य द्वितीयांशाश्रयणमाह –

भूत्वाऽथ क्षीणमोहात्मा, वीतरागो महायतिः ।
पूर्ववद् भावसंयुक्तो, द्वितीयं शुक्लमाश्रयेत् ॥७४॥

ગુણતીર્થ

કષાય, નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્યાદિષટ્ક, પુરુષવેદ અને સંજ્વલન ક્રોધ-માન-માયા અને લોભ - આ પ્રમાણે ક્ષપકજીવ અનુક્રમે મોહનીય કર્મનો ક્ષય કરે છે.''

**⁂ ક્ષપકશ્રેણિમાં ક્ષય પામતી પ્રકૃતિઓનો ક્રમદર્શક કોઠો ⁂**

| ક્રમ | પ્રકૃતિઓ | સંખ્યા | ગુણસ્થાનક |
|---|---|---|---|
| ૧ | અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ | ૪ | ૪-૭ |
| ૨ | મિથ્યાત્વમોહનીય | ૧ | ૪-૭ |
| ૩ | મિશ્રમોહનીય | ૧ | ૪-૭ |
| ૪ | સમ્યક્ત્વમોહનીય | ૧ | ૪-૭ |
| ૫ | અપ્રત્યાખ્યાનચતુષ્ક અને પ્રત્યાખ્યાનચતુષ્ક | ૮ | ૯ |
| ૬ | નપુંસકવેદ | ૧ | ૯ |
| ૭ | સ્ત્રીવેદ | ૧ | ૯ |
| ૮ | હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા | ૬ | ૯ |
| ૯ | પુરુષવેદ | ૧ | ૯ |
| ૧૦ | સંજ્વલક્રોધ | ૧ | ૯ |
| ૧૧ | સંજ્વલનમાન | ૧ | ૯ |
| ૧૨ | સંજ્વલનમાયા | ૧ | ૯ |
| ૧૩ | સંજ્વલનલોભ | ૧ | ૧૦ |

હવે આ ક્ષીણમોહગુણઠાણે શુક્લધ્યાનનો બીજો ભેદ પ્રાપ્ત થાય છે, એ જણાવવા ગ્રંથકારશ્રી ભગવંત કહે છે –

**⁂ દ્વિતીય શુક્લધ્યાનનું આશ્રયણ ⁂**

**શ્લોકાર્થ :** હવે એનો આત્મા ક્ષીણમોહી થઈને (૧) વીતરાગ, (૨) મહાયતિ, અને (૩) ભાવયુક્ત બનેલો એ ક્ષપકજીવ પૂર્વની જેમ બીજા શુક્લધ્યાનનો આશ્રય કરે છે. (૭૪)

व्याख्या-**अथ चानन्तरं स क्षपकः** 'क्षीणमोहात्मा भूत्वा' **क्षीणमोहगुणस्थानाद्धापरिणतिमयो भूत्वा द्वितीयं शुक्लध्यानं** 'पूर्ववत्' **प्रथमशुक्लध्यानरीत्या** 'श्रयेद्' **भजेत्, कथम्भूतः क्षपकः ?** 'वीतरागो' **विशेषेण इतो गतो रागो यस्मात्स तथा, पुनरपि कथम्भूतः ?** 'महायतिः' **महांश्चासौ यतिश्च महायतिः, यथाख्यातचारित्र इति । पुनः कथम्भूतः ?** 'भावसंयुक्तो' **विशुद्धतरभावोपेतः, एवंविधः क्षपको द्वितीयं शुक्लध्यानं श्रयेदित्यर्थः ॥७४॥**

**अथ तदेव शुक्लध्यानं सनामविशेषणमाह –**

**अपृथक्त्वमवीचारं, सवितर्कगुणान्वितम् ।**
**स ध्यायत्येकयोगेन, शुक्लध्यानं द्वितीयकम् ॥७५॥**

**ગુણતીર્થ**

**વિવેચન :** હવે દસમા ગુણઠાણા પછી તે ક્ષપકશ્રેણિવાળો જીવ ક્ષીણમોહગુણઠાણાના કાળની પરિણતિવાળો થઈને (એટલે કે ક્ષીણમોહગુણઠાણાનો કાળ પામીને, અર્થાત્ બારમું ગુણઠાણું પામીને) પહેલા શુક્લધ્યાનની પદ્ધતિ મુજબ બીજું શુક્લધ્યાન પામે છે. **તાત્પર્ય** એ કે, અહીં પણ ક્ષપકજીવ (૧) ઉત્તરોત્તરસમયે વિશુદ્ધિવાળો, (૨) આસનજયાદિના અભ્યાસવાળો, (૩) પૂર્વગત શ્રુતના આલંબને ધ્યાન કરનારો થઈ બીજું શુક્લધ્યાન પામે છે.

હવે આ બીજું શુક્લધ્યાન પામનારો જીવ કેવો હોય ? તે બતાવે છે –

**(૧) વીતરાગ :** વિશેષથી=ફરી કદી પણ ન આવવારૂપે નીકળી ગયો છે રાગ જેમનામાંથી તેવા વીતરાગ મહાત્મા... ઉપલક્ષણથી દ્વેષ અને મોહનું નિર્ગમન પણ સમજી લેવું.

**(૨) મહામુનિ :** સામાયિક કે છેદોપસ્થાપનીયાદિ ચારિત્રવાળા મુનિઓ કરતાં મહાન્ મુનિભગવંત... અર્થાત્ 'યથાખ્યાત' નામના રાગ-દ્વેષની કલુષાઈથી વર્જિત શુદ્ધ અને ઉત્તમ ચારિત્રને ધારણ કરનારા મુનિભગવંત.

**(૩) ભાવસંયુક્ત :** અત્યંત વિશુદ્ધતર ભાવધારાથી જોડાયેલા મહાત્મા.

આવા ત્રણ વિશેષણવાળો ક્ષીણમોહગુણઠાણે રહેલો ક્ષપકશ્રેણિવાળો જીવ બીજું શુક્લધ્યાન પ્રાપ્ત કરે છે.

હવે નામ અને વિશેષણ સાથે એ બીજા શુક્લધ્યાનનું જ સ્વરૂપ બતાવવા ગ્રંથકારમહર્ષિ કહે છે –

व्याख्या-'स' **क्षपकः क्षीणमोहगुणस्थानवर्ती द्वितीयं शुक्लध्यानं** 'एकयोगेन' **एकतरयोगेन संध्यायति, यदाह –**

"एकत्रियोगभाजामाद्यं स्यादपरमेकयोगवताम् ।
तनुयोगिनां तृतीयं, नियोगानां चतुर्थं तु ॥१॥"

**कथम्भूतम् ?** 'अपृथक्त्वं' **पृथक्त्ववर्जितम्,** 'अवीचारं' **विचाररहितम्,** 'सवितर्क-गुणान्वितम्' **वितर्कमात्रगुणोपेतम्, द्वितीयं शुक्लध्यानं ध्यायतीत्यर्थः ॥७५॥**

**अथापृथक्त्वमेव व्यक्तमाह –**

**निजात्मद्रव्यमेकं वा पर्यायमथवा गुणम् ।**
**निश्चलं चिन्त्यते यत्र, तदेकत्वं विदुर्बुधाः ॥७६॥**

**गुणतीर्थ**

## ❋ બીજા શુક્લધ્યાનનો સવિશેષણ નામોલ્લેખ ❋

**શ્લોકાર્થ : ક્ષપકજીવ અપૃથક્ત્વ, અવિચાર અને સવિતર્ક ગુણથી યુક્ત એવા બીજા શુક્લધ્યાનનું ત્રણ યોગમાંથી કોઈપણ એક યોગે ધ્યાન કરે છે. (૭૫)**

**વિવેચન :** તે ક્ષપકશ્રેણિવાળો ક્ષીણમોહગુણઠાણે રહેલો જીવ (૧) મનોયોગ, (૨) વચનયોગ, અને (૩) કાયયોગ – એ ત્રણ યોગમાંથી કોઈપણ એક યોગે બીજા શુક્લધ્યાનને ધ્યાવે છે. અહીં એક યોગથી બીજા યોગમાં સંક્રમણ ન થતું હોવાથી, જે યોગે ધ્યાન પર ચડ્યો તે જ યોગ છેક સુધી અકબંધ જળવાયેલો રહે છે, એટલે એક યોગે આ ધ્યાન થતું કહેવાય.

**શાસ્ત્રમાં** આ અંગે જણાવ્યું છે કે –

"(૧) ત્રણે યોગવાળાને માત્ર એક પહેલું શુક્લધ્યાન જ થાય, (૨) એક યોગવાળાને બીજું શુક્લધ્યાન થાય, (૩) માત્ર કાયયોગવાળાને ત્રીજું શુક્લધ્યાન થાય, અને (૪) અયોગી મહાત્માને ચોથું શુક્લધ્યાન થાય." [યોગશાસ્ત્ર ૧૧/૧૦]

આ બીજું શુક્લધ્યાન ત્રણ વિશેષણવાળું છે :

(૧) **અપૃથક્ત્વ :** પૃથક્ત્વથી વર્જિત, અનેકતા વિનાનું...

(૨) **અવિચાર :** વિચરણ-સંક્રમણ વિનાનું...

(૩) **સવિતર્ક :** પૂર્વગત શ્રુતના આલંબને વિચારણાત્મક થનારું...

હવે અનુક્રમે આ ત્રણે વિશેષણોનું સવિશદ સ્વરૂપ બતાવવા, ગ્રંથકારમહર્ષિ ફરમાવે છે –

व्याख्या-'बुधा' **ज्ञाततत्त्वाः** 'तदेकत्वम्' **अपृथक्त्वं** 'विदुः' **अवधारयन्ति स्म=कथयन्ति स्म, तत् किम् ? - ध्यायकेन यद् निजात्मद्रव्यं एकं केवलं स्वकीयविशुद्ध-परमात्मद्रव्यम्,** 'वा' **अथवा तस्यैव परमात्मद्रव्यस्य एकं केवलं पर्यायम्,** 'वा' **अथवा एकमद्वितीयं गुणं वा, तदत्र गुणपर्यायविशेषः पूर्वोक्त एव, एतदेवंविधमेकं द्रव्यमेकं गुणं वा एकं पर्यायं वा,** 'निश्चलं' **चलनवर्जितं यत्र ध्यायते तदेकत्वमिति ॥७६॥**

**अथाविचारत्वमाह –**

यद्व्यञ्जनार्थयोगेषु, परावर्त्तविवर्जितम् ।
चिन्तनं तदविचारं, स्मृतं सद्ध्यानकोविदैः ॥७७॥

गुणतीर्थ

**❋ (१) अपृथक्त्वनुं व्यक्त स्वरूप ❋**

**श्लोकार्थ : (१) पोताना एक आत्मद्रव्यने, अथवा (२) ए आत्मद्रव्यना गुणने, के (३) ए आत्मद्रव्यना पर्यायने जे ध्यानमां निश्चलपणे विचाराय, तेने बुधपुरुषो 'एकत्वध्यान' कहे छे. (७६)**

**विवेचन :** जे ध्यानमां ध्यान करनार आत्मा (१) मात्र पोताना आत्मद्रव्यने, अर्थात् केवळ पोताना सुविशुद्ध एवा परमात्मद्रव्यने, अथवा (२) ए परमात्मद्रव्यना ज कोई एकाद पर्यायमात्रने, अथवा तो (३) परमात्मद्रव्यना कोई अद्वितीय=असाधारण केवळ गुणने विचारे. एटले के ध्यान करनार आत्मा जे ध्यानमां आ रीते केवळ एक द्रव्यनुं अथवा एक गुणनुं अथवा एक पर्यायनुं निश्चलपणे=चंचलता विना स्थिरतापूर्वक ध्यान करे, ते ध्यान 'एकत्वरूप=अपृथक्त्वरूप' छे, एवुं परमार्थने जाणनारा विद्वानो कहे छे.

अहीं गुण अने पर्याय वच्चे शुं तफावत ? ए अमे पूर्वे ज जणावी दीधुं के वस्तुना सहभावी धर्मोने गुण कहेवाय अने क्रमभावी धर्मोने पर्याय कहेवाय.

**स्पष्टता :** शुक्लध्यानना पहेला प्रकार करतां बीजो प्रकार अत्यंत निश्चल=स्थिर होय छे. जेम घरमां पवन विनाना भागमां मूकेल दीवानी ज्योत बिलकुल हलनचलन पामे नहीं, पण एकदम स्थिर रहे. तेम बीजा शुक्लध्यानमां चित्त एटलुं स्थिर बनी जाय के एक द्रव्य परथी बीजा द्रव्य पर, एक गुण परथी बीजा गुण पर, के एक पर्याय परथी बीजा पर्याय पर जतुं नथी. पण कोई एक द्रव्य के गुण के पर्याय पर ज ए स्थिर रहे छे.

हवे 'अविचार'नुं स्वरूप बतावे छे –

**❋ (२) अविचारनुं स्वरूप ❋**

**श्लोकार्थ : जे ध्यान (१) व्यंजन, (२) अर्थ, अने (३) योगमां परावृत्ति विनानुं होय,**

व्याख्या-**सम्प्रति सद्ध्यानकोविदत्वं शास्त्राम्नायविशेषादेवास्ति, न त्वनुभवात्, यदाहुः श्रीहेमचन्द्रसूरिपादाः –**

"अनविच्छित्त्याऽऽम्नायः, समागतोऽस्येति कीर्त्यतेऽस्माभिः ।
दुष्करमप्याधुनिकैः शुक्लध्यानं यथाशास्त्रम् ॥१॥"

**तैः सद्ध्यानकोविदैः=शास्त्राम्नायावगतशुक्लध्यानरहस्यैस्तद्** 'अविचारं' **अविचार-विशेषणोपेतं द्वितीयं शुक्लं स्मृतं=प्रज्ञप्तम्, तत् किम् ? यत्पूर्वोक्तस्वरूपेषु** 'व्यञ्जनार्थ-योगेषु' **शब्दाभिधेययोगरूपेषु** 'परावर्त्तविवर्जितं' **शब्दाच्छब्दान्तरमित्यादिसङ्क्रमेण रहितं चिन्तनं श्रुतानुसारादेव क्रियते तदविचारमिति ॥७७॥**

**ગુણતીર્થ**

**તે ધ્યાન 'અવિચારધ્યાન' છે, એવું શ્રેષ્ઠ ધ્યાનમાં કુશલ મહર્ષિઓનું કહેવું છે. (૭૭)**

**વિવેચન :** વર્તમાનકાળમાં 'શ્રેષ્ઠ ધ્યાનમાં નિપુણતા' તે શાસ્ત્રના આમ્નાયવિશેષથી (=શાસ્ત્રમાં કહેલી રીત જાણવાથી) જ્ઞાનમાત્રરૂપે થાય છે, પણ અનુભવરૂપે નહીં... એટલે કે અંતસ્તલ પર તેવા ધ્યાનની અનુભૂતિનો સ્પર્શ થઈ જાય એ રૂપે નહીં. (અર્થાત્ ધ્યાનનિપુણતા જાણી શકાય છે, પામી શકાતી નથી.)

એટલે જ કલિકાલસર્વજ્ઞ **પૂ. હેમચન્દ્રસૂરિ મહારાજે** જણાવ્યું છે કે–

"જો કે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે અત્યારના જીવો માટે શુક્લધ્યાન ધ્યાવવું, તે અત્યંત દુષ્કર છે. છતાં, શુક્લધ્યાનના સંબંધમાં પરંપરાથી જે આમ્નાય=પદ્ધતિ અવિચ્છિન્નપણે ચાલતી આવી છે, એ માટે અમારા દ્વારા તેનું સ્વરૂપ કહેવાય છે." [યોગશાસ્ત્ર ૧૧/૪]

એટલે શ્લોકમાં 'सद्ध्यानकोविद' એવો જે શબ્દપ્રયોગ કર્યો છે, તેનો અર્થ આવો કરવો કે 'શાસ્ત્રપરંપરાથી આવેલા આમ્નાય પ્રમાણે શુક્લધ્યાનનું રહસ્ય જેમણે જાણી લીધું છે, તેવા શુક્લધ્યાનની સ્વરૂપ-જાણકારીમાં કુશલ જીવો...'

આવા સદ્ધ્યાનનિપુણ જીવોએ 'અવિચાર' વિશેષણથી યુક્ત એવું બીજું શુક્લધ્યાન કહ્યું છે. **'અવિચાર'** એટલે પૂર્વે કહેલા સ્વરૂપવાળા (૧) શબ્દ, (૨) અર્થ, અને (૩) યોગોમાં પરાવર્તન ન પામવું; અર્થાત્ (૧) એક શબ્દથી બીજા શબ્દમાં, (૨) એક અર્થથી બીજા અર્થમાં, કે (૩) એક યોગથી બીજા યોગમાં જવારૂપ સંક્રમ ન હોવો. પણ કોઈ એક શબ્દ કે અર્થ કે યોગમાં ચિત્તની સ્થિરતા થવી તે અવિચાર.

અને આ રીતનું પરાવર્તન વિનાનું અવિચારધ્યાન પૂર્વગત શ્રુતના આલંબને જ કરાય છે, એના અનુસાર વિના નહીં.

**अथ सवितर्कत्वमाह –**

निजशुद्धात्मनिष्ठं हि, भावश्रुतावलम्बनात् ।
चिन्तनं क्रियते यत्र, सवितर्कं तदुच्यते ॥७८॥

व्याख्या-**यत्र** 'निजशुद्धात्मनिष्ठं' **स्वकीयातिविशुद्धपरमात्मलीनं** 'हि' **स्फुटं चिन्तनं सूक्ष्मविचारणात्मकं क्रियते, तत्सवितर्कैकगुणोपेतं द्वितीयं शुक्लध्यानम्, कस्मात् ?** 'भावश्रुतावलम्बनात्' **सूक्ष्मान्तर्जल्परूपभावगतश्रुतावलम्बनमात्रचिन्तनादिति** ॥७८॥

**अथ द्वितीयशुक्लजनितसमरसीभावमाह –**

इत्येकत्वमविचारं, सवितर्कमुदाहृतम् ।
तस्मिन् समरसीभावं, धत्ते स्वात्मानुभूतितः ॥७९॥

**गुणतीर्थ**

હવે બીજા શુક્લધ્યાનના સવિતર્કપણાનું સ્વરૂપ બતાવે છે –

## ❋ (3) વિતર્કનું સ્વરૂપ ❋

**શ્લોકાર્થ : જે ધ્યાનમાં ભાવશ્રુતના આલંબને પોતાના શુદ્ધ આત્મવિષયક ચિંતન કરાય, તે ધ્યાન 'સવિતર્ક' કહેવાય છે. (૭૮)**

**વિવેચન :** જે ધ્યાનમાં પોતાના શુદ્ધ આત્મવિષયક, અર્થાત્ પોતાના અત્યંત વિશુદ્ધ એવાં પરમાત્મતત્ત્વ વિશે લીન બનેલું સૂક્ષ્મવિચારણાત્મક, ચિંતન થતું હોય, તે ધ્યાન 'સવિતર્ક રૂપ એક ગુણથી યુક્ત બીજું શુક્લધ્યાન' કહેવાય. એટલે કે સવિતર્ક શુક્લધ્યાન કહેવાય.

આ શુક્લધ્યાન ભાવશ્રુતના આલંબને થાય છે... એટલે કે શુદ્ધાત્મવિષયક સૂક્ષ્મ-વિચારણા દ્વારા અંતર્જલ્પાકારરૂપ (=અંતરંગ ધ્વનિરૂપ) ભાવધારારૂપે રહેલું જે શ્રુતજ્ઞાન છે, તે શ્રુતજ્ઞાનના આલંબને થનારા ચિંતન વડે આ શુક્લધ્યાન થાય છે. અહીં પણ શ્રુતજ્ઞાન તરીકે પૂર્વનું જ્ઞાન લેવું, કારણ કે પૂર્વધરને જ આ શુક્લધ્યાન થાય છે.

આ પ્રમાણે 'અપૃથક્ત્વ-અવિચાર-સવિતર્ક' નામના બીજા શુક્લધ્યાનનું સવિશેષણ સુંદર સ્વરૂપ બતાવીને, હવે એ શુક્લધ્યાન દ્વારા થનારા ફળસ્વરૂપે 'સમરસભાવ'ને જણાવવા ગ્રંથકારમહર્ષિ કહે છે –

## ❋ દ્વિતીય શુક્લધ્યાન દ્વારા સમરસધારા ❋

**શ્લોકાર્થ : આ પ્રમાણે 'એકત્વ-અવિચાર-સવિતર્ક' નામનું બીજું શુક્લધ્યાન કહ્યું. આ ધ્યાનમાં જીવ પોતાના આત્માની અનુભૂતિ દ્વારા સમરસભાવને ધારણ કરે છે. (૭૯)**

व्याख्या-'इति' **पूर्वोक्तप्रकारेण एकत्वाविचारसवितर्करूपविशेषणत्रयोपेतं द्वितीयं शुक्लध्यानं** 'उदाहृतं' **कथितम्,** 'तस्मिन्' **द्वितीये शुक्लध्याने वर्त्तमानो ध्यानी –**

"ध्यानात् समरसीभावस्तदेकीकरणं मतं ।
आत्मा यदपृथक्त्वेन, लीयते परमात्मनि ॥१॥"

**तं समरसीभावं** 'धत्ते' **धारयति, कुतः ?** 'स्वात्मानुभूतितः' **स्वस्याऽऽत्मनोऽनुभूतिरनुभवनं स्वात्मानुभूतिस्ततः ॥७९॥**

**अथ क्षीणमोहगुणस्थानाद्धाऽवसाने यत्करोति, तदाह –**

**इत्येतद्ध्यानयोगेन, प्लुष्यत्कर्मेन्धनोत्करः ।**
**निद्राप्रचलयोर्नाशमुपान्त्ये कुरुते क्षणे ॥८०॥**

व्याख्या-**इत्येतत्पूर्वोक्तध्यानयोगेन द्वितीयशुक्लध्यानसमायोगेन** 'प्लुष्यत्कर्मेन्धनोत्करो' **दह्यमानकर्मसमिदुत्करो योगीन्द्रः** 'उपान्त्ये' **अन्त्यसमीपसमये निद्राप्रचलयोः** 'नाशं करोति' **क्षयं कुरुते ॥८०॥**

**ગુણતીર્થ**

**વિવેચન :** પૂર્વે જણાવ્યા પ્રમાણે '(૧) એકત્વ, (૨) અવિચાર, અને (૩) સવિતર્ક' રૂપ ત્રણ વિશેષણવાળું બીજું શુક્લધ્યાન કહેવાયું છે. એ બીજા શુક્લધ્યાનમાં રહેનારો ધ્યાની આત્મા પોતાના શુદ્ધ આત્માની અનુભૂતિ દ્વારા સમરસભાવને પ્રાપ્ત કરે છે.

તે સમરસભાવનું સ્વરૂપ શાસ્ત્રમાં આ પ્રમાણે બતાવ્યું છે –

"ધ્યાનના પ્રભાવથી આત્મા - પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ છોડી - પરમાત્મામાં જે એકાકારપણે લયલીન થઈ જાય, તે એકીકરણ જ (=આત્મ-પરમાત્માની એકરૂપતા જ) 'સમભાવ' કહેવાયો છે."

આ પ્રમાણે બીજા શુક્લધ્યાનનું ફળ જણાવીને, હવે ક્ષીણમોહ ગુણઠાણાના ચરમભાગે રહેલો જીવ કયા કાર્યો કરે ? એ બતાવવા ગ્રંથકારશ્રી કહે છે –

## ❋ ક્ષીણમોહના દ્વિચરમસમયે થનારી ઘટના ❋

**શ્લોકાર્થ : આ પ્રમાણે પૂર્વોક્ત ધ્યાનના યોગે કર્મરૂપી કાષ્ઠના સમૂહને બાળતો એવો ક્ષીણમોહી જીવ, (આ ગુણઠાણાના) ઉપાન્ત્ય સમયે (૧) નિદ્રા, અને (૨) પ્રચલા – આ બે પ્રકૃતિઓનો નાશ કરે છે. (૮૦)**

**વિવેચન :** પૂર્વોક્ત બીજા શુક્લધ્યાનના પ્રભાવે કર્મરૂપી કાષ્ઠના સમૂહને ભસ્મસાત્ કરતો એવો યોગીઓમાં ઇન્દ્રસમાન ક્ષીણમોહી જીવ, આ ગુણઠાણાના ઉપાન્ત્યસમયે=અંત્ય

अथान्त्यसमये यत्करोति, तदाह –

अन्त्ये दृष्टिचतुष्कं च, दशकं ज्ञानविघ्नयोः ।
क्षपयित्वा मुनिः क्षीणमोहः स्यात्केवलात्मकः ॥८१॥

व्याख्या-क्षपको मुनिः क्षीणमोहस्यान्त्ये समये 'दृष्टिचतुष्कं' चक्षुर्दर्शनादिदर्शनचतुष्कं ज्ञानान्तरायदशकं चेत्येताश्चतुर्दश प्रकृतीः क्षपयित्वा क्षीणमोहांशः सन् केवलात्मकः स्यादिति ।

तथा क्षीणमोहगुणस्थानस्थो जीवो दर्शनचतुष्कज्ञानान्तरायदशकोच्चयशोरूपषोडश-बन्धव्यवच्छेदादेकसातवेद्यबन्धकः, तथा संज्वलनलोभऋषभनाराचनाराचोदयव्यवच्छेदात् सप्तपञ्चाशत्प्रकृतेर्वेदयिता, लोभसत्ताक्षपकत्वादेकोत्तरशतसत्ताको भवति ॥८१॥

॥ इति क्षपकस्य द्वादशम् ॥

ગુણતીર્થ

સમયની નજીકના સમયે, અર્થાત્ દ્વિચરમસમયે (૧) નિદ્રા, અને (૨) પ્રચલા - આ બે પ્રકૃતિઓનો નાશ કરે છે.

એટલે એ બે પ્રકૃતિઓનો સત્તાવિચ્છેદ થવાથી, ક્ષીણમોહ ગુણઠાણાના ચરમસમયે ૯૯ પ્રકૃતિની સત્તા હોય.

હવે ક્ષીણમોહગુણઠાણાના ચરમસમયે એ જીવ શું કરે છે ? એ બતાવવા ગ્રંથકારશ્રી જણાવે છે –

### ❋ ક્ષીણમોહના ચરમસમયે થનારી ઘટના ❋

**શ્લોકાર્થ : ક્ષીણમોહના અંતે ૪ દર્શનાવરણ, ૫ જ્ઞાનાવરણ અને ૫ અંતરાય... આ ૧૪ પ્રકૃતિઓ ખપાવીને ક્ષીણમોહી મુનિ કેવલજ્ઞાની થાય છે. (૮૧)**

**વિવેચન :** ક્ષપકશ્રેણિવાળો મુનિ ક્ષીણમોહ ગુણઠાણાના ચરમસમયે (૧) ચક્ષુદર્શના-વરણ, (૨) અચક્ષુદર્શનાવરણ, (૩) અવધિદર્શનાવરણ, અને (૪) કેવલદર્શનાવરણ - આ ૪ દર્શનાવરણ... મતિજ્ઞાનાવરણાદિ ૫ જ્ઞાનાવરણ... અને (૧) દાનાંતરાય, (૨) લાભાંતરાય, (૩) ભોગાંતરાય, (૪) ઉપભોગાતંરાય, અને (૫) વીર્યાંતરાય - આ ૫ અંતરાયકર્મ... આ ૧૪ પ્રકૃતિઓને ક્ષય પમાડીને, એ ક્ષીણમોહી જીવ પોતાનું ક્ષીણમોહીપણું જાળવીને (=અર્થાત્ મોહક્ષયજન્ય અવસ્થા અકબંધ રાખીને) કેવળજ્ઞાનવાળો સર્વજ્ઞ આત્મા બને છે.

હવે ક્ષીણમોહ ગુણઠાણે રહેલા જીવને કેટલા કર્મોનો બંધ-ઉદય-સત્તા હોય ? તે બતાવવા ગ્રંથકારશ્રી કહે છે –

अथ क्षीणमोहान्तप्रकृतीनां सङ्ख्यामाह –

एवं च क्षीणमोहान्ता, त्रिषष्टिप्रकृतिस्थितिः ।
पञ्चाशीतिर्जरद्वस्त्रप्रायाः शेषाः सयोगिनि ॥८२॥

गुणतीर्थ

### ❋ ક્ષીણમોહે બંધ-ઉદય-સત્તા ❋

**બંધ :** દસમે ગુણઠાણે બંધાતી ૧૭ પ્રકૃતિમાંથી (૧-૪) દર્શનાવરણચતુષ્ક, (૫-૯) પાંચ જ્ઞાનાવરણ, (૧૦-૧૪) પાંચ અંતરાય, (૧૫) ઉચ્ચગોત્ર, અને (૧૬) યશનામ - આ ૧૬ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થવાથી, બાકી રહેલ માત્ર **એક** શાતાવેદનીય કર્મનો બંધ થાય.

**ઉદય :** દસમે કહેલ ઉદયપ્રાયોગ્ય ૬૦ પ્રકૃતિમાંથી (૧) સંજ્વલનલોભ, (૨) ઋષભનારાચસંઘયણ, અને (૩) નારાચસંઘયણ - આ ત્રણ પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ થવાથી ક્ષીણમોહી જીવને **૫૭** પ્રકૃતિનો ઉદય હોય. (વાસ્તવમાં ક્ષપકને બીજા-ત્રીજા સંઘયણનો ઉદયવિચ્છેદ ૮મે ગુણઠાણે થયો છે.)

**સત્તા :** દસમે કહેલ ૧૦૨ કર્મની સત્તામાંથી સંજ્વલન લોભનો સત્તાવિચ્છેદ થવાથી, બાકી રહેલ **૧૦૧** કર્મની સત્તા હોય છે... અને દ્વિચરમસમયે નિદ્રાદ્વિકનો પણ ક્ષય થતો હોવાથી, એના પછીના ચરમસમયે ૯૯ કર્મની સત્તા હોય.

| ગુણસ્થાન | બંધ | ઉદય | સત્તા |
|---|---|---|---|
| ક્ષીણમોહ | ૧ | ૫૭ | ૧૦૧/૯૯ |

આ પ્રમાણે બારમા ક્ષીણમોહ નામના ગુણઠાણાનું સ્વરૂપવર્ણન પૂર્ણ થયું.

અને તે પૂર્ણ થતાં,

અપૂર્વકરણથી લઈને ક્ષીણમોહ સુધીના પાંચે ગુણઠાણાઓનું સ્વરૂપવર્ણન પૂર્ણ થયું.

## (૧૩) સયોગીકેવળી ગુણસ્થાનક

હવે બારમા ક્ષીણમોહ ગુણઠાણા સુધી જ રહેનારી કર્મપ્રકૃતિઓ કેટલી ? અને 'સયોગી' નામના તેરમા ગુણઠાણે કેટલી કર્મપ્રકૃતિઓની સત્તા હોય ? એ બતાવવા ગ્રંથકારમહર્ષિ ફરમાવે છે –

**શ્લોકાર્થ : આ પ્રમાણે ૬૩ કર્મપ્રકૃતિની સ્થિતિસત્તા બારમા ક્ષીણમોહ ગુણઠાણા સુધી જ છે. (પછી તો એ તમામનો ક્ષય થઈ જતો હોવાથી) સયોગીગુણઠાણે જીર્ણવસ્ત્રતુલ્ય બાકીની ૮૫ પ્રકૃતિની સત્તા હોય. (૮૨)**

व्याख्या-'एवं' **पूर्वोक्तप्रकारेण त्रिषष्टिप्रकृतीनां स्थितिः क्षीणमोहान्तैव, कोऽर्थः ? चतुर्थगुणस्थानादारभ्य क्षीयमाणानां प्रकृतीनां त्रिषष्टिः क्षीणमोहे सम्पूर्णा, यथैकस्याः प्रकृतेश्चतुर्थगुणस्थाने क्षयः, पुनरेकस्याः पञ्चमे, अष्टानां सप्तमे, षट्त्रिंशत्प्रकृतीनां नवमे, एकस्याः प्रकृतेर्दशमे, सप्तदशप्रकृतीनां द्वादशे क्षयः, इत्येवं त्रिषष्टिप्रकृतीनां क्षीणमोहान्तैव स्थितिरुक्ता, तथा शेषास्त्रिषष्टिव्यतिरिक्ताः पञ्चाशीतिप्रकृतयो** 'जरद्वस्त्रप्राया' **अत्यर्थं जीर्णचीवरकल्पाः सयोगिगुणस्थाने भवन्ति ॥८२॥**

**ગુણતીર્થ**

**વિવેચન :** પૂર્વે જણાવ્યા મુજબ ૬૩ કર્મોની સ્થિતિસત્તા ક્ષીણમોહ ગુણઠાણા સુધી જ છે. અલબત્ત, બધાની સ્થિતિ કાંઈ ક્ષીણમોહ સુધી નથી હોતી, પણ કહેવાનો ભાવ એ કે કોઈક પ્રકૃતિ ચોથે ક્ષય પામે. કોઈક પાંચમે ક્ષય પામે. એમ યાવત્ ક્ષીણમોહ સુધીમાં તો આ બધી પ્રકૃતિઓનો ક્ષય થઈ જ જાય.

એટલે ફલિતાર્થ એ થયો કે, ચોથા ગુણઠાણાથી લઈને ક્ષીણમોહ સુધીમાં બધી મળીને ૬૩ પ્રકૃતિઓનો ક્ષય થાય. આ આપણે સિંહાવલોકનથી એકવાર જોઈ લઈએ, પછી ગ્રંથકારશ્રી એ જ વાત સંક્ષેપમાં બતાવશે - એ પણ આપણે જોઈશું.

## ※ પ્રકૃતિઓનો ક્રમિક ક્ષય : ※

**ચોથે** ગુણઠાણે નરકાયુષ્યનો ક્ષય... **પાંચમે** ગુણઠાણે તિર્યંચાયુષ્યનો ક્ષય... **સાતમે** ગુણઠાણે દેવાયુષ્ય અને દર્શનસપ્તકનો ક્ષય... **આઠમે** ગુણઠાણે કોઈપણ કર્મપ્રકૃતિનો ક્ષય થતો નથી. **નવમા** ગુણઠાણાના (૧) પહેલા ભાગે સ્થાવર-સૂક્ષ્મ-તિર્યંચદ્વિક-નરકદ્વિક-આતપ-ઉદ્યોત-થીણદ્ધિત્રિક-એકેન્દ્રિયાદિજાતિચતુષ્ક અને સાધારણ - આ ૧૬ પ્રકૃતિનો ક્ષય, (૨) બીજા ભાગે ૮ કષાયનો ક્ષય, (૩) ત્રીજા ભાગે નપુંસકવેદનો ક્ષય, (૪) ચોથા ભાગે સ્ત્રીવેદનો ક્ષય, (૫) પાંચમા ભાગે હાસ્યષટ્કનો ક્ષય, (૬) છઠ્ઠા ભાગે પુરુષવેદનો ક્ષય, (૭) સાતમા ભાગે સંજ્વલન-ક્રોધનો ક્ષય, (૮) આઠમા ભાગે સંજ્વલનમાનનો ક્ષય (૯) નવમા ભાગે સંજ્વલનમાયાનો ક્ષય. આમ સર્વ મળી નવમે ગુણઠાણે ૧૬ + ૮ + ૧ + ૧ + ૬ + ૧ + ૧ + ૧ + ૧=૩૬ પ્રકૃતિઓનો ક્ષય થાય... **દસમા** ગુણઠાણે સંજ્વલનલોભનો ક્ષય. **બારમા** ગુણઠાણાના દ્વિચરમસમયે નિદ્રાદ્વિકનો ક્ષય... અને ચરમસમયે ૫ જ્ઞાનાવરણ, ૫ અંતરાય અને ૪ દર્શનાચરણ - એમ બધી મળી ૧૪ પ્રકૃતિનો ક્ષય થાય.

આમ ચોથા ગુણઠાણાથી લઈને ક્ષીણમોહ સુધી ૬૩ પ્રકૃતિનો ક્ષય થાય. આ જ બાબત ગ્રંથકારશ્રીએ સંક્ષેપમાં જણાવી છે. તે આપણે કોઠા પ્રમાણે જ જોઈ લઈએ –

**अथ सयोगिनि यो भावो भवति, ये च सम्यक्त्वचारित्रे भवतः, तदाह –**

**भावोऽत्र क्षायिकः शुद्धः, सम्यक्त्वं क्षायिकं परम् ।**
**क्षायिकं हि यथाख्यातचारित्रं तस्य निश्चितम् ॥८३॥**

**ગુણતીર્થ**

## ❋ ૬૩ પ્રકૃતિઓનો ક્ષપણાદર્શક કોઠો ❋

| ગુણઠાણું | ક્ષય પામનાર પ્રકૃતિઓનાં નામ | સંખ્યા |
|---|---|---|
| ૪ | નરકાયુષ્ય | ૧ |
| ૫ | તિર્યંચાયુષ્ય | ૧ |
| ૬ | – | – |
| ૭ | દેવાયુષ્ય અને દર્શનસપ્તક | ૮ |
| ૮ | – | – |
| ૯ | સ્થાવરાદિ ૧૬ પ્રકૃતિઓ, ૮ કષાય, નપુંસકવેદ, સ્રીવેદ, હાસ્યષટ્ક, પુરુષવેદ, સંજ્વલન ક્રોધ-માન-માયા | ૩૬ |
| ૧૦ | સંજ્વલનલોભ | ૧ |
| ૧૧ | – | – |
| ૧૨ | દ્વિચરમસમયે - નિદ્રાદ્વિક | ૨ |
| | ચરમસમયે-૫ જ્ઞાનાવરણ, ૫ અંતરાય ૪ દર્શનાવરણ | ૧૪ |
| | **કુલસંખ્યા** | ૬૩ |

**સયોગીગુણઠાણે સત્તા :** સયોગીગુણઠાણે રહેલા જીવને ૧૪૮ પ્રકૃતિમાંથી ઉપરોક્ત ૬૩ પ્રકૃતિઓનો સત્તાવિચ્છેદ થવાથી, બાકીની ૮૫ પ્રકૃતિઓની સત્તા હોય. આ ૮૫ પ્રકૃતિઓ જીર્ણવસ્રતુલ્ય હોય છે. જેમ જીર્ણવસ્ર ખેંચવા માત્રથી ફાટી જાય, તેમ સહેલાઈથી ક્ષય કરી શકાય તેવી આ પ્રકૃતિઓ છે.

આ પ્રમાણે સયોગીગુણઠાણે કેટલા કર્મોનું અસ્તિત્વ હોય ? એ બતાવીને, હવે એ ગુણઠાણે કયો ભાવ હોય અને કયું સમ્યક્ત્વ તથા ચારિત્ર હોય ? તે બતાવવા, ગ્રંથકારમહર્ષિ ફરમાવે છે –

## ❋ સયોગીગુણઠાણે ભાવ-સમ્યક્ત્વ-ચારિત્રનું સ્વરૂપ ❋

**શ્લોકાર્થ : આ ગુણઠાણે તેમને (૧) શુદ્ધ ક્ષાયિકભાવ, (૨) પરમ ક્ષાયિકસમ્યક્ત્વ, અને (૩) ક્ષાયિક એવું યથાખ્યાતચારિત્ર નિશ્ચે હોય છે. (૮૩)**

व्याख्या-'तस्य' **केवलात्मनो भगवतः**, 'अत्र' **सयोगिगुणस्थाने भावः क्षायिक एव** 'शुद्धः' **अतिनिर्मलो भवति, सम्यक्त्वं** 'परं' **प्रकृष्टं क्षायिकमेव** 'हि' **स्फुटं चारित्रं क्षायिकं यथाख्यातनामकं निश्चितं भवति, कोऽर्थः ? अत्रौपशमिकक्षायोपशमिक-भावयोरभावात् क्षायिको भावः, तथा दर्शनमोहनीयस्य चारित्रमोहनीयस्य क्षीणत्वात् क्षायिके सम्यक्त्वचारित्रे इति ॥८३॥**

**अथ तस्य केवलात्मनः केवलज्ञानबलमाह –**

**ગુણતીર્થ**

**વિવેચન :** કેવળજ્ઞાની મહાત્માને તેરમે સયોગીગુણઠાણે (૧) ભાવ, (૨) સમ્યક્ત્વ, અને (૩) ચારિત્ર - ત્રણે ક્ષાયિકકક્ષાના હોય છે. તે આ પ્રમાણે –

**(૧) ભાવ :** અહીં ઔપશમિક અને ક્ષાયોપશમિક ભાવ ન હોવાથી, એ સિવાયનો ત્રીજો અત્યંતશુદ્ધ=અતિનિર્મળ એવો કર્મક્ષયજન્ય ક્ષાયિકભાવ હોય છે. (આ વાત ઘાતીકર્મની અપેક્ષાએ સમજવાની... બાકી તો જીવત્વ-ભવ્યત્વની અપેક્ષાએ પારિણામિક-ભાવ અને અઘાતીકર્મના ઉદયની અપેક્ષાએ ઔદયિકભાવ પણ હોવાનો જ. એનો નિષેધ ગ્રંથકારે કર્યો પણ નથી.)

અહીં ઔપશમિક અને ક્ષાયોપશમિકભાવ ન હોવાનું કારણ એ કે, (૧) મોહનીયના ઉપશમથી ઔપશમિકભાવ આવે, અને (૨) ઘાતીકર્મોના ક્ષયોપશમથી ક્ષાયોપશમિકભાવ આવે... જ્યારે અહીં તો એ કર્મોનું અસ્તિત્વ જ ન હોવાથી, એમના ઉપશમ કે ક્ષયોપશમજન્ય ભાવ અહીં હોય જ નહીં.

**(૨) સમ્યક્ત્વ :** અહીં દર્શનમોહનીયનો ક્ષય થઈ ગયો હોવાથી, ઉત્તમ એવું 'ક્ષાયિકસમ્યક્ત્વ' જ હોવાનું...

**(૩) ચારિત્ર :** અહીં રાગાદિરહિત અવસ્થા હોવાથી 'યથાખ્યાત' ચારિત્ર હોય છે. આ ચારિત્ર બે પ્રકારનું હોય છે : (ક) ચારિત્રમોહનીયના ઉપશમથી જન્ય ઔપશમિક યથાખ્યાતચારિત્ર, અને (ખ) ચારિત્રમોહનીયના ક્ષયથી જન્ય ક્ષાયિક યથાખ્યાતચારિત્ર અહીં ચારિત્રમોહનીયનો ક્ષય થઈ ગયો હોવાથી 'ક્ષાયિક યથાખ્યાતચારિત્ર' હોય... (પહેલા પ્રકારનું ચારિત્ર ૧૧મે ગુણઠાણે હોય અને બીજા પ્રકારનું ચારિત્ર ૧૨-૧૩-૧૪મે ગુણઠાણે હોય...)

હવે તે કેવળજ્ઞાની મહાત્માનાં કેવળજ્ઞાનનું બળ કેટલું ? તે બતાવવા ગ્રંથકારમહર્ષિ ફરમાવે છે –

**चराचरमिदं विश्वं, हस्तस्थामलकोपमम् ।**

**प्रत्यक्षं भासते तस्य, केवलज्ञानभास्वतः ॥८४॥**

व्याख्या-'चराचरं विश्वं' **सचराचरं जगत्** 'हस्तस्थामलकोपमं' **हस्ततलगृहीतामलकफलोपमं** 'प्रत्यक्षं' **साक्षात्कारेण** 'भासते' **दीप्यत इति, अत्र भास्वतः सूर्यस्योपमानं व्यवहारमात्रेणैव दर्शितम्, न निश्चयतः, यतो निश्चयनयेन केवलज्ञानसूर्ययोर्महदन्तरम्, यदाह –**

"[53]चंदाइच्चगहाणं पहा पयासेइ परिमियं खित्तं ।
केवलिअनाणलंभो, लोआलोअं पयासेइ ॥१॥" **॥८४॥**

गुणतीर्थ

## ❋ કેવળજ્ઞાનનું અદ્ભુત સામર્થ્ય ❋

**શ્લોકાર્થ : તે કેવળજ્ઞાનરૂપી તેજસ્વી સૂર્યથી સુશોભિત એવા કેવળીભગવાનને આ આખું સચરાચર વિશ્વ હાથમાં રહેલા આમળાની જેમ એકદમ સુસ્પષ્ટપણે પ્રત્યક્ષ દેખાય છે. (૮૪)**

**વિવેચન :** કેવળજ્ઞાનરૂપી ઝળહળતા સૂર્યથી સુશોભિત એવા કેવળજ્ઞાની મહર્ષિને આ આખું સચરાચર (=સ્થાવર અને જંગમમય) જગત, હાથમાં રહેલ આમળાનાં ફળની જેમ સાક્ષાત્કાર દ્વારા એકદમ પ્રત્યક્ષ દેખાય છે.

**તાત્પર્ય** એ કે, જેમ હાથમાં રહેલું આમળું નજીક હોવા વગેરેના કારણે એકદમ સ્પષ્ટ જોઈ શકાય છે, તેમ કેવલજ્ઞાનીને કેવલજ્ઞાનના માધ્યમે આખું વિશ્વ સ્પષ્ટ જોઈ શકાય છે.

**સ્પષ્ટતા :** અહીં કેવળજ્ઞાનને જે જળહળતા સૂર્યની ઉપમા આપી, એ પણ કેવળ વ્યવહારમાત્રથી જ બતાવેલી સમજવી, નિશ્ચયથી=પરમાર્થથી નહીં. કારણ કે નિશ્ચયનયથી તો (=પરમાર્થવિચારણાએ તો) કેવલજ્ઞાન ક્યાં ? અને સૂર્ય ક્યાં ? એ બે વચ્ચે તો બહુ મોટું આંતરું છે.

શાસ્ત્રમાં જણાવ્યું છે કે –

"(૧) ચંદ્ર, (૨) સૂર્ય, (૩) ગ્રહ વગેરેની પ્રભા (=કિરણપ્રકાશ) માત્ર પરિમિત (=નિયત પ્રમાણવાળા) ક્ષેત્રને પ્રકાશે છે... જ્યારે કેવલજ્ઞાનનો સાક્ષાત્કાર લોક અને અલોકરૂપ આખા વિશ્વને પ્રકાશે છે..." [વિંશતિવિંશિકા-૩૩૯]

छायासन्मित्रम्

(53) चन्द्रादित्यग्रहाणां, प्रभा प्रकाशयति परिमितं क्षेत्रम् ।
कैवल्यज्ञानलाभो लोकालोकं प्रकाशयति ॥१॥

**अथार्जिततीर्थकृत्कर्मणो विशेषमाह –**

**विशेषात्तीर्थकृत्कर्म, येनास्त्यर्जितमूर्जितम् ।**

**तत्कर्मोदयतोऽत्रासौ, स्याज्जिनेन्द्रो जगत्पतिः ॥८५॥**

व्याख्या–'विशेषाद्' **अर्हद्भक्तिप्रमुखविंशतिपुण्यस्थानकविशेषाऽऽराधनाद्** 'येन' **जन्तुना** 'ऊर्जितं' **स्फीतं तीर्थकृत्कर्म** 'अर्जितम्' **उपार्जितमस्ति, तीर्थकृत्कर्मार्जने हि हेतुभूतान्यर्हद्भक्तिमुख्यानि विंशतिस्थानान्येतानि, यदाह –**

"[54]अरिहंत सिद्ध पवयण गुरु थेर बहुस्सुए तवस्सीसुं ।

वच्छलया एएसिं, अभिक्खनाणोवओगे अ ॥१॥

**गुणतीर्थ**

હવે તીર્થંકરનામકર્મનું જેમણે ઉપાર્જન કર્યું હોય, તેવા કેવળજ્ઞાની મહાત્માની શું વિશેષતા હોય ? એ બતાવવા ગ્રંથકારમહર્ષિ જણાવે છે –

## ※ તીર્થંકર કેવળીનું વૈશિષ્ટ્ય ※

**શ્લોકાર્થ : વિશેષ આરાધનાથી જે જીવે ઉર્જસ્વી એવાં તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કર્યું હોય, તે જીવ આ ગુણઠાણે તે તીર્થંકરનામકર્મના ઉદયથી ત્રણ જગતના સ્વામી જિનેન્દ્ર થાય છે. (૮૫)**

**વિવેચન :** અરિહંત પરમાત્માની ભક્તિ કરવી વગેરે ૨૦ પુણ્યસ્થાનો છે કે જેની આરાધનાથી પ્રચંડ પુણ્ય ઉપાર્જિત થાય. આ ૨૦ પુણ્યસ્થાનોની વિશેષ આરાધનાથી કોઈ જીવ ઉર્જસ્વી=ઉદાર=વિશાળ એવું તીર્થંકરનામકર્મ ઉપાર્જિત કરે છે. કારણ કે, તીર્થંકર-નામકર્મને ઉપાર્જન કરવામાં 'કારણ' તરીકે આ અરિહંતભક્તિ વગેરે ૨૦ સ્થાનો છે. તે ૨૦ સ્થાનોનું સ્વરૂપ શાસ્ત્રમાં આ પ્રમાણે બતાવ્યું છે –

**પ્રથમશ્લોકાર્થ :** (૧) અરિહંત, (૨) સિદ્ધ, (૩) પ્રવચન, (૪) ગુરુ, (૫) સ્થવિર, (૬) બહુશ્રુત, અને (૭) તપસ્વી - આ સાત પ્રત્યે વત્સલતા=અનુરાગ અને તદનુરૂપ સેવાભક્તિ, (૮) સતત જ્ઞાનોપયોગ રાખવો, અર્થાત્ જ્ઞાન માટે નિરંતર વ્યાપારશીલ રહેવું. [પ્રવ. સારો. ૩૧૦]

**छायासन्मित्रम्**

(54) अर्हत्सिद्धप्रवचनगुरुस्थविरबहुश्रुते तपस्विषु ।
वात्सल्यमेतेषु अभीक्ष्णं ज्ञानोपयोगौ च ॥१॥

55 दंसणविणए आवस्सए अ सीलव्वए निरइयारे ।
खणलवतच्चियाए, वेयावच्चे समाही अ ॥२॥
56 अप्पुव्वनाणगहणे, सुअभत्ती पवयणे पभावणया ।
एएहिं कारणेहिं, तित्थयरत्तं लहइ जीवो ॥३॥"

**ततः** 'अत्र' **सयोगिनि गुणस्थाने** 'तत्कर्मोदयतः' **तीर्थकृत्कर्मोदयात्** 'असौ' **केवली**

**ગુણતીર્થ**

**દ્વિતીયશ્લોકાર્થ :** (૯) દર્શન=સમ્યક્ત્વ, (૧૦) જ્ઞાનવિનય-દર્શનવિનય-ચારિત્ર-વિનયાદિરૂપ વિનયધર્મ, (૧૧) આવશ્યક=પ્રતિક્રમણાદિ આવશ્યક કાર્યો, (૧૨-૧૩) શીલ-વ્રત=ઉત્તરગુણરૂપ શીલ અને મૂળગુણરૂપ વ્રત... આ દર્શનાદિ બધામાં નિરતિચાર રહેવું; એ જિનનામકર્મના બંધનું કારણ છે. (૧૪) ક્ષણલવતપ=અમુક કાળવિશેષમાં કરાતો તપ; ઉપલક્ષણથી બીજા પણ પ્રતિનિયતકાલીન તપો લેવા... (૧૫) ત્યાગ= આહારાદિને છોડવારૂપ દ્રવ્યત્યાગ અને ક્રોધાદિને છોડવારૂપ ભાવત્યાગ... (૧૬) વૈયાવચ્ચ= આચાર્ય, ગ્લાન, શૈક્ષક, સંઘ વગેરેની ભક્તિ કરવી... (૧૭) સમાધિ=બાહ્ય અને આભ્યંતર તપમાં નિરંતર પ્રવર્તવું. [પ્રવ. સારો. ૩૧૧]

**તૃતીયશ્લોક :** (૧૮) અપૂર્વજ્ઞાનગ્રહણ=નવું નવું જ્ઞાન નિરંતર મેળવતા રહેવું, (૧૯) શ્રુતભક્તિ=શ્રુત વિશે બહુમાન ધરાવવું, અને (૨૦) પ્રવચનપ્રભાવના=યથાશક્તિએ ઉપદેશાદિ દ્વારા શાસનની પ્રભાવના કરવી. આ ૨૦ કારણો દ્વારા જીવ તીર્થંકરપણું મેળવે છે. [પ્રવ. સારો. ૩૧૨]

તો જે જીવે આ ૨૦ સ્થાનોની વિશેષ આરાધના દ્વારા તીર્થંકરનામકર્મ બાંધ્યું હોય, તેવા કેવળજ્ઞાની પરમાત્મા તેરમા સયોગીગુણઠાણે, તે તીર્થંકરનામકર્મના ઉદયથી ત્રણ ભુવનના અધિપતિ એવા જિનેન્દ્ર બને છે.

સામાન્યકેવળીઓ 'જિન' કહેવાય... અને તીર્થંકરનામકર્મના ઉદયવાળો જીવ, અષ્ટ મહાપ્રાતિહાર્ય - સમવસરણ વગેરે અમાપ ઐશ્વર્યથી સુશોભિત હોવાથી, તે સામાન્યકેવળીઓમાં ઇન્દ્રસમાન હોઈ 'જિનેન્દ્ર' કહેવાય છે.

**छायासन्मित्रम्**

(55) दर्शनविनयौ आवश्यकानि च शीलव्रते निरतिचारता ।
क्षणलवतपस्त्यागा वैयावृत्त्यं समाधिश्च ॥२॥

(56) अपूर्वज्ञानग्रहणं श्रुतभक्तिः प्रवचने प्रभावना ।
एतैः कारणैस्तीर्थकरत्वं लभते जीवः ॥३॥

'जगत्पतिः' **त्रिभुवनाधिपतिः** 'जिनेन्द्रः' **स्यात्, जिनाः=सामान्यकेवलिनस्तेषामिन्द्र इव जिनेन्द्रः** ॥८५॥

**अथ तीर्थकृतो महिमानमाह –**

**स सर्वातिशयैर्युक्तः, सर्वामरनरैर्नतः ।**
**चिरं विजयते सर्वोत्तमं तीर्थं प्रवर्त्तयन् ॥८६॥**

व्याख्या-'स' **भगवांस्तीर्थकरः,**

"[57]चउरो जम्मप्पभिइ, इक्कारस कम्मसंखए जाए ।
नव दस य देवजणिए, चउतीसं अइसए वंदे ॥१॥"

**ગુણતીર્થ**

આમ સામાન્યકેવળીઓ કરતાં તીર્થંકરકેવળીની વિશેષતા બતાવીને, હવે તીર્થંકર-પરમાત્માનો પ્રકૃષ્ટ મહિમા બતાવે છે –

## ❋ પરમાત્માનો અજોડ વૈભવ ❋

**શ્લોકાર્થ : (૧) સર્વ અતિશયોથી સંપન્ન, (૨) સર્વ દેવ-મનુષ્યો દ્વારા નમસ્કાર કરાયેલા, અને (૩) સર્વોત્તમ શાસનને પ્રવર્તાવનારા એવા તે તીર્થંકર પરમાત્મા દીર્ઘકાળ સુધી વિજયવંત વર્તે છે. (૮૬)**

**વિવેચન :** તે તીર્થંકર પરમાત્મા ત્રણ વિશેષણોથી યુક્ત થઈને, સયોગીગુણઠાણે દીર્ઘકાળ સુધી=ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વક્રોડવર્ષ સુધી વિજયવંત વર્તે છે, અર્થાત્ બીજા દર્શનોથી પરાભવ ન પામી અખંડસામ્રાજ્યવાળા રહે છે. હવે એ પરમાત્માના ત્રણ વિશેષણો આ પ્રમાણે સમજવા –

**(૧) સાતિશયતા :** અદ્‌ભુત એવા ૩૪ અતિશયોથી સંપન્ન પરમાત્મા હોય. એ ૩૪ અતિશયો સંક્ષેપથી આ પ્રમાણે જાણવા –

"(૧) જન્મથી લઈને ૪ અતિશયો હોય, (૨) કર્મક્ષયથી ૧૧ અતિશયો થાય, અને (૩) દેવકૃત ૯ + ૧૦=૧૯ અતિશયો હોય. આ ૩૪ અતિશયોને (અથવા આ ૩૪ અતિશયવાળા પરમાત્માને) હું વંદન કરું છું." [દર્શનશુદ્ધિપ્રકરણ શ્લો-૭]

**छायासन्मित्रम्**

(57) चत्वारो जन्मप्रभृति एकादश कर्मसंक्षये जाते ।
नव दश च देवजनिताश्चतुस्त्रिंशतमतिशयान् वन्दे ॥

**इत्येवंविधैश्चतुस्त्रिंशत्संख्यैरतिशयैर्युक्तः**, **तथा** 'सर्वामरनरैर्नतः' **सकलदेवमानवनमस्कृतः**, 'सर्वोत्तमं' **सकलशासनप्रवरं** 'तीर्थं' **शासनं** 'प्रवर्त्तयन्' **प्रकटयन्** 'चिरं' **देशोनां पूर्वकोटिं यावदुत्कृष्टतो विजयते ॥८६॥**

**अथ तत्तीर्थकृत्कर्म यथा वेद्यते, तदाह –**

**ગુણતીર્થ**

(૨) **લોકપ્રણતિ :** પરમાત્માના યથાર્થવાદિતાદિરૂપ ગુણોને કે પ્રશાંતવાહિતાદિરૂપ પ્રબળ આત્મવિશુદ્ધિને નીહાળીને આકર્ષાઈ ગયેલા બધા દેવ અને માનવો દ્વારા કરાયેલા નમસ્કારવાળા પરમાત્મા છે.

(૩) **તીર્થપ્રવર્તન :** યથાર્થ પદાર્થોને જણાવનાર હોવાથી, બીજા બધા શાસનો કરતાં ચડીયાતા સર્વશ્રેષ્ઠ શાસનરૂપ તીર્થને પ્રવર્તાવનારા પરમાત્મા છે.

આ પરમાત્માનો ૩૪ અતિશયરૂપ વિસ્તાર આ પ્રમાણે સમજવો –

**જન્મજાત ૪ અતિશયો :**

(૧) મળ, રોગ, પરસેવા વગેરેથી રહિત શરીર હોય.

(૨) માંસ અને લોહી શ્વેતવર્ણવાળા હોય.

(૩) આહાર અને નિહાર ચર્મચક્ષુવાળા જીવોને અદશ્ય હોય.

(૪) ઉચ્છ્‌વાસ અને નિઃશ્વાસ કમળની જેમ સુગંધી હોય.

**ઘાતીકર્મના ક્ષયજન્ય ૧૧ અતિશયો :**

(૧) યોજનમાત્ર સમવસરણભૂમિમાં બધા જીવો સમાય.

(૨) બધા જીવો પોતપોતાની ભાષામાં દેશના સમજી શકે.

(૩) પૂર્વે ઉત્પન્ન થયેલા રોગો અને વૈરો ઉપશાંત થઈ જાય.

(૪) નવો રોગ, નવું વૈર ઉત્પન્ન થાય નહીં.

(૫) દુષ્કાળ ન પડે.

(૬) કોઈને કોઈનો ભય ન લાગે. અથવા સ્વ-પર-ચક્ર વગેરેનો ભય ન હોય.

(૭) મરકી ન પ્રવર્તે.

(૮) ઈતિ=સાત પ્રકારનો ઉપદ્રવ ન પ્રવર્તે.

(૯) અતિવૃષ્ટિ ન થાય.

(૧૦) અનાવૃષ્ટિ=વૃષ્ટિનો અભાવ ન થાય.

(૧૧) ઘણા જીવોને સુખ કરનારો ભામંડલનો પ્રકાશ ચારે બાજુ ફેલાય.

**દેવકૃત ૧૯ અતિશયો :**

(૧) પાદપીઠ સહિત મણિરત્નના સિંહાસનની રચના થાય.

(૨) પ્રભુના ઉપર ત્રણ છત્રાતિછત્ર રચાય.

(૩) મહાન ઈન્દ્રધ્વજ પ્રભુની આગળ આકાશમાં ચાલે.

(૪) પ્રભુની બંને બાજુ આકાશમાં શ્વેત ચામરો વીંઝાય.

(૫) બધાથી આગળ સૌ પ્રથમ ધર્મચક્ર પ્રભુની સાથે (વિહાર વખતે) આકાશમાં ચાલે.

(૬) પ્રભુ જ્યાં સ્થિર થાય, ત્યાં મસ્તક ઉપર ૧૨ ગણું ઊંચું અશોકવૃક્ષ રહે.

(૭) દેશના સમયે ભગવાનના ચાર રૂપ થાય.

(૮) મણિ, સુવર્ણ અને રૂપાના ત્રણ ગઢવાળું સમવસરણ રચાય.

(૯) રસ્તા પર કાંટા અધોમુખવાળા=ઊંધા થાય.

(૧૦) પ્રભુના કેશ-રોમ-નખ-દાઢી-મૂછ એ બધું અવસ્થિત રહે, વધે નહીં.

(૧૧) પાંચે ઈન્દ્રિયોના વિષયો અનુકૂળ રહે.

(૧૨) પ્રભુના વિચરણક્ષેત્રે છએ ઋતુના અનુકૂળ ભાવો પ્રગટે.

(૧૩) ગંધોદકની વૃષ્ટિ થાય.

(૧૪) પાંચ વર્ણના પુષ્પોની જાનુપ્રમાણ વૃષ્ટિ થાય.

(૧૫) માર્ગમાં વિહરનાર પ્રભુને પક્ષીઓ પણ પ્રદક્ષિણા આપે.

(૧૬) વેગ કે મંદતા વિના એકદમ અનુકૂળપણે વાયુ ગતિ કરે.

(૧૭) પ્રભુ સુવર્ણના નવ કમળો ઉપર ચરણ સ્થાપન કરતા ચાલે.

(૧૮) માર્ગમાં વિચરણ કરતા પ્રભુને વૃક્ષો પણ નીચા નમીને ઝૂકે.

(૧૯) ગંભીર નાદ સાથે દેવદુંદુભિ આકાશમાં વાગે.

આ પ્રમાણે તીર્થંકરનો મહિમા બતાવીને, હવે એ તીર્થંકરનામકર્મ કઈ રીતે ભોગવાય? એ બતાવવા ગ્રંથકારમહર્ષિ ફરમાવે છે –

**वेद्यते तीर्थकृत्कर्म, तेन सद्देशनादिभिः ।**

**भूतले भव्यजीवानां, प्रतिबोधादि कुर्वता ॥८७॥**

व्याख्या–'तेन' **तीर्थकृता तत्कर्म** 'वेद्यते' **अनुभूयते, किं कुर्वता ?** 'भूतले' **पृथ्वीमण्डले भव्यजीवानां प्रतिबोधादि कुर्वता, आदिशब्दाद्देशविरतिसर्वविरत्यारोपादि विदधता, काभिः ?** 'सद्देशनादिभिः' **तत्त्वोपदेशादिभिः कृत्वा वेद्यते, यदुक्तम् –**

[58] "तं च कहं वेइज्जइ ?, अगिलाए धम्मदेसणाईहिं ।

बज्झइ तं तु भगवओ, तइयभवोसक्कइत्ताणं ॥१॥" [आव. निर्यु. १८३] **इति ॥८७॥**

**ગુણતીર્થ**

## ❋ જિનનામની વેદનપ્રક્રિયા ❋

**શ્લોકાર્થ : તીર્થંકર પરમાત્મા પૃથ્વીતલ પર ભવ્યજીવોને તત્ત્વની દેશનાદિ દ્વારા પ્રતિબોધ વગેરે કરવા વડે તીર્થંકર નામકર્મને ભોગવે છે. (૮૭)**

**વિવેચન :** તીર્થંકર પરમાત્મા, પૃથ્વીમંડળ પર ભવ્યજીવોને તાત્ત્વિક પદાર્થોનો ઉપદેશ વગેરે આપવા દ્વારા (૧) પ્રતિબોધ પમાડે છે, અર્થાત્ ધર્મ પમાડે છે... અને आदि શબ્દથી (૨) દેશવિરતિ આરોપણ, અને (૩) સર્વવિરતિ આરોપણ કરાવે છે, અર્થાત્ દેશવિરતિ-સર્વવિરતિ ઉચ્ચરાવે છે... અને આ બધાના માધ્યમે જ પોતે ઉપાર્જન કરેલું તીર્થંકરનામકર્મ ભોગવે છે.

આ અંગે સિદ્ધાંતમાં જણાવ્યું છે કે –

**શ્લોક :** तं च कहं वेइज्जइ ? अगिलाए धम्मदेसणाईहिं ।

बज्झइ तं तु भगवओ, तइयभवोसक्कइत्ताणं ॥ (आव. निर्यु. १८३)

**અર્થ : પ્રશ્ન :** તે જિનનામકર્મ કેવી રીતે ભોગવાય ? **ઉત્તર :** ગ્લાનિ વિના ધર્મદેશના આદિ દ્વારા જિનનામકર્મ ભોગવાય. અહીં आदि શબ્દથી ૩૪ અતિશયોની પ્રાપ્તિ, વાણીના ૩૫ ગુણોની પ્રાપ્તિ, ત્રણ લોકથી પૂજ્યત્વ... એ બધું પણ જિનનામકર્મના વિપાકોદયરૂપ છે. અર્થાત્ એ બધાથી પણ જિનનામકર્મ ભોગવાય. **પ્રશ્ન :** તે જિનનામકર્મ બંધાય ક્યારે ? **ઉત્તર :** ભગવાનનો જે ભવ છે, તેનાથી પૂર્વના ત્રીજા ભવે એ બંધાય. (દા.ત. પ્રભુ વીરનો ૨૭મો ભવ તીર્થંકર તરીકેનો ભવ છે, તો પૂર્વના ત્રીજા ભવે; એટલે કે ૨૫મા ભવે તે જિનનામ બંધાય...)

**छायासन्मित्रम्**

**(58)** तच्च कथं वेद्यते ? अग्लान्या धर्मदेशनादिभिः ।

बध्यते तत्तु भगवतः, तृतीयभवे अवसर्प्य ॥

अथ केवलिनां स्थितिमाह –

उत्कर्षतोऽष्टवर्षोनं, पूर्वकोटिप्रमाणकम् ।
कालं यावन्महीपीठे, केवली विहरत्यलम् ॥८८॥

व्याख्या-'केवली' **केवलज्ञानवान्** 'महीपीठे' **पृथ्वीमण्डले उत्कर्षतोऽष्टवर्षोनं पूर्वकोटिप्रमाणं कालं यावत्** 'अलं' **अत्यर्थं विहरति, काञ्चनकमलेषु पदन्यासं कुर्वन् अष्टप्रातिहार्यविभूतिकलितः अनेकसुरासुरकोटिसंसेवितो विचरति, अयं च सामान्यकेवलिविहारकालसम्भवो दर्शितः, जिनास्तु मध्यममायुष एव भवन्ति ॥८८॥**

**गुणतीर्थ**

હવે સયોગીગુણઠાણે રહેલા કેવળી પરમાત્માઓનો સ્થિતિકાળ કેટલો હોય? તે બતાવે છે –

## ✱ તેરમે કેવલજ્ઞાનીઓનો સ્થિતિકાળ ✱

**શ્લોકાર્થ : કેવળીભગવંત પૃથ્વી તલ પર ઉત્કૃષ્ટથી ૮ વર્ષન્યૂન પૂર્વક્રોડવર્ષ પ્રમાણ કાળ સુધી સમર્થપણે વિહરે છે. (૮૮)**

**વિવેચન :** કેવલજ્ઞાની મહાત્મા પૃથ્વીમંડલ ઉપર ઉત્કૃષ્ટથી ૮ વર્ષ ન્યૂન પૂર્વક્રોડવર્ષપ્રમાણ કાળ સુધી સમર્થપણે વિચરે છે. એટલે કે (૧) સુવર્ણકમળ ઉપર પાદસ્થાપન કરતા, (૨) આઠ મહાપ્રાતિહાર્યના અદ્ભુત વૈભવથી યુક્ત, અને (૩) અનેક કરોડ દેવ-દાનવોથી સેવાયેલા એવા પરમાત્મા વિચરે છે.

અહીં 'દેશોન પૂર્વક્રોડવર્ષપ્રમાણ' જે કેવળજ્ઞાનીઓની સ્થિતિ કહી, તે સામાન્યકેવળીઓના વિહારકાળને લઈને સમજવી, કારણ કે તેઓનું જ આટલું ઉત્કૃષ્ટ આયુષ્ય સંભવી શકે. બાકી જિનેશ્વર પરમાત્માઓ તો મધ્યમ આયુષ્યવાળા જ હોય છે, એટલે કે ઉત્કૃષ્ટથી પણ ૮૪ લાખ પૂર્વના આયુષ્યવાળા જ હોય છે.

એટલે ફલિતાર્થ એ કે,

(૧) સામાન્યકેવળીઓનો વિચરણકાળ ઉત્કૃષ્ટથી 'દેશોન પૂર્વક્રોડવર્ષ' પ્રમાણ.

(૨) તીર્થંકરકેવળીઓનો વિચરણકાળ ઉત્કૃષ્ટથી '૮૪ લાખ પૂર્વ' પ્રમાણ.

**પ્રશ્ન :** તો પછી પૂર્વે ૮૬મી ગાથાની વૃત્તિમાં 'તીર્થંકરપરમાત્મા દેશોન પૂર્વક્રોડવર્ષ સુધી વિજયવંત વર્તે છે' એવું કેમ જણાવ્યું ?

**ઉત્તર :** એમાં બે શક્યતા છે : (૧) કાં' તો એ નિરૂપણ સામાન્યકેવળીઓની અપેક્ષાએ સમજવાનું, અથવા તો (૨) પૂર્વક્રોડવર્ષમાં ૧૬ લાખ પૂર્વ ઓછા થાય ત્યારે

अथ केवलिसमुद्घातकरणमाह –

चेदायुषः स्थितिर्न्यूना, सकाशाद्वेद्यकर्मणः ।

तदा तत्तुल्यतां कर्त्तुं, समुद्घातं करोत्यसौ ॥८९॥

व्याख्या-'असौ' **केवली** 'चेद्' **यदि** 'वेद्यकर्मणः सकाशात्' **वेदनीयकर्मसमीपाद्** 'आयुषः स्थितिः' **आयुःकर्मावस्थितिः** 'न्यूना' **स्तोका भवति, तदा** 'तत्तुल्यतां कर्त्तुं' **आयुर्वेद्ययोस्तुल्यताकरणार्थं समुद्घातं करोति ॥८९॥**

**अथ तमेव समुद्घातमाह –**

**ગુણતીર્થ**

૮૪ લાખ પૂર્વ ગણાય. હવે પૂર્વક્રોડની અપેક્ષાએ ૧૬ લાખ પૂર્વ એ પણ એક 'દેશ' જ છે. એટલે દેશોન=૧૬ લાખપૂર્વન્યૂન પૂર્વક્રોડવર્ષ=૮૪ લાખ પૂર્વવર્ષ... આ પ્રમાણે ૮૪ લાખપૂર્વને પણ દેશોનપૂર્વક્રોડવર્ષ તરીકે વિવક્ષા કરીને, તીર્થંકર પરમાત્માનો ઉત્કૃષ્ટ વિચરણકાળ 'દેશોન પૂર્વક્રોડવર્ષ' કહ્યો હોય, એવું જણાય છે. છતાં આ બાબતમાં બહુશ્રુતો કહે તે પ્રમાણ...

હવે સયોગીગુણઠાણે રહેલો જીવ કેવળીસમુદ્ઘાત કરે છે, એ વાત બતાવવા ગ્રંથકારમહર્ષિ ફરમાવે છે –

## ❋ કેવળીસમુદ્ઘાતની કરણી ❋

**શ્લોકાર્થ : જો વેદનીયકર્મ કરતાં આયુષ્યકર્મની સ્થિતિ ઓછી હોય, તો એ બે કર્મને તુલ્ય કરવા માટે કેવળજ્ઞાની મહાત્મા સમુદ્ઘાતની પ્રક્રિયા કરે છે. (૮૯)**

**વિવેચન :** કેવળજ્ઞાની પરમાત્મા જો વેદનીયકર્મ કરતાં આયુષ્યકર્મની સ્થિતિ ઓછી હોય. ઉપલક્ષણથી એ પણ સમજવું કે નામ-ગોત્રકર્મ કરતાં આયુષ્યકર્મની સ્થિતિ ઓછી હોય... તો એ ઓછા આયુષ્યના ગાળામાં તે દીર્ઘસ્થિતિવાળું કર્મ શી રીતે ખપે ? એટલે એ કર્મ ખપાવવા વેદનીય-આયુષ્યાદિ બધા કર્મોની સ્થિતિ તુલ્ય બનાવે... અર્થાત્ વેદનીયાદિ કર્મોની દીર્ઘસ્થિતિ ઓછી કરીને આયુષ્યકર્મની સ્થિતિતુલ્ય બનાવે.

અને આ રીતે બધા કર્મોની સ્થિતિ તુલ્ય બનાવવા માટે જ તે કેવળજ્ઞાની પરમાત્મા સમુદ્ઘાતની પ્રક્રિયા કરે છે. (આ પ્રક્રિયા દ્વારા બધાની સ્થિતિ તુલ્ય બને.)

હવે 'સમુદ્ઘાત' કોને કહેવાય ? એ બતાવવા જ ગ્રંથકારમહર્ષિ ફરમાવે છે કે –

दण्डत्वं च कपाटत्वं, मन्थानत्वं च पूरणम् ।
कुरुते सर्वलोकस्य चतुर्भिः समयैरसौ ॥९०॥

व्याख्या-**प्रथमं समुद्घातस्वरूपमुच्यते – यथास्वभावस्थितानामात्मप्रदेशानां वेदनादिभिः सप्तभिः कारणैः समन्तादुद्घातनं=स्वभावादन्यभावेन परिणमनं समुद्घातः, स च सप्तधा – वेदनासमुद्घातः, कषायसमुद्घातः, मरणसमुद्घातः, वैक्रियसमुद्घातः, तैजससमुद्घातः, आहारकसमुद्घातः, केवलिसमुद्घातश्च, यदाह –**

"[59]वेयण कसायमरणे, वेउव्विअ तेअ आहार केवलिओ
नरसुरतिरिनरएसु, सग पण तिय चउ समुग्घाया ॥१॥

गुणतीर्थ

### ❋ કેવળીસમુદ્ઘાતનું સ્વરૂપ ❋

**શ્લોકાર્થ : તે કેવળજ્ઞાની પહેલા સમયે દંડ, બીજા સમયમાં કપાટ, ત્રીજા સમયમાં મંથાન અને ચોથા સમયે આખા લોકને પૂરે છે. આ પ્રમાણે (સમુદ્ઘાત કરતો જીવ) ચાર સમયમાં લોકવ્યાપી બને છે. (૯૦)**

**વિવેચન :** કેવળી સમુદ્ઘાતનું સ્વરૂપ જાણવા પહેલા 'સમુદ્ઘાત' કોને કહેવાય ? એ જાણી લઈએ –

**સમુદ્ઘાત :** સ્વાભાવિક રીતે શરીરમાં અવસ્થિત રહેલા આત્મપ્રદેશોને વેદના વગેરે સાત કારણોથી समन्तात्=બધી બાજુથી उद्घातन=પોતાના સ્વભાવથી અન્યસ્વભાવે પરિણમાવવું. એટલે કે આત્મપ્રદેશો જે અવસ્થામાં હતા, તે અવસ્થા બદલીને અમુક કાળ બીજી અવસ્થામાં લાવવા... તે 'સમુદ્ઘાત' કહેવાય.

તે સમુદ્ઘાત સાત પ્રકારે છે –

| સંખ્યા | નામ | સંખ્યા | નામ |
|---|---|---|---|
| ૧ | વેદના સમુદ્ઘાત | ૫ | તૈજસ સમુદ્ઘાત |
| ૨ | કષાય સમુદ્ઘાત | ૬ | આહારક સમુદ્ઘાત |
| ૩ | મરણ સમુદ્ઘાત | ૭ | કેવળી સમુદ્ઘાત |
| ૪ | વૈક્રિય સમુદ્ઘાત | | |

સિદ્ધાંતમાં પણ જણાવ્યું છે કે –

**પ્રથમશ્લોકાર્થ :** (૧) વેદના, (૨) કષાય, (૩) મરણ, (૪) વૈક્રિય, (૫) તૈજસ,

छायासन्मित्रम्

(59) वेदनाकषायमरणवैक्रियतैजसाहारककैवलिकाः ।
नरसुरतिर्यग्नरकेषु, सप्त पञ्च त्रयश्चत्वारः समुद्घाताः ॥१॥

[60] पण तिरिसन्निपणिंदिएसु चउरो पज्जत्तथूलवाऊसु ।
छत्तेसंतमुहुत्ता अडसामइयओ य केवलिओ ॥२॥"

गुणतीर्थ

(૬) આહારક, અને (૭) કેવળી - આ સાત સમુદ્ઘાત છે. તેમાંથી **મનુષ્યગતિમાં** સાતે સમુદ્ઘાત હોઈ શકે, (કારણ કે મનુષ્યમાં બધા ભાવો સંભવિત છે.) **દેવગતિમાં** ૧ થી ૫ સમુદ્ઘાત જ હોય. (કારણ કે દેવને ચૌદ પૂર્વનું જ્ઞાન ન હોવાથી આહારક સમુદ્ઘાત ન હોય, અને દેવ સર્વજ્ઞ બની શકતો ન હોવાથી, કેવળીસમુદ્ઘાત પણ ન હોય...) **તિર્યંચગતિમાં** (વૈક્રિયલબ્ધિવાળા સંજ્ઞી પંચેન્દ્રિય અને બાદર પર્યાપ્ત વાઉકાય સિવાયના જીવોને) ૧ થી ૩ સમુદ્ઘાત જ હોય. વૈક્રિયાદિ સમુદ્ઘાત ન હોય. અને **નરકગતિમાં** ૧ થી ૪ સમુદ્ઘાત જ હોય. (આહારક અને કેવળીસમુદ્ઘાત ઉપરોક્ત કારણોથી ન હોય... અને તેજોલેશ્યાની લબ્ધિ ન હોવાથી તૈજસ સમુદ્ઘાત પણ ન હોય.)

**દ્વિતીયશ્લોકાર્થ :** પંચેન્દ્રિય તિર્યંચ સંજ્ઞી પંચેન્દ્રિય અને પર્યાપ્ત બાદર વાઉકાય આ બે જીવોને ૧ થી ૪ સમુદ્ઘાત હોય... (આ તિર્યંચોને વૈક્રિયલબ્ધિ હોવાથી ત્રણ ઉપરાંત વૈક્રિય સમુદ્ઘાત પણ હોય.) હવે તેઓનો કાળ જોઈએ - સાત સમુદ્ઘાતમાં શરૂઆતમાં જે છ સમુદ્ઘાત છે, તેઓનો કાળ અંતર્મુહૂર્તપ્રમાણ છે... અને છેલ્લો કેવળીસમુદ્ઘાત ૮ સમય પ્રમાણ છે.

આ સાતે સમુદ્ઘાતનું સંક્ષિપ્તસ્વરૂપ આ પ્રમાણે સમજવું –

**(૧) વેદના સમુદ્ઘાત :**

o વેદનાથી દુઃખી થયેલો આત્મા, અનંત કર્મોથી પરિવરેલા પોતાના આત્મપ્રદેશોને શરીરમાંથી બહાર કાઢે અને તેનાથી મુખ વગેરે પોલા ભાગોને પૂરી દે છે. આમ આત્મા શરીરપ્રમાણ વ્યાપક બનીને અંતર્મુહૂર્ત સુધી રહે. એ અંતર્મુહૂર્ત્તમાં અશાતાવેદનીય કર્મના ઘણા અંશોનો નાશ કરે છે અને નવા બાંધે પણ છે. આ રીતે એક અંતર્મુહૂર્ત્તનો કાળ વેદનાસમુદ્ઘાતનો હોય છે.

**(૨) કષાયસમુદ્ઘાત :**

o કષાયોથી વ્યાકુળ જીવાત્મા, શરીરના પોલા ભાગોને આત્મપ્રદેશોથી ભરી દઈ,

छायासन्मित्रम्

(60) पञ्च तिर्यक्संज्ञिपञ्चेन्द्रियेषु, चत्वारः पर्याप्तस्थूलवायुषु ।
षट् तेषामन्तर्मुहूर्त्ताः, अष्टसामयिकश्च कैवलिकः ॥२॥

શરીરવ્યાપી બનીને, એક અંતમુહૂર્ત જેટલા કાળમાં કષાયમોહનીય કર્મના ઘણા અંશોનો નાશ કરે છે અને નવા બાંધે પણ છે.

**(૩) મરણ સમુદ્‌ઘાત :**

જ્યારે એક અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી હોય, ત્યારે શરીરના પોલા ભાગોને આત્મ-પ્રદેશોથી ભરી શરીર જેટલી જાડાઈ-પહોળાઈવાળો બને છે. પણ લંબાઈમાં જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલો અને ઉત્કૃષ્ટથી એક દિશામાં ઉત્પત્તિસ્થાન સુધી અસંખ્ય યોજન જેટલો બને છે. પછી અંતર્મુહૂર્તકાળમાં આયુષ્યકર્મનાં ઘણાં દલિકોનો નાશ કરીને મૃત્યુ પામે છે.

**(૪) વૈક્રિયસમુદ્‌ઘાત :**

o વૈક્રિય શક્તિવાળો જીવ, શરીરમાંથી આત્મપ્રદેશોને બહાર કાઢી, શરીરના પોલા ભાગોને આત્મપ્રદેશોથી ભરે છે. જાડાઈ-પહોળાઈમાં શરીરપ્રમાણ બને છે. અને લંબાઈમાં સંખ્યાતા યોજનની દંડાકૃતિ બનાવે છે. અંતર્મુહૂર્ત્ત-કાળ આ પ્રમાણે રહી, તેનાથી વૈક્રિય વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી ઉત્તર વૈક્રિય શરીર બનાવે.

**(૫) તૈજસસમુદ્‌ઘાત :**

o 'તેજોલેશ્યા' નામની શક્તિવાળો જીવ, વૈક્રિયસમુદ્‌ઘાતની જેમ જ સ્વશરીરપ્રમાણ જાડો-પહોળો બને છે... અને સંખ્યાત યોજન પ્રમાણ દંડાકૃતિવાળો બનીને અંતર્મુહૂર્તકાળમાં તૈજસ વર્ગણાના પુદ્‌ગલ ગ્રહણ કરી તેજોલેશ્યા છોડે છે.

**(૬) આહારકસમુદ્‌ઘાત :**

o આહારક લબ્ધિવાળા ચૌદ પૂર્વધર આહારક શરીર બનાવે... અને તે શરીર બનાવતી વખતે આ સમુદ્‌ઘાત કરે છે. તેઓ પણ શરીરમાંથી આત્મપ્રદેશો બહાર કાઢીને શરીરપ્રમાણ જાડાઈ-પહોળાઈ કરે... અને અંતર્મુહૂર્ત-કાળમાં ઘણાં બધાં આહારકવર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી, આહારક શરીર બનાવે.

**(૭) કેવળીસમુદ્‌ઘાત :**

o વેદનીયાદિ કર્મને આયુષ્યકર્મની તુલ્યસ્થિતિએ બનાવવા માટે કેવળી ભગવંતો જ આ સમુદ્‌ઘાત કરે છે. આ સમુદ્‌ઘાતનો કાળ માત્ર આઠ સમયનો જ હોય છે.

**इत्येतेषु सप्तसु समुद्घातेष्वन्त्यः केवलिसमुद्घातः, तदर्थमसौ केवली आयुर्वेद्ययोः समीकरणार्थमात्मप्रदेशैरूद्र्ध्वाधो लोकान्तं यावत्प्रसारितैरेकस्मिन् समये** 'दण्डत्वं' **दण्डाकारत्वं कुरुते, द्वितीये समये पूर्वापरयोर्दिशोर्विस्तृतैरात्मप्रदेशैरेव** 'कपाटत्वं' **कपाटाकारत्वं कुरुते, तृतीये समये दक्षिणोत्तरयोर्दिशोरप्यात्मप्रदेशैः कपाटाकार-विस्तृतैर्मन्थानत्वं=मन्थानाकारत्वं कुरुते, चतुर्थे समयेऽन्तरालपूरणेन** 'सर्वलोकस्य' **चतुर्दशरज्ज्वात्मकलोकस्य पूरणं कुरुते, एवं केवली समुद्घातं कुर्वन् चतुर्भिः समयैर्विश्वव्यापी भवति ॥९०॥**

**अथ ततो निवृत्तिमाह –**

**ગુણતીર્થ**

આ સાત સમુદ્ઘાતોમાં છેલ્લો સમુદ્ઘાત 'કેવળીસમુદ્ઘાત' છે... તે કેવળીસમુદ્ઘાત માટે કેવળજ્ઞાની મહાત્મા, આયુષ્ય અને વેદનીયાદિ કર્મોની સ્થિતિ તુલ્ય બનાવવા માટે.....

(૧) **પહેલા સમયે** પોતાના આત્મપ્રદેશોને ઊર્ધ્વલોકના છેડાથી લઈને અધોલોકના છેડા સુધી ફેલાવે... અને એક જ સમયમાં એ આત્મપ્રદેશોને દંડના આકાર જેવા દીર્ઘશ્રેણિવાળા બનાવે. (એટલે કે પોતાના શરીરપ્રમાણ પહોળી અને ઊર્ધ્વ-અધોલોક પ્રમાણ ઊંચી, પોતાના આત્માની દંડાકૃતિ બનાવે...)

(૨) **બીજા સમયે** પૂર્વ-પશ્ચિમ દિશામાં (કે ઉત્તર-દક્ષિણ દિશામાં) વિસ્તૃત થયેલા એવા તે આત્મપ્રદેશો દ્વારા જ કપાટની આકૃતિ બનાવે છે.

(૩) **ત્રીજા સમયે** ઉત્તર-દક્ષિણ દિશામાં (કે પૂર્વ-પશ્ચિમ દિશામાં), કપાટના આકારે વિસ્તૃત એવા તે આત્મપ્રદેશો દ્વારા જ મંથાનની=રવૈયાની આકૃતિ બનાવે છે.

(૪) **ચોથા સમયે** એ આત્મપ્રદેશોની મંથાનાકૃતિમાં જે વચલા આંતરા હોય, તે પણ આત્મપ્રદેશો દ્વારા પૂરવાથી, આ સમયે કેવલી પરમાત્મા ૧૪ રાજપ્રમાણ સંપૂર્ણ લોકને આત્મપ્રદેશો દ્વારા પૂરે છે.

આ પ્રમાણે સમુદ્ઘાત કરનારા કેવળજ્ઞાની પરમાત્મા ૪ સમયમાં સંપૂર્ણ વિશ્વવ્યાપી બને છે.

હવે વિશ્વવ્યાપી બન્યા બાદ, પોતાના આત્મપ્રદેશોને સંકોચવા તરફ પાછા ફરેલા કેવળીભગવંત કઈ રીતે એ સમુદ્ઘાતથી નિવૃત્ત થાય છે ? તે બતાવવા ગ્રંથકારમહર્ષિ ફરમાવે છે –

**एवमात्मप्रदेशानां, प्रसारणविधानतः ।**
**कर्मलेशान् समीकृत्योत्क्रमात्तस्मान्निवर्त्तते ॥९१॥**

व्याख्या-'एवं' **अमुना पूर्वोक्तप्रकारेण केवली सर्वात्मप्रदेशानां** 'प्रसारणविधानतो' **विस्तारणप्रयोगात् कर्मलेशान् समीकृत्य** 'तस्माद्' **समुद्घाताद्** 'उत्क्रमाद्' **विपरीतक्रमाद् निवर्त्तते । अयमर्थः – चतुर्भिः समयैर्जगत्पूरणं कृत्वा पञ्चमे समये पूरणान्निवर्त्तते, षष्ठे समये मन्थानत्वं निवर्त्तयति, सप्तमे समये कपाटत्वमुपसंहरति, अष्टमे समये दण्डत्वमुपसंहरन् स्वभावस्थो भवति, यदाह वाचकमुख्यः –**

गुणतीर्थ

## ❋ કેવળીસમુદ્ઘાતથી નિવૃત્તિ ❋

**શ્લોકાર્થ : આ પ્રમાણે આત્મપ્રદેશોને પ્રસારવાની=વિસ્તારવાની પ્રક્રિયાથી તે કેવળજ્ઞાની કર્મના અંશોને સમાન બનાવી ઉત્ક્રમથી=ઉલટા ક્રમે સમુદ્ઘાતથી પાછા ફરે છે. (૯૧)**

**વિવેચન :** પૂર્વે કહેલી પ્રક્રિયા મુજબ કેવળજ્ઞાની પરમાત્મા પોતાના આત્મપ્રદેશોને વિસ્તારવાની પ્રક્રિયાથી કર્મના અંશોને સમાન કરે છે. એટલે કે આયુષ્યકર્મ અને વેદનીયાદિ કર્મો સમાનસ્થિતિક બનાવે છે... અને ત્યારબાદ એ સમુદ્ઘાતથી વિપરીતક્રમે પાછા ફરે છે. એટલે કે સમુદ્ઘાત કરવા ઉત્તરોત્તર સમયે જે પ્રક્રિયાઓ કરી હતી, તે જ પ્રક્રિયાઓને હવેના સમયોમાં સંકોચે છે.

આનો **તાત્પર્યાર્થ** આ પ્રમાણે સમજવો –

(૫) સમુદ્ઘાતમાં ચાર સમયમાં આખા જગતને પોતાના આત્મપ્રદેશોથી પૂરીને, અર્થાત્ લોકવ્યાપી બનીને, હવે **પાંચમા સમયે** અંતરપૂર્તિથી પાછા ફરે છે. (એટલે કે મંથાનના આંતરામાં પૂરેલા આત્મપ્રદેશોને સંકોચી મંથાનાકૃતિવાળા બને છે.)

(૬) **છઠ્ઠા સમયે** એ મંથાનાકૃતિથી પણ પાછા ફરે છે. એટલે કે મંથાનાકારે વિસ્તરેલા આત્મપ્રદેશોને સંકોચી કપાટાકૃતિવાળા બને છે.

(૭) **સાતમા સમયે** તે કપાટાકૃતિને પણ સંહરે છે. એટલે કે કપાટાકારે વિસ્તરેલા આત્મપ્રદેશોને સંકોચી દંડાકૃતિવાળા બને છે.

(૮) **આઠમા સમયે** તે દંડાકૃતિનો પણ ઉપસંહાર કરી (=દંડાકારે વિસ્તરેલા આત્મપ્રદેશોને સંકોચી) સ્વભાવસ્થ=પોતાના શરીરપ્રમાણ બને છે.

આ (=કેવળીસમુદ્ઘાત) અંગે વાચકમુખ્ય શ્રીઉમાસ્વાતિમહારાજે **પ્રશમરતિપ્રકરણ** નામના ગ્રંથમાં જણાવ્યું છે કે –

"दण्डं प्रथमे समये, कपाटमथ चोत्तरे तथा समये ।
मन्थानमथ तृतीये, लोकव्यापी चतुर्थे तु ॥१॥
संहरति पञ्चमे त्वन्तराणि मन्थानमथ पुनः षष्ठे ।
सप्तमके तु कपाटं, संहरति ततोऽष्टमे दण्डम् ॥२॥" **॥९१॥**

**अथ केवली समुद्घातं कुर्वन् यथा योगवान् अनाहारकश्च भवति, तथा श्लोकद्वयेनाऽऽह –**

**समुद्घातस्य तस्याद्ये, चाष्टमे समये मुनिः ।**
**औदारिकाङ्गयोगः स्याद्, द्विषट्सप्तमकेषु च ॥९२॥**
**मिश्रौदारिकयोगी च तृतीयाद्येषु तु त्रिषु ।**
**समयेष्वेककर्माङ्गधरोऽनाहारकश्च सः ॥९३॥ युग्मम् ॥**

व्याख्या–'स' **केवली समुद्घातं कुर्वन्** 'आद्ये' **प्रथमे** 'अष्टमे' **अन्त्ये चेति समयद्वये**

**ગુણતીર્થ**

**પ્રથમશ્લોકાર્થ :** (૧) પહેલા સમયમાં દંડાકૃતિ બનાવે, (૨) બીજા સમયમાં કપાટાકૃતિ બનાવે, (૩) ત્રીજા સમયમાં મંથાનાકૃતિ બનાવે, અને (૪) ચોથા સમયમાં લોકવ્યાપી બને છે. [પ્રશ. શ્લો. ૨૭૪]

**દ્વિતીયશ્લોકાર્થ :** (૫) પાંચમા સમયે મંથાનના આંતરાઓમાં રહેલા આત્મપ્રદેશોને સંહરે, (૬) છઠ્ઠા સમયે મંથાનને સંહરે, (૭) સાતમા સમયે કપાટને સંહરે, અને (૮) આઠમા સમયે દંડને સંહરે, અર્થાત્ શરીરસ્થ બને. [પ્રશ. શ્લોક. ૨૭૫]

હવે કેવળીસમુદ્ઘાત કરનારો જીવ (૧) કયા સમયે કયા યોગવાળો હોય છે, અને (૨) ક્યારે અણાહારી=આહારરહિત હોય છે ? એ બે બાબતો જણાવવા ગ્રંથકારમહર્ષિ બે શ્લોકો દ્વારા ફરમાવે છે –

## ❋ કેવળીસમુદ્ઘાતમાં યોગ અને અનાહારીપણું ❋

**શ્લોકાર્થ : કેવળી મુનિ તે સમુદ્ઘાતના પહેલા અને આઠમા સમયે ઔદારિકકાયયોગવાળા હોય છે. બીજા-છઠ્ઠા અને સાતમા સમયે ઔદારિકમિશ્ર કાયયોગવાળા હોય છે. તથા ત્રીજા-ચોથા-પાંચમા એ ત્રણ સમયમાં માત્ર એક કાર્મણકાયયોગવાળા હોય છે અને (તે ત્રણ સમયે જ) અનાહારક હોય છે. (૯૨-૯૩)**

**વિવેચન :** વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી કે ક્ષયથી, તથા પુદ્ગલોના આલંબનથી

'औदारिकाङ्गयोगः स्यात्' **औदारिकशरीरयोगवान् भवति, द्वितीयषष्ठसप्तमकेषु समयेषु तु पुनः स केवली समुद्घातं कुर्वन्** 'मिश्रौदारिकयोगी च स्यात्' **मिश्रौदारिकयोगवान् भवति, मिश्रत्वं चात्र कार्मणेनैव सहौदारिकस्य,** 'तृतीयाद्येषु त्रिषु तु' **पुनस्तृतीयप्रमुखेषु**

**ગુણતીર્થ**

થતા આત્મપ્રદેશોના પરિસ્પંદ-કંપનવ્યાપારને 'યોગ' કહેવાય છે. તે યોગ આલંબનોની અપેક્ષાએ ત્રણ પ્રકારે છે :

(૧) **મનોયોગ :** મનોવર્ગણાના પુદ્ગલોના આલંબનથી આત્માનું જે પ્રદેશ-કંપન થાય તે.

(૨) **વચનયોગ :** ભાષાવર્ગણાના પુદ્ગલોના આલંબનથી આત્માનું જે પ્રદેશ-કંપન થાય તે.

(૩) **કાયયોગ :** ઔદારિકાદિ વર્ગણાના પુદ્ગલોના આલંબનથી આત્માનું જે પ્રદેશ-કંપન થાય તે.

પ્રસ્તુતમાં, કેવળીસમુદ્ઘાતની પ્રક્રિયામાં (૧) મનોયોગ, અને (૨) વચનયોગનું તો કોઈ પ્રયોજન હોતું નથી. **ધર્મસાર** ગ્રંથની ટીકામાં પૂ. હરિભદ્રસૂરિ મ.સા.એ. જણાવ્યું છે કે, 'मनोवचसी तदा न व्यापारयति, प्रयोजनाभावात्' એટલે અહીં કાયયોગ હોય.

કાયયોગના સાત પ્રકાર છે : (૧) ઔદારિક, (૨) ઔદારિકમિશ્ર, (૩) વૈક્રિય, (૪) વૈક્રિયમિશ્ર, (૫) આહારક, (૬) આહારકમિશ્ર, અને (૭) કાર્મણ... આ સાતમાંથી સમુદ્ઘાત કરનારા કેવળજ્ઞાની મહાત્માને ઔદારિક, ઔદારિકમિશ્ર અને કાર્મણ - આ ત્રણ યોગ જ ઉપયોગમાં આવે છે. તે આ પ્રમાણે –

(૧) **ઔદારિકકાયયોગ :** (૧+૮ સમય)

સમુદ્ઘાત કરનાર કેવળજ્ઞાની મહાત્મા સમુદ્ઘાતના પહેલા અને છેલ્લા સમયે 'ઔદારિકકાયયોગવાળા' હોય છે.

(૨) **ઔદારિકમિશ્રકાયયોગ :** (૨+૬+૭ સમય)

અહીં 'મિશ્રપણું' એટલે ઔદારિક શરીરનું કાર્મણશરીર સાથે જ જોડાણ... એટલે કે અહીં ઔદારિકરૂપ સ્થૂલ શરીરની સાથે કાર્મણકાયરૂપ સૂક્ષ્મ શરીર પણ પ્રયત્નશીલ બને છે. તે સમુદ્ઘાત કરનાર કેવળીભગવંત બીજા, છઠ્ઠા અને સાતમા સમયે ઔદારિકમિશ્ર-કાયયોગવાળા હોય છે.

(૩) **કાર્મણકાયયોગ :** (૩+૪+૫ સમય)

સમુદ્ઘાત કરનાર કેવળજ્ઞાની મહાત્મા ત્રીજા, ચોથા અને પાંચમા સમયે કેવળ એક કાર્મણકાયયોગવાળા હોય છે. અને કેવળ કાર્મણકાયયોગ જ હોવાથી, એ અવસરે જીવ

**त्रिषु समयेषु तृतीयचतुर्थपञ्चमलक्षणेषु स केवली केवलैककर्माङ्गधरो भवति, केवलकार्मणकाययोगी भवति,** 'तदा' **तत्र समये स केवली केवलकार्मणकाययोगत्वादनाहारको भवति, यदाह –**

"औदारिकप्रयोक्ता प्रथमाष्टमसमययोरसाविष्टः ।
मिश्रौदारिकयोक्ता सप्तमषष्ठद्वितीयेषु ॥१॥
कार्मणशरीरयोक्ता चतुर्थके पञ्चमे तृतीये च ।
समयत्रये च तस्मिन् भवत्यनाहारको नियमात् ॥२॥" **॥९२-९३॥**

**अत्र यः केवली समुद्घातं करोति, तदाह –**

**यः षण्मासाधिकायुष्को, लभते केवलोद्गमम् ।**
**करोत्यसौ समुद्घातमन्ये कुर्वन्ति वा नवा ॥९४॥**

**गुणतीर्थ**

અનાહારી=આહાર ગ્રહણ કરવાના પરિણામથી શૂન્ય હોય છે. (આહારગ્રહણ ઔદારિકાદિ સ્થૂલ શરીરથી થાય અને એ વખતે તે સ્થૂલશરીરનો વ્યાપાર જ ન હોવાથી, ત્યારે જીવ આહારકગ્રહણ કરે નહીં, અર્થાત્ અનાહારી બને.)

આમ સમુદ્ઘાત કરનાર કેવળજ્ઞાની મહર્ષિના યોગ અને અનાહાર અંગે **પ્રશમરતિપ્રકરણમાં** પૂજ્ય ઉમાસ્વાતિમહારાજે જણાવ્યું છે કે –

**પ્રથમશ્લોકાર્થ :** સમુદ્ઘાત કરનાર કેવળજ્ઞાની મહાત્મા, પહેલા અને આઠમા સમયમાં ઔદારિકકાયયોગવાળા ઈષ્ટ છે. તથા સાતમા, છઠ્ઠા અને બીજા સમયમાં ઔદારિકમિશ્રકાયયોગવાળા ઈષ્ટ છે. [પ્રશ. શ્લો. ૨૭૩]

**દ્વિતીયશ્લોકાર્થ :** તથા ચોથા, પાંચમા અને ત્રીજા સમયમાં કાર્મણકાયયોગવાળા ઈષ્ટ છે... અને આ ત્રણે (=ત્રીજા, ચોથા, પાંચમા) સમયમાં તે કેવળજ્ઞાની અવશ્ય અનાહારક હોય છે. [પ્રશ. શ્લો. ૩૭૪]

હવે બધા કેવળજ્ઞાનીઓ સમુદ્ઘાત કરે જ - એવો નિયમ નથી. તો કયા કેવળજ્ઞાનીઓ સમુદ્ઘાત કરે ? એ બતાવવા ગ્રંથકારશ્રી ફરમાવે છે –

## ❋ સમુદ્ઘાત કરનારા કેવળીઓ ❋

**શ્લોકાર્થ : છ મહિના અધિક આયુષ્યવાળો (=જેનું આયુ છ મહિના કે તેનાથી વધુ બાકી હોય તેવો) જીવ જો કેવળજ્ઞાન મેળવે, તો તે અવશ્ય સમુદ્ઘાત કરે જ... અને બીજા જીવો કરે કે ન પણ કરે. (૯૪)**

व्याख्या-**यः षण्मासाधिकायुष्कः सन्** 'केवलोद्गमं' **केवलोत्पत्तिं** 'लभते' **प्राप्नोति, असौ समुद्घातं निश्चयेन करोति,** 'अन्ये' **षण्मासमध्यायुष्काः केवलिनः समुद्घातं कुर्वन्ति वा=अथवा न कुर्वन्ति च, तेषां समुद्घातकरणे भजनैव, यदाह –**

"[61]छम्मासाऊ सेसे, उप्पन्नं जेसि केवलं नाणं ।
ते नियमा समुग्घाया, सेसा समुग्घाइ भइयव्वा ॥१॥" **॥९४॥**

**अथ समुद्घाताद् निवृत्तो यत्करोति, तदाह –**

**समुद्घातान्निवृत्तोऽसौ, मनोवाक्काययोगवान् ।
ध्यायेद्योगनिरोधार्थं, शुक्लध्यानं तृतीयकम् ॥९५॥**

**गुणतीर्थ**

**વિવેચન :** જેમનું છ મહિના કે તેનાથી વધુ આયુષ્ય હોય, તેવા જીવને જો કેવળજ્ઞાન ઉત્પન્ન થાય, તો તે કેવળજ્ઞાની નિશ્ચે સમુદ્ઘાત કરે જ. (અને તે સમુદ્ઘાત આયુષ્ય પૂર્ણ થવાને અંતર્મુહૂર્ત્ત બાકી હોય ત્યારે કરે... ત્યારબાદ તરત યોગનિરોધાદિની પ્રક્રિયા કરે.)

**અન્યત્ર ભજના :**

જે જીવોનું છ મહિનાની અંદરનું આયુષ્ય હોય, તે જીવો કેવળજ્ઞાન પામ્યા પછી કેવળી થયા બાદ સમુદ્ઘાત કરે અથવા ન પણ કરે. આમ સમુદ્ઘાત કરવામાં તેમની ભજના સમજવી.

આ વિશે શાસ્ત્રમાં જણાવ્યું છે કે –

"છ મહિના કે તેનાથી અધિક આયુષ્ય બાકી હોય ત્યારે જેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે, તે જીવો નિયમા સમુદ્ઘાતવાળા છે... અને તે સિવાયના જીવો સમુદ્ઘાત અંગે ભજનાવાળા છે. (અર્થાત્ સમુદ્ઘાત કરે અથવા ન પણ કરે.)"

હવે સમુદ્ઘાત પૂર્ણ થયા પછી, તેનાથી નિવૃત્ત થયેલા કેવળજ્ઞાની મહાત્મા શું કરે ? તે બતાવવા ગ્રંથકારમહર્ષિ કહે છે –

## ❋ યોગનિરોધ તરફ પગલું ❋

**શ્લોકાર્થ : સમુદ્ઘાતથી નિવૃત્ત થયેલા તે મન-વચન-કાયાના યોગવાળા કેવળી ભગવાન, ત્રણ યોગનો નિરોધ કરવા, ત્રીજું શુક્લધ્યાન ધ્યાવે છે. (૯૫)**

छायासन्मित्रम्

**(61)** षण्मासायुषि शेषे उत्पन्नं येषां केवलज्ञानम् ।
ते नियमात्समुद्घातिनः शेषाः समुद्घाते भक्तव्याः ॥१॥

व्याख्या-**असौ मनोवाक्काययोगवान् केवली=सयोगिकेवली समुद्घातान्निवृत्तः सन्** 'योगनिरोधार्थं' **योगनिरोधनिमित्तं तृतीयं शुक्लध्यानं ध्यायेत्** ॥९५॥

**अथ तदेव तृतीयं शुक्लध्यानमाह –**

**आत्मस्पन्दात्मिका सूक्ष्मा, क्रिया यत्रानिवृत्तिका ।**

**तत्तृतीयं भवेच्छुक्लं, सूक्ष्मक्रियाऽनिवृत्तिकम् ॥९६॥**

व्याख्या-**तस्मिन्नवसरे तस्य केवलिनस्तृतीयं सूक्ष्मक्रियाऽनिवृत्तिकं नाम शुक्लध्यानं**

**ગુણતીર્થ**

**વિવેચન :** સમુદ્ઘાતની ક્રિયાથી નિવૃત્ત થયા બાદ તે કેવળજ્ઞાની મહાત્મા મન-વચન-કાયાના ત્રણે યોગોમાં પ્રવૃત્ત હોય છે. તે આ પ્રમાણે –

(૧) **મનોયોગ :** અનુત્તરદેવો, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની મહાત્મા વગેરેને તત્ત્વાનુપ્રેક્ષા કરતા શંકા ઉપજે, તો તેમની શંકાનું નિરાકરણ કરવા કેવળજ્ઞાનીઓ મનોવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરી મનરૂપે બનાવે. પુદ્ગલોની રચના જ પ્રત્યુત્તરસ્વરૂપ હોય, એને જોઈને તે જીવો સમાધાન મેળવી લે ! કેવળજ્ઞાનીનો આ મનોયોગ (૧) સત્યમનોયોગ, કે (૨) અસત્યામૃષામનોયોગ હોય.

(૨) **વચનયોગ :** કેવળજ્ઞાની પાસે આવીને કોઈ પ્રશ્ન કરે ત્યારે, તથા ધર્મદેશના આપતી વખતે કેવળજ્ઞાની પરમાત્મા ભાષાવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરી વચનયોગને પ્રવર્તાવે... આ વચનયોગ પણ (૧) સત્યવચનયોગ, કે (૨) અસત્યામૃષાવચનયોગ હોય.

(૩) **કાયયોગ :** ગમનાગમન કે આહાર-નિહારની ક્રિયા કરતી વખતે કાયયોગ હોય... અને તે ઔદારિકકાયયોગ હોય.

સમુદ્ઘાત બાદ અંતર્મુહૂર્ત સુધી આ બધા યોગો યથાયોગ્ય પ્રવર્તે, ત્યારબાદ યોગનિરોધ કરવા (=તે યોગોને અટકાવવા) કેવળજ્ઞાની મહાત્માઓ ત્રીજું શુક્લધ્યાન ધ્યાવે છે.

તે ત્રીજું શુક્લધ્યાન કયું ? તે બતાવવા જ ગ્રંથકારશ્રી કહે છે –

### ❋ સૂક્ષ્મક્રિયા-અનિવૃત્તિરૂપ ત્રીજું શુક્લધ્યાન ❋

**શ્લોકાર્થ : આત્મસ્પંદનરૂપ સૂક્ષ્મ ક્રિયા જ્યાં નિવૃત્ત થઈ નથી, તે અવસરે તે કેવળજ્ઞાનીને 'સૂક્ષ્મક્રિયા-અનિવૃત્તિ' નામનું ત્રીજું શુક્લધ્યાન થાય... (૯૬)**

**વિવેચન :** યોગનિરોધ કરવાના અવસરે જ્યારે કાયયોગના નિરોધની પ્રક્રિયા ચાલુ થાય, ત્યારે કેવળજ્ઞાની મહાત્માને 'સૂક્ષ્મક્રિયા-અનિવૃત્તિ' નામનું ત્રીજું શુક્લધ્યાન થાય.

भवति, तत् किम् ? यत्राऽऽत्मस्पन्दात्मिका सूक्ष्मा क्रियाऽनिवृत्तिका भवति, कोऽर्थः ? - आत्मस्पन्दात्मिका क्रियाऽपि सूक्ष्मत्वादनिवृत्तिका भवति, सूक्ष्मत्वं मुक्त्वा पुनः स्थूलत्वं न भजतीत्यर्थः ॥९६॥

अथ मनोवचःकाययोगानामपि यथा यथा सूक्ष्मत्वं करोति, तथा तथा श्लोकचतुष्टयेनाऽऽह –

बादरे काययोगेऽस्मिन्, स्थितिं कृत्वा स्वभावतः ।
सूक्ष्मीकरोति वाक्चित्तयोगयुग्मं स बादरम् ॥९७॥
त्यक्त्वा स्थूलं वपुर्योगं, सूक्ष्मवाक्चित्तयोः स्थितिम् ।
कृत्वा नयति सूक्ष्मत्वं, काययोगं तु बादरम् ॥९८॥

गुणतीर्थ

**त्रीજા શુક્લધ્યાનનું સ્વરૂપ :**

આત્મસ્પંદનરૂપ (=આત્મપ્રદેશોના હલનચલનરૂપ) સૂક્ષ્મક્રિયાઓ જ્યાં નિવૃત્તિ પામનારી નથી, એટલે કે તે આત્મસ્પંદનરૂપ ક્રિયા પણ સૂક્ષ્મ હોવાના કારણે ત્યાં વિનાશ પામનારી ન હોય, તે 'સૂક્ષ્મક્રિયા-અનિવૃત્તિ' નામનું ત્રીજું શુક્લધ્યાન સમજવું.

**તાત્પર્યાર્થ :** સંપૂર્ણ આત્મસ્થિરતા તરફના અત્યંત પ્રવર્દ્ધમાન પરિણામના કારણે હવે નિવૃત્ત નહીં થનારી, એટલે કે સૂક્ષ્મમાંથી બાદરરૂપમાં પાછી નહીં ફરનારી, એવી સૂક્ષ્મકાયક્રિયારૂપ અવસ્થા એ જ ધ્યાન... એ જ 'સૂક્ષ્મક્રિયા-અનિવૃત્તિ' નામનું ત્રીજું શુક્લધ્યાન... (અહીં મન નહીં, અને એટલે જ મનની એકાગ્રતા પણ નહીં. છતાં, આને ધ્યાન કેમ કહેવાય ? એ આગળ ૧૦૧મી ગાથામાં બતાવશે. કેવળીઓને કાયસ્થિરતા એ જ ધ્યાન છે.)

હવે મનોયોગ, વચનયોગ, અને કાયયોગ પણ કઈ રીતે સૂક્ષ્મ થાય ? એ વાત ચાર શ્લોકો દ્વારા ગ્રંથકારશ્રી જણાવે છે –

## ❋ યોગસ્થૈર્ય-પ્રક્રિયા ❋

**શ્લોકાર્થ : તે કેવળજ્ઞાની, એ બાદર કાયયોગમાં સ્વાભાવિક સ્થિતિ કરીને સ્થૂલવચનયોગ અને સ્થૂલમનોયોગ બંને બાદર યોગને સૂક્ષ્મ કરે છે. ત્યારબાદ સ્થૂલ (બાદર) કાયયોગને છોડીને સૂક્ષ્મવચનયોગ અને સૂક્ષ્મમનોયોગમાં સ્થિતિ કરીને બાદર-કાયયોગને સૂક્ષ્મપણે પહોંચાડે છે, અર્થાત્ સૂક્ષ્મ કરે છે... હવે તે કેવળજ્ઞાની સૂક્ષ્મકાયયોગમાં ક્ષણભર સ્થિતિ કરીને સૂક્ષ્મવચનયોગ**

स सूक्ष्मकाययोगेऽथ, स्थितिं कृत्वा पुनः क्षणम् ।
निग्रहं कुरुते सद्यः, सूक्ष्मवाक्चित्तयोगयोः ॥९९॥
ततः सूक्ष्मे वपुर्योगे, स्थितिं कृत्वा क्षणं हि सः ।
सूक्ष्मक्रियं निजात्मानं, चिद्रूपं विन्दति स्वयम् ॥१००॥
॥ चतुर्भिः कुलकम् ॥

व्याख्या-**स केवली सूक्ष्मक्रियाऽनिवृत्तिनामकतृतीयशुक्लध्यानध्याता अचिन्त्यात्मवीर्यशक्त्याऽस्मिन् बादरे काययोगे स्वभावतः स्थितिं कृत्वा** 'बादरं वाक्चित्तयोगयुग्मं' **स्थूलवचोमनोयोगयुगलं सूक्ष्मीकरोति** ॥९७॥

**ततः** 'स्थूलं' **बादरं वपुर्योगं त्यक्त्वा सूक्ष्मवाक्चित्तयोः स्थितिं कृत्वा बादरं काययोगं सूक्ष्मत्वं प्रापयति** ॥९८॥

**स सूक्ष्मकाययोगे पुनः** 'क्षणं' **क्षणमात्रं स्थितिं कृत्वा** 'सद्यः' **तत्कालं सूक्ष्मवाक्चित्तयोः** 'निग्रहं' **सर्वथा तत्सम्भवाभावं कुरुते** ॥९९॥

ગુણતીર્થ

**અને સૂક્ષ્મમનોયોગનો શીઘ્ર નિગ્રહ કરે છે. ત્યારબાદ તે કેવળજ્ઞાની સૂક્ષ્મ કાયયોગમાં ક્ષણવાર સ્થિતિ કરીને સૂક્ષ્મક્રિયાવાળા પોતાના ચૈતન્યસ્વરૂપ આત્માને પોતે અનુભવે છે. (૯૭-૯૮-૯૯-૧૦૦)**

**વિવેચન :** 'સૂક્ષ્મક્રિયા-અનિવૃત્તિ' નામના ત્રીજા શુક્લધ્યાનનું ધ્યાન કરનાર તે કેવળજ્ઞાની મહાત્મા, પોતાના આત્માના અચિંત્ય (=કલ્પનાતીત) એવા વીર્યસામર્થ્યથી બાદર કાયયોગમાં સ્વાભાવિક સ્થિતિ કરીને, સૌ પ્રથમ (૧) બાદર વચનયોગ, અને (૨) બાદર મનોયોગને - આ બે બાદરયોગને સૂક્ષ્મ બનાવે છે.

ત્યારબાદ બાદર કાયયોગને છોડીને (અર્થાત્ એમાં સ્થિતિ ન કરીને) અને સૂક્ષ્મ વચનયોગ અને સૂક્ષ્મ મનોયોગમાં સ્થિતિ કરીને બાદર કાયયોગને સૂક્ષ્મ બનાવે છે. (આમ ત્રણે બાદર યોગ સૂક્ષ્મ થાય.)

ત્યારબાદ વળી સૂક્ષ્મ કાયયોગમાં ક્ષણભર સ્થિતિ કરીને શીઘ્ર=તે જ કાળે સૂક્ષ્મ વચનયોગ અને સૂક્ષ્મ મનોયોગનો સર્વથા નિગ્રહ કરે છે. એટલે કે તે બે યોગ વ્યાપારનું અસ્તિત્વ જ ન રહે તેવું કરે છે.

ત્યારબાદ તે કેવળજ્ઞાની સૂક્ષ્મકાયયોગરૂપ સૂક્ષ્મક્રિયાવાળા પોતાના ચૈતન્યસ્વરૂપ આત્માને પોતે જ અનુભવે છે. આ પ્રમાણે ચાર શ્લોકોનો અર્થ જણાવ્યો.

**ततः सूक्ष्मे काययोगे क्षणं स्थितिं कृत्वा** 'हि' **स्फुटं स केवली निजात्मानं सूक्ष्मक्रियं चिद्रूपं स्वयमात्मनैव** 'विन्दति' **अनुभवति ॥१००॥**

**इति श्लोकचतुष्टयार्थः ॥**

**अथ यदेव सूक्ष्मक्रियस्य वपुषः स्थैर्यं भवति, तदेव केवलिनां ध्यानं स्यादित्याह –**

छद्मस्थस्य यथा ध्यानं, मनसः स्थैर्यमुच्यते ।
तथैव वपुषः स्थैर्यं, ध्यानं केवलिनो भवेत् ॥१०१॥

व्याख्या-'यथा' **येन प्रकारेण** 'छद्मस्थस्य' **योगिनो मनसः स्थैर्यं ध्यानमुच्यते**, 'तथैव' **तेन प्रकारेण** 'वपुषः स्थैर्यं' **शरीरस्य निश्चलत्वम्, केवलिनो ध्यानं भवतीति ॥१०१॥**

**अथ शैलेशीकरणारम्भी सूक्ष्मकाययोगी यत्करोति, तदाह –**

**ગુણતીર્થ**

હવે સૂક્ષ્મક્રિયાવાળા શરીરની જે સ્થિરતા (=બાદર કાયયોગના નિરોધરૂપ કે સર્વથા યોગનિરોધરૂપ સ્થૈર્ય) છે, તે (=કાયસ્થૈર્ય) જ કેવળજ્ઞાનીઓ માટે ધ્યાનરૂપ બને... એ વાત જણાવવા જ ગ્રંથકારમહર્ષિ ફરમાવે છે –

## ❋ શરીરસ્થૈર્ય એ જ કેવળીઓનું ધ્યાન ❋

**શ્લોકાર્થ : જે પ્રમાણે છદ્મસ્થ જીવને 'મનની સ્થિરતા' એ ધ્યાન કહેવાય... તે પ્રમાણે કેવળજ્ઞાનીઓને 'શરીરની સ્થિરતા' એ ધ્યાનરૂપ બને. (૧૦૧)**

**વિવેચન :** હવે (૧) છદ્મસ્થ યોગી જીવને જે પ્રમાણે 'મનની સ્થિરતા' એ ધ્યાન કહેવાય, તે પ્રમાણે (૨) કેવળજ્ઞાની પરમાત્માને 'શરીરની સ્થિરતા' એ ધ્યાનરૂપ બને.

અથવા બીજા પણ કારણો વિચારી શકાય –

(ક) જેમ ક્ષપકશ્રેણિમાં ઘાતીકર્મોનો ક્ષય કરનાર 'પૃથક્ત્વવિતર્કસવિચાર' આદિ ધ્યાનરૂપ છે, તેમ અહીં અઘાતી કર્મોનો ક્ષય કરનાર (૧) સૂક્ષ્મક્રિયા, અને (૨) યોગનિરોધરૂપ બે અવસ્થાને પણ ધ્યાનરૂપ કહી શકાય.

(ખ) ધ્યાનશબ્દના જુદા જુદા અનેક અર્થો થાય : (૧) ध्यै चिन्तायाम् (૨) ध्यै कायनिरोधे (૩) ध्यै अयोगित्वे ...... આમ ध्यै ધાતુ પરથી બનતા ધ્યાનશબ્દના (૧) ચિંતન, (૨) કાયનિરોધ, (૩) અયોગીપણું ઇત્યાદિ અનેક અર્થ થઈ શકે છે. એટલે સૂક્ષ્મક્રિયાદિરૂપ અવસ્થાને ધ્યાન કહેવામાં કોઈ બાધ નથી.

હવે 'શૈલીશીકરણ' પ્રક્રિયાનો શુભારંભ કરનાર સૂક્ષ્મકાયયોગવાળા કેવળજ્ઞાની મહાત્મા શું કરે ? તે બતાવવા ગ્રંથકારમહર્ષિ કહે છે –

शैलेशीकरणारम्भी, वपुर्योगे स सूक्ष्मके ।
तिष्ठन्नूद्ध्र्वास्पदं शीघ्रं, योगातीतं यियासति ॥१०२॥

व्याख्या-**केवलिनो ह्रस्वाक्षरपञ्चकोद्गिरणमात्रायुषः शैलवन्निश्चलकायस्य चतुर्थ-ध्यानपरिणतिरूपं शैलेशीकरणं भवति, ततः स केवली** 'शैलेशीकरणारम्भी' **शैलेश-करणारम्भी** 'सूक्ष्मके वपुर्योगे' **सूक्ष्मरूपे काययोगे तिष्ठन्** 'शीघ्रं' **त्वरितं ऊद्ध्र्वास्पदं** 'योगातीतम्' **अयोगिगुणस्थानं** 'यियासति' **यातुमिच्छति** ॥१०२॥

**अथ भगवान् स केवली सयोगिगुणस्थानान्त्यसमये यत्करोति, तदाह –**

अस्यान्त्येऽङ्गोदयच्छेदात्, स्वप्रदेशघनत्वतः ।
करोत्यन्याङ्गसंस्थान-त्रिभागोनावगाहनम् ॥१०३॥

**गुणतीर्थ**

## ※ યોગાતીત તરફ જિગમિષા ※

**શ્લોકાર્થ : શૈલેશીકરણનો પ્રારંભ કરનાર, સૂક્ષ્મ કાયયોગમાં રહેનાર તે કેવળજ્ઞાની મહાત્મા, શીઘ્ર યોગાતીતરૂપ=અયોગીરૂપ ઉપરના ગુણઠાણે જવાની ઈચ્છા કરે છે. (૧૦૨)**

**વિવેચન :** '(૧) अ, (૨) इ, (૩) उ, (૪) ऋ, (૫) लृ' એ પાંચ હ્રસ્વાક્ષરનો ઉચ્ચાર કરતા જેટલો કાળ લાગે, તેટલું જ આયુષ્ય જેનું બાકી છે, તેવા પર્વતની જેમ નિશ્ચલ= સ્થિર=બિલકુલ ચંચલતા વિનાના કાયાવાળા કેવળજ્ઞાનીને ચોથા શુક્લધ્યાનની પરિણતિરૂપ શૈલેશીકરણ થાય છે.

'શૈલ' એટલે પર્વત, અને શૈલેશ એટલે પર્વતોનો રાજા મેરુ ! મેરુ કેવો સ્થિર હોય છે ? તેના જેવી આત્માવસ્થાને શૈલેશી-અવસ્થા કહેવાય.

આ શૈલેશીકરણનો આરંભ કરનાર અને સૂક્ષ્મ કાયયોગમાં રહેનારો કેવળજ્ઞાની, શીઘ્ર ઉપરના યોગાતીતરૂપ અયોગીગુણઠાણે જવાની ઈચ્છા કરે છે.

હવે તે કેવળજ્ઞાની ભગવાન્ સયોગીગુણઠાણાના છેલ્લા સમયે શું કરે છે ? તે જણાવવા ગ્રંથકારશ્રી કહે છે –

## ※ સયોગીના ચરમ સમયનાં કર્તવ્યો ※

**શ્લોકાર્થ : સયોગી ગુણઠાણાના છેલ્લા સમયે શરીરનામકર્મના ઉદયનો વિચ્છેદ થવાથી, પોતાના આત્મપ્રદેશો, ઘન થવાના કારણે, તે જીવ પોતાના ચરમશરીરના આકારથી ત્રિભાગન્યૂન અવગાહના કરે છે. (૧૦૩)**

व्याख्या-'अस्य' **सयोगिकेवलिगुणस्थानस्य** 'अन्त्ये' **अन्त्यसमये औदारिकद्विकमस्थिरद्विकं विहायोगतिद्विकं प्रत्येकत्रिकं संस्थानषट्कम् अगुरुलघुचतुष्कं वर्णादिचतुष्कं निर्माणकर्म तैजसकार्मणद्वयं प्रथमं संहननं स्वरद्विकमेकतरं वेदनीयं चेति त्रिंशत्प्रकृतीनामुदयव्यवच्छेदो भवति, ततोऽत्राङ्गोपाङ्गोदयव्यवच्छेदादन्त्याङ्गसंस्थानावगाहनायाः सकाशात्त्रिभागोनावगाहनां करोति, कस्मात् ?** - 'स्वप्रदेशघनत्वतः' **चरमाङ्गोपाङ्गगतनासिकादिच्छिद्राणां पूरणेन स्वप्रदेशानाम्=आत्मप्रदेशानां घनत्वं=निबिडत्वं भवति तस्मात्स्वप्रदेशघनत्वतस्त्रिभागोनत्वं भवतीति ।**

**ગુણતીર્થ**

**વિવેચન :** સયોગી ગુણઠાણાના છેલ્લા સમયે (૧) ઔદારિકશરીર, (૨) ઔદારિક અંગોપાંગ, (૩) અસ્થિર, (૪) અશુભ, (૫) શુભવિહાયોગતિ, (૬) અશુભવિહાયોગતિ, (૭) પ્રત્યેક, (૮) સ્થિર, (૯) શુભ, (૧૦-૧૫) છ સંસ્થાન, (૧૬) અગુરુલઘુ, (૧૭) પરાઘાત, (૧૮) ઉપઘાત, (૧૯) શ્વાસોચ્છ્વાસ, (૨૦-૨૩) વર્ણાદિચતુષ્ક, (૨૪) નિર્માણ, (૨૫) તૈજસ, (૨૬) કાર્મણ, (૨૭) પ્રથમ સંઘયણ, (૨૮-૨૯) સુસ્વર-દુઃસ્વર, અને (૩૦) શાતા કે અશાતા કોઈપણ એક વેદનીય... આ ૩૦ પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ થાય.

તેથી અહીં અંગ અને ઉપાંગ નામકર્મનો ઉદયવિચ્છેદ થવાથી, તે જીવ પોતાના આત્મપ્રદેશોની અવગાહના ચરમશરીરના આકારની અવગાહના કરતા ત્રીજા ભાગન્યૂન કરે છે.

અને તેવી ઓછી અવગાહના, પોતાના આત્મપ્રદેશોને ઘન બનાવવા દ્વારા થાય છે. એટલે કે પોતાના ચરમશરીર અને ઉપાંગરૂપે રહેલા નાક-કાન વગેરેના છિદ્રોને આત્મપ્રદેશોથી પૂરવા દ્વારા પોતાના આત્મપ્રદેશોને ઘન=નિબિડ બનાવે છે... અને આ રીતે પોતાના આત્મપ્રદેશો, વિસ્તાર છોડી ઘન-નિબિડ બની જવાથી, તેઓની અવગાહના ચરમશરીરની અવગાહના કરતાં ત્રિભાગન્યૂન થાય છે.

**સ્પષ્ટતા :**

જેટલું પ્રમાણ શરીરનું હોય, એ શરીરમાં રહેલા આત્માનું પ્રમાણ પણ તેટલું જ હોય. એટલે, શરીરના જે આકાર અને ઊંચાઈ તે જ આત્માનાં આકાર અને ઊંચાઈ. કેવળજ્ઞાની માટે પણ આ જ નિયમ હોય છે. પરંતુ શરીરના નાક, કાન, મુખ, પેટ વગેરે ઘણા ભાગો ખાલી (=પોલાણવાળા) હોય છે. તે ખાલી ભાગોમાં આત્મપ્રદેશ હોતા નથી.

આ રીતે અંગ અને ઉપાંગ નામકર્મના ઉદયથી, આત્મપ્રદેશોનો સંબંધ શરીરવ્યાપ્તિને

અનુકૂળ હોય છે. પણ સયોગી ગુણઠાણાના છેલ્લા સમયે તે કર્મનો ઉદયવિચ્છેદ થવાથી, શરીરમાં જ વ્યાપ્તિ થવાનું કારણ નાશ પામે... એટલે, શરીરના ખાલી ભાગોમાં પણ (=જ્યાં શરીર નથી ત્યાં પણ) તે આત્મપ્રદેશો નિબિડપણે ભરાઈ જાય. તેથી આત્મપ્રદેશોની આકૃતિ અને ઊંચાઈ શરીરની આકૃતિ અને ઊંચાઈ કરતાં ત્રીજા ભાગની ઓછી થઈ જાય, ઘટી જાય.

**પ્રશ્ન :** શરીરનામકર્મના ઉદયથી આત્મા શરીરવ્યાપ્ત થાય, તો એનો ઉદય નાશ પામ્યા પછી શરીરમાં ૨/૩ ભાગ જેટલો જ કેમ ઘન થાય ? અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલો સૂક્ષ્મઘન કેમ ન થાય ? અથવા તો પોતાની સંપૂર્ણ અવગાહનાને અનુરૂપ લોકાકાશપ્રમાણ કેમ ન વ્યાપે ?

**ઉત્તર :** જુઓ; આત્માની કોઈ સ્વાભાવિક અવગાહના તો હોતી જ નથી. અને એટલે શુદ્ધ આત્મદ્રવ્યના વર્ણનમાં કે સિદ્ધપરમાત્માના વર્ણનમાં 'से न दीहे, से न हस्से=તે આત્મા દીર્ઘ નથી, હ્રસ્વ નથી...' ઇત્યાદિ પંક્તિઓથી આત્મદ્રવ્યને સ્વાભાવિક રીતે તો અવગાહનારહિત જ કહેલું છે.

એટલે હવે શુદ્ધ આત્મદ્રવ્યની અવગાહના સ્વાભાવિક તો હોવાની જ નહીં, માટે ઉપાધિજનિત અવગાહના જ લેવી પડશે. અને આ ઉપાધિજનિત અવગાહના પૂર્વના શરીરને અનુકૂળ હોય છે. એટલે એ શરીરમાં ૧/૩ જેટલો જ પોલાણવાળો ભાગ હતો, તેમાં આત્મપ્રદેશો પૂરાઈ જતાં - તેટલી અવગાહના ઓછી થવાથી - આત્મા ૨/૩ જેટલો જ ઘન થાય, તેનાથી હીનાધિક નહીં.

અથવા - યોગનિરોધ વખતે પ્રદેશસંહરણ કરવાના અવસરે આત્મા હજી સયોગી અને સકર્મક છે. એટલે એ વખતે તેના કર્મસહિત યોગનું એટલું જ સામર્થ્ય છે કે, પોલાણવાળા ભાગ જેટલું જ સંહરણ કરી ૨/૩ ભાગ જેટલો જ તે થાય. તેનાથી વધુ સંહરણ કરી એક આકાશપ્રદેશ જેટલો સૂક્ષ્મઘન ન થઈ જાય.

**વિશેષાવશ્યકભાગમાં** કહ્યું છે કે –

**શ્લોક :** संहारसंभवाओ, पएसमित्तंपि किं न संठाइ ? ।
सामत्थाभावाओ, सकम्मयाओ सहावाओ ॥ [શ્લોક-૩૧૬૪]

**શ્લોકાર્થ : પ્રશ્ન :** જો પ્રદેશસંહરણ થઈ શકે, તો આત્મા તે વખતે એક જ આકાશપ્રદેશમાં ઘન થઈને કેમ ન રહે ? **ઉત્તર :** સંહરણ વખતે તેવું સામર્થ્ય ન હોવાથી, સકર્મકપણું હોવાથી, તથાસ્વભાવે જ આત્મા ૨/૩ થી અધિક સંહરણ કરી સૂક્ષ્મઘન બને નહીં.

सयोगिगुणस्थानस्थो जीव एकविधबन्धकः, उपान्त्यसमयं यावत् ज्ञानान्तराय-दर्शनचतुष्कोदयव्यवच्छेदाद् द्विचत्वारिंशत्प्रकृतिवेदयिता, निद्राप्रचलाज्ञानान्तरायदर्शन-चतुष्करूपषोडशप्रकृतीनां सत्ताव्यवच्छेदात्पञ्चाशीतिसत्ताको भवति ॥१०३॥

॥ इति सयोगिगुणस्थानम् ॥१३॥

अथायोगिगुणस्थानस्य स्थितिमाह –

अथायोगिगुणस्थाने, तिष्ठतोऽस्य जिनेशितुः ।
लघुपञ्चाक्षरोच्चारप्रमितैव स्थितिर्भवेत् ॥१०४॥

ગુણતીર્થ

હવે સયોગીગુણઠાણે રહેલા જીવને કેટલા કર્મોનો બંધ-ઉદય-સત્તા હોય ? તે બતાવવા ગ્રંથકારમહર્ષિ જણાવે છે –

**※ સયોગીગુણઠાણે બંધ-ઉદય-સત્તા ※**

**બંધ :** સયોગીગુણઠાણે રહેલો જીવ માત્ર **એક** શાતાવેદનીય પ્રકૃતિને જ બાંધનારો હોય છે.

**ઉદય :** ક્ષીણમોહે ઉદયપ્રાયોગ્ય કહેલ ૫૭ પ્રકૃતિમાંથી (૧-૫) પાંચ જ્ઞાનાવરણ, (૬-૧૦) પાંચ અંતરાય, અને (૧૧-૧૨) ચાર દર્શનાવરણ - આ ૧૪ પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ થવાથી (અને શાતા કે અશાતા બેમાંથી એકનો જ ઉદય હોવાથી કુલ-૧૫ પ્રકૃતિઓ સિવાય) ૪૨ પ્રકૃતિઓનો ઉદય સયોગીગુણઠાણે હોય.

**સત્તા :** ક્ષીણમોહે કહેલ ૧૦૧ પ્રકૃતિમાંથી (૧-૨) નિદ્રા-પ્રચલા, (૩-૭) ૫ જ્ઞાનાવરણ, (૮-૧૨) ૫ અંતરાયકર્મ, અને (૧૩-૧૬) ૪ દર્શનાવરણ - આ ૧૬ પ્રકૃતિઓનો સત્તાવિચ્છેદ થવાથી, એ જીવ સયોગીગુણઠાણે **૮૫** કર્મોની સત્તાવાળો હોય.

| ગુણસ્થાન | બંધ | ઉદય | સત્તા |
|---|---|---|---|
| સયોગી | ૧ | ૪૨ | ૮૫ |

આ પ્રમાણે તેરમા સયોગીગુણસ્થાનકનું સ્વરૂપવર્ણન પૂર્ણ થયું.

## (૧૪) અયોગીગુણસ્થાન

હવે ચૌદમા અયોગીગુણઠાણાનો સ્થિતિકાળ કેટલો ? તે બતાવવા ગ્રંથકારશ્રી જણાવે છે –

**※ અયોગીગુણસ્થાનનો સ્થિતિકાળ ※**

**શ્લોકાર્થ :** હવે અયોગીગુણઠાણે રહેનારા તે જિનેશ્વરનો પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચાર જેટલો જ કાળ હોય છે. (૧૦૪)

व्याख्या-'अथ' **त्रयोदशगुणस्थानानन्तरं** 'अयोगिगुणस्थानके' **चतुर्दशे** 'अस्य जिनेशितुः' **जिनेन्द्रस्य** 'तिष्ठतः' **अवस्थितस्य** 'लघुपञ्चाक्षरोच्चारप्रमितैव' 'अ-इ-उ-ऋ-लृ' **वर्णपञ्चकसमुच्चरणकालतुल्यैव स्थितिर्भवति ॥१०४॥**

**अथायोगिगुणस्थाने ध्यानसम्भवमाह –**

**तत्रानिवृत्तिशब्दान्तं, समुच्छिन्नक्रियात्मकम् ।**
**चतुर्थं भवति ध्यानमयोगिपरमेष्ठिनः ॥१०५॥**

व्याख्या-'तत्र' **तस्मिन्नयोगिगुणस्थानेऽयोगिपरमेष्ठिनश्चतुर्थं ध्यानं** 'समुच्छिन्नक्रियात्मकं' **वक्ष्यमाणस्वरूपं भवति, कथम्भूतम् ?** 'अनिवृत्तिशब्दान्तं' **अनिवृत्तिशब्दोऽन्ते यस्य तत्समुच्छिन्नक्रियाऽनिवृत्तिनामकं चतुर्थं ध्यानमिति ॥१०५॥**

**अथास्य चतुर्थध्यानस्य स्वरूपमाह –**

**ગુણતીર્થ**

**વિવેચન :** તેરમું સયોગીકેવળી નામનું ગુણઠાણું પૂર્ણ થયા બાદ 'અયોગીકેવળી' નામના ચૌદમા ગુણઠાણે રહેલા જિનેશ્વરનો સ્થિતિકાળ પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચાર જેટલો હોય છે. એટલે કે (૧) अ, (૨) इ, (૩) उ, (૪) ऋ, અને (૫) लृ - આ પાંચ હ્રસ્વ અક્ષરોનો ઉચ્ચાર કરતાં જેટલો કાળ લાગે, તેટલો જ અયોગીગુણઠાણે રહેવાનો કાળ છે.

હવે આ અયોગીગુણઠાણે કયું ધ્યાન હોય ? એ બતાવવા ગ્રંથકારમહર્ષિ જણાવે છે –

## ❋ ચૌદમે ચોથું શુક્લધ્યાન ❋

**શ્લોકાર્થ : અયોગી પરમેષ્ઠીને 'અનિવૃત્તિ' શબ્દના અંતવાળું સમુચ્છિન્ન-ક્રિયારૂપ ચોથું શુક્લધ્યાન હોય છે. (૧૦૫)**

**વિવેચન :** ચૌદમા અયોગીગુણઠાણે રહેલા અયોગી ભગવંતને આગળ કહેવાતાં સ્વરૂપવાળું 'સમુચ્છિન્નક્રિયા' નામનું ચોથું શુક્લધ્યાન હોય છે. (આ ધ્યાન તમામ ક્રિયાઓના વિરમણરૂપ છે.)

આ ક્રિયાવિરતિ હંમેશા રહે છે, કદી નિવૃત્ત થાય નહીં... એટલે કે ફરી કદી ક્રિયારૂપે પરિણમન થાય એવું ન બને... એટલે જ આ ધ્યાનના અંતે 'અનિવૃત્તિ' શબ્દ જોડવામાં આવે છે. એટલે તે ચોથા શુક્લધ્યાનનું પૂર્ણ નામ 'સમુચ્છિન્નક્રિયા અનિવૃત્તિ' એવું રહે.

હવે એ ચોથા શુક્લધ્યાનનું જ સ્વરૂપ બતાવવા ગ્રંથકારશ્રી જણાવે છે –

**समुच्छिन्ना क्रिया यत्र, सूक्ष्मयोगात्मिकाऽपि हि ।**

**समुच्छिन्नक्रियं प्रोक्तं, तद्द्वारं मुक्तिवेश्मनः ॥१०६॥**

व्याख्या-'यत्र' **ध्याने** 'सूक्ष्मयोगात्मिकाऽपि' **सूक्ष्मकाययोगरूपाऽपि क्रिया** 'समुच्छिन्ना' **सर्वथा निवृत्ता तत्समुच्छिन्नक्रियं नाम चतुर्थं ध्यानं प्रोक्तम्, कथम्भूतम् ?** 'मुक्तिवेश्मनः' **सिद्धिसौधस्य** 'द्वारं' **द्वारोपममिति** ॥१०६॥

**अथ शिष्येण कृतं प्रश्नद्वयमाह –**

**देहास्तित्वेऽप्ययोगित्वं, कथं ? तद् घटते प्रभो ! ।**

**देहाभावे तथा ध्यानं, दुर्घटं घटते कथम् ॥१०७॥**

व्याख्या-**शिष्यः पृच्छति – हे प्रभो !** 'देहास्तित्वे' **सूक्ष्मेऽपि वपुर्योगास्तित्वे-**

ગુણતીર્થ

## ❋ ચોથા શુક્લધ્યાનનું સ્વરૂપવર્ણન ❋

**શ્લોકાર્થ** : **જે ધ્યાનમાં સૂક્ષ્મયોગરૂપ ક્રિયા પણ ઉચ્છેદ=વિનાશ પામી ગઈ છે, તે 'સમુચ્છિન્નક્રિયા' રૂપ ચોથું શુક્લધ્યાન કહેવાયું છે. આ ધ્યાન મોક્ષરૂપ મહેલના દ્વાર સમાન છે. (૧૦૬)**

**વિવેચન** : જે ધ્યાનમાં સૂક્ષ્મકાયયોગરૂપ ક્રિયા પણ સર્વથા અટકી ગઈ છે, હલનચલનરૂપ સ્પંદનો બંધ થઈ જવાથી તદ્દન સ્થિરતા પ્રાપ્ત થઈ છે, મેરુની જેમ આત્મા નિષ્પ્રકંપપણે સ્થિર થઈ ગયો છે, તે ધ્યાન 'સમુચ્છિન્નક્રિયા-અનિવૃત્તિ' નામનું ચોથું શુક્લધ્યાન છે.

ઘરમાં પ્રવેશવા જેમ દરવાજો જરૂરી છે, તેમ મોક્ષમાં જવા આ શુક્લધ્યાન જરૂરી છે. એટલે આ શુક્લધ્યાન, મોક્ષરૂપી મહેલના દ્વારસમાન છે. (આ ઉદાહરણ દ્વારા ચોથા શુક્લધ્યાનની આવશ્યકતા જણાવાઈ.)

હવે અયોગીપણાં વિશે શિષ્ય દ્વારા કરાયેલા બે પ્રશ્નોને રજુ કરતાં ગ્રંથકારશ્રી જણાવે છે –

## ❋ અયોગીપણા અંગે શિષ્યકૃત બે પ્રશ્ન ❋

**શ્લોકાર્થ** : **હે પ્રભુ ! શરીરના હોવામાં પણ તે અયોગીપણું શી રીતે ઘટે ? તથા જો શરીરનો અભાવ માનો, તો દુર્ઘટ એવું ધ્યાન શી રીતે ઘટે ? (૧૦૭)**

**વિવેચન** : અહીં ચૌદમા ગુણઠાણા અંગે શિષ્ય દ્વારા બે પ્રશ્નો પૂછાય છે કે, હે પ્રભુ !

ऽयोगित्वमस्तीति तत्कथं घटते ? इत्येकः प्रश्नः, तथा चेद्यदि 'देहाभावः' सर्वथा काययोगाभावः सञ्जातस्तदा देहाभावे दुर्घटं ध्यानं कथं घटते ? इति द्वितीयः प्रश्नः ॥१०७॥

अथाऽऽचार्यः प्रश्नद्वयस्योत्तरं पद्यद्वयेनाऽऽह –

वपुषोऽत्रातिसूक्ष्मत्वाच्छीघ्रंभाविक्षयत्वतः ।
कायकार्यासमर्थत्वात् सति कायेऽप्ययोगता ॥१०८॥
तच्छरीराश्रयाद्ध्यानमस्तीति न विरुध्यते ।
निजशुद्धात्मचिद्रूपनिर्भरानन्दशालिनः ॥१०९॥ युग्मम् ॥

व्याख्या-**आचार्य आह – भोः शिष्य !** 'अत्र' **अयोगिगुणस्थाने** 'काये' **सूक्ष्मे वपुर्योगे सत्यप्ययोगता प्रोच्यते, कस्मात्?** 'वपुषः' **कायस्य** 'अतिसूक्ष्मत्वात्' **सूक्ष्म-**

**गुणतीर्थ**

ચૌદમે ગુણઠાણે (૧) શરીર છે? કે (૨) શરીર નથી? બંને વિકલ્પોમાં અમને સંશય રહે છે. જુઓ તેનું કારણ –

(૧) જો શરીરનું અસ્તિત્વ હોય, એટલે કે સૂક્ષ્મ પણ કાયયોગનું અસ્તિત્વ હોય, તો તે આત્મા યોગવાળો જ કહેવાય ને ? અને તો તેનું અયોગીપણું શી રીતે ઘટે ? આ અમારો પહેલો પ્રશ્ન છે.

(૨) જો શરીર ન હોય એવું માનો, એટલે કે સર્વથા કાયયોગનો અભાવ થઈ ગયો છે - સૂક્ષ્મ પણ કાયયોગ નથી - એવું માનો, તો શરીર વિના ન ઘટી શકે તેવું ધ્યાન શી રીતે કહો છો ? (શું શરીર વિના સિદ્ધપરમાત્માને ધ્યાન થાય છે ? નહીં જ ને...! તો ચોદમે ગુણઠાણે શરીર વિના ધ્યાન શી રીતે કહેવાય ?) આ અમારો બીજો પ્રશ્ન છે.

આ બંને પ્રશ્નોનો ઉત્તર આપવા, ગ્રંથકાર આચાર્યશ્રી બે શ્લોકો દ્વારા કહે છે –

## ⁂ બે પ્રશ્નોનું સમાધાન ⁂

**શ્લોકાર્થ : અહીં (૧) કાયયોગ અતિસૂક્ષ્મ હોવાથી, (૨) શીઘ્ર ક્ષય પામનાર હોવાથી, અને (૩) કાયાનું કાર્ય કરવા અસમર્થ હોવાથી, કાયા હોવા છતાં અયોગીપણું હોય. પોતાના શુદ્ધ આત્માનાં ચિદ્રૂપ=જ્ઞાનરૂપ અત્યંત આનંદથી શોભનારા એવા અયોગી ભગવંતને તે શરીરના આલંબને ધ્યાન છે, એમાં કોઈ વિરોધ નથી. (૧૦૮-૧૦૯)**

**વિવેચન :** પૂજ્ય આચાર્ય ભગવંત સમાધાન આપે છે કે - હે શિષ્ય ! અહીં

**क्रियारूपत्वादिति, तथा** 'शीघ्रम्भाविक्षयत्वतः' **क्षयस्य भावः क्षयत्वम्, शीघ्रं भावि क्षयत्वं यस्य तच्छीघ्रम्भाविक्षयत्वं तस्मात्, तथा** 'कायकार्यासमर्थत्वाद्' **देहकृत्यसाधनाक्षमत्वात् काये सत्यप्ययोगता भवतीति ॥१०८॥**

**तथा** 'तच्छरीराश्रयात्' **तादृग्देहास्तित्वाश्रयणात् ध्यानमस्तीति** 'न विरुध्यते' **न**

**ગુણતીર્થ**

અયોગીગુણઠાણે સૂક્ષ્મ ✪કાયયોગ હોવા છતાં પણ 'અયોગીપણું' કહેવાય છે. અલબત્ત, આ વાત આપાતતઃ વિરુદ્ધ લાગશે કે સૂક્ષ્મ કાયયોગના હોવામાં અયોગીપણું શી રીતે ? પણ તેના સમાધાન માટે ત્રણ હેતુ સમજવા –

(૧) **अतिसूक्ष्मत्वात् :**

ચૌદમે ગુણઠાણે કાયા અત્યંત સૂક્ષ્મ હોય છે, એટલે કે અત્યંત સૂક્ષ્મક્રિયાવાળી હોય છે... અત્યંત અલ્પ જળવાળું તળાવ જેમ નિર્જળ કહેવાય છે, તેમ અત્યંત સૂક્ષ્મક્રિયાવાળી કાયા પણ નિષ્ક્રિય=ક્રિયારહિત કહેવાય છે... એટલે અહીં અયોગીપણું કહેવામાં કોઈ બાધ નથી.

(૨) **शीघ्रम्भाविक्षयत्वात् :**

તે સૂક્ષ્મક્રિયાવાળું શરીર શીઘ્ર (=પાંચ હ્રસ્વાક્ષર બોલવા જેટલા કાળમાં જ) ક્ષય પામી જનારું છે. જે શીઘ્ર ક્ષય પામનારું હોય, તેની વિવક્ષા ન કરાય - એ નીતિ મુજબ સૂક્ષ્મક્રિયાવાળું શરીર હોવા છતાં પણ એનો વ્યવહાર ન કરી, અયોગીપણું કહેવામાં કોઈ બાધ નથી.

(૩) **कायकार्यासमर्थत्वात् :**

તે સૂક્ષ્મક્રિયાવાળું શરીર, શરીરના જે કાર્યો છે - ઈર્યાપથિક કર્મબંધ વગેરે... તેને કરવા અસમર્થ હોવાથી, તે હોવા છતાં પણ તેનો વ્યવહાર ન થાય. (પરમાર્થનય મુજબ કાર્ય કરવામાં અસમર્થ વસ્તુને વસ્તુ જ ન મનાય. શું પાણી ભરવા કામ ન આવે તેવા ઘડાને 'ઘડો' કહેવાય ?) એટલે પણ અહીં અયોગીપણું કહેવામાં કોઈ બાધ નથી.

**ધ્યાન પણ અવિરુદ્ધ :**

તથા પોતાના નિર્મળ પરમાત્મસ્વરૂપનું જ્ઞાન અને તેમાં તન્મય (=એકાકાર)

✪ આના પરથી જણાય છે કે, વૃત્તિકારશ્રીના અભિપ્રાય મુજબ અયોગીગુણઠાણે પણ સૂક્ષ્મ કાયયોગ હોવાનું મનાયું છે. પણ આ મતાંતરરૂપ સમજવું. કારણ કે પંચસંગ્રહ-કમ્મપયડી વગેરે મોટા ભાગના ગ્રંથોમાં અયોગીગુણઠાણે સૂક્ષ્મ કાયયોગ પણ ન હોવાનું જણાવ્યું છે. સર્વથા યોગનિરોધ કહ્યો છે. અને અહીં જે ચૌદમે ગુણઠાણે શરીરની સૂક્ષ્મક્રિયા કહી છે, તે સૂક્ષ્મક્રિયાનું સ્વરૂપ શું ? એ અમે સમજી શક્યા નથી. એટલે આ વિશેનું તત્ત્વ 'કેવળીગમ્ય' કહીને છોડી દઈએ છીએ...

**विरोधमाप्नोति, कस्य ? अयोगिगुणस्थानवर्तिनो भगवतः परमेष्ठिनः, कथम्भूतस्य ?** 'निजशुद्धात्मचिद्रूपनिर्भरानन्दशालिनः' **स्वकीयनिर्मलपरमात्मचिद्रूपतन्मयत्वोत्पन्ननिर्भर-परमानन्दविराजमानस्येति ॥१०९॥**

**अथ ध्यानस्य निश्चयव्यवहारत्वमाह –**

आत्मानमात्मनाऽऽत्मैव, ध्याता ध्यायति तत्त्वतः ।
उपचारस्तदन्यो हि, व्यवहारनयाश्रितः ॥११०॥

व्याख्या-'तत्त्वतो' **निश्चयनयादात्मैव ध्याता** 'आत्मनैव' **करणभूतेन कृत्वा आत्मान-मेव कर्मतापन्नं ध्यायति,** 'हि' **स्फुटं** 'तदन्यो' **यः कश्चिदुपचारोऽष्टाङ्गयोगप्रवृत्तिलक्षणः, स सकलोऽपि व्यवहारनयाश्रितो ज्ञेयः ॥११०॥**

**गुणतीर्थ**

બની જવાના કારણે ઉત્પન્ન થયેલો જે અતિશય પરમાનંદ, તેનાથી શોભનારા એવા અયોગીગુણઠાણે રહેનારા અયોગી પરમેષ્ઠી-ભગવાનને તેવા પ્રકારના શરીરના આલંબને ધ્યાન છે, એમાં કોઈ વિરોધ નથી.

**તાત્પર્ય** એ કે, જો સૂક્ષ્મ ક્રિયાવાળું શરીર હોય તો કેવળીઓને યોગસ્થિરતારૂપ ધ્યાન શી રીતે હોઈ શકે ? પણ તે સૂક્ષ્મક્રિયાવાળું શરીર હોવા છતાં પણ તેના યોગવ્યવહારને ઉપરોક્ત કારણોસર નગણ્ય માનીને યોગસ્થિરતારૂપ ધ્યાન કહેવામાં કોઈ વિરોધ નથી.

હવે (૧) નિશ્ચયનયથી, અને (૨) વ્યવહારનયથી ધ્યાન કોને કહેવાય ? તે બતાવવા ગ્રંથકારમહર્ષિ ફરમાવે છે –

### ❋ ધ્યાનની નિશ્ચય-વ્યવહારરૂપતા ❋

**શ્લોકાર્થ : પરમાર્થથી ધ્યાતા એવો આત્મા, આત્મા દ્વારા જ આત્માને ધ્યાવે છે... તે સિવાયનો બધો પ્રપંચ ઉપચારરૂપ છે કે જે વ્યવહારનયને આશ્રયીને પ્રવર્તે છે. (૧૧૦)**

**વિવેચન :** કોઈપણ ધ્યાનપ્રક્રિયામાં ચાર વસ્તુ ઘટક બનતી હોય છે : (૧) કર્તા, (૨) કરણ, (૩) કર્મ, અને (૪) ક્રિયા... જેમ કે - આત્મા મનથી સમવસરણનું ધ્યાન કરે છે, તો અહીં.

(૧) 'આત્મા' એ ધ્યાન કરનાર **કર્તા** છે.

(૨) 'મન' એ ધ્યાન માટે ઉપયોગી સાધનરૂપ **કરણ** છે.

(૩) 'સમવસરણ' એ ધ્યાનના વિષયરૂપ **કર્મ** છે.

(૪) 'ધ્યાન કરવું' એ ધ્યાનસંબંધી **ક્રિયા** છે.

**(૧) નિશ્ચયનયનું મંતવ્ય :**

નિશ્ચયનયના મતે આત્મારૂપ ધ્યાતા જ, આત્મારૂપ કરણના માધ્યમે જ કર્મપ્રાપ્ત એવા આત્મારૂપ વિષયનું જ ધ્યાન કરે છે... **તાત્પર્ય** એ કે, નિશ્ચયનયના મતે કર્તા-કર્મ-કરણનું જુદું-જુદું અસ્તિત્વ હોતું જ નથી, ધ્યાનની એટલી એકાકારતા સર્જાય કે ત્રણેનું જુદું-જુદું અસ્તિત્વ વિલીન થઈ ત્રણેની એકરૂપતા થઈ જાય.

આ રીતની તન્મયતા=એકાકારતા=નિર્વિકલ્પ તારતમ્યરહિત ચૈતન્યપરિણતિ; તે જ નિશ્ચયનયથી ધ્યાન છે. 'અરિહંત પદ ધ્યાતો થકો... અરિહંતરૂપી થાય. અર્થ : અરિહંતનું ધ્યાન કરનાર વ્યક્તિ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ભૂલી જઈ અરિહંતમાં જ તન્મય બની જવા દ્વારા અરિહંતરૂપ થાય છે.' ઇત્યાદિ વચનો નિશ્ચયનયના ધ્યાનપરક સમજવા.

**(૨) વ્યવહારનયનું મંતવ્ય :**

જ્યારે વ્યવહારનયના મતે અષ્ટાંગ યોગમાં પ્રવૃત્તિરૂપ બીજો જે કોઈપણ ઉપચાર (=ધ્યાનનું અંગ) હોય, તે બધું ધ્યાનરૂપ મનાય.

અષ્ટાંગ યોગ=યોગનાં આઠ અંગ આ પ્રમાણે સમજવા –

(૧) **યમ** : અહિંસા, અમૃષા, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ - એ પાંચ મહાવ્રતો.

(૨) **નિયમ** : શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન - એ પાંચ પ્રવૃત્તિવિશેષ.

(૩) **આસન** : પર્યંકાસન, પદ્માસન, સિદ્ધાસન, વજ્રાસન, વીરાસન ઇત્યાદિરૂપ અનેક આસનો.

(૪) **પ્રાણાયામ** : આસનજયથી ઉચ્છ્વાસ-નિઃશ્વાસરૂપ પ્રાણવાયુનો રોધ કરવારૂપ પ્રાણાયામ (રેચક-પૂરક-કુંભકરૂપ)...

(૫) **પ્રત્યાહાર** : ઇન્દ્રિયોને પોતાના ઇષ્ટ-અનિષ્ટ વિષયોમાં રાગ-દ્વેષરૂપે ન જવા દેવી, પાછી ખેંચવી તે.

(૬) **ધારણા** : કોઈપણ દેશ-ભાગમાં ધ્યેયની સ્થાપના કરીને, તે ધ્યેયમાં ચિત્તને એકાગ્ર બનાવવું તે.

(૭) **ધ્યાન** : બાર માત્રા સુધી ધારણા ટકાવી રાખવી તે.

**अथायोगिन एवोपान्त्यसमयकृत्यमाह –**

**चिद्रूपात्ममयोऽयोगी, ह्युपान्त्यसमये द्रुतम् ।**
**युगपत् क्षपयेत्कर्मप्रकृतीनां द्विसप्ततिम् ॥१११॥**

व्याख्या-'चिद्रूपात्ममयः' **केवलाऽऽत्ममयः** 'अयोगी' **अयोगिगुणस्थानवर्त्ती** 'हि' **स्फुटमुपान्त्यसमये** 'द्रुतं' **शीघ्रं** 'युगपत्' **समकालं कर्मप्रकृतीनां द्विसप्ततिं** 'क्षपयेत्' **क्षयं प्रापयेदिति ॥१११॥**

**अथ ता द्विसप्ततिकर्मप्रकृतीर्नामतः श्लोकपञ्चकेनाह –**

**देहबन्धनसङ्घाताः, प्रत्येकं पञ्च पञ्च च ।**
**अङ्गोपाङ्गत्रयं चैव, षट्कं संस्थानसंज्ञकम् ॥११२॥**

**ગુણતીર્થ**

(૮) **સમાધિ :** ધ્યાતા, ધ્યેય અને ધ્યાન - એ ત્રણે એકાકાર થઈ જતાં, મહાનિદ્રાસમાન વિકલ્પશૂન્ય નિર્વિકલ્પ અવસ્થા પ્રાપ્ત થવી તે.

આ અષ્ટાંગ યોગમાં પ્રવૃત્તિ એ વ્યવહારનયથી ધ્યાન છે.

હવે અયોગી મહાત્મા ચૌદમા ગુણઠાણાના ઉપાંત્યસમયે=દ્વિચરમસમયે શું કાર્ય કરે ? તે બતાવવા ગ્રંથકારમહર્ષિ જણાવે છે –

## ❋ ચૌદમે ગુણઠાણે દ્વિચરમસમયનું કૃત્ય ❋

**શ્લોકાર્થ : ચિદ્રૂપ આત્મસ્વરૂપી અયોગી જીવ (ચૌદમા ગુણઠાણાના) દ્વિચરમસમયે શીઘ્ર ૭૨ કર્મપ્રકૃતિઓને એકીસાથે ખપાવે છે. (૧૧૧)**

**વિવેચન :** ચિદ્રૂપ=જ્ઞાનરૂપ=કેવળજ્ઞાનરૂપ આત્મસ્વરૂપવાળા, અયોગીગુણઠાણે રહેનારા અયોગી મહાત્મા, નિશ્ચે એ ચૌદમા ગુણઠાણાના દ્વિચરમસમયે શીઘ્ર ૭૨ કર્મપ્રકૃતિઓને એકીસાથે (=સમાનકાળે) ક્ષય પમાડે છે.

હવે તે ૭૨ કર્મપ્રકૃતિઓ કઈ ? તેઓનો જ નામોલ્લેખ ગ્રંથકારશ્રી પાંચ શ્લોકો દ્વારા કરે છે –

## ❋ ૭૨ પ્રકૃતિઓનો નામોલ્લેખ ❋

**શ્લોકાર્થ : પાંચ શરીર, પાંચ બંધન, પાંચ સંઘાતન, ૩ અંગોપાંગ, ૬ સંસ્થાન, પાંચ વર્ણ, પાંચ રસ, ૬ સંઘયણ, ૮ સ્પર્શ, ૨ ગંધ, નીચગોત્ર, અનાદેય, દુર્ભગ, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, નિર્માણ, અપર્યાપ્ત, ઉચ્છ્વાસ, અપયશ, શુભ-અશુભ વિહાયોગતિ, શુભ-અશુભ નામ,**

वर्णाः पञ्च रसाः पञ्च, षट्कं संहननात्मकम् ।
स्पर्शाष्टकं च गन्धौ द्वौ, नीचानादेयदुर्भगम् ॥११३॥
तथाऽगुरुलघुत्वाख्यमुपघातोऽन्यघातिता ।
निर्माणमपर्याप्तत्वमुच्छ्वासश्चायशस्तथा ॥११४॥
विहायोगतियुग्मं च, शुभास्थैर्यद्वयं पृथक् ।
गतिर्दिव्याऽऽनुपूर्वी च, प्रत्येकं च स्वरद्वयम् ॥११५॥
वेद्यमेकतरं चेति, कर्मप्रकृतयः खलु ।
द्वासप्ततिरिमा मुक्तिपुरीद्वारार्गलोपमाः ॥११६॥ पञ्चभिः कुलकम् ॥

व्याख्या-**देहपञ्चकं ५ बन्धनपञ्चकं १० संघातनपञ्चकं १५ अङ्गोपाङ्गत्रयं १८ संस्थानषट्कं २४ वर्णपञ्चकं २९ रसपञ्चकं ३४ संहननषट्कं ४० स्पर्शाष्टकं ४८ गन्धद्वयं ५० नीचैर्गोत्रं ५१ अनादेयं ५२ दुर्भगत्वं ५३ अगुरुलघुत्वं ५४ उपघातत्वं ५५ पराघातत्वं ५६ निर्माणत्वं ५७ अपर्याप्तत्वं ५८ उच्छ्वासत्वं ५९ अयशस्त्वं ६० विहायोगतिद्वयं ६२**

**ગુણતીર્થ**

**સ્થિર-અસ્થિર નામ, દેવગતિ, દેવાનુપૂર્વી, પ્રત્યેક, સુસ્વર-દુઃસ્વર નામ, બેમાંથી એક વેદનીયકર્મ... આ ૭૨ કર્મપ્રકૃતિઓ મોક્ષનગરના દ્વાર માટે સાંકળ સમાન છે. (૧૧૨-૧૧૩-૧૧૪-૧૧૫-૧૧૬)**

**વિવેચન :** (૧) ઔદારિકશરીર, (૨) વૈક્રિયશરીર, (૩) આહારકશરીર, (૪) તૈજસશરીર, (૫) કાર્મણશરીર, (૬) ઔદારિકબંધન, (૭) વૈક્રિયબંધન, (૮) આહારકબંધન, (૯) તૈજસબંધન, (૧૦) કાર્મણબંધન, (૧૧) ઔ. સંઘાતન, (૧૨) વૈ. સંઘાતન, (૧૩) આ. સંઘાતન, (૧૪) તૈ. સંઘાતન, (૧૫) કા. સંઘાતન, (૧૬) ઔ. અંગોપાંગ, (૧૭) વૈ. અંગોપાંગ, (૧૮) આ. અંગોપાંગ, (૧૯) સમચતુરસ્ર, (૨૦) ન્યગ્રોધ, (૨૧) સાદિ, (૨૨) વામન, (૨૩) કુબ્જ, (૨૪) હુંડક, (૨૫) કૃષ્ણ, (૨૬) નીલ, (૨૭) રક્ત, (૨૮) પીત, (૨૯) શ્વેત, (૩૦) તિક્ત, (૩૧) કટુ, (૩૨) કષાય, (૩૩) આમ્લ, (૩૪) મધુર, (૩૫) વજ્રઋષભનારાચ, (૩૬) ઋષભનારાચ, (૩૭) નારાચ, (૩૮) અર્ધનારાચ, (૩૯) કીલિકા, (૪૦) છેવટ્ઠું, (૪૧) ગુરુ, (૪૨) લઘુ, (૪૩) મૃદુ, (૪૪) કર્કશ, (૪૫) શીત, (૪૬) ઉષ્ણ, (૪૭) સ્નિગ્ધ, (૪૮) રૂક્ષ, (૪૯) સુગંધ, (૫૦) દુર્ગંધ, (૫૧) નીચગોત્ર, (૫૨) અનાદેય, (૫૩) દુર્ભગ, (૫૪) અગુરુલઘુ, (૫૫) ઉપઘાત, (૫૬) પરાઘાત, (૫૭) નિર્માણ, (૫૮) અપર્યાપ્ત, (૫૯) ઉચ્છ્વાસ, (૬૦) અપયશ, (૬૧)

**शुभाशुभद्वयं ६४ स्थैर्यास्थैर्यद्वयं ६६ देवगतिः ६७ देवानुपूर्वी ६८ प्रत्येकनाम ६९ सुस्वरदुःस्वरद्वयं ७१ एकतरं वेद्यं ७२ चेति द्वासप्ततिकर्मप्रकृतयो मुक्तिपुरीद्वारार्गलारूपा उपान्त्ये समये क्षपयति ॥११२-११३-११४-११५-११६॥**

**अथायोग्यन्त्ये समये याः प्रकृतीः क्षपयित्वा यत्करोति, तत् श्लोकत्रयेणाऽऽह –**

अन्त्ये ह्येकतरं वेद्यमादेयत्वं च पूर्णता ।
त्रसत्वं बादरत्वं च, मनुष्यायुश्च सद्यशः ॥११७॥
नृगतिश्चानुपूर्वी च, सौभाग्यं चोच्चगोत्रता ।
पञ्चाक्षत्वं तथा तीर्थकृन्नामेति त्रयोदश ॥११८॥
क्षयं कृत्वा स लोकान्तं, तत्रैव समये व्रजेत् ।
लब्धसिद्धत्वपर्यायः, परमेष्ठी सनातनः ॥११९॥ त्रिभिर्विशेषकम् ॥

व्याख्या-**सोऽयोगी** 'हि' **स्फुटमन्त्ये समये एकतरं वेद्यं १ आदेयत्वं २ पर्याप्तत्वं ३ त्रसत्वं ४ बादरत्वं ५ मनुष्यायुः ६ सद्यशः ७ मनुष्यगतिः ८ मनुष्यानुपूर्वी ९ सौभाग्यं**



શુભવિહાયોગતિ, (૬૨) અશુભવિહાયોગતિ, (૬૩) શુભનામ, (૬૪) અશુભનામ, (૬૫) સ્થિરનામ, (૬૬) અસ્થિરનામ, (૬૭) દેવગતિ, (૬૮) દેવાનુપૂર્વી, (૬૯) પ્રત્યેક, (૭૦) સુસ્વર, (૭૧) દુઃસ્વર, અને (૭૨) શાતા કે અશાતામાંથી કોઈ એક વેદનીય...

આ ૭૨ પ્રકૃતિઓ મોક્ષનગરના દ્વારને બંધ રાખવા માટે સાંકળ સમાન છે. અયોગી મહાત્મા ચૌદમા ગુણઠાણાના દ્વિચરમસમયે આ ૭૨ કર્મપ્રકૃતિઓનો ક્ષય કરે છે.

હવે અયોગી મહાત્મા છેલ્લા સમયે કઈ પ્રકૃતિઓ ખપાવે ? અને ત્યારબાદ તે શું કરે ? તે જણાવવા ગ્રંથકાર મહર્ષિ ત્રણ શ્લોકો દ્વારા કહે છે –

## ❋ ચરમસમયનું કૃત્ય + સનાતનપર્યાયની પ્રાપ્તિ ❋

**શ્લોકાર્થ : અંત્યસમયે બેમાંથી એક વેદનીય, આદેયનામ, પૂર્ણતા=પર્યાપ્તનામ, ત્રસનામ, બાદરનામ, મનુષ્યાયુષ્ય, શ્રેષ્ઠ યશનામ, મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વી, સૌભાગ્યનામ, ઉચ્ચગોત્ર, પંચેન્દ્રિયજાતિ અને તીર્થંકરનામ – આ ૧૩ પ્રકૃતિઓનો ક્ષય કરીને તે જ સમયે 'સિદ્ધત્વપર્યાય' પામીને શાશ્વત પરમેષ્ઠી બનેલા તે કેવળજ્ઞાની લોકના પર્યંત ભાગે જાય. (૧૧૭-૧૧૮-૧૧૯)**

**વિવેચન :** અયોગીપરમાત્મા ચૌદમા ગુણઠાણાના ચરમસમયે આ ૧૩ પ્રકૃતિઓનો ક્ષય કરે છે : (૧) શાતા કે અશાતામાંથી કોઈપણ એક (જે બાકી રહ્યું હોય તે) વેદનીયકર્મ,

**१० उच्चैर्गोत्रं ११ पञ्चेन्द्रियजातिः १२ तीर्थकृन्नामेति १३ त्रयोदश प्रकृतीः क्षयं नीत्वा तत्रैव समये** 'लब्धसिद्धत्वपर्यायः' **प्राप्तसिद्धत्वनामा** 'परमेष्ठी सनातनः' **भगवान् शाश्वतः** 'लोकान्तं' **लोकपर्यन्तं** 'व्रजेद्' **गच्छेदिति ।**

**तथाऽयोगिगुणस्थानस्थो जीवोऽबन्धकः, तथैकतरवेद्य १ आदेय २ यशः ३ सुभग ४ त्रसत्रिक ७ पञ्चेन्द्रियत्व ८ मनुष्यगति ९ मनुष्यानुपूर्वी १० मनुष्यायुः ११ उच्चैर्गोत्र १२ तीर्थकृदिति १३ त्रयोदशप्रकृतिवेदयिता, अन्त्यसमयद्वयादर्वाक् पञ्चाशीतिसत्ताकः, उपान्त्ये समये त्रयोदशप्रकृतिसत्ताकोऽन्त्यसमयेऽसत्ताकः ॥११७-११८-११९॥**

**इत्ययोगिनश्चतुर्दशम् ॥१४॥**

**ગુણતીર્થ**

(૨) આદેયનામકર્મ, (૩) પર્યાપ્તનામકર્મ, (૪) ત્રસનામકર્મ, (૫) બાદરનામકર્મ, (૬) મનુષ્યાયુષ્ય, (૭) યશનામકર્મ, (૮) મનુષ્યગતિ, (૯) મનુષ્યાનુપૂર્વી, (૧૦) સૌભાગ્ય-નામકર્મ, (૧૧) ઉચ્ચગોત્ર, (૧૨) પંચેન્દ્રિયજાતિનામકર્મ, (૧૩) તીર્થંકરનામકર્મ...

**સિદ્ધત્વપર્યાયપ્રાપ્તિ :** ઉપરોક્ત ૧૩ પ્રકૃતિઓનો ક્ષય કરીને તે કેવળજ્ઞાની મહાત્મા પોતાનો સંસારીપણાંરૂપ પર્યાય છોડીને તે જ સમયે સિદ્ધપણાંરૂપ પર્યાયને પ્રાપ્ત કરે છે. અર્થાત્ કર્મના કે તેની અસરોના તમામ બંધનોથી મુક્ત બની પોતાના શુદ્ધ આત્મસ્વરૂપે પરિણમે છે.

**સનાતનપરમેષ્ઠી :** કર્મરહિત અવસ્થાના કારણે ફરી તે કેવળજ્ઞાનીને જન્મ-મરણો કે સંસારભ્રમણ નથી સર્જાવાનું... (કર્મરૂપ બીજ ન હોવાથી, તેના અંકુરારૂપ પુનર્જન્મ વગેરે પણ ન થાય...) એટલે જ આ પરમાત્મા 'શાશ્વત' છે. તેમની હવે સિદ્ધપણાંરૂપે 'સાદિ-અનંત' કાળપ્રમાણ સ્થિતિ છે.

**લોકપર્યંતગમન :** કર્મક્ષય કરી સિદ્ધત્વપર્યાય પામી સનાતનપરમેષ્ઠી બનેલા તે કેવળજ્ઞાની લોકના પર્યંત ભાગે જાય છે. એટલે કે અસ્પૃશદ્ગતિથી=આકાશપ્રદેશોના સ્પર્શ વિના ઋજુશ્રેણિથી એક જ સમયમાં અપ્રતિહતગતિએ ૧૪ રાજલોકના અગ્રભાગ સુધી જાય... અને ત્યાં અટકી સ્થિર થાય છે.

હવે અયોગીગુણઠાણે કેટલા કર્મોનો બંધ-ઉદય-સત્તા હોય ? તે બતાવવા ગ્રંથકાર મહર્ષિ જણાવે છે –

### ❋ અયોગીગુણઠાણે બંધ-ઉદય-સત્તા ❋

**બંધ :** આ ગુણઠાણે યોગરૂપ બંધનું કારણ ન હોવાથી, અયોગીગુણઠાણે રહેલો જીવ **'અબંધક'** હોય છે. અર્થાત્ કોઈપણ પ્રકૃતિને બાંધતો નથી.

**निष्कर्मात्मा तस्मिन्नेव समये लोकान्तं कथं याति ? इत्याशङ्क्याह –**

**पूर्वप्रयोगतोऽसङ्गभावाद् बन्धविमोक्षतः ।**

**स्वभावपरिणामाच्च, सिद्धस्योद्‌र्ध्वगतिर्भवेत् ॥१२०॥**

व्याख्या–'सिद्धस्य' **निष्कर्मात्मन ऊद्‌र्ध्वगतिर्भवति, कस्मात् ?** 'पूर्वप्रयोगतः'

**ગુણતીર્થ**

**ઉદય :** અયોગીગુણઠાણે રહેલા જીવને **૧૩** પ્રકૃતિઓનો ઉદય હોય છે. તે ૧૩ પ્રકૃતિઓ આ પ્રમાણે સમજવી : (૧) શાતા કે અશાતામાંથી એક વેદનીયકર્મ, (૨) આદેયનામકર્મ, (૩) યશનામકર્મ, (૪) સુભગનામકર્મ, (૫-૭) ત્રસત્રિક=ત્રસ, બાદર, પર્યાપ્ત નામકર્મ, (૮) પંચેન્દ્રિયજાતિનામકર્મ, (૯) મનુષ્યગતિ, (૧૦) મનુષ્યાનુપૂર્વી, (૧૧) મનુષ્યાયુષ્ય, (૧૨) ઉચ્ચગોત્ર, અને (૧૩) તીર્થંકરનામકર્મ...

**સત્તા :** સયોગીગુણઠાણે જે ૮૫ પ્રકૃતિઓની સત્તા કહી હતી, તે જ **૮૫** પ્રકૃતિઓ અયોગીગુણઠાણાના છેલ્લા બે સમયની પહેલા સુધી સત્તામાં હોય છે. **દ્વિચરમસમયે**-અયોગીગુણઠાણાના ઉપાંત્યસમયે=દ્વિચરમસમયે ૮૫માંથી પૂર્વોક્ત ૭૨ પ્રકૃતિઓનો સત્તાવિચ્છેદ થવાથી, તે સિવાયની **૧૩** પ્રકૃતિઓની સત્તા હોય. અને **ચરમસમયે** તે ૧૩ પ્રકૃતિઓનો પણ સત્તાવિચ્છેદ થવાથી, જીવ કર્મરહિત **નિઃસત્તાક** બને છે.

| ગુણસ્થાન | બંધ | ઉદય | સત્તા |
|---|---|---|---|
| અયોગી | ૦ | ૧૩ | ૮૫/૧૩/૦ |

આ પ્રમાણે ચૌદમા અયોગીગુણસ્થાનકનું સ્વરૂપવર્ણન પૂર્ણ થયું. તેની પૂર્ણાહુતિ સાથે સંસારપર્યાયરૂપ ચૌદે ગુણઠાણાઓનું સ્વરૂપવર્ણન પૂર્ણ થયું.

## મોક્ષ અવસ્થા

હવે કર્મરહિત બનેલો આત્મા તે જ સમયે લોકના પર્યંત ભાગે શી રીતે જાય છે ? એ પ્રશ્ન ઉપાડી તેનું સમાધાન કરવા ગ્રંથકારમહર્ષિ જણાવે છે –

### ✱ સિદ્ધાત્માનાં ઊર્ધ્વગમન અંગે કારણો ✱

**શ્લોકાર્થ :** **(૧) પૂર્વપ્રયોગથી, (૨) અસંગભાવથી, (૩) બંધવિમોક્ષથી, અને (૪) સ્વભાવપરિણમનથી સિદ્ધપરમાત્માની ઊર્ધ્વગતિ થાય. (૧૨૦)**

**વિવેચન :** કર્મરહિત બનેલા સિદ્ધ પરમાત્માની ઊર્ધ્વગતિ થાય એ અંગે ચાર કારણો આ પ્રમાણે સમજવા –

अचिन्त्यात्मवीर्येणोपान्त्यसमयद्वये पञ्चाशीतिकर्मप्रकृतिक्षपणाय पूर्वं यः प्रयुक्तः प्रयोगो व्यापारः प्रयत्नस्तस्मादित्येको हेतुः । न सङ्गोऽसङ्गस्तस्य भावोऽसङ्गभावस्तस्मात्, कर्मोपग्रहरूपसङ्गमाभावात् इति द्वितीयो हेतुः । बन्धाद् विमोक्षो बन्धविमोक्षस्तस्माद्, गाढतरबन्धनविमुक्तितः इति तृतीयो हेतुः । स्वभावेन परिणमनं स्वभावपरिणाम-स्तस्मात्, तथास्वाभाव्यादिति चतुर्थो हेतुः ॥१२०॥

अथेतिहेतुचतुष्टयं सदृष्टान्तं क्रमेण श्लोकचतुष्टयेनाऽऽह –

कुलालचक्रदोलेषुमुख्यानां हि यथा गतिः ।
पूर्वप्रयोगतः सिद्धा, सिद्धस्योर्ध्वगतिस्तथा ॥१२१॥

गुणतीर्थ

(૧) **પૂર્વપ્રયોગ :** આત્માના અચિન્ત્ય વીર્ય-સામર્થ્યથી, છેલ્લા બે સમયમાં ૮૫ પ્રકૃતિઓનો ક્ષય કરવા માટે જે યોગવ્યાપારરૂપ પ્રયત્ન પ્રયોજેલો, તેના સંસ્કાર પડી જવાથી, નિષ્કર્મ બન્યા બાદ પણ જીવનું એક સમય માટે ઊર્ધ્વગમન થાય છે.

(૨) **અસંગભાવ :** કોઈપણ પ્રકારનો સંગ ન હોવો તે 'અસંગભાવ' કહેવાય. કર્મના ઉપગ્રહરૂપ સંગનો અભાવ હોવાથી આત્માની ઊર્ધ્વગતિ થાય. **તાત્પર્ય** એ કે કર્મનો સંગ - આત્માની સ્વાભાવિક ઊર્ધ્વગતિનો પ્રતિબંધ કરવામાં ઉપગ્રહરૂપ=કારણરૂપ છે, તેનો વિનાશ થતાં આત્માની ઊર્ધ્વગતિ થાય.

(૩) **બંધવિમોક્ષ :** બંધનથી બંધાયેલો જીવ ઇષ્ટસ્થાને ન જઈ શકે... અને બંધનથી છુટકારો મળતાં જ તે ઇચ્છિત સ્થાને જતો રહે. પ્રસ્તુતમાં, કર્મના - સંસારના-રાગાદિના ગાઢતર બંધનથી મુક્ત બનેલો જીવ પોતાના મોક્ષરૂપ ઇચ્છિતસ્થાને ઊર્ધ્વગતિએ જતો રહે છે.

(૪) **સ્વભાવપરિણમન :** પોતાના આત્મસ્વભાવે પરિણમવું તે સ્વભાવપરિણમન કહેવાય. આત્માનો ઊર્ધ્વગમનનો (=ઊર્ધ્વગતિએ જવાનો) સ્વભાવ છે, એટલે એ સ્વભાવના બળે આત્માની ઊર્ધ્વગતિ થાય.

હવે અનુક્રમે આ ચારે હેતુઓને ઉદાહરણ સાથે સમજાવવા, ગ્રંથકાર આચાર્યશ્રી ચાર શ્લોકો દ્વારા કહે છે –

## ❋ ચાર કારણો અંગે ચાર ઉદાહરણો ❋

**શ્લોકાર્થ : (૧) જેમ કુંભારનું ચક્ર, હીંચકો, બાણ વગેરેની પૂર્વપ્રયોગથી ગતિ હોય, તેમ સિદ્ધપરમાત્માની પણ ઊર્ધ્વગતિ સમજવી. (૨) માટીનો લેપરૂપ સંગ છૂટી જવાથી જેમ પાણીમાં**

मृल्लेपसङ्गनिर्मोक्षाद् यथा दृष्टाऽप्स्वलाबुनः ।
कर्मसङ्गविनिर्मोक्षात् तथा सिद्धगतिः स्मृता ॥१२२॥
एरण्डफलबीजादेर्बन्धच्छेदाद्यथा गतिः ।
कर्मबन्धनविच्छेदात् सिद्धस्यापि तथेक्ष्यते ॥१२३॥
यथाऽधस्तिर्यगूर्ध्वं च, लेष्टुवाय्वग्निवीचयः ।
स्वभावतः प्रवर्त्तन्ते, तथोर्ध्वगतिरात्मनः ॥१२४॥

॥ चतुर्भिः कलापकम् ॥

व्याख्या-'कुलालचक्रं' **कुम्भकारोपकरणं** 'दोला' **प्रेङ्खा** 'इषुः' **बाणस्तन्मुख्यानां यन्त्रगोफणमुक्तगोलकादीनां गतिः** 'हि' **स्फुटं** 'यथा' **येन प्रकारेण पूर्वप्रयोगतः** 'सिद्धा' **प्रसिद्धा** 'तथा' **तेन प्रकारेण पूर्वप्रयोगतः सिद्धस्योर्ध्वगतिः सिद्धेत्येको दृष्टान्तः ॥१२१॥**

**ગુણતીર્થ**

**તુંબડાની ઊર્ધ્વગતિ થાય, તેમ કર્મનો સંગ છૂટવાથી સિદ્ધની ઊર્ધ્વગતિ મનાઈ છે. (૩) બંધનનો છેદ થવાથી જેમ એરંડાના ફળનાં બીજ વગેરેની ઊર્ધ્વગતિ થાય, તેમ કર્મબંધનનો વિચ્છેદ થવાથી સિદ્ધની પણ ઊર્ધ્વગતિ જોવાય છે. (૪) જેમ પથ્થરની અધોગતિ, વાયુની તીર્છીગતિ અને અગ્નિજ્વાલાની ઊર્ધ્વગતિ સ્વસ્વભાવથી જ થાય છે, તેમ આત્માની ઊર્ધ્વગતિ પણ સ્વભાવથી જ પ્રવર્તે છે. (૧૨૧-૧૨૨-૧૨૩-૧૨૪)**

**વિવેચન :**

**(૧) પૂર્વપ્રયોગ : (કુલાલચક્ર વગેરે)**

(ક) જેમ કુંભાર પહેલાં દંડાથી ચક્ર ફેરવે, પછી દંડો લઈ લે તો પણ ચક્ર ફર્યા જ કરે છે, (ખ) હીંચકો એકવાર હાથથી હલાવીએ, પછી હાથ લઈ લીધા બાદ પણ તે હીંચકો હલતો જ રહે છે, (ગ) બાણને એકવાર ધનુષમાંથી છોડીએ, પછી આગળ-આગળ જવારૂપ વ્યાપાર તે પોતાના સંસ્કારવશે કરે છે. એ જ રીતે (ઘ) યંત્રમાંથી કે ગોફણમાંથી (=બેચકી જેવા સાધનવિશેષમાંથી) છોડેલા પથ્થર વગેરેની પણ ગતિ સમજવી. તો અહીં જેમ પૂર્વપ્રયોગના કારણે તેઓની ગતિ પ્રસિદ્ધ છે. તેમ, પૂર્વપ્રયોગથી સિદ્ધની પણ ઊર્ધ્વગતિ સમજવી... એટલે કે છેલ્લે કર્મક્ષય કરતી વખતે આત્મામાં યોગવ્યાપારના જે સંસ્કાર રહી ગયેલા, તે સંસ્કારથી સિદ્ધનો જીવ ઊર્ધ્વગમનરૂપ યોગવ્યાપાર કરે.

**(૨) અસંગભાવ : (તુંબડું વગેરે)**

સંગ એટલે લેપ... અસંગ એટલે નિર્લેપ... માટીનો લેપ કરેલું તુંબડું પાણીમાં ડુબે,

**तथा** 'मृल्लेपसङ्गनिर्मोक्षात्' **मृत्तिकाप्रलेपसङ्गतिमुक्तेः** 'अप्सु' **जलेषु** 'अलाबुनः' **तुम्बकफलस्य यथोद्र्ध्वगतिर्दृष्टा, तथा कर्मलेपसङ्गनिर्मोक्षात्सिद्धानामूद्र्ध्वगतिः स्मृतेति द्वितीयहेतुदृष्टान्तः ॥१२२॥**

**तथा** 'एरण्डफलबीजादेः' **एरण्डफलबीजस्य, आदिशब्दाच्छणबीजादेर्बन्धच्छेदाद्यथोद्र्ध्वगतिर्भवेत्, कर्मबन्धनविच्छेदात्सिद्धस्यापि तथैवोद्र्ध्वगतिर्भवतीति तृतीयहेतुदृष्टान्तः ॥१२३॥**

**तथा** 'लेष्टुवाय्वग्निवीचयः' **इष्टकाखण्डसमीरणवह्नयः स्वभावतः एव यथाऽधस्तिर्यगूद्र्ध्वं क्रमेण प्रवर्त्तन्ते, तथाऽऽत्मनोऽपि स्वभावादेवोद्र्ध्वगतिर्भवतीति चतुर्थहेतुदृष्टान्तः ॥१२४॥**

**अथाधस्तिर्यग्लोकेषु निष्कर्माऽऽत्मनो गतिनिषेधमाह –**

**गुणतीर्थ**

પણ લેપ ઉતરી જતાં જેમ એ તુંબડું નીચેથી ઉપર આવે છે, તેમ કર્મરૂપ લેપનો સંગ છુટી જતાં સિદ્ધાત્માની ઊર્ધ્વગતિ થાય છે. (માટીના લેપવાળું તુંબડું તળીયે બેસી જાય, પછી જેમ જેમ લેપ ઉખડે તેમ ઊંચું આવે.)

**(૩) બંધવિમોક્ષ :**

જેમ (ક) એરંડાનું ફળ ફુટતાં જ એનાં બીજ ઊંચે ઉછળે છે, એ જ રીતે (ખ) શણનાં બીજ વગેરે પણ ઊંચે ઉછળે છે, તેમ કર્મનાં બંધન તૂટતાં જ સિદ્ધાત્માની પણ ઊર્ધ્વગતિ થાય.

**(૪) સ્વભાવપરિણમન :**

(ક) ઇંટનો ટૂકડો ફેંકીએ તો એ નીચે જ જાય, (ખ) પવન એ તીર્છી ગતિએ જ વહે, અને (ઘ) અગ્નિ સળગાવવામાં આવે, તો એની દીપશિખા ઊર્ધ્વ જ જાય... વાત એટલી જ છે કે, દરેક પદાર્થની પોત-પોતાના સ્વભાવને અનુરૂપ ગતિ થાય. હા, કોઈ નિમિત્ત પામીને અન્ય ગતિ થાય તે જુદી વાત છે, પણ નિમિત્ત ન હોય તો તે સ્વાભાવિક ગતિ જ કરે. પ્રસ્તુતમાં આત્માનો ઊંચે જવાનો સ્વભાવ છે. એટલે તે સ્વભાવને અનુરૂપ આત્માની ઊર્ધ્વગતિ જ થાય.

હવે તે કર્મરહિત આત્મા (૧) અધોલોક, કે (૨) તિર્ચ્છાલોકમાં જાય નહીં – એ બતાવવા ગ્રંથકારમહર્ષિ ફરમાવે છે –

**न चाधो गौरवाभावान्न तिर्यक् प्रेरकं विना ।**
**न च धर्मास्तिकायस्याभावाल्लोकोपरि व्रजेत् ॥१२५॥**

व्याख्या-**सिद्धात्माऽधस्तान्न गच्छति, कस्मात् ?** 'गौरवाभावात्' **कर्मजनितगुरुत्वाभावात्, तथा** 'प्रेरकं विना' **प्रेरककर्माभावान्न तिर्यग् गच्छति, तथा निष्कर्मा** 'लोकोपरि न व्रजेद्' **अलोकमध्ये न गच्छेत्, कस्मात् ? धर्मास्तिकायस्याभावात्, लोके हि जीव-**

**गुणतीर्थ**

**❋ અન્યત્ર અગમનના તર્કો ❋**

**શ્લોકાર્થ : (૧) ગૌરવ=વજન ન હોવાથી નીચે ન જાય, (૨) પ્રેરક વિના તીરછે ન જાય, અને (૩) ધર્માસ્તિકાય ન હોવાથી લોકની ઉપર પણ ન જાય. (૧૨૫)**

**વિવેચન :** સિદ્ધાત્મા કર્મમુક્ત થયા બાદ લોકપર્યંત ઊર્ધ્વગમન સિવાય બીજે ક્યાંય ન જાય - એ માટેના તર્કો આ પ્રમાણે સમજવા –

**(૧) અધોગમનનિષેધ :**

કર્મજનિત ભારેપણું ન હોવાથી આત્મા નીચે ન જાય. એક એવો સર્વસામાન્ય નિયમ છે કે વજનવાળો પદાર્થ સ્વતઃ નીચે જાય છે; અને વજનરહિત પદાર્થ સ્વતઃ ઊર્ધ્વગતિ કરે છે. દરેક પુદ્ગલ દ્રવ્યોમાં વજન હોય જ... તેથી શરીર કે કર્મ પણ વજનવાળા હોવાના જ. એટલે જ, જ્યારે આત્મા શરીરથી મુક્ત થાય છે અને કર્મોથી મુક્ત થાય છે, ત્યારે તે વજનથી પણ મુક્ત થાય છે. એટલે તે શુદ્ધ આત્મદ્રવ્ય વજન વિનાનું બનવાથી તેની ઊર્ધ્વગતિ થાય.

**(૨) તિર્યગ્ગમનનિષેધ :**

પ્રેરકરૂપ ક્રિયા ન હોવાથી, તે આત્મા તીરછું ગમન ન કરે. ગાડીને (કારને) સીધી દોડાવવા પણ એંજિનની પ્રેરણા જોઈએ. તીરછું એટલે ઊંચા/નીચા સિવાયનું... એ તીરછું જવા કોઈક તો પ્રેરક દળ જોઈએ જ. પણ મુક્તાત્માને કર્મ-યોગાદિરૂપ કોઈ જ પ્રેરકદળ ન હોવાથી, તેનું તિર્યગ્ગમન ન થાય, ઊર્ધ્વગમન જ થાય.

**(૩) ઊર્ધ્વગમનમર્યાદા :**

કર્મરહિત આત્મા લોકની ઉપર અલોકમાં ન જાય, કારણ કે ત્યાં ધર્માસ્તિકાય નથી. લોકમાં જીવ અને પુદ્ગલના ગમનનું કારણ 'ધર્માસ્તિકાય' છે. જેમ માછલા વગેરે માટે પાણી... હવે એ ધર્માસ્તિકાય અલોકમાં ન હોવાથી, સિદ્ધાત્મા ૧૪ રાજલોકની ઉપર ન જાય.

**पुद्गलयोर्गतिहेतुर्धर्मास्तिकायो भवति, मत्स्यादीनां सलिलवत्, तस्य धर्मास्तिकायस्यालोकेऽसम्भवात् सिद्धात्मा लोकोपरि न व्रजेदिति ॥१२५॥**

**अथ सिद्धानां स्थितिर्यथा सिद्धशिलोपरि लोकान्तेऽस्ति, तथा श्लोकद्वयेनाह –**

**मनोज्ञा सुरभिस्तन्वी, पुण्या परमभासुरा ।**
**प्राग्भारा नाम वसुधा, लोकमूर्ध्नि व्यवस्थिता ॥१२६॥**
**नृलोकतुल्यविष्कम्भा, सितच्छत्रनिभा शुभा ।**
**ऊर्ध्वं तस्याः क्षितेः सिद्धाः, लोकान्ते समवस्थिताः ॥१२७॥**
**॥ युग्मम् ॥**

व्याख्या-**प्राग्भारा नाम वसुधा सिद्धिशिलेतिख्याता पृथ्वी** 'लोकमूर्ध्नि' **चतुर्दशरज्ज्वात्मकलोकशिरसि व्यवस्थिता वर्त्तते, तस्याः क्षितेरूर्ध्वं** 'लोकान्ते' **लोकप्रान्तस्पृष्टात्मप्रदेशाः सिद्धाः समवस्थिता भवन्ति, कथम्भूता क्षितिः ?** 'मनोज्ञा' **मनोहारिणी, पुनः कथम्भूता ?** 'सुरभिः' **कर्पूरपूराधिकसौरभ्या,** 'तन्वी' **सूक्ष्मावयवत्वात् कोमला, न तु स्थूलावयवत्वात् कर्कशा,** 'पुण्या' **पवित्रा** 'परमभासुरा' **प्रकृष्टतेजोभासुरा ॥१२६॥**

**गुणतीर्थ**

**તાત્પર્ય :** ગતિમાં સહાયક દ્રવ્ય છે : 'ધર્માસ્તિકાય'... ધર્માસ્તિકાયનું અસ્તિત્વ લોકાન્ત સુધી જ હોય છે. અલોકમાં ધર્માસ્તિકાયનું અસ્તિત્વ નથી; માટે આત્મા લોકાન્ત સુધી જ જાય છે. પાણી હોય ત્યાં સુધી જ જહાજ જાય, પાણી હોય ત્યાં સુધી જ માછલી જાય તેમ.

હવે લોકના છેડે સિદ્ધશિલા ઉપર સિદ્ધપરમાત્માનું શી રીતે અવસ્થાન હોય ? તે બતાવવા બે શ્લોકો દ્વારા કહે છે –

## ❋ સિદ્ધોની સિદ્ધશિલા પર અવસ્થિતિ ❋

**શ્લોકાર્થ : મનોજ્ઞ, સુરભિ, કોમળ, પુણ્યવતી, પરમ તેજસ્વી એવી 'ઈષત્ પ્રાગ્ભારા' નામની પૃથ્વી લોકના મસ્તકભાગે રહેલી છે. તે પૃથ્વી મનુષ્યલોકપ્રમાણ (૪૫ લાખ યોજન) વિસ્તૃત, શ્વેત છત્ર સમાન અને સુંદર છે, તે પૃથ્વીની ઉપર સિદ્ધપરમાત્માઓ લોકને છેડે રહેલા છે. (૧૨૬-૧૨૭)**

**વિવેચન :** ચૌદ રાજલોકના અગ્રભાગે 'इषत्प्राग्भारा' નામની પૃથ્વી રહેલી છે. તે 'સિદ્ધશિલા' નામે પ્રસિદ્ધ છે. ઠાણાંગસૂત્ર-પન્નવણાસૂત્રમાં આ પૃથ્વીના અનેક નામો

'नृलोकतुल्यविष्कम्भा' **मनुष्यक्षेत्रसमविस्तारा** 'सितच्छत्रनिभा' **श्वेतच्छत्राकारा, परमोत्तानच्छत्रोपमा,** 'शुभा' **सकलशुभोदयमयीति, सा प्राग्भारा वसुधा सर्वार्थसिद्धाद् द्वादशभिर्योजनैर्भवति, मध्यदेशे साऽष्टयोजना, प्रान्तेषु तीक्ष्णधारोपमा, तस्याः शिलाया उपरि एकेन योजनेन लोकान्तम्, तस्य योजनस्य यश्चतुर्थः क्रोशस्तस्य षष्ठे भागे सिद्धानामवगाहना भवति, यदाह –**

**गुणतीर्थ**

આપવામાં આવેલાં છે : (૧) मुक्ति, (૨) सिद्धि, (૩) मुक्त्यालय, (૪) सिद्धालय, (૫) लोकाग्रा, (૬) लोकाग्रस्तूपिका, (૭) सर्वप्राण-भूत-जीव-सत्त्वसुखावहा...।

આ પૃથ્વીની ઉપર, લોકના છેડાને અડોઅડ સ્પર્શીને રહેલા આત્મપ્રદેશવાળા સિદ્ધ પરમાત્માઓ રહે છે. હવે આ પૃથ્વી કેવી છે ? તેનું સ્વરૂપ ગ્રંથકારશ્રી આઠ વિશેષણો દ્વારા બતાવે છે –

## ❋ ૮ વિશેષણોથી સિદ્ધશિલાનું સ્વરૂપવર્ણન ❋

(૧) **મનોહરા :** મનોહરસ્વરૂપવાળી...

(૨) **સુરભિ :** કર્પૂરના સમૂહથી વધુ સુગંધવાળી, એકદમ સુગંધી.

(૩) **કોમળ :** સૂક્ષ્મ અવયવવાળી હોવાથી એકદમ કોમળ છે, પણ સ્થૂલ અવયવવાળી હોવાના કારણે તે સ્થૂલ-કર્કશ-ખરબચડી હોય તેવું નથી. (અર્થાત્ એકદમ લીસ્સી છે.)

(૪) **પુણ્યવતી :** એકદમ પવિત્ર છે. મળ વગેરે અશુચિથી રહિત છે.

(૫) **પરમતેજસ્વી :** પ્રકૃષ્ટ તેજથી દેદીપ્યમાન છે.

(૬) **મનુષ્યલોકતુલ્યવિસ્તૃત :** અઢીદ્વીપપ્રમાણ મનુષ્યલોકનો જેટલો વિસ્તાર હોય, તેટલા જ ૪૫ લાખ યોજનપ્રમાણ વિસ્તારવાળી આ પૃથ્વી છે.

(૭) **શ્વેતછત્રસમાન :** તે પૃથ્વી સફેદ છત્રના આકારવાળી હોય છે. તાત્પર્ય એ કે સફેદછત્ર-બરફ વગેરેની જેમ એકદમ શ્વેત=ધવલ વર્ણવાળી હોય છે. અને તે ઊર્ધ્વમુખ છત્રના આકારવાળી હોય છે. એટલે કે છત્રને ઊંધું મુક્યા બાદ તેનો જેવો આકાર થાય, તેવા આકારવાળી આ સિદ્ધશિલા છે.

(૮) **શુભા :** એકદમ સુંદર... શુભ પદાર્થોના ઉદયવાળી...એટલે કે જ્યાં બધી શુભ વસ્તુઓનું જ અસ્તિત્વ હોય તેવી સમૃદ્ધિયુક્ત પૃથ્વી છે.

**સિદ્ધશિલાનું સ્થાન :**

તે 'इषत्प्राग्भारा' નામની સિદ્ધશિલાની પૃથ્વી, સર્વાર્થસિદ્ધ નામના અનુત્તરવિમાનથી

"ईसीपब्भाराए[62] उवरिं खलु जोयणंमि जो कोसो ।
कोसस्स य छब्भाए, सिद्धाणोगाहणा भणिया ॥१॥"

**तथाहि – द्विसहस्रधनुःप्रमाणस्य क्रोशस्य षष्ठे भागे धनुषां त्रीणि शतानि त्रयस्त्रिंशदधिकानि भवन्ति, धनुस्त्रिभागद्वयं च, तत उत्कृष्टतः सिद्धात्मप्रदेशानामवगाहनाऽप्येतावत्येव भवति, नाधिकेति, यदाह –**

**ગુણતીર્થ**

૧૨ યોજન ઉપર છે. અને જાડાઈમાં એકદમ વચલા ભાગમાં ૮ યોજન જાડી છે. અને ત્યારબાદ બંને બાજુ પાતળી થતાં-થતાં છેક છેડાના ભાગે તે પૃથ્વી તીક્ષ્ણ ધારની સમાન એકદમ પાતળી છે.

**સિદ્ધોનું અવસ્થાન + અવગાહના :**

તે સિદ્ધશિલાથી એક યોજન દૂર લોકનો પર્યંતભાગ=છેડો આવે છે. તે એક યોજનનો ઉપરનો ચોથો ભાગ ૧ ક્રોશ=૧ ગાઉ પ્રમાણ થાય. અને તે ગાઉના છઠ્ઠા ભાગમાં શ્રીસિદ્ધોની અવગાહના છે. (એટલે સિદ્ધભગવંતો સિદ્ધશિલાના તળીયા ઉપર નહીં, પણ લોકના ઉપરના સર્વાંતિમ ક્ષેત્રે ૧ ગાઉના છઠ્ઠાભાગ જેટલા અવકાશમાં રહ્યા છે.)

આ વિશે શાસ્ત્રમાં જણાવ્યું છે કે –

**શ્લોક :** ईसीपब्भाराए उवरिं खलु जोयणंमि जो कोसो ।
कोसस्स य छब्भाए, सिद्धाणोगाहणा भणिया ॥

**શ્લોકાર્થ :** ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીની ઉપર ૧ યોજનનો જે ૧ કોશ (=૧ ગાઉ), તે ૧ ગાઉના છઠ્ઠાભાગમાં શ્રી સિદ્ધભગવંતોની અવગાહના કહેવાઈ છે.

તે યોજનમાં ૨૩ ભાગ ખાલી છે. અને ઉપરના છેલ્લા ૨૪મા ભાગમાં શ્રી સિદ્ધપરમાત્માની અવગાહના છે. તે આ પ્રમાણે –

એક કોશના (=એક ગાઉના) ૨૦૦૦ ધનુષ થાય, તેનો છઠ્ઠો ભાગ ૩૩૩ ધનુષ અને તદુપરાંત એક ધનુષના ત્રણ ભાગ કરે તેવા બે ભાગ (=૨/૩ ધનુષ) થાય. એટલે એ છઠ્ઠો ભાગ ૩૩૩ + ૨/૩ ધનુષ પ્રમાણ થયો. હવે સિદ્ધપરમાત્માના આત્મપ્રદેશોની અવગાહના પણ ઉત્કૃષ્ટથી આટલી જ હોય છે, તેનાથી વધુ નહીં. (કારણ કે ૫૦૦ ધનુષ્યથી

**छायासन्मित्रम्**

(62) ईषत्प्राग्भाराया उपरि खलु योजने यः क्रोशः ।
क्रोशस्य च षड्भागे सिद्धानामवगाहना भणिता ॥१॥

[63] "तिन्नेव धणुसयाइं, धणुतित्तीस च धणु तिभागोणं ।
इअ एसा उक्कोसा, सिद्धाणोगाहणा भणिया ॥१॥" ॥१२७॥

**अथ सिद्धात्मप्रदेशानामवगाहनाऽऽकारमाह –**

**कालावसरसंस्थाना, या मूषा गतसिक्थका ।**
**तत्रस्थाकाशसंकाशाऽऽकारा सिद्धावगाहना ॥१२८॥**

व्याख्या-**या मूषा** 'गतसिक्थका' **गलितमदना** 'कालावसरसंस्थाना' **अन्तकाल-**

**ગુણતીર્થ**

અધિક અવગાહનાવાળા જીવો મોક્ષે જતા નથી. હવે ૫૦૦ ધનુષની અવગાહનાવાળા જીવો છેલ્લે પોતાના આત્મપ્રદેશો સંહાર કરી ૨/૩ ભાગ જેટલા બનાવે, એટલે એ વખતે સિદ્ધભગવંતની અવગાહના '૩૩૩ ધનુષ અને ૩૨ અંગુલ' પ્રમાણ જ રહે, તેનાથી વધુ નહીં. એટલે જ યથોક્ત માપથી વધુ અવગાહના ન મળે.

આ વિશે પણ જણાવ્યું છે કે –

**શ્લોક :** तिन्नेव धणुसयाइं, धणुतित्तीस च धणु तिभागोणं ।
इअ एसा उक्कोसा, सिद्धाणोगाहणा भणिया ॥

**શ્લોકાર્થ :** '૩૩૩ ધનુષ + ત્રીજો ભાગન્યૂન ૧ ધનુષ' આટલા પ્રમાણવાળી જ સિદ્ધભગવંતોની ઉત્કૃષ્ટ અવગાહના કહેવાઈ છે.

હવે સિદ્ધભગવંતના આત્મપ્રદેશોની અવગાહનાનો આકાર કેવો હોય ? તે બતાવવા ગ્રંથકારમહર્ષિ જણાવે છે –

## ❋ સિદ્ધાત્માની અવગાહનાનો આકાર ❋

**શ્લોકાર્થ : ગળી ગયેલા મીણવાળી જે મૂષા, તે અંતકાળના સમયે જેવા આકારવાળી હોય, (તેવા આકારવાળી) તે મૂષામાં રહેલ આકાશપ્રદેશની સમાન આકૃતિવાળી સિદ્ધભગવંતોની અવગાહના હોય છે. (૧૨૮)**

**વિવેચન :** ઓગળી ગયેલા મીણવાળી મૂષા અંતકાળના સમયે જેવા આકારવાળી હોય, તેવા આકારવાળી એ મૂષામાં રહેલા આકાશપ્રદેશોનો જેવો આકાર હોય, તેવા આકારની સમાન આકૃતિવાળી સિદ્ધભગવંતોની અવગાહના હોય છે.

**छायासन्मित्रम्**

(63) त्रीण्येव धनुःशतानि धनूंषि त्रयस्त्रिंशच्च धनुः तृतीयभागोनम् ।
इत्येषोत्कृष्टा सिद्धानामवगाहना भणिता ॥१॥

समयाकारा भवति, तत्रस्थो य आकाशस्तत्संकाशाकारा गलितमदनमूषागताकाश-सदृक्षाकृतिः सिद्धानामवगाहना भवतीति ॥१२८॥

अथ सिद्धानां ज्ञानदर्शनविषयमाह –

ज्ञातारोऽखिलतत्त्वानां, द्रष्टारश्चैकहेलया ।
गुणपर्यायमुक्तानां, त्रैलोक्योदरवर्त्तिनाम् ॥१२९॥

**गुणतीर्थ**

અહીં **ભાવાર્થ** અમને આવો જણાય છે –

'મૂષા' એટલે મીણબત્તી, તેને ઊભી રાખવાની. ત્યારબાદ એને સળગાવીએ એટલે એનું મીણ ધીરે ધીરે ઓગળતું જાય. નીચે પડે. અને છેલ્લા સમયોમાં અવસ્થા એ સર્જાય કે નીચે પડેલું બધું મીણ પિંડરૂપે=જથ્થારૂપે એકબીજાની સાથે નિબિડપણે જોડાયેલું હોય છે. અને અનિયત આકારવાળું હોય છે.

એ જ રીતે, પહેલા તો આત્મપ્રદેશો શરીરને અનુરૂપ વિસ્તૃત હોય છે. પણ છેલ્લે જ્યારે પોલાણવાળા ભાગોને પૂરવા દ્વારા આત્મપ્રદેશોનો સંકોચ થાય, ત્યારે તે આત્મપ્રદેશો ઓગળેલા મીણના પિંડની જેમ નિબિડપણે એકબીજાથી જોડાયેલા હોય.

તો એ વખતે આત્મપ્રદેશોનો જે આકાર હોય, તે જ આકારે સિદ્ધભગવંતોની અવગાહના હોય છે. એટલે જ કહ્યું કે, ચરમકાલીન ઓગળેલા મીણવાળી મીણબત્તીના આકારે રહેલા આકાશપ્રદેશોની સમાન આકૃતિવાળી સિદ્ધોની અવગાહના હોય છે.

**પ્રશ્ન :** સિદ્ધોની અવગાહના, મીણબત્તીના આકારની સમાન ન કહેતાં એ આકારે રહેલા આકાશપ્રદેશની સમાન કેમ કહી ? (બંનેમાં આકૃતિ તો સમાન જ હોવાની ને ?)

**ઉત્તર :** અલબત્ત, બંનેમાં આકૃતિ સમાન જ હોવાની. પણ વિશેષતા એ કે, મીણબત્તીની આકૃતિ – પુદ્ગલસમુદાયરૂપ હોઈ - રૂપવંત છે. જ્યારે તદાકારે રહેલા આકાશપ્રદેશોની આકૃતિ અરૂપી હોવાની... સિદ્ધભગવંતોની અવગાહના અરૂપી છે, એટલે તેને સમજાવવા અરૂપીનું જ ઉદાહરણ બતાવ્યું.

(આ આખો પદાર્થ અમે યથાક્ષયોપશમ બેસાડ્યો છે, બહુશ્રુતોને સંશોધન કરવાની ભલામણ...)

હવે સિદ્ધભગવંતનાં (૧) જ્ઞાન, અને (૨) દર્શનનો વિષય કેટલો હોય ? એ બતાવવા ગ્રંથકાર આચાર્યશ્રી જણાવે છે –

## ❋ સિદ્ધોની વિરાટ્ જ્ઞાનયાત્રા ❋

**શ્લોકાર્થ : શ્રી સિદ્ધ પરમાત્મા, ત્રણે લોકમાં રહેનારા અને ગુણ-પર્યાયયુક્ત બધા પદાર્થોને એક જ હેલાએ જાણનારા હોય છે... અને જોનારા હોય છે. (૧૨૯)**

व्याख्या-'त्रैलोक्योदरवर्त्तिनां' **चतुर्दशरज्ज्वात्मकलोकमध्यवर्त्तमानानां** 'गुणपर्याय-युक्तानां' **पूर्वोक्तस्वरूपैर्गुणैः पर्यायैश्चोपलक्षितानां** 'अखिलतत्त्वानां' **समस्तजीवाजीवादि-पदार्थानां सिद्धाः=मुक्ता ज्ञातारो भवन्ति, विशेषोपयोगतया परिच्छेदका भवन्ति, न केवलं ज्ञातारः, तत्समयानन्तरं** 'एकहेलया' **सामान्योपयोगतया द्रष्टारश्च भवन्ति ॥१२९॥**

**ગુણતીર્થ**

**વિવેચન :** તે સિદ્ધ થયેલા, કર્મમુક્ત બનેલા આત્માઓ (૧) ચૌદ રાજલોકની અંદર રહેનારા... (અને ઉપલક્ષણથી અલોકાકાશમાં રહેનારા.) તથા (૨) સહભાવી ધર્મરૂપ ગુણો અને ક્રમભાવી ધર્મરૂપ પર્યાયો - આ ગુણ-પર્યાયોથી યુક્ત... એવા જીવ-અજીવ વગેરે બધા પદાર્થોને જાણનારા હોય છે. એટલે કે વિશેષોપયોગથી તે જીવાજીવાદિ તમામ પદાર્થોનો બોધ કરનારા હોય છે. (આ કેવળજ્ઞાનરૂપ જ્ઞાનોપયોગ જણાવ્યો.)

અને તે તમામ પદાર્થોને કેવળ જાણનારા જ હોય - એટલું જ નહીં; પણ આગળ વધીને તે તમામ પદાર્થોને સામાન્યોપયોગ દ્વારા જોનારા પણ હોય છે. અલબત્ત, એ જ સમયે નહીં, પણ એ પછીના તરતના સમયે...! એટલે કે પહેલા સમયે જ્ઞાનોપયોગ અને બીજા સમયે દર્શનોપયોગ...એ ક્રમે બંને ઉપયોગ વારાફરતી ચાલતા રહે.

પણ એટલું નિશ્ચિત કે, (૧) કેવળજ્ઞાનની ઉત્પત્તિ વખતે, અને (૨) સિદ્ધત્વની પ્રાપ્તિ વખતે તો 'જ્ઞાનોપયોગ' જ હોવાનો, કારણ કે 'કોઈપણ લબ્ધિ સાકારોપયોગમાં જ થાય' એવો નિયમ છે.

આ પ્રમાણે સિદ્ધ પરમાત્માઓ લોક-અલોકમાં રહેનારા સર્વદ્રવ્યોને સર્વ ગુણ-પર્યાયો સાથે જાણે છે અને જુએ છે.

**સરળાર્થ :** લોકમાં રહેલા અને લોકની બહાર અનંત અલોકમાં રહેલા સર્વદ્રવ્યોને સિદ્ધાત્માઓ જાણે છે અને જુએ છે. સર્વદ્રવ્યોના સર્વધર્મોને જાણે છે અને જુએ છે. ભૂતકાળના ધર્મોને ભૂતકાલીન તરીકે, વર્તમાનકાળના ધર્મોને વર્તમાનકાલીનરૂપે અને ભવિષ્યકાળના ધર્મોને ભવિષ્યકાલીનરૂપે જાણે છે અને જુએ છે. એક-એક દ્રવ્યને એના અનંત ગુણ-પર્યાયોથી જાણે છે ને જુએ છે !

આવું સિદ્ધપરમાત્માનું કેવળજ્ઞાન અને કેવળદર્શન આઠ વિશેષતાવાળું છે. તે આ પ્રમાણે –

(૧) **શાશ્વત :** આત્મામાં પ્રગટ થયા પછી સર્વકાળ રહેનારું.

(૨) **અનંત :** એનો વિષય અનંત હોવાથી એ પોતે અનંતરૂપ છે.

(૩) **મહાતિશાયી :** બીજા જ્ઞાનો કરતાં વૈશિષ્ટ્યસભર

**अथ सिद्धानां गुणाष्टकं सहेतुकं श्लोकत्रयेणाऽऽह –**

**अनन्तं केवलज्ञानं, ज्ञानावरणसंक्षयात् ।**
**अनन्तं दर्शनं चैव, दर्शनावरणक्षयात् ॥१३०॥**
**शुद्धसम्यक्त्वचारित्रे, क्षायिके मोहनिग्रहात् ।**
**अनन्ते सुखवीर्ये च, वेद्यविघ्नक्षयात्क्रमात् ॥१३१॥**
**आयुषः क्षीणभावत्वात्, सिद्धानामक्षया स्थितिः ।**
**नामगोत्रक्षयादेवामूर्त्तानन्ताऽवगाहना ॥१३२॥ त्रिभिर्विशेषकम् ॥**

व्याख्या-**सिद्धानामनन्तं केवलज्ञानं भवति, कस्मात् ? ज्ञानावरणसंक्षयात् । अनन्तं**

**गुणतीर्थ**

(૪) **અનુપમ :** બીજી કોઈ ઉપમા નથી કે જે આ જ્ઞાન માટે આપી શકાય.

(૫) **અનુત્તર :** આનાથી ચઢિયાતું બીજું કોઈ જ્ઞાન નથી.

(૬) **નિરવશેષ :** અધૂરા જ્ઞાનરૂપ નહીં; પણ પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે.

(૭) **સંપૂર્ણ :** લોકાલોકના સર્વ જ્ઞેય પદાર્થોને જાણનારું.

(૮) **અપ્રતિહત :** પૃથ્વી, પર્વત વગેરે કોઈપણ પ્રતિબંધ કરનાર ન બની શકે તેવું.

આ પ્રમાણે સિદ્ધપરમાત્માનાં કેવળજ્ઞાન અને કેવળદર્શનનો વિષય બતાવ્યો. હવે સિદ્ધાત્માના આઠ ગુણો અને તે આઠ ગુણો હોવાના કારણો ત્રણ શ્લોકના માધ્યમે ગ્રંથકારમહર્ષિ જણાવે છે –

## ❋ સિદ્ધાત્માનો ગુણવૈભવ ❋

**શ્લોકાર્થ : (૧) જ્ઞાનાવરણનો ક્ષય થવાથી અનંતજ્ઞાન, (૨) દર્શનાવરણનો ક્ષય થવાથી અનંતદર્શન, (૩-૪) મોહનીયનો નિગ્રહ=ક્ષય થવાથી, શુદ્ધ-ક્ષાયિક સમ્યક્ત્વ અને ચારિત્ર, (૫) વેદનીયકર્મનો ક્ષય થવાથી અનંત સુખ, (૬) અંતરાયકર્મનો ક્ષય થવાથી અનંતવીર્ય, (૭) આયુષ્ય કર્મ ક્ષય પામી જવાથી તે સિદ્ધોની અક્ષયસ્થિતિ થાય, અને (૮) નામ-ગોત્રકર્મના ક્ષયથી અમૂર્ત્તપણાથી યુક્ત અનંત-અવગાહના થાય. (૧૩૦-૧૩૧-૧૩૨)**

**વિવેચન :** તે સિદ્ધ પરમાત્માને જ્ઞાનાવરણાદિ કર્મોના ક્ષયથી આઠ ગુણો પ્રગટ થાય છે. તે આ પ્રમાણે –

(૧) **અનંતજ્ઞાન :** જ્ઞાનગુણને ઢાંકનાર જ્ઞાનાવરણકર્મનો ક્ષય થઈ ગયો હોવાથી, સિદ્ધાત્માને અનંત એવું કેવળજ્ઞાન થાય.

**दर्शनं चापि भवति, कस्मात् ? दशनावरणक्षयात् । सिद्धानां शुद्धसम्यक्त्वचारित्रे भवतः, कथम्भूते ? क्षायिके, कस्मात् ? मोहनिग्रहात्, दर्शनमोहनीयचारित्रमोहनीययोः क्षीणत्वात् । अनन्ते सुखवीर्ये च भवतः, कस्मात् ? वेद्यविघ्नक्षयात्, वेद्यक्षयादनन्तं सुखम्, विघ्नक्षयादनन्तं वीर्यमित्यर्थः । सिद्धानामक्षया स्थितिर्भवति, कस्मात् ? आयुषः क्षीणभावत्वात् । अमूर्त्तत्वेऽनन्तावगाहना भवति, कस्मात् ? नामगोत्रक्षयादेवेति ॥१३०-१३१-१३२॥**

**अथ सिद्धानां यत्सौख्यम्, तदाह –**

**ગુણતીર્થ**

**(૨) અનંતદર્શન :** દર્શનગુણને ઢાંકનાર દર્શનાવરણકર્મનો ક્ષય થઈ ગયો હોવાથી, સિદ્ધાત્માને અનંત દર્શન થાય.

**(૩) શુદ્ધસમ્યક્ત્વ :** દર્શનમોહનીયરૂપ મોહનીયકર્મનો ક્ષય થવાથી સિદ્ધાત્માને શુદ્ધસમ્યક્ત્વ; એટલે કે ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત થાય.

**(૪) શુદ્ધચારિત્ર :** ચારિત્રમોહનીયરૂપ મોહનીયકર્મનો ક્ષય થવાથી, સિદ્ધાત્માને શુદ્ધચારિત્ર; એટલે કે ક્ષાયિકચારિત્ર=યથાખ્યાતચારિત્ર પ્રાપ્ત થાય.

**(૫) અનંતસુખ :** અશાતા ઉપજાવનાર અને શાતામાં તરતમભાવ લાવનાર વેદનીયકર્મનો ક્ષય થઈ ગયો હોવાથી, સિદ્ધાત્માને અનંત સુખ પ્રાપ્ત થાય.

**(૬) અનંતવીર્ય :** આત્મપુરુષાર્થને સ્થગિત કરનાર વીર્યાંતરાયકર્મનો ક્ષય થઈ ગયો હોવાથી, સિદ્ધાત્માને અનંતવીર્ય પ્રાપ્ત થાય.

**(૭) અક્ષયસ્થિતિ :** સ્થિતિમાં મર્યાદા ઊભી કરનાર આયુષ્યકર્મનો ક્ષય થઈ ગયો હોવાથી, સિદ્ધાત્માની 'અક્ષયસ્થિતિ' હોય છે. સિદ્ધ તરીકે પોતાની સ્થિતિ ક્ષય પામતી નથી.

**(૮) અમૂર્ત્ત-અનંતાવગાહના :** નામકર્મ અને ગોત્રકર્મ આ બંને કર્મના ક્ષયથી અમૂર્ત્તત્વ આવે... અને અમૂર્ત્તત્વના કારણે અનંતાવગાહ થાય. એક સિદ્ધ હોય ત્યાં અનંતા હોય - તદ્રૂપ અનંતાવગાહ અહીં સમજવો. આમ નામ-ગોત્રકર્મના ક્ષયથી 'અમૂર્ત્તપણાથી અનંતઅવગાહના' રૂપ ગુણ પ્રગટ થાય.

હવે સિદ્ધપરમાત્માનું કેવું અદ્ભુત સુખ હોય ? તે બતાવવા ગ્રંથકારમહર્ષિ જણાવે છે –

यत्सौख्यं चक्रिशक्रादिपदवीभोगसम्भवम् ।

ततोऽनन्तगुणं तेषां, सिद्धावक्लेशमव्ययम् ॥१३३॥

व्याख्या-**चक्रिशक्रादिपदवीभोगसम्भवं यत्सौख्यमुत्कृष्टं वर्ण्यते ततोऽपि** 'तेषां' **सिद्धानामनन्तगुणं भवति, क्व ?**-'सिद्धौ' **मुक्तौ, कथम्भूतं सौख्यम् ?** 'अक्लेशम्' **अविद्यास्मितारागद्वेषाभिनिवेशाः क्लेशाः, ते न विद्यन्ते यत्र तदक्लेशम्, पुनः कथम्भूतम् ?** 'अव्ययं' **न व्येति=न चलति स्वस्वभावादिति अव्ययमक्षयमित्यर्थः** ॥१३३॥

**ગુણતીર્થ**

## ❋ સિદ્ધાત્માનું પરમસુખ ❋

**શ્લોકાર્થ : ચક્રવર્તી, ઇન્દ્ર વગેરેનાં ઐશ્વર્યથી અને ભોગથી જે સુખ ઉત્પન્ન થાય, તેનાથી પણ અનંતગુણ (૧) અકલેશ, અને (૨) અવ્યયરૂપ સુખ સિદ્ધાત્માઓને મોક્ષમાં હોય છે. (૧૩૩)**

**વિવેચન :** (૧) રાજા, મહારાજા, ચક્રવર્તી, દેવ, દેવેન્દ્ર વગેરેને જે સત્તાનું સુખ, સંપત્તિનું સુખ, સેવાનું સુખ, સામ્રાજ્યનું સુખ હોય, અને (૨) પાંચ ઇન્દ્રિયોના ઇચ્છિત વિષયો મળી જવાથી જે આહ્લાદનું સુખ હોય - આ બંને પ્રકારનું જે ઉત્કૃષ્ટકક્ષાનું સુખ વર્ણવાતું હોય, તેના કરતાં પણ અનંતગણું સુખ મોક્ષમાં સિદ્ધાત્માઓને હોય છે. તે સુખ આ પ્રમાણેનું હોય –

**(૧) ક્લેશરહિત :** (A) અવિદ્યા, (B) અસ્મિતા, (C) રાગ, (D) દ્વેષ, અને (E) અભિનિવેશ - આ પાંચ પ્રકારના ક્લેશ છે. તે તમામનું જ્યાં અંશમાત્ર અસ્તિત્વ નથી, તેવું ક્લેશ વિનાનું પરમસુખ મોક્ષમાં હોય છે. અવિદ્યાદિનું સ્વરૂપ આ પ્રમાણે સમજવું –

(A) **અવિદ્યા :** જે અનિત્યરૂપ છે, અશુચિમય છે, આત્માથી ભિન્ન પદાર્થરૂપ છે, તે બધાને અનુક્રમે નિત્યરૂપે-શુચિરૂપે-આત્મારૂપે માની લેવું... તે અજ્ઞાનદશા, વિપર્યાસબુદ્ધિ, તત્ત્વ-અવિવેકપરિણતિ પહેલા ક્લેશરૂપ સમજવું.

(B) **અસ્મિતા :** અહંકારપરિણતિ... બધે ઠેકાણે 'હું અને મારું' એમ અંતસ્તલ પર ઉઠતી અશુભપરિણતિ... જે ગૌરવભાવ અને મોહનીયકર્મને પુષ્ટ કરનાર છે. તે બીજા ક્લેશરૂપ સમજવું.

(C) **રાગ :** ચક્ષુ, ઘ્રાણ, જીભ, શ્રોત્ર અને સ્પર્શ - એ પાંચે ઇન્દ્રિયોને અનુકૂળ વિષયો મળી જતાં, અંદર જે રાગની લાગણી સર્જાય, હાશકારો અનુભવાય, તે ત્રીજા ક્લેશરૂપ સમજવું.

(D) **દ્વેષ :** પાંચ ઇન્દ્રિયોના પ્રતિકુળ વિષયો પાસે આવતાં, જે દ્વેષભાવ, તિરસ્કારભાવ, તેને દૂર હટાવવાની પ્રવૃત્તિ-પરિણતિ સર્જાય, તે ચોથા ક્લેશરૂપ સમજવું.

**अथ तैः सिद्धैर्भगवद्भिर्यत्प्राप्तम्, तत्सारमाह –**

**यदाराध्यं च यत्साध्यं, यद् ध्येयं यच्च दुर्लभम् ।**
**चिदानन्दमयं तत्तैः संप्राप्तं परमं पदम् ॥१३४॥**

व्याख्या-'तैः' **सिद्धैर्भगवद्भिस्तत्परमं पदं प्राप्तम्, तत्किम् ?** 'यदाराध्यं' **आराधकैर्यत्पदं समाराध्यते, तथा** 'यत्साध्यं' **साधकैः पुरुषैः सम्यग्ज्ञानदर्शनचारित्रादिभिः कृत्वा यत्साध्यते, तथा** 'यद्ध्येयं' **ध्यायकैर्योगिभिर्यत्सदैव नानाविधध्यानोपायैर्ध्यायते, तथा** 'यच्च दुर्लभं' **यत्पदमभव्यानां सर्वथा दुर्लभम्, भव्यानामपि केषाञ्चिदप्राप्तसामग्रीविशेषाणां सर्वथा दुर्लभम्, दूरभव्यानां तु कष्टलभ्यमित्येवं यद् दुर्लभं तदपि तैर्धन्यैर्भगवद्भिः सिद्धैर्लब्धमिति, कथम्भूतं तत्परमं पदम् ?**-'चिदानन्दमयं' **चिद्रूपपरमानन्दमयमिति ॥१३४॥**

**ગુણતીર્થ**

(E) **અભિનિવેશ :** આગ્રહદશા... પોતાની જે ધારણા બંધાઈ હોય, પોતાના મગજમાં જે વિચારણાઓ બેઠી હોય, તેને જ પકડી રાખવાની અપ્રજ્ઞાપનીય મનોવૃત્તિ... તે પાંચમા ક્લેશરૂપ સમજવું.

**(૨) વ્યયરહિત :**

સિદ્ધાત્માનું પરમસુખ કદી પોતાના સ્વભાવથી વ્યય પામનારું નથી, એટલે કે ચલિત થનારું નથી. હંમેશાં એ સુખ પોતાનું અસ્તિત્વ અકબંધ જાળવી રાખશે... આવું અવ્યયસુખ મોક્ષમાં હોય છે.

હવે તે સિદ્ધભગવંતોએ મોક્ષમાં જે પામ્યું છે, તે અત્યંત સારભૂત તત્ત્વ છે, તે બતાવવા, ગ્રંથકારમહર્ષિ જણાવે છે –

## ❋ સિદ્ધોને સારભૂત તત્ત્વોની સંપ્રાપ્તિ ❋

**શ્લોકાર્થ : જે આરાધવા યોગ્ય છે, જે સાધવા યોગ્ય છે, જે ધ્યાન કરવા યોગ્ય છે અને જે દુર્લભ છે, તે ચિદાનંદમય પરમપદ સિદ્ધાત્માઓએ પ્રાપ્ત કર્યું છે. (૧૩૪)**

**વિવેચન :** શ્રી સિદ્ધભગવંતોએ પરમપદ પામ્યું છે, તે પરમપદ ચાર વિશેષણોવાળું છે. તે આ પ્રમાણે –

(૧) **આરાધ્ય :** આરાધક આત્માઓ દ્વારા તે સ્થાનની આરાધના કરાય છે.

(૨) **સાધ્ય :** સાધક પુરુષો દ્વારા (ક) સમ્યગ્દર્શન, (ખ) સમ્યગ્જ્ઞાન, અને (ગ) સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રય દ્વારા તે સ્થાનને પામવા સાધના કરાય છે.

अथ मुक्तेः स्वरूपं बृहद्वृत्तेनाह –

नात्यन्ताभावरूपा न च जडिममयी व्योमवद् व्यापिनी नो,
न व्यावृत्तिं दधाना विषयसुखघना नेष्यते सर्वविद्भिः ।
सद्रूपात्मप्रसादाद् दृगवगमगुणौघेन संसारसारा,
निःसीमाऽत्यक्षसौख्योदयवसतिरनिःपातिनी मुक्तिरुक्ता ॥१३५॥

ગુણતીર્થ

(૩) **ધ્યેય :** ધ્યાન કરનાર યોગીઓ વડે હંમેશાં જુદા જુદા ધ્યાનના ઉપાયોથી તે મોક્ષનું ધ્યાન કરાય છે... એટલે તે ધ્યેય બને.

(૪) **દુર્લભ :** (A) તે મોક્ષનું સ્થાન અભવ્યજીવોને તો સર્વથા દુર્લભ છે, તેઓને તો યોગ્યતાના અભાવે એ સ્થાન મળવાનું જ નહીં, (B) અલબત્ત, ભવ્યજીવોને તો મોક્ષ પામવાની યોગ્યતા છે, પણ કેટલાક ભવ્યજીવો એવા હોય છે કે જેમને રત્નત્રયરૂપ મોક્ષની સામગ્રી પ્રાપ્ત જ થઈ નથી. એટલે તેવા ભવ્યજીવોને પણ એ સ્થાન સર્વથા દુર્લભ જ રહેવાનું... અને (C) જે દૂરભવ્ય ભારેકર્મી જીવો છે, તે બધાને પણ મોક્ષનું સ્થાન કષ્ટપૂર્વક જ મળવાનું... આ બધી અપેક્ષાએ તે સ્થાન 'દુર્લભ' કહેવાય.

આવું (૧) આરાધ્ય, (૨) સાધ્ય, (૩) ધ્યેય, અને (૪) દુર્લભ એવું પરમપદ, ધન્ય એવા સિદ્ધભગવંતોએ મેળવ્યું છે. તે પરમપદનું સ્વરૂપ આ પ્રમાણે સમજવું –

**મોક્ષપદનું સ્વરૂપ :** જ્ઞાનરૂપ પરમાનન્દમય તે મોક્ષસ્થાન છે. ચિત્ એટલે જ્ઞાન... આગ્રહ, અહંકાર, અપેક્ષા, આસક્તિ વગેરેરૂપ તુચ્છ અને કલુષિત અધ્યવસાયોનું જ્યાં લેશમાત્ર અસ્તિત્વ નથી, તેવો આત્મામાં વહેતો શુદ્ધ જ્ઞાનપ્રવાહ... તે આહ્લાદજનક હોવાથી પરમાનંદરૂપ છે. આવું પરમાનંદમય મોક્ષનું સ્થાન છે.

હવે મોક્ષનું સુસ્પષ્ટ સ્વરૂપ જ ગ્રંથકાર આચાર્યશ્રી એક મોટા શ્લોક દ્વારા જણાવે છે –

## ❋ મોક્ષનું સ્વરૂપવૈશદ્ય ❋

**શ્લોકાર્થ : સર્વજ્ઞભગવંતોને મોક્ષનું સ્વરૂપ (૧) અત્યંત અભાવરૂપે માન્ય નથી, (૨) જડતારૂપે માન્ય નથી, (૩) આકાશની જેમ સર્વવ્યાપીરૂપે માન્ય નથી, (૪) પુનરાવૃત્તિને ધારણ કરવારૂપે માન્ય નથી, અને (૫) વિષયસુખથી સઘનરૂપે પણ માન્ય નથી. પણ તેઓએ, વિદ્યમાન એવા આત્મસ્વરૂપના પ્રસાદથી થનારા સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનરૂપ ગુણોનો સમુદાય હોવાના કારણે... (અસાર એવા) સંસાર કરતાં સારભૂત, સીમાતીત એવાં અતીન્દ્રિયસુખનું અનુભવસ્થાન અને પાતરહિત એવી મુક્તિ કહી છે. (૧૩૫)**

व्याख्या-**मुक्तिः कैश्चिदत्यन्ताभावरूपा मन्यते, अन्यैर्जडिममयी=ज्ञानाभावमयी मन्यते, अपरैर्व्योमवद्व्यापिनी मन्यते, एकैर्व्यावृत्तिं=पुनरावृत्तिं दधाना मन्यते, अपरैः**



**વિવેચન :** મોક્ષના સ્વરૂપ અંગે અલગ-અલગ દર્શનકારોનો ભિન્ન-ભિન્ન અભિપ્રાય છે. પણ તે બધો એકાંતમાન્યતાથી ગર્ભિત હોઈ અયથાર્થરૂપ છે. એટલે જ તે અભિપ્રાય સર્વજ્ઞભગવંતોને માન્ય નથી. તે અભિપ્રાય અને તેનો નિષેધ આ પ્રમાણે સમજવો –

**(૧) અત્યંતાભાવરૂપ મોક્ષનો નિષેધ :**

૦ બૌદ્ધદર્શન જેવા દર્શનવાળાઓ મોક્ષને અત્યંતાભાવરૂપ માને છે. તેઓના મતે બુઝાયેલો દીવો જેમ શાંત થઈ જાય, તેમ જ્ઞાનપ્રવાહરૂપ આત્મા જ્યારે વિનાશ પામી જાય. એટલે કે તેની જ્ઞાનધારા અટકી જાય. અર્થાત્ તે જ્ઞાનપરંપરાનું અસ્તિત્વ સમૂળું નીકળી જાય. ત્યારે તે તમામ સંકલ્પ-વિકલ્પો વિરામ પામી જવાથી, આત્માનો 'મોક્ષ' થયો - એવું કહેવાય.

+ પણ આ માન્યતા એટલા માટે ખોટી છે કે, કોઈપણ સત્ વસ્તુ અસદ્ બને નહીં, એટલે કે તેનો સર્વથા અભાવ થાય નહીં. તેથી, સત્ જ્ઞાનપરંપરા સર્વથા સમુચ્છિન્ન થાય એવું ન બને. બીજી વાત, તેવા આત્માભાવરૂપ મોક્ષ માટે કોઈ પ્રવૃત્તિ પણ ન કરે. કારણ કે, કયો પ્રેક્ષાવાન પુરુષ પોતાના આત્માના વિચ્છેદ માટે પ્રવર્તે ? (આ વિશેના બીજા પણ અનેક જડબેસલાક તર્કો, અમારા દ્વારા વિવેચિત 'અનેકાંતજયપતાકા' નામના આકર ગ્રંથથી જાણવા.)

**(૨) જડતારૂપ મોક્ષનો નિષેધ :**

૦ વૈશેષિક-નૈયાયિક જેવા દર્શનકારો જડાત્મારૂપ મુક્તિને માને છે. તે લોકોનું માનવું છે કે, આત્માનો જ્યારે મોક્ષ થાય ત્યારે એ આત્માના બુદ્ધિ-સુખ-દુઃખ વગેરે વિશેષગુણોનો ઉચ્છેદ થાય છે. (એટલે બુદ્ધિ વગેરેનો ઉચ્છેદ એ જ મોક્ષ છે.)

+ પણ આ માન્યતાનો નિષેધ કરવાનું કારણ એ કે એમ માનવાથી આત્મા જડ બને. વળી દ્રવ્યમાં રહેલા ગુણોનું કથંચિત્ પરિવર્તન થાય, પણ સર્વથા ઉચ્છેદ તો ન જ થાય. (નહીં તો પથ્થર પણ જડતાનો ત્યાગ કરી ચેતન બની જાય...!) અને કોઈપણ હોંશીયાર માણસ પોતાની બુદ્ધિને વેંચવા તો પ્રયાસ ન જ કરે ને ? હવે બુદ્ધિ આદિના ઉચ્છેદરૂપ જડાત્મસ્વરૂપ મુક્તિ માનો, તો એમાં આ દોષ આવીને ઊભો રહે જ. (આ વિશેની બીજી પણ તર્કબદ્ધ રજુઆત, 'સ્યાદ્વાદમંજરી' વગેરે ગ્રંથોમાંથી જાણવી.)

क्लिष्टकर्मभिर्विषयसुखघना=विषयसुखमयी मुक्तिरुच्यते, सर्वविद्भिस्तु=श्रीसर्वज्ञैर-भावरूपा जडिममयी व्योमवद्व्यापिनी व्यावृत्तिरूपा विषयसुखमयी वा मुक्तिर्नेष्यते,



### (૩) સર્વવ્યાપકરૂપ મોક્ષનો નિષેધ :

o કેટલાક જીવો મોક્ષને આકાશની જેમ સર્વવ્યાપી માને છે. ત્રિદંડી વગેરે દર્શનકારો વિષ્ણુને સર્વવ્યાપી વિભુદ્રવ્ય માને છે. 'जले विष्णुः स्थले विष्णुः, विष्णुः सर्वत्र भूतले' એવી તેમની માન્યતા છે. હવે આત્માનો મોક્ષ એટલે એ જીવાત્માનો વિષ્ણુરૂપ સર્વવ્યાપી પરમાત્મામાં વિલય થવો. પોતાનું ખંડ અસ્તિત્વ છોડીને પરમાત્માના સર્વવ્યાપી અખંડ અસ્તિત્વમાં ભળી જવું. તો આ રીતે તેઓ સર્વવ્યાપી મોક્ષને માને છે.

+ પણ આ વાત ફલ્ગુ એટલા માટે છે કે, કોઈપણ આત્માનું બીજા આત્મામાં વિલીનીકરણ થઈ શકે નહીં. દરેક આત્મદ્રવ્યનું પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ અકબંધ ઊભું જ રહે છે. હા, દરેક ધ્યાતાનું ધ્યેયાકારે પરિણમન થાય. પણ એનો મતલબ એવો નથી કે એ ધ્યેયરૂપ બની જાય. વાસ્તવિકતા એટલી જ છે કે, એનો જ્ઞાનોપયોગ ધ્યેય વિશે એકદમ તન્મય બની જવાના કારણે તેવો વ્યવહાર થાય. બાકી અન્યનું અન્યરૂપે પરિણમન કોઈ કાળે કોઈ દ્રવ્યનું થાય નહીં.

### (૪) પુનરાવૃત્તિરૂપ મોક્ષનો નિષેધ :

o કેટલાક દર્શનવાળા એમ માને છે કે, આત્મા મોક્ષમાં ગયા પછી ફરી અમુક કારણોસર તે જન્મ લે છે... તેમાં બે કારણ : (૧) ભક્તોને તારવા, કે (૨) અધર્મીનો વિનાશ કરવા... આ બે કારણોસર મુક્તાત્મા પણ પુનર્જન્મ લે.

+ પણ આ વાત એટલે ખોટી જણાય છે કે, કર્મમુક્ત બનેલા આત્મામાં કર્મરૂપ બીજ જ નથી કે જેનાથી જન્મ-મરણરૂપ અંકુરાઓ જન્મે... તો પછી તેમનો પુનર્જન્મ થાય જ શી રીતે ?

### (૫) વિષયસુખરૂપ મોક્ષનો નિષેધ :

o કેટલાક નાસ્તિક જીવો પાંચ ઇન્દ્રિયના વિષયસુખોને જ મોક્ષસુખ માને છે. 'જેમાં આહ્લાદ અનુભવાય તે મોક્ષસુખ' એવી માન્યતાના આધારે ભોગાકાંક્ષી જીવોને વિષયોમાં આહ્લાદ અનુભવાય એટલે એને જ મોક્ષસુખ માની લે.

+ પણ એ માન્યતા ભ્રાંત હોવાનું કારણ એ કે, જે તૃષ્ણાપરિવર્ધક હોય તે પરંપરાએ દુઃખનું સર્જન કરે જ. પાંચ ઇન્દ્રિયના વિષયોનું સુખ તૃષ્ણાપરિવર્ધક હોવાથી, પરંપરાએ

**किन्तु** 'सद्रूपात्मप्रसादात्' **विद्यमानचिद्रूपात्मप्रसत्तितो** 'दृगवगमगुणौघेन' **सम्यग्दर्शनज्ञान-गुणसमूहेन कृत्वाऽसारभूतसंसारात् सारभूता,** 'निस्सीमात्यक्षसौख्योदयवसतिः' **अनन्तातीन्द्रियानन्दानुभवस्थानम्,** 'अनिःपातिनी' **निपातरहिता** 'मुक्तिः' **सिद्धिः** 'उक्ता' **गदितेति ॥१३५॥**

**अथ पूर्वर्षिरचितबहुशास्त्रेभ्यो गुणस्थानार्थसङ्गतश्लोकसङ्ग्रहेण प्रकरणोद्धारमाह –**

**ગુણતીર્થ**

દુઃખસર્જક છે. તેવાને મોક્ષસુખ કહેવું તે વિપર્યાસદશા છે. (મોક્ષસુખ તો શાશ્વત સુખરૂપ છે. જ્યારે ભોગસુખ ક્ષણિક, તુચ્છ અને ઔપાધિક પરિણામરૂપ છે. એટલે તે બેને એકરૂપે માનવા એ અવિવેકનું પરિણામ છે.)

આ પ્રમાણે સર્વજ્ઞભગવંતોને (૧) અત્યંતાભાવરૂપ, (૨) જડતારૂપ, (૩) આકાશની જેમ વ્યાપકરૂપ, (૪) પુનરાવૃત્તિરૂપ, કે (૫) વિષયસુખરૂપ મોક્ષસુખ હોય તેવું માન્ય નથી.

**પ્રશ્ન :** તો સર્વજ્ઞભગવંતના મતે મોક્ષનું સ્વરૂપ શું ?

**ઉત્તર :** સર્વજ્ઞભગવંતોના મતે મોક્ષનું સ્વરૂપ ત્રણ વિશેષણવાળું મનાયું છે. તે ત્રણ વિશેષણો આ પ્રમાણે સમજવા –

**(૧) સારભૂત :** વિદ્યમાન પોતાના જ્ઞાનરૂપ આત્માના પ્રસાદથી (=શુદ્ધ આત્માના આત્મિક સામર્થ્યે) ક્ષાયિક સમ્યગ્દર્શન, ક્ષાયિક કેવળજ્ઞાન વગેરે અનેક ગુણરૂપી રત્નોનો સમૂહ પ્રગટે... અને એટલે જ, અસાર એવા સંસાર કરતાં ગુણરત્નોથી તરબતર એવો મોક્ષ 'સારભૂત' છે.

**(૨) સુખાનુભૂતિરૂપ :** અનંત=સીમાતીત એવાં અતીન્દ્રિય જ્ઞાનરૂપ જે બેજોડ આનંદ; તેને અનુભવવાનું શ્રેષ્ઠતમ સ્થાન એટલે જ મોક્ષ... શુદ્ધ આત્મચૈતન્યરૂપે પરિણમેલો આત્મા આવા શ્રેષ્ઠતમ સ્થાનનો ભોક્તા બને છે.

**(૩) અનિપાતશીલ :** મોક્ષનું અવ્યાબાધસુખ કદી વિનાશ પામનારું નથી, સદાસ્થાયી શાશ્વત છે.

આવો મોક્ષ સર્વજ્ઞભગવંતો દ્વારા કહેવાયો છે.

હવે પ્રાચીન મહર્ષિઓએ રચેલા અનેક શાસ્ત્રગ્રંથોમાંથી, 'ગુણસ્થાનના પદાર્થ' અંગે જણાવેલા શ્લોકોનો સંગ્રહ કરી, આ 'ગુણસ્થાનકક્રમારોહ' નામના પ્રકરણનો ઉદ્ધાર કર્યો છે; એ વાત બતાવવા ગ્રંથકારશ્રી જણાવે છે –

इत्युद्धृतो गुणस्थानरत्नराशिः श्रुतार्णवात् ।
पूर्वर्षिसूक्तिनावैव, रत्नशेखरसूरिभिः ॥१३६॥

व्याख्या-'इति' **पूर्वोक्तप्रकारेण** 'उद्धृतः' **प्रकटीकृतः कर्मतापन्नो** 'गुणस्थानरत्नराशिः' **गुणस्थानान्येव रत्नानि गुणस्थानरत्नानि तेषां राशिर्गुणस्थानरत्नराशिः, कस्मात् ?** 'श्रुतार्णवाद्' **आगमरत्नाकरात्, कयैव कृत्वा ?** 'पूर्वर्षिसूक्तिनावैव' **पूर्वर्षीणां सूक्तिः – शोभनोक्तिः पद्यरचना सैव नौस्तया पूर्वर्षिसूक्तिनावैव कृत्वा, न त्वात्मकृतैः श्लोकैः, प्रायः पूर्वर्षिरचितैरेवेत्यर्थः, कैरुद्धृतः ?** – 'रत्नशेखरसूरिभिः' **बृहद्गच्छीयश्रीवज्रसेनसूरिशिष्यैः श्रीहेमतिलकसूरिपट्टप्रतिष्ठितैः श्रीरत्नशेखरसूरिभिः स्वपरोपकाराय प्रकरणरूपतया प्रकटित इत्यर्थः ॥१३६॥**

॥ इति श्रीगुणस्थानक्रमारोहवृत्तिः ॥

गुणतीर्थ

## ※ પ્રાચીન શાસ્ત્રોમાંથી પ્રસ્તુત પ્રકરણનો સમુદ્ધાર ※

**શ્લોકાર્થ : આ પ્રમાણે શ્રીરત્નશેખરસૂરિજીએ શ્રુતરૂપી સમુદ્રમાંથી પૂર્વ-ઋષિઓની સૂક્તિરૂપી નૌકા દ્વારા, આ ગુણસ્થાનરૂપી રત્નરાશિનો ઉદ્ધાર કર્યો છે. (૧૩૬)**

**વિવેચન :** આમ પૂર્વોક્ત પ્રકારે ગ્રંથના વિષયરૂપે બનેલો ગુણસ્થાનકરૂપી રત્નોનો ઢગલો, આગમરૂપી સમુદ્રમાંથી ગ્રંથકારશ્રી દ્વારા ઉદ્ધાર કરાયો.

**ઉદ્ધાર-રીતિ :**

**પ્રશ્ન :** કઈ રીતે ઉદ્ધાર કરાયો ?

**ઉત્તર :** પૂર્વકાલીન ઋષિઓની સૂક્તિરૂપી=સુંદર વચનરૂપી=શ્લોકાત્મક પદ્યરચનારૂપી નાવડીઓ દ્વારા જ, આગમસમુદ્રમાંથી ગુણસ્થાનરૂપી રત્નનો ઢગલો નીકાળાવાયો છે. એટલે આ ગ્રંથસર્જન મેં પોતે બનાવેલા શ્લોકો દ્વારા નહીં, પણ મોટાભાગે પૂર્વઋષિઓ દ્વારા રચાયેલા શ્લોકો દ્વારા થયું છે. (અર્થાત્ પૂર્વકાલીન ઋષિઓ દ્વારા રચિત શ્લોકોનો સંગ્રહ કરી આ ગ્રંથ બનાવાયો છે... આ હકીકત જણાવવા દ્વારા ગ્રંથકારશ્રીની કૃતજ્ઞતા અને સરળતા સહજ દેખાઈ આવે છે...)

**ઉદ્ધાર કરનાર :**

**પ્રશ્ન :** કોણે આ ગ્રંથનો ઉદ્ધાર કર્યો ?

**ઉત્તર :** બૃહ્ગચ્છીય શ્રી **વજ્રસેનસૂરીશ્વરજી**ના શિષ્ય શ્રી**હેમતિલકસૂરીશ્વરજી**ની પાટે

રહેલા **શ્રીરત્નશેખરસૂરીશ્વરજી** મહારાજા દ્વારા (૧) પોતાના ઉપકાર માટે, અને (૨) બીજા ભવ્યજીવોના ઉપકાર માટે, આગમરૂપી સમુદ્રમાંથી જુદો તારવી પ્રકરણરૂપે આ ગ્રંથ પ્રગટ કરાવાયો છે.

આ પ્રમાણે શ્રીગુણસ્થાનકક્રમારોહની વૃત્તિ પૂર્ણ થઈ...
અને તેની પૂર્ણાહુતિ સાથે,
બૃહદ્ગચ્છીય શ્રીરત્નશેખરસૂરીશ્વરજી દ્વારા રચાયેલો સ્વોપજ્ઞ વૃત્તિ સાથેનો
ગુણસ્થાનકક્રમારોહ ગ્રંથ પણ પૂર્ણ થયો.

આ પ્રમાણે તપાગચ્છાચાર્ય પ.પૂ.આ.ભ. શ્રી વિ. **પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-જિતેન્દ્રસૂરીશ્વરજી** મહારાજારૂપ સંવિગ્ન-ગીતાર્થ ગુરુપરંપરામાં થયેલા દીક્ષાદાનેશ્વરી પ.પૂ.આ.ભ. શ્રી વિ. **ગુણરત્નસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટાલંકાર પ્રવચનપ્રભાવક પ.પૂ.આ.ભ. શ્રી વિ. **રશ્મિરત્નસૂરીશ્વરજી** મહારાજાના ચરણલવ-કૃપાકાંક્ષી શિષ્ય મુનિયશરત્નવિજયજી દ્વારા રચાયેલું અને શાસનપ્રભાવક પ.પૂ.આ.ભ. શ્રી વિ. **રત્નસુંદરસૂરીશ્વરજી** મ.સા.ના શિષ્ય વિદ્વદ્વર્ય પ.પૂ.મુ.શ્રી **ભવ્યસુંદરવિજયજીએ** સંશોધન કરેલું, **'ગુણસ્થાનકક્રમારોહ'** ગ્રંથ પરનું સવૃત્તિક શ્લોકાર્થ-વિવેચનમય **'ગુણતીર્થ'** નામનું ગુજરાતી વિવેચન સાનંદ પૂર્ણ થયું.

**॥ शुभं भूयात् श्रमणसङ्घस्य ॥**

**॥ इति शम् ॥**

नमो अनेगंतवायस्स

साधनासौन्दर्यं

सिद्धिसौन्दर्यसमर्पकम्

नमः क्षपकमहात्मने

પ્રગતિની પરાકાષ્ઠાને પામવાનો પરમોચ્ચ પંથ
અહીં પ્રસ્તુત છે...
આવો,
પરમપંથના પથિક બની પાવન બનીએ...

NAVRANG
9428 500 401